
# પુણ્યાત્મા અમરકુમાર



ચંદુલાલ એમ. શાહ

નવરત્ન ગ્રંથાવલિ

# ત્યાગવીર શાલીભદ્ર

લેખક: ચંદુલાલ એમ. શાહ

મૂલ્ય રૂા. ૪-૦-૦

## અભિપ્રાય

મુંબઈ સમાચાર તા. ૨૦-૫-૫૧ ના રોજ પોતાના સાપ્તાહિકમાં લખે છે.

સમૃદ્ધિ, વિલાસ અને વૈરાગ્ય માટે પ્રાચીન જૈન સાહિત્યમાં શાલિભદ્રનું નામ ખૂબજ પ્રખ્યાત છે. આ પુસ્તક શાલિભદ્રના રોમાંચક જીવનનું આકર્ષક દર્શન કરાવવા ઉપરાંત ભારતની ભૂતકાલીન જાહોજલાલી તથા કલાપ્રિયતાનું પણ સુરેખદર્શન કરાવી જાય છે. જૈન સાહિત્યના ઊંડા અભ્યાસને લીધે પુસ્તકમાં વાસ્તવિકતાની સંગીનતા આવી છે અને સાથે સાથે તેમાં લેખકની સર્જન પ્રતિભાએ કલ્પનાના રંગો પૂર્યા હોવાથી સમગ્ર કથાનક દીપી ઉઠે છે. મુખ્ય વાર્તાની સાથે સાથે બે ત્રણ ઉપવાર્તાઓ ગૂંથી લેવામાં આવી છે છતાં વાર્તાના દોરની એકતા તૂટતી નથી અને રસ પ્રવાહમાં ક્યાંય ક્ષતિ આવતી નથી. લેખકનું આ પંદરમું પુસ્તક છે અને એમાં વાચકના ચિત્તને ઊચ્ચ સંસ્કાર સાથે મનોરંજન આપવાનું ધ્યેય એમના અગાઉના પુસ્તકોની માફક સાદી પરંતુ અર્થવાહી શૈલીમાં સિદ્ધ થાય છે. જૈન અને જૈનેતર વાચક વર્ગને આ પુસ્તક ગમશે એ નિઃશંક છે.

નવરસ ગ્રંથાવલિ પ્રકાશન

# પુણ્યાત્મા અમરકુમાર

: લેખક :

ચંદુલાલ એમ. શાહ

નવરસ ગ્રંથાવલિ

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ-નં. ૨

: પ્રકાશક :
નવરસ ગ્રંથાવલિ વતી
ચંદુલાલ એમ. શાહ
૨૨૦, કીકા સ્ટ્રીટ,
મુંબઇ નં. ૨


[ સર્વ હક્ક લેખકને સ્વાધિન છે. ]

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

મૂલ્ય : ૪-૦-૦

: મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ – અમદાવાદ.

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક



અજોડ શાસન પ્રભાવક પ્રખર વક્તા પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ



# અર્પણ

પ્રથમ દર્શને જ જેમના પ્રત્યે મારામાં પૂજ્યભાવ પ્રકટયો અને મારૂં જૈન સાહિત્ય જેમના વિશાળ જ્ઞાન આગળ મને ઝાંખુ લાગ્યું; તે નિખાલસ, શાંત, નિર્દંભ અને વિશુદ્ધ ચારિત્રને દીપાવનાર પૂજ્યપાદ અજોડ વ્યાખ્યાતા શાસનપ્રભાવક **આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસુરિશ્વરજી મહારાજના** હસ્તાંબુજમાં.

—લેખક.

# ગ્રંથાવલિ તરફથી

નવરસ ગ્રંથાવલિ તરફથી પુણ્યાત્મા અમરકુમાર નામનું આ પુસ્તક પ્રગટ થાય છે. સંસ્કારી અને શ્રેષ્ટ વાંચન આપવાની પ્રથાને જારી રાખવામાં આવી છે. કાગળ છપાઇ અને બાઇન્ડીંગ પ્રત્યે સંપૂર્ણ લક્ષ આપીને વાંચકોને સંતોષ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં જો કોઇને અસંતોષ થવા પામ્યો હોય તો દિલગીર છીએ.

પુસ્તકની કિંમત પ્રત્યે ઘણા લોકોનું લક્ષ ખેંચાવા લાગ્યું છે. પરંતુ તેમ થવાનું કારણ સરળ અને સહેજે સમજી શકાય તેવું છે. પુસ્તક વિક્રેતાઓ વેચાણ માટે હરિફાઇ કરતા હોય છે. ખરીદ કરનાર જ્યાં વધારે કમીશન મળે ત્યાં જાય છે. તેને સાહિત્યની કે છપાયેલી કિંમતની દરકાર હોતી નથી. તે તો કમીશનને વળગી રહે છે એટલે જેમ કમિશન વધારે આપવું પડે તેમ કિંમત વધારે છાપ્યે જ છૂટકો.

માટે જ્યાં સુધી ખરીદનાર કમીશન માગવાનું ભૂલશે નહિ અને વિક્રેતાઓ આપવાનો સ્વભાવ છોડશે નહિ ત્યાં સુધી પુસ્તકોની કિમત ઓછી છપાવી મુશ્કેલ છે.

કેટલાક વિક્રેતાઓ પોતાના ધંધાર્થીઓને જેટલું કમીશન આપતા હોય છે તેથી વધારે કમીશન ગ્રાહકોને આપે છે. આ રીત બીજા વ્યાપારી ધંધા કરતાં જુદી જ છે. વેપારી વેપારીને ઓછું આપે એજ આ ધંધાની અને સાહિત્યની પડતીની નિશાની છે. અને જ્યાં સુધી તેનું પરિણામ સહન કરવાનો સમય નહિ આવે ત્યાં સુધી આ પ્રથા છૂટવી મૂશ્કેલ છે.

તે સિવાય પૈસાના જોર પર એક હથ્થુ ધંધો રોકી રાખીને સંસ્કારી સાહિત્ય પ્રત્યે દુર્લક્ષ કરનાર અને કેવળ પૈસા કમાવા માટે ગમે તેવું હલકું અને રસ કસ વિનાનું સાહિત્ય પ્રકટ કરનાર તે પ્રથાને તિલાંજલિ નહિ આપે ત્યાં સુધી ગુજરાતી સાહિત્ય અન્ય સાહિત્યની હરોળમાં ઉભું રહેવું મુશ્કેલ છે. અને તે બધાને માટે સમય અને સંજોગો જ કામ કરી શકે.

હવે પછીનું અમારૂં ઐતિહાસિક પ્રકાશન **મહાદેવી ચેલણા** થોડાજ સમયમાં પ્રકટ થશે.

આશા છે કે, સંસ્કારી અને આદર્શ સાહિત્ય ચાહનારાઓને આ પુસ્તક જરૂર સંતોષ આપશે. એજ.

આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં નવપ્રભાત પ્રિ. પ્રેસના માલિક શ્રી મણીલાલભાઈએ જે મહત્ત્વની મમતા અમારા તરફ દર્શાવી છે, તે બદલ અમો તેમના અત્યંત આભારી છીએ.

વ્યવસ્થાપક.
નવરસ ગ્રંથાવલિ

# લેખક તરફથી

નવરસ ગ્રંથાવલિ તરફથી આ વખતે મારું આ પુસ્તક **પુણ્યાત્મા અમરકુમાર** પ્રકટ થાય છે. જેમ વાંચકોની રૂચી તરેહ તરેહની હોય છે તેમ લેખકોની શૈલિ અને લખવાની અભિરૂચી પણ જુદા જુદા પ્રકારની હોય છે.

કોઇ પ્રેમરસ તરફ ઢળી પડે છે તો કોઈ ગ્રામ્ય જીવન તરફ. કોઇ પુરૂષના જીવન પર પ્રહારો કરે છે તો કોઈ સ્ત્રી જીવન પર.

પરંતુ અત્યારે તો જાણે એક પ્રકારનો ગાડરીઓ પ્રવાહ ચાલ્યો હોય તેમ મોટા ભાગે પુરૂષને ઘાતકી ક્રૂર અને અવિચારી જ ચીતરવામાં આવે છે. નાટકો, સિનેમાઓ, નવલિકાઓ અને નવલકથાઓમાં તે જ વસ્તુ સ્પષ્ટ રીતે તરી આવે છે. લખનાર પોતે પુરૂષ હોઈ જાણે સમાજમાં અગર સ્ત્રી સમાજમાં આગેવાની લેવા નિકળ્યો હોય તેમ સામાન્ય દાખલાઓને રજુ કરીને એકજ તરફી લખવા લાગ્યો છે. બીજી તરફ નજર કરવાની તેને ફુરસદ મળતી નહિ હોય અગર વિચાર કરવાનો સમય પણ જાણે મળતો નહિ હોય.

એક સ્ત્રી કોઈ કારણે સળગીને કે આપઘાત કરીને મરી ગઇ તો તેવા દાખલા ટપકાવીને પુરૂષને કસાઇ જેવી ઉપમાઓ આપવામાં આવે છે. પરંતુ કેટલાયે પુરૂષો ગૃહજીવનથી કંટાળીને નાસી જાય છે અગર આપઘાત કરે છે ત્યારે તે તરફ જોવાની કે વિચાર કરવાની કોઇને કલ્પના પણ આવતી નથી.

પુરૂષની જાત નિષ્ઠુર હોતી નથી તેમજ સ્ત્રીજાત પણ નિષ્ઠુર હોઇ શકતી નથી બંને માનવજાત છે. તેમને નિષ્ઠુર બનાવનાર આજુબાજુનું વાતાવરણ, અસંસ્કારીતા અને તેમનામાં રહેલી અજ્ઞાનતા છે. દ્વેષ અને અસમાનતામાંથી નિષ્ઠુરતા જાગે છે. ધર્મ પ્રત્યેની અરૂચિ અને જ્ઞાન પ્રત્યેની ઉદાસીનતાથ માણુસમાંની માણુસાઈ ઉઠી જાય છે. અને માણુસ જ્યારે માણુસ મટી જાય છે ત્યારે તે શું બને છે તે તે પોતે જ સમજી શકતો નથી.

તેવા સમયે સ્ત્રી પુરૂષ પ્રત્યે બેદરકાર બને છે અને પુરૂષ સ્ત્રી પ્રત્યે બેદરકાર બને છે. માતાપિતા સંતાન પ્રત્યે બેદરકાર બને છે અને

સંતાન માતાપિતા પ્રત્યે બેદરકાર બને છે. તેનો દાખલો આ પુસ્તકમાંથી મળી આવે છે.

સતીનું શુભ નામ ધારણ કરનાર આર્યનારી જ્ઞાન અને ધર્મ પ્રત્યે અરૂચિ હોવાના કારણે પોતાના પતિ પ્રત્યે અને પેટના સંતાન પ્રત્યે એટલી બધી નિષ્ઠુરતા દાખવે છે કે જેથી વાંચનારનું હૃદય પણ હચમચી ઉઠે.

આ પુસ્તકમાંથી શું ગ્રહણ કરવા જેવું છે તે વાંચક પરજ છોડી દેવું યોગ્ય લેખાશે

આજસુધીનાં મારાં અન્ય પુસ્તકોને હર્ષભેર વાંચનાર અને તેની યોગ્ય કદર કરનાર વાંચકોને હું કદિ ન ભૂલી શકું.

૨૨૦, ફોફારસ્ટ્રીટ, મુંબઇ નં. ૨
તા. ૧-૮-૧૯૫૩

ચંદુલાલ એમ. શાહ


## રા. ચંદુલાલ એમ શાહ કૃત પુસ્તકો

| | |
|---|---|
| મૃણાલિની | દેશની માયા |
| રાસબત્રીસી | જીત કોની ? |
| આબરૂની ભીતરમાં | મહામંત્રી શકટાલ |
| ડગમગતું સિંહાસન | મોહવિજેતા ઈલાચીકુમાર |
| દાનેશ્વરી જગડૂશાહ | મહાસતી મયણાસુંદરી |
| જીવનપ્રવાહ | કયવન્ના શેઠનું સૌભાગ્ય |
| માનવપૂજા | ત્યાગવીર શાલિભદ્ર |

પુણ્યાત્મા અમરકુમાર

હવે પછી

**મહાદેવી ચેલણા**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | નિમિત્ત | ૧ |
| ૨ | આ તે માતા ! | ૧૧ |
| ૩ | પિતાનો પ્રેમ | ૧૯ |
| ૪ | આદર્શ દંપતિ | ૨૫ |
| ૫ | ઋષભદત્ત | ૩૩ |
| ૬ | મેળાવડામાં | ૪૩ |
| ૭ | દુશ્મન કે મિત્ર? | ૫૪ |
| ૮ | કળાની કદર | ૬૧ |
| ૯ | મુર્ખ પત્ની | ૬૭ |
| ૧૦ | વ્યાખ્યાન | ૭૬ |
| ૧૧ | અણધાર્યો મેળાપ | ૮૬ |
| ૧૨ | આશામાંથી નિરાશા | ૯૧ |
| ૧૩ | નવકાર મંત્રનો અર્થ | ૯૯ |
| ૧૪ | અંગતખંડમાં | ૧૦૭ |
| ૧૫ | અનુભવ | ૧૧૪ |
| ૧૬ | નાસી છૂટેલા બિમ્બિસાર | ૧૨૧ |
| ૧૭ | સંપૂર્ણ રહસ્ય | ૧૨૯ |
| ૧૮ | મજુરી પણ મળી નહિ | ૧૪૧ |
| ૧૯ | આર્યનારી | ૧૪૯ |
| ૨૦ | વેરની ઘેલછા | ૧૫૬ |
| ૨૧ | પાયો નંખાયો અને પડયો | ૧૬૫ |
| ૨૨ | ફરીથી કામ શરૂ થયું | ૧૭૩ |
| ૨૩ | સંસારની હવા | ૧૭૯ |
| ૨૪ | બત્રીસલક્ષણાની જરૂર | ૧૮૯ |
| ૨૫ | લક્ષ્મીગુલામ માતા | ૧૯૭ |
| ૨૬ | નવકાર મંત્રનો પ્રભાવ | ૨૦૩ |
| ૨૭ | કર અને ભર | ૨૧૦ |

[ ૧ ]

# ☆ નિમિત્ત ☆

**મ**ધ્યાન્હનો સમય હતો. તાપને સીમા નહોતી. પશુ પક્ષીઓ ઝાડ પાનનો આશ્રય લઇ રહ્યાં હતાં. વેપારીઓ પોત પોતાની દુકાનમાં આરામ લઈ રહ્યા હતા. ભાગ્યે જ કોઈ આવા તડકામાં ખરીદી માટે બહાર નીકળવાનું સાહસ કરતું. તેમાં પણ કોઈ કમનશીબ દુકાનદારની દુકાને તો ચકલું પણ ફરકતું નહિ.

એવા ધગધગતા તાપમાં આઠેક વરસનો છોકરો ઉઘાડા પગે કોઇ પણ ધ્યેય વિના આમ તેમ જોતો જોતો રાજમાર્ગ પરથી ચાલ્યો જતો હતો.

તેનો તેજસ્વી ચહેરો કરમાયેલા પુષ્પની પેઠે નિસ્તેજ બની ગયો હતો. તેમાં પણ સૂર્યના પ્રખર તાપથી તે વધુ નિસ્તેજ ભાસતો હતો. ભર યુવાન અને શક્તિશાળી માનવી પણ જે તપેલી જમીન પર ખુલ્લા પગે ચાલવાની હિંમત ન કરે, તે જમીન પર તે બાળક આનંદ કે શોક, સુખ કે દુઃખ, ભય કે નિર્ભયતાનો ખ્યાલ રાખ્યા સિવાય અગર તો જોનારને તેનો ખ્યાલ ન આવી શકે, તેવા મનોભાવ કેળવીને અનિશ્ચિત વિચારે ડગ ભરતો ચાલ્યો જતો હતો.

પોત પોતાના સ્થાનમાં આરામ લઇ રહેલાઓમાંના અગર તો ન છૂટકે અને કચવાતા મને ઘર બહાર નીકળેલાઓમાંના એકાદની

નજર તેના પર પડતી ન પડતી અને હઠી જતી. કોઇને તેના તરફ જોવાની પડી નહોતી. કોઇ કોઇ વાર તેને આવી રીતે ભટકતો જોનારની દ્રષ્ટિ તેના પર પડતી તો તે સ્વગત્ બબડતો : “ એ તો રોજનો ટેવાયેલો છે. આવી રીતે ખરા બપોરે ધગધગતા તાપમાં ઉઘાડા પગે રખડવા જવા દેનાર તેનાં માબાપ પણ કેવાં મૂર્ખ હશે ! માણુસ પણ જ્યાં આવા તાપમાં ત્રાહ્ય ત્રાહ્ય પોકારી જાય તેમ છે, ત્યાં આ બિચારૂં કુમળું બાળક ! જેમને બાળક નથી તે શેર માટીના પિંડ માટે વલખાં મારતાં હોય છે. જ્યારે જેમને આવાં નિર્દોષ અને સુકુમાર સંતાનો છે. તેમને તેમની કાળજી રાખવાની પણ દરકાર હોતી નથી. શો કુદરતનો ન્યાય છે ! ”

— અને પોતાના કામમાં પરોવાઇ જતાં અગર તો પોતાના કામના વિચારો આવતાં પાછો તે ઉપરના વિચારોને હઠાવી દેતો.

અસહ્ય તાપથી પ્રસ્વેદભીનો બનેલો તે બાળક આરામ – વિશ્રાન્તિ માટે એક નાની દુકાનના દરવાજા પાસે થોડાસા છાંયા નીચે ઉભો રહ્યો. દુકાનની અંદર આરામ લઈ રહેલા દુકાનદારે તેને જોયો અને તાડૂકતો તાડૂકતો હાથમાં એક સોટી લઈને બહાર આવ્યો.

“ હરામખોર, ચોરી કરવા આવ્યો છે ? ”

તેના શબ્દો સાંભળીને તે બાળક તો એકદમ ગભરાઈ ગયો. એક તો ઉંમરે નાનો. તેમાં પણ નિર્દોષ. કોઇ પણ જાતની ખોટી ભાવના સિવાય કેવળ વિશ્રાન્તિ માટે જ પોતે ત્યાં ઉભો રહ્યો હતો.

“ તાપ બહુ પડે છે એટલે અહીં છાંયલામાં ઉભો હતો, કાકા ! ” ગભરાયેલા સ્વરે તે બાળક બોલ્યો.

“ કાકો તારો બાપ, ગધેડા ! હું તારો કાકો નથી કે, મને કાકો કહે છે. ” તે માણુસ લાલપીળો થતાં બોલ્યો. “ આ તારા બાપની દુકાન નથી કે, અહીં ચોરી કરવા આવ્યો છે. “ આ દુકાન કરતાં કરતાં તો આંખે પાણી આવ્યાં છે, સમજ્યો ! ”

“પણ હું ચોરી કરવા નથી આવ્યો, કાકા!” પોતાની નિર્દોષતા પૂરવાર કરવાના હેતુથી ગળગળા સ્વરે તે બાળક બોલ્યો.

“પાછો કાકા કહે છે, ગધેડા!” તે પુરૂષ બરાડી ઉઠયો.

“પણ એમાં તમને ગાળ ક્યાં દીધી છે?”

“ગાળ નહિ તો બીજું શું? હું થોડો જ તારો કાકો છું કે, મને કાકા કહે છે! હું તો મારા ભત્રીજાનો કાકો છું, તારો નહિ.”

“જો હું તમને કાકા કહું તો તમારો હું ભત્રીજો ન કહેવાઉં?” નિર્દોષભાવે તે બાળક બોલ્યો. પોતે શું બોલ્યો છે અને શું બોલે છે, તે તે પોતે જ સમજતો નહોતો. જ્યાં ત્યાં સામા માણસને સીધો – નિર્દોષ જવાબ આપવો. એટલું જ એ સમજતો હતો. ખરી રીતે આઠ વરસનો બાળક સમજી પણ શકે કેટલું?

તેની ઉંમરના પ્રમાણમાં તેના મિત્રો કરતાં તેનામાં કેટલાક ગુણો ઘણા સારા હતા. ચોરી કરવી નહિ, અસત્ય બોલવું નહિ, અપશબ્દ ઉચ્ચારવો નહિ, કોઇની મશ્કરી કરવી નહિ, કોઇની સાથે તકરાર કરવી નહિ, વગેરે પ્રકારના સદ્‌ગુણો તેનામાં હતા. પોતે જે કરે છે તે સત્ય છે, તેમ સામી વ્યક્તિના મનમાં ઠસાવવાના અનેક પ્રસંગોએ તેણે પ્રયત્નો કર્યા હતા. પરંતુ તેની ઉંમરના પ્રમાણમાં તે યશસ્વી કેવી રીતે નીવડી શકે? છતાં, સામી વ્યક્તિના મનમાં એવી અસર તો જરૂર થતી કે, બાળક સાચો છે. તેનું હૃદય નિર્મળ છે.

“સામું બોલે છે, નાલાયક!” કહેતાંની સાથે જ તે વહેપારીએ તે બાળકના ગાલ પર જોરથી તમાચો લગાવી દીધો.

બિચારો નિર્દોષ બાળક!

સબળ માણસનો તમાચો ગાલ પર જોરથી વાગતાં જ રડી પડયો. આંખમાથી દડદડ આંસુ વહેવા લાગ્યાં.

તે દુકાનની સામે જ એક નાની દુકાન હતી. તેનો માલિક બેઠો બેઠો બંને વચ્ચેનો સંવાદ સાંભળી રહ્યો હતો. બાળકના ગાલ પર તમાચો પડતાંની સાથે જ તે એકદમ કૂદ્યો અને ત્યાં જઈ પહોંચ્યો.

"શામળશા....!" તમાચો મારનારને ઉદ્દેશીને આવનાર દુકાનદાર બોલ્યો.

"શું છે?" ક્રોધમાં ને ક્રોધમાં શામળશા બોલ્યો.

"શું છે?" આવનાર દુકાનદાર ગરમ થતાં બોલ્યો. 'છાનામાના દુકાનમાં ચાલ્યા જાવ નહિ તો જેવો તમાચો આ છોકરાના ગાલ પર પડ્યો, તેવો તમાચો તમારા ગાલ પર પડશે, સમજ્યા?"

"શું કહ્યું?"

"જે તમે સાંભળ્યું. તે."

"મને તમાચો પડશે?"

"જરૂર."

"જોઉં તો ખરો કે, મને તમાચો મારનાર કોણ છે?"

"જોવું છે?"

"હા હા, જોવું છે."

"લ્યો, જુઓ ત્યારે."

કહેતાં જ તે દુકાનદારે શામળશાના ડાબા ગાલ પર જોરથી તમાચો મારી દીધો. તમાચો વાગતાંની સાથે ગાલ લાલચોળ થઇ ગયો.

શામળશાએ તરત જ પોતાના હાથમાંની સોટી ઉગામી. પરંતુ દુકાનદાર અસાવધ નહોતો. તેણે તે પકડીને ખૂંચવી લીધી અને ભાંગીને દૂર ફેંકી દીધી.

"એ સોટી પણ તમારા જેવા બાયલાના હાથમાં રહેતાં શરમાતી હતી, શામળશા!"

"હું બાયલો છું, એમ તારૂં કહેવું છે, વિમળ?" શામળશા બહુ કોપાયમાન થતાં ગર્જી ઉઠ્યો.

"નહિ તો બીજું શું!" વિમળશા બોલ્યો. "આવા એક કૂમળા ફૂલ જેવા નિર્દોષ બાળકને વિના વાંકે તમાચો મારનાર બાયલો નહિ તો બીજું શું! કોઇ તમારા બરોબરીઆને મારી જોવો હતો ને!"

"પણ એમાં તું આનું ઉપરાણું લઈને શા માટે આવ્યો છે?"

"તમે એને માર્યો માટે." વિમળશા બોલ્યો. "હું ક્યારનો બેઠો બેઠો તમારા બંને વચ્ચેની વાતચીત સાંભળી રહ્યો હતો. બિચારો તડકો સહન ન થવાથી છાંયે આવીને ઉભો રહ્યો, એમાં એને તમે ચોર કહીને તમાચો માર્યો. શું તમારા સિવાય આખું જગત ચોર જ છે?"

શામળશા જવાબ આપવાને બદલે ચૂપ રહ્યો. અત્યાર સુધી એક બાજુએ ઉભેલો બાળક શાંત થયો. તેનો હાથ પકડીને વિમળશા તેને પોતાની દુકાને લઇ ગયો. દુકાનમાં ફક્ત શેકેલા ચણા જ હતા. તેમાંથી થોડા તેણે તે બાળકને આપ્યા. બાળકે થોડી આનાકાની કરીને તે લીધા. પોતે અત્યંત ભૂખ્યો હતો એટલે ઝપાટાબંધ તે ખાઇ ગયો. વિમળશાએ તેને પાણી આપ્યું. ચણા પર પાણી તેને અમૃત સમાન લાગ્યું.

પોતાને તમાચો મારનાર શામળશાનું મોં તેને અણગમતું લાગ્યું. તમાચો વાગતાંની સાથે જ તે રડી પડયો હતો. તેને લાગ્યું હતું કે, વધારે માર ખાઇને પોતે અધમૂઓ થઇ જશે. પરંતુ તેની તે માન્યતા ખોટી પડી: ભક્તની વ્હારે જેમ પ્રભુ ધાયી આવે તેમ વિમળશા તેની મદદે આવી પહોંચ્યો. તેને તો વિમળશા પ્રભુ સમાન જ ભાસ્યા. ભક્તને તો પ્રભુને પ્રાર્થના પણ કરવી પડે છે પરંતુ તે બાળકને તો તેમ પણ કરવું પડયું નહોતું.

માર પછી તે ખૂબ રડયો. રડતાં રડતાં તેની આંખો પણ સૂઝી ગઈ. એક તો તે ભૂખ્યો હતો, તેમાં તડકામાં ઉઘાડા પગે ચાલેલો અને તેમાં પણ આશ્વાસનને બદલે જોરથી ગાલ પર તમાચો પડયો. નિર્દોષ અને કુમળા બાળક માટે ને ઓછું ન કહેવાય.

પોતાને મારનાર અને મારમાંથી બચાવનારના વાદવિવાદથી તેને શાંતિ વળી. કોઇના પણ આશ્વાસન વિના તે શાંત થયો. પોતાની આંખો લૂછી નાંખી. તેને થયું કે, ઇશ્વર જગતમાં છે ખરા.

વિમળશાહને ત્યાં ચણા ખાઈને ઉપર પાણી પીવાથી તેનો જઠરાગ્નિ ઠર્યો. તેણે ખરા અંતઃકરણથી વિમળશાનો મૂક આભાર માન્યો, ભૂખ અને માર પર આશ્વાસન અને ચણા તેમજ પાણી મળવાથી તેને શાંતિ વળી. વિમળશા તેને કંઇ પણ પૂછવાની શરૂઆત કરે તે પહેલાં તો તે જમીન પરજ ઘસઘસાટ ઉંઘી ગયો. નિર્દોષ બાળકનો પવિત્ર હસતા ફૂલ જેવો ચહેરો જોઇને તેના આત્માએ આનંદ અનુભવ્યો. તે કંઇ પણ વિચાર કરે તે પહેલાં તો એક ઘરાકે આવીને ચણા માગ્યા.

લગભગ ત્રણ દિવસથી ચણાના બે દાણા પણ વેચાયા નહોતા. અચાનક ઘરાક આવવાથી તેને અણધાર્યો આનંદ થયો. અને ઘરાકને માલ આપીને તેની પાસેથી લીધેલાં નાણાં પોતે ગણે છે ત્યાં તો બીજા ઘરાકે ચણાની માગણી કરી. એ રીતે ઉપરાઉપરી કેટલાક ઘરાકો આવતાં તે તે કાર્યમાં ગૂંથાઇ ગયો.

તે દરમિયાન તેને ત્યાં જમીન પર સૂઇ ગયેલો બાળક જાગી ઉઠયો. આંખ ઉઘાડીને જોતાં તેને લાગ્યું કે ઘેરથી નીકળે ઘણો સમય થઇ ગયો છે. જેમ તેમ આંખ લૂછીને ઉભો થયો અને પોતાને આશ્રય આપનારનો આભાર માનવા પણ ન થોભતાં તે એકદમ ચાલ્યો ગયો.

વિમળશાને તેના ગમનની ખબર પણ ન પડી, તે જ્યારે ઘરાકને પતાવીને બાળક જ્યાં સૂઇ ગયો હતો ત્યાં આવ્યો ત્યારે બાળકને તેણે દીઠો નહિ. તેને આશ્ચર્ય થયું, બાળકને મળવાની, તેનું મુખ જોવાની અને તેની સાથે વાતચીત કરવાની તેને બહુ ઉત્કંઠા હતી, તે બાળક કોણ હતો, કોનો હતો, ક્યાંથી આવ્યો હતો, ક્યાં રહેતો હતો, આવા માથું ફાડી નાંખે તેવા તડકામાં ઉઘાડા પગે રખડવા માટે નીકળ્યો હતો, તે જાણવાની તેને તીવ્ર ઇચ્છા જાગી હતી.

વિમળશાને રાજગૃહિ નગરીમાં આવ્યે લગભગ ચાર વરસ થયાં હતાં. આવીને તેણે પહેલાં કાપડની દુકાન કરી હતી. થોડાક વખતમાં જ તેને પસ્તાવાનો સમય આવ્યો અને દુકાનને તાળું મારી દેવું પડયું. તે પછી થોડા દિવસ બાદ તેણે કરીઆણાની દુકાન કરી, શરૂમાં તેણે આશા સેવેલી કે આટલી મોટી નગરીમાં સેંકડો દુકાનો ચાલે છે તો મારી નાનકડી દુકાન કેમ નહિ ચાલે? પરંતુ તેના કમનશીબે તેને દગો દીધો. થોડા સમયમાં જ તે દુકાન પણ બંધ કરવી પડી. પોતે બેકાર બની ગયો. હવે પાસે નાણાં પણ રહ્યાં નહોતાં, કે બીજી કોઇ દુકાન ખોલી શકે. છેવટે કંટાળીને જે કંઈ હતું તેમાંથી તેણે ચણા અને ગોળની દુકાન કરીને ફરીથી નશીબ અજમાવી જોવાનો પ્રયત્ન કર્યો. છતાં જ્યાં નશીબ જ દુશ્મન બની બેઠું હોય ત્યાં માનવી શું કરી શકે?—

—પરંતુ તે કર્મને માનનારો યુવક હતો. કેવળ ભાગ્ય પર આધાર રાખીને બેસનારો અગર તો ઇશ્વરને દોષ દેનારો નહોતો. પોતે એકજ વાત સમજતો હતો અને માનતો હતો કે, જો પૂર્વ ભવમાં કોઇપણ પ્રકારનાં સત્કર્મ કર્યાં નહિ હોય તો આ ભવે શું પામી શકવાનાં? અને આ ભવે જો કંઇ પણ સારાં કૃત્યો નહિ કરીએ તો આવતા ભવે શું પામીશું? માનવજન્મ પામીને જો તેને વેડફી નાંખવાની ધૃષ્ટતા કરવામાં આવે તો તેને ધૃષ્ટતા નહિ પરંતુ મૂર્ખતા કહેવાય. અનેક જન્મ મરણના ફેરામાં અટવાતાં અટવાતાં કોઇ સત્કર્મના પ્રબળ પુણ્ય પ્રતાપે માનવજન્મ પામ્યા પછી જો તેને કેળવવામાં ન આવે અગર આત્માને પરમાત્મા (પરમ+આત્મા) બનાવવાના જો સફળ પ્રયાસો કરવામાં ન આવે તો માનવ તરીકે જન્મ લીધોયે નકામો અને જીવન જીવ્યું યે નકામું.

—અને જેને જીવતાં નહિ આવડે તેને મરતાં પણ શી રીતે આવડશે?

સત્કર્મ નહિ કર્યાં હોય તો પરમાત્મા પણ આપણી ઇચ્છા ક્યાંથી પૂર્ણ કરી શકશે? તેનામાં તે તાકાદ હશે ખરી?–અને હોય તો પણ તે તો કેવળ નિમિત્ત જ છે. ખરૂં ફળ તો કર્મના આધારે જ મળતું હોય છે. જેવું વાવીએ તેવું જ લણી શકાય છે. કડવો લીંમડો વાવીને તેમાંથી અમૃતફળની ઇચ્છા રાખનારને મૂર્ખ સિવાય બીજી કઇ ઉપમા આપી શકાય? પાણીની અંદર મીઠું નાંખીએ અને તેમાંથી ગળપણનો સ્વાદ મેળવવાનો નિષ્ફળ પ્રયાસ કરીએ, તો તેમાં કયું ડહાપણ સમાયેલું ગણાય!

જીવન જીવવું અને જીવી જાણવું. એ બંનેમાં જમીન આસ્માનનો ફરક છે. પ્રાણી પણ જીવન જીવે છે અને માનવ પણ જીવન જીવે છે, પ્રાણી પણ ખાય છે અને માનવી પણ ખાય છે. તો પછી બંનેમાં ફરક શો?–ફક્ત એટલો જ કે, પ્રાણી ખાઈ શકે છે અને માનવી ખાઇ જાણે છે. જેટલો ફરક ખાવામાં છે તેટલો જ ફરક જીવન જીવવામાં છે. જો એ બંને વચ્ચેનો ફરક મટી જાય તો માનવીમાં અને પ્રાણીમાં કંઇ જ ફરક ન રહે. છતાં યે, પ્રાણી પણ કોઈ કોઇ વખતે જીવી જાણે છે. તો પછી માનવી જીવી જાણવાને અશક્ત–અસમર્થ શા માટે હોય? માનવી ધારે તે કરી શકે છે. આત્માને પરમાત્મા બનાવી શકે છે, નરને નારાયણ બનાવી શકે છે. ફક્ત તેનામાં એક જ શક્તિ હોતી નથી, અને તે એટલે મરેલાંને જીવંત કરવાની.

નિરાશા એ માનવીની જીવનયાત્રામાં હોવી ન જોઇએ. તેની જીવન પોથીમાંથી એ શબ્દ ભૂંસાઈ જવો જોઇએ. એ ત્રણ અક્ષરના નાનકડા શબ્દમાંથી અનેક વિટંબનાઓ ઉભી થાય છે. અનેક દૂર્ઘટનાઓ બની જાય છે. જો એ શબ્દને ઉડાવી દેવામાં આવે તો માનવ જરૂર કર્મવાદમાં માનતો થાય તેના જીવનમાં હંમેશાં સત્કર્મો જ બન્યા કરે અને તે સત્કર્મોમાંથી ઉન્નતિના મજબૂત પાયા નંખાય.

અધોગતિમાં જતો તે હંમેશને માટે અટકી જાય. તેને માટે ઉન્નતિનાં શિખર હોય અવનતિની ગર્તા નહિ.

પરંતુ દુઃખની વાત એ છે કે, દરેકની જીવનયાત્રામાંથી તે દુર્ઘટનાવાદી નાનકડો શબ્દ ભૂંસાઇ શકતો નથી. જવલ્લે જ કોઇ મહાપુરૂષની જીવન યાત્રામાંથી તેને ન છૂટકે ભૂંસાઇ જવું પડે છે. ઇચ્છા ન હોવા છતાં ત્યાંથી તેણે ખસી જવું પડે છે.

વિમળશાએ ગોળ અને ચણાની દુકાન ખોલી. ખોલતાં તેણે મોટી આશા સેવેલી. પરંતુ તેને તેમાં પૂર્વભવાનાં કર્મોને કારણે યશ મળ્યો નહિ. ઘરાકીનું વાતાવરણ જણાયું નહિ. જે કંઇ તેમાં છેવટનું રોકાણ કર્યું હતું, તેમાંથી પણ ખવાઈ જવાવા લાગ્યું. અને છેવટે તેણે ગોળનો વેપાર બંધ કર્યો. હવે તો ફક્ત તે ચણા જ વેચતો હતો. ચણા તો સૌ કોઇ ખાઈ શકે. પરંતુ તેમાં પણ તેને યશ ન મળ્યો. ચાર આઠ દિવસમાં દુકાન બંધ કરવાનો સમય આવી પહોંચ્યો. ત્રણેક દિવસથી એક પણ દાણો વેચાયો નહોતો. એક પણ ઘરાક તેની દુકાને આવ્યું નહોતું. એટલું જ નહિ પણ તેની દુકાન તરફ નજર પણ કરી નહોતી.

પણ ભાગ્યને આડે પાન છે, એ કહેવતને સત્ય ઠરાવનારો સમય આવી પહોંચ્યો. પૂર્વભવનાં સત્કર્મોનો ઉદય થવા લાગ્યો. દરેક પ્રકારના શુભ અશુભને માટે માત્ર નિમિત્તની જ જરૂર હોય છે. પછી ભલે તે નિમિત્ત નામનું જ હોય.

શામળશાના હાથનો માર ખાનાર બાળકને પોતાને ત્યાં લાવવાનો પ્રસંગ તેના ભાગ્યના ઉદય માટે નિમિત્ત બની ગયો. ત્રણ ત્રણ દિવસથી એક પણ ઘરાકનાં પગલાં દુકાનમાં થયાં નહોતાં, તેના બદલે તે બાળકના ચરણ સ્પર્શથી આજે અણધાર્યા અનેક ઘરાકો ઉપરાઉપરી આવી ચઢયા. શામળશાહે વિચાર્યું કે, ' આ ઘરાકીનું કારણ નિર્દોષ બાળકનાં શુભ પગલાં જ હોવાં જોઇએ. ' તેણે મનમાં ને મનમાં આનંદ અને સંતોષ અનુભવ્યાં. ઘરાકોને પતાવ્યા પછી તે બાળકને

મળીને તેને કહેવાનું તેણે નક્કી કર્યું કે, 'રોજ બપોરે તું આવજે. હું તને ચણા આપીશ. આવતીકાલથી ગોળ પણ આપીશ.'

—અને ઘરાકોના ગયા પછી તે જ્યાં બાળક સૂઇ ગયો હતો ત્યાં ગયો. પરંતુ તેના આગમન પહેલાં જ બાળક કહ્યા વિના ચાલ્યો ગયો હતો. એથી તેના મનમાં એમ ઠસી ગયું કે, 'જ્યાં સુધી એ બાળક દુકાનમાં હતો ત્યાં સુધી દુકાન પર ઘરાકી હતી. તેના ગયા પછી જ ઘરાકી બંધ થઇ.' તેને કંઇક દુઃખ થયું. આવા પુનીત પગલાંના બાળકનું નામ ઠામ પણ પોતાને જાણવા ન મળ્યું, તેથી થોડો ખેદ થયો. તેણે મન સાથે નક્કી કરી લીધું કે, 'જો એક બે દિવસમાં તે બાળક ન આવે તો તેની શોધમાં નીકળી પડવું. ગમે તે પ્રકારે તેનો પત્તો લગાડવો...અને એવા અનેક પ્રકારના વિચારોમાં વિચરતો તે દુકાનની ગાદી પર બેઠો.


અનેક પત્રોએ અને વિદ્વાનોએ જેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે, તે—

**ત્યાગવીર શાલીભદ્ર**

લેખકઃ–ચંદુલાલ એમ. શાહ

(મૂલ્ય રૂા. ૪–૦–૦ + પોસ્ટેજ)

આપે વાંચ્યું છે?—ન વાંચ્યું હોય તો આજેજ વાંચો અને આપની લાયબ્રેરીમાં વસાવો.

સંસ્કારી કુટુંબોમાં ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલી અને ભૂતકાળના વૈભવ, વિલાસ, ભોગ અને ત્યાગની પ્રતીતિ કરાવી જતી બનેવીની–ધન્ના શાલિભદ્રની–શ્રેષ્ઠ કથા.

જાણીતા બુકસેલરોને ત્યાં મળે છે:

— અગર લખો —

**નવરસ ગ્રંથાવલિ**

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

[ ૨ ]

## ☆ આ તે માતા! ☆

" તમે તમારે ખાઇ લ્યો ને, એને ખાવું હશે ત્યારે આવશે."

" પણ એના વિના ગળે ઉતરે તેમ નથી. બિચારો ભૂખે ટળવળતો અત્યારે ક્યાંય રખડતો હશે."

" રખડતો હશે શું, ભટકતો હશે." એક સ્ત્રી તેના પતિને કહી રહી હતી. " ભૂખનું યે ભાન ન હોય, એ તે છોકરો કહેવાય!"

" પેટ પૂરતું ખાવા ન મળે એટલે બિચારો રખડે નહિ તો શું કરે?" પતિ પોતાની પત્નીને કહી રહ્યો હતો. " ભૂખ્યા પેટે ઘરમાં ચેન પડે નહિ. ઘરમાં ને ઘરમાં બેસી રહે તો કાં તો તારા મોંમાંથી નીકળતી અપ્રીય ગાળો સાંભળવી પડે અગર તો તારા નાજુક હાથનો માર ખાવો પડે."

" મારો હાથ જુલમી છે?" પત્ની તાડૂકી ઉઠતાં બોલી. " મારા જેવો નાજુક હાથ જગતમાં કોઇનો જ નથી, એ તમને ક્યાં ખબર છે?"

" અને તારા જેવું નાજુક, એકદમ નાજુક, એકદમ ગળગળુ હૃદય પણ જગતમાં કોઇનું નહિ હોય." પતિ સાધારણપણે વ્યંગમાં બોલ્યો.

" એ વાત એક વખત નહિ પણ હજાર વખત શાચી છે, સમજ્યા!" પત્ની મોટા અવાજે ચાળા કરતાં બોલી. " તમે ભલે

મશ્કરીમાં બોલતા હો, પણ હું તેને મશ્કરી માનતી નથી. તમારા શબ્દો મારા માટે તદ્દન સત્ય છે. મારૂં હૃદય તદ્દન કોમળ છે. કોઇને જરીક પણ દુઃખ થાય તો પણ મારૂં હૃદય કપાઈ જાય છે."

"પોતાના પેટના નાજુક–કુમળા બાળક સિવાય." પતિ કહેવા લાગ્યો. "બીજાઓનાં દુઃખે દુઃખી થનારે પોતાનાં જણ્યાં માટે દુઃખી થવાની જરૂર શા માટે હોય?"

"પોતાનાં જણ્યાં સારાં હોય તો દુઃખ શા માટે ન થાય?"

"અને બીજાનાં જણ્યાં ખરાબ હોય તો પણ દુઃખ શા માટે ન થાય, એમ નહિ?" પતિ બોલ્યો. "એ તો હંમેશાં પોતાનાં કરતાં બીજાનાં સારાં જ લાગે. કારણ કે પરિચય થોડો હોય છે ને!-અને બીજાની દયા ખાનારને લોકો ઉપર ઉપરથી સારા કહેવાનું પણ ચૂકતા નથી: તેવી સ્વસ્તુતિ સાંભળવા માટે તમારા જેવી સતી સ્ત્રીઓ આ જગતમાં ક્યાં ઓછી છે?"

"આ બધું તમે તમારા પોતાના પરથી જ બોલતા હો એમ લાગે છે." પત્ની બોલી "તમને બીજી સ્ત્રીઓ રૂપગુણવાળી લાગે છે. તેમનાં ગુણગાન ગાવાનાં ગમે છે. તેમની સામે ટગર ટગર જોઇ રહેવાનું ગમે છે. કદાચ પગનાં વાહન ઉપાડવાનું કહે તો પણ તે હોંશે હોંશે ઉપાડી લો. કોઈ દિવસ તમને તેમાંનું મારા માટે લાગ્યું છે?"

પત્નીના શબ્દો સાંભળીને પતિ થોડા સમય માટે તેના સામે જોઈ રહ્યો. તે જોઇને પત્ની જોરમાં આવીને આગળ બોલવા લાગી:

"ક્યાંથી ગમે? આપણે તો એકબીજાના પરિચયમાં વધારે આવીએ છીએ ને! અતિ પરિચયમાં આવવાથી પોતાનાં ક્યાંથી સારાં લાગે? પોતાનાં ક્યાંથી ગમે?"

પતિ એક પણ અક્ષર બોલ્યો નહિ. આ તે કયા પ્રકારની સ્ત્રી કહેવાય! પતિ પ્રત્યેની કોઇ પણ પ્રકારની ફરજ નહિ! પતિ પ્રત્યેની કોઈ પણ પ્રકારની ફરજ નહિ! પતિ પ્રત્યેની કોઇ પણ પ્રકારની ભક્તિ ભાવના નહિ!

સ્ત્રી !......

સ્ત્રી એટલે શું !......

સ્ત્રી એટલે કોણ !......

આખા જગતનાં સુખદુ:ખને સાગરની પેઠે પોતાના પેટમાં સમાવી શકનારી શક્તિ. કુમારીકા મટીને પરણીતા બન્યા પછી પતિનું સર્વસ્વ, પતિના એક જ શબ્દ પર પ્રાણ પાથરી દેનારી સતી, પતિના એક જ દુ:ખદ શ્વાસે તેનું હૃદય ચીરાઈ જાય, પતિના સુખે સુખી થનારી અને દુ:ખે દુ:ખી થનારી તેની છાયા. પતિને જમતી વખતે માતાની ખોટ જાણવા ન દેનારી, મહત્ત્વના કાર્યોમાં સલાહકારની ખોટ ન જણાવા દેનારી, પ્રેમ માટે અતૃપ્ત રહેવા ન દેનારી, સમય આવતાં દાસી બનીને કોઇ પણ પ્રકારની શરમ વિના સેવા કરનારી.

એમાંનો એક પણ ગુણ ન ધરાવનાર સ્ત્રી પોતાના પતિને ન કહેવાના શબ્દો સંભળાવી રહી હતી. ચાર દીકરા અને એક દીકરીની માતા બની ચૂકેલી ને બ્રાહ્મણ સ્ત્રીમાં જેમ પત્નીનો એક પણ ગુણ નહોતો તેમ માતાનો પણ એકે ય ગુણ નહોતો. પેટે પાટા બાંધીને સંતાનોને પાળી પોષીને મોટી કરનાર માતાનો ગુણ તેનામાં નહોતો. રાતદિવસ મજુરી કરીને સંતાનને જીવાડનાર અને મોટું કરનાર માતાની છાયા સરખી તેનામાં નહોતી. ભૂખ્યા રહિને બાળકને જમાડનાર માતાનું ઉદાર હૃદય તેનામાં નહોતું.

જેમ પતિ પ્રત્યેની પતિભક્તિ તેનામાં નહોતી તેમ સંતાન પ્રત્યેનું વાત્સલ્ય પણ તેનામાં નહોતું.

ત્રણ પુત્રો અને એક પુત્રીને લૂખાસૂકા રોટલાના ટૂકડા આપીને તે પોતાના પતિને કહી રહી હતી કે, 'નાનો છોકરો નફ્ફટ છે. ખાવાના વખતનું પણ તેને ભાન રહેતું નથી. ભૂખ લાગશે ત્યારે તે આવશે. તમે તમારે જમી લો.'

પરંતુ......પિતા......!

પિતાનું હૃદય...!

પુત્ર હાજર ન હોય ને પિતા કેવી રીતે સમજી શકે? તેના ગળે એક પણ કોળીઓ ઉતરી શકે ખરો? અને તે પણ સૌથી નાનો પુત્ર સૌથી સ્વભાવે ગરીબ. માતા પિતા પ્રત્યે પૂર્ણભક્તિભાવવાળો. પ્રભુમાં અડગ શ્રદ્ધા ધરાવનારો, સત્યનું પાલન કરનારો, નીતિમાં માનનારો અને કપટ રહિત હૃદયવાળો. એવા પુત્ર પ્રત્યે પિતા કેવી રીતે બેદરકાર રહી શકે! તેને ભૂખ્યો રખડતો રહેવા દઈને તે કેવી રીતે ખાઈ શકે!

પરંતુ માતાને તેની દરકાર નહોતી. પતિએ પુત્ર સિવાય ખાવાની આનાકાની કરતાં તે તરફ દુર્લક્ષ કરી પોતે ખાવા બેસી ગઇ. ચારે બાળકોને અપૂર્ણ ખાવાનું આપીને પોતે પોતાનું પેટ પૂર્ણ રીતે ભરાઇ શકે તેટલું ખાવાનું લઇને બેઠી. પતિ દુઃખી હૃદયે તે જોઈ રહ્યો. તેનાં નયનો સજળ બન્યાં. પોતે પરભવે કયાં પાપ કર્યાં હશે કે, આ ભાવે આવી પત્ની પામ્યો હશે!

પિતાએ બાલ્યાકાળે કહેલું કે, 'ઋષભ! તારો વેવિશાળ જે કન્યા સાથે થયો છે, તે કન્યા પદ્મિની છે. લગ્ન પછી તે એક આદર્શ નારી બનશે. પતિવ્રતા સ્ત્રીઓનાં ચરિત્રોમાં પોતાનું નામ ઉમેરાવશે, તેનું નામ પ્રાતઃકાળમાં સ્મરીને કેટલીયે સ્ત્રીઓ પોતાને ધન્ય માનશે.'

પરંતુ...!

પરંતુ તે બધાથી ઉંધા ગુણો ધરાવતી ઋષભની—ઋષભદત્તની સ્ત્રીને જોવાને પિતા હયાત નહોતા. પિતાના શબ્દો સાંભળીને જે ઋષભદત્તે પોતાનું ભાવિ ઉજ્વળ માન્યું હતું, તે જ ઋષભદત્ત આજે એકાન્તમાં છાનાં આંસુ સારતો હતો. મૂંગે મૂંગે રૂદને પણ કરી લેતો હતો. ઉજ્વળ ભાવિની તેની આશાની ઇમારત ભાંગીને ભૂક્કો થઈ ગઇ હતી.

એક સમયે તેની જાહોજલાલી હતી. શ્રીમંત નહિ, છતાં યે સાધારણ પણે સુખેથી તે પોતાનું જીવન વીતાવતો તે સૌ કોઇની

દ્રષ્ટિએ દરેક રીતે સુખી મનાતો હતો. પરંતુ પિતાના મૃત્યુ પછી તેના સંજોગો પલટાયા. માતા તો બાલ્યકાળમાં પુત્રને રઝળતો મૂકીને દેવલોક પામી હતી. ધીમે ધીમે તે નાણાંથી ઘસાઇ ગયો. લગ્ન પછી ત્રીજા વરસે તેને ત્યાં એક પુત્રનો જન્મ થયો. તે પછી બીજો અને ત્રીજો પુત્ર જન્મ્યા પછી એક પુત્રી જન્મી. તે પછી છેવટે એક પુત્ર જન્મ્યો. સૌ કરતાં સમજુ, સુંદર અને દ્રષ્ટ હતો. પિતાને તે વધારે વહાલો લાગતો હતો. માતાને પણ તે લાગવો જ જોઇએ. પરંતુ પૂર્વના ભવના વેરભાવના કારણે માતાને તે ગમતો નહોતો. શા માટે, તે તો તે પોતે પણ સમજી શકતી નહોતી. પરંતુ એટલી વાત નિર્વિવાદ હતી કે, સૌથી નાના પુત્ર પ્રત્યે તે બેદરકાર રહેતી. દરેક કરતાં તેને ખાવાનું ઓછું આપતી. દરેક કરતા હલકાં અને મેલાં કપડાં પહેરાવતી. માર પણ વધારે મારતી અને અપશબ્દો પણ વધારે સંભળાવતી.

પરંતુ ઇશ્વરનો એ ન્યાય છે કે, જેને આવાં સંકટોમાંથી પસાર થવું પડે છે, તેને ઇશ્વરી સહાય પણ મળી રહે છે. જેની આયુષ્યદોરી લાંબી છે, જેનાં પુન્ય પ્રબળ છે, તેને ગમે તેવી મુશીબતોમાં સહાય રહે છે. ગમે તેવાં સંકટોમાંથી તે પસાર થઇ શકે છે.

સૌથી નાનો પુત્ર અમરકુમાર તેની માતા સતીને વધુ અપ્રિય હતો. શા માટે પોતાનાં પેટનાં સંતાનો વચ્ચે ભેદભાવ રખાતો હશે, તે સમજવું મુશ્કેલ છે.

બધા પુત્રો કરતાં એકની એક પુત્રી પર માતાનો પ્રેમ વધુ પડતો હતો. તે હંમેશાં ખાવા પીવામાં પક્ષપાતી રહેતી દરેક પુત્ર કરતાં પુત્રીને વધુ ખાવાનું આપતી. બને એટલું સારૂં આપવાનો પ્રયત્ન કરતી. છતાંયે એક વાત નિર્વિવાદ હતી કે, દરેક કરતાં પોતાને સૌથી સારી વસ્તુ જોઈતી. સૌથી વધારે પણ જોઈએ. પતિની તેને દરકાર નહોતી. સંતાનો પ્રત્યે પણ કંઇ ખાસ લાગણી નહોતી. સામા-

ન્યપણે દરેક સ્ત્રી પોતાના સંતાન પ્રત્યે અત્યંત લાગણીવશ રહેતી હોય છે. ગમે તેવું કાણું, કુબડું, લૂલું, કાળું કે ગંધાતું સંતાન પણ માતાને મન અતિપ્રિય હોય છે. સાધારણ એક ભિખારણ પણ પોતાના સંતાનને દુ:ખી થવા દેતી નથી. રડવા દેતી નથી. ભૂખ્યું કે તરસ્યું રહેવા દેતી નથી. ત્યાં આ તો એક બ્રાહ્મણ નારી. તે કેવી ઉંચા વિચારની હોવી જોઇએ! તેનામાં કેવા શ્રેષ્ટ ગુણો હોવા જોઇએ!

પરંતુ અફસોસ...! તેમાંનું તેનામાં કંઈ જ નહોતું. નહોતી તેનામાં સંતાન પ્રત્યે લાગણી કે નહોતી તેનામાં પતિ પ્રત્યે લાગણી. પોતે પોતાના માટે જ સર્વ કંઈ કરી શકતી.

કોઇ દિવસ તેણે એમ નહિ વિચારેલું કે, પતિ કેટલી મુશીબતો વેઠીને ઘરવ્યવહાર ચલાવે છે. તે એમ માનતી કે પતિ ઘરનો ખર્ચ કાઢે છે તેમાં શો નવાઇ કરે છે? તેની તે ફરજ છે. લગ્ન કર્યા પછી પત્નીને પાળવાનો, તેને પોષવાનો, તેની પ્રત્યેક ઇચ્છા પૂરી કરવાનો અધિકાર પતિને હોય કે નહિ, પરંતુ તેમ કરવાની તેની ફરજ તો છે જ લગ્ન સાથે તેટલી ગુલામગીરી તેને લખી આપવામાં આવેલી હોય છે.

ખરી રીતે એવું હોઈ જ ન શકે, છતાં અણસમજુ સ્ત્રીઓ, પોતાની મૂર્ખાઇનું, પોતાની અણસમજનું પ્રદર્શન તેવી રીતે કરતી હોય છે. કોઇ સારૂં, ઉંચું કે સંસ્કારી જ્ઞાન તેમને મળેલું હોતું નથી, તે કારણે તે એવી અધકચરી દશામાં સંચરતી હોય છે.

સતીનું નામ પાડનાર તેની ફોઇને તે વખતે ખ્યાલ પણ નહિ હોય કે, આ નામધારી સતી સતીત્વના કેટલા ગુણો ધરાવતી થશે!'

પતિએ ન ખાધાની પરવા કર્યા સિવાય સતીએ ઉમંગભેર પેટ ભરીને ખાઈ લીધું. પેટ ભરાયાનો ઓડકાર પણ આવ્યો. પરંતુ તેનાં–તેની સાથે જમવા બેઠેલાં છોકરાં સંપૂર્ણ રીતે ધરાયાં નહોતાં. તે માતાના ચહેરા સામું જોઇ રહ્યાં હતાં. કદાચ માતાનું હૃદય પીગળે

અને બીજું થોડું ખાવાનું આપે. પરંતુ ખાવાનું વધ્યું જ નહોતું તો માતા આપે જ ક્યાંથી? પતિ ઉપવાસી રહ્યાની તેને દરકાર નહોતી. નાનો પુત્ર હજી જમવા આવ્યો નહોતો, તેની પણ તેને ચિંતા નહોતી. તેનું પોતાનું પેટ ભરાઇ ગયું હતું. તેને છેલ્લો ઓડકાર આવી ગયો હતો. તેનો તેને સંપૂર્ણ સંતોષ થયો પરંતુ ઓડકારનો અવાજ સાંભળીને પિતાનું ઋષભદત્તનું હૃદય ચીરાઇ ગયું.

આ તે કેવી પત્ની!

આ તે કેવી માતા!

જગતમાં આવી માતાઓ કેટલી હશે!

—એટલામાં નાનો પુત્ર અમરકુમાર આવી પહોંચ્યો. તેણે સૌને જમવા બેઠેલાં દીઠાં. સૌની તરફ તેણે દ્રષ્ટિ ફેરવી જોઈ. દરેકે ખાઇ લીધાનું તેને જણાઇ આવ્યું. માતાએ હાથ ધોઇ લીધા હતા. ભાઇ બહેન પોતાની થાળીમાંનું પૂરું કરી લઇને હાથ ધોયા વિના બેસી રહ્યાં હતાં.

પરંતુ આ થાળીમાં જેમનો તેમ ખોરાક કેમ પડો રહ્યો છે!

શું હજી પિતાજીએ ખાધું નહિ હોય! તે મારી રાહ જોઇને બેસી રહ્યા હશે? તે ધીમે પગલે પિતા પાસે ગયો અને તેમના ખોળામાં બેસી પડતાં બોલી ઉઠયોઃ

"પિતાજી!"

—અને પુત્રને પોતાના ખોળામાં બેસી ગયેલો જોઈને પિતાનું વાત્સલ્ય ભર્યું હૃદય ભરાઇ આવ્યું. તેમની આંખમાં દડદડ અશ્રુ વહેવા લાગ્યાં. લાડકવાયા પુત્રના મસ્તક પર પ્રેમાળ હાથ ફેરવતાં પિતા વાત્સલ્ય ભર્યા સ્વરે બોલ્યાઃ

"બે...ટા...!"

# ગરીબીનું ગૌરવ

લેખક : શાંતિકુમાર જ. ભટ્ટ (M. A.)

( સંપાદક : મુંબઇ સમાચાર સાપ્તાહિક )

**મૂલ્ય રૂા. ૪–૦–૦**

ઐતિહાસિક સામાજિક અને રાજકીય વાતાવરણની આસપાસ ગુંથાયેલી ચોવીસ વાર્તાઓ આ પુસ્તકમાં પ્રગટ થઇ છે ટૂંકી વાર્તાની રચનાકળાની દૃષ્ટિએ અને ટૂંકી વાર્તાના અદ્યતન વિકાસની દૃષ્ટિએ આ વાર્તાઓ અનોખી જ ભાત પાડે છે. પાત્રોની વિવિધતા; પ્રસંગોની રોમાંચકતા, સંવાદોની સચોટતા એ સર્વ ગુણોને લીધે એમાંની વાર્તાઓ વાંચવાનું શરૂ કર્યા પછી હાથમાંથી મૂકવી ગમતી નથી અને વાંચ્યા પછી એ મગજમાં કાયમી સ્મરણ મૂકી જાય છે.

મુંબઈ સમાચાર સાપ્તાહિકનું સંપાદન કાર્ય સંભાળતા તેજસ્વી પત્રકારના લખાયેલા આ પુસ્તકની પ્રસ્તાવના ગુજરાતના પ્રથમ પંક્તિના વિવેચક અને અમદાવાદની ગુજરાત કૉલેજના ગુજરાતીના વડા અધ્યાપક શ્રી. અનંતરાય રાવળે લખી છે.

લખોઃ—નવરસ ગ્રંથાવલી

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

[ ૩ ]

# ☆ પિતાનો પ્રેમ ☆

—એમ ને એમ કેટલોક સમય વીતિ ગયો. આંખમાંથી દડ દડ આંસુ વહાવ્યા કરતા પિતા અને પિતાની નજરમાં નજર મીલાવીને જોઇ રહેતો પુત્ર સતીને મૂર્ખ ભાસ્યા. 'આ તે શો તમાશો માંડયો છે!' તે પોતાના મનમાં બડબડી અને પોતાની થાળી ઉપાડીને ઉઠી. બાળકો પણ હવે સમજી ગયાં કે, માતા બીજું કંઇ પણ ખાવા આપે તેમ નથી, એટલે બેસી રહેવું નિરર્થક છે.

તે પણ પોતાની જગાએથી ઉઠયાં આંગણામાં જઇને પોત પોતાના હાથ ધોઇ આવ્યાં. થોડી ઘણી રહી ગયેલ ભૂખ પાણી પીને દબાવી દીધી. અને ઋષભદત્ત અને અમરકુમાર બેઠા હતા ત્યાં આવ્યાં.

"પિતાજી, હજી તમે ખાધું કેમ નથી?" લાડભર્યા સ્વરે પુત્ર પૂછી રહ્યો હતો.

"તારી રાહ જોઈને બેઠો હતો, બેટા!" પિતા બોલ્યા.

"મેં તમને કેટલીયે વખત કહ્યું છે કે, તમારે મારી રાહ જોવી નહિ." અમરકુમાર બોલ્યો, "નહિ તો તમે ભૂખ્યા રહી જશો અને મારી બા આ બધું ખાઇ જશે."

ઘરમાં બાળકોની સમક્ષ જે વાતાવરણ છવાયેલું હોય છે અને જે વારંવાર બનતું હોય છે, તેની અસર તેમના પર થયા વિના

રહેતી નથી. પછી તે વાતાવરણ સારૂં હોય તો અસર સારી થાય અને વાતાવરણ ખરાબ હોય તો તેની અસર ખરાબ થાય. પરંતુ એ વાત નક્કી છે કે, વાતાવરણની અસર થયા વિના ન રહી શકે.

ઋષભદત્તના ઘરમાં આવા અનેક પ્રસંગો બન્યા હતા અને બનતા હતા–અને તે પણ વારંવાર તેની અસર દરેક બાળક પર થઇ હતી. પરંતુ માતાની બીકે–માતા મારશે તે બીકે કોઇ અંતરની વાત–વરાળ બહાર નીકળવા દેતું નહિ. પરંતુ અમરકુમાર કોઈ કોઈવાર માતાને સમજાવવાનો પ્રયત્ન કરતો. તેનું પરિણામ સાધારણપણે આવવું જોઈએ તે આવતું અને તે એટલે માર ખાવાનું.

તેને વારંવાર માર પડતો. માર ખાવા છતાં તેણે કોઇ દિવસ માતાને અપશબ્દ કહ્યો નહોતો. ઘરની બહાર માના વિરૂદ્ધ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો. પોતાના ભાઈઓને, બહેનને, પિતાને અને પોતાને પેટ ભરીને ખાવા મળતું નથી, તે વિષે તેના મુખેથી બીજે ક્યાંય વાત પણ ગઇ નહોતી.

એક વખતે મોટા છોકરાએ તેના મિત્રને કહેલું કે, "આજે મારી બાએ પેટ ભરીને ખાવા નથી આપ્યું ! એ વાત જ્યારે સતીના કાને આવી ત્યારે તેણે તે–મોટા પુત્રને ત્રણ દિવસ સુધી ભૂખ્યો રાખ્યો હતો. એક ઓરડીમાં પૂરી રાખ્યો હતો. તેને એવો તો માર્યો હતો કે, તે બેભાન બની ગયો હતો. પિતા તેમજ બીજાં બાળકોનાં હૈયાં ભરાઇ ગયાં હતાં. તેને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે તો સતી. પતિનું કે સંતાનોનું કહ્યું માને ખરી ? તે માને તો તેની આવી કથા રચાય પણ ખરી ?

ત્રણ દિવસમાં તો છોકરો અડધો થઇ ગયો હતો. પિતા છાનામાના પુત્રને ખાવાનું આપતા.

બિચારો પતિ...!

અને નિષ્ઠુર પત્ની...!

ઘરની બહાર મર્દ બનીને ફરનારો પતિ ઘેર આવ્યા બાદ પત્ની આગળ ગરીબ ગાય જેવો બની જતો. પોતાના પુત્રનો પક્ષ પણ લઇ શકતો નહિ. પત્નીનો એક એક બોલ તેનું કોમળ હૈયું ચીરી નાંખતો.

મોટા છોકરાને માર પડ્યા પછી કોઇ પણ છોકરાએ કે તેની બહેને ઘરની વાત બહાર કરી નહોતી. નાનપણથી પેટે પાટા બાંધીને ચલાવી લેવાની ટેવવાળાં બાળકો હવે ટેવાઇ ગયાં હતાં. ભૂખ લાગે ત્યારે પાણી પીને ચલાવી લેતાં. માતાની ગમે તેવી ભૂલ છતાં અને પિતાનું માતા તરફથી થતું અપમાન જોવા છતાં કોઇ બાળક બોલવાની હિંમત કરતું નહિ. પરંતુ અમરકુમાર કોઇ કોઇવાર પિતાનો પક્ષ લેતો. તેમાં તેને માતા તરફથી માર ખાવો પડતો. ઘણીવાર ભૂખ્યા રહેવું પડતું. છતાં તે સહન કરીને તે પોતાનો સ્વભાવ બદલતો નહિ. પિતાનું અપમાન તેનાથી સહન થઇ શકતું નહિ. તે કારણે તે માતાનો વધુ અળખામણો બની ગયો હતો.

થોડીવારે પિતા બોલ્યા.

"બેટા, અમર! તું ખાઈ લે. ભૂખ્યો છે."

"પહેલાં તમે ખાઇ લો, પિતાજી!" "અમરકુમાર બોલ્યો. "હું પછી ખાઈશ."

"પછી ક્યાંથી ખાઇશ, બેટા! ઘરમાં કંઇજ નથી."

"ભલે ન હોય. મને ભૂખ નથી. તમે ભૂખ્યા છો. ખાઈ લો."

"તને કેમ ભૂખ નથી?"

"એ પછી કહીશ. પહેલાં તમે ખાઇ લો."

"મને ભૂખ નથી, બેટા! તું ખાઇ લે."

"તમને ભૂખ ન હોય એ કેમ બને, પિતાજી!" અમરકુમાર બોલ્યો. "તમે આખો દિવસ બહાર ફરતા હો છો. અમારા બધાને માટે કંઇકનું કંઇક લાવો છો તે માટે તમને કેટલો બધો થાક લાગતો હશે? થાક લાગે એટલે ભૂખ પણ લાગેજ ને!"

આટલો નાનો બાળક પિતા માટે આવી લાગણી રાખે, એ તો પૂર્વભવના સંસ્કાર જ ગણાય. માતાના સંસ્કાર સારા નહિ. ઘરના વાતાવરણમાંથી ઉંચા સંસ્કાર મળી શકે નહી, તેમાં આવો બાળક આટલો સંસ્કારી હોય, તે આશ્ચર્યજનક જ ગણાય!

"પુરૂષને થાક કેવો, બેટા!" પિતા બોલ્યા. "પુરૂષ ઘરમાં થોડા જ બેસી રહે. તેને તો ઘર બહાર જ ફરવાનું હોય. કુટુંબના નિર્વાહ માટે પ્રાપ્ત કરવાનું હોય. બાળકોને સંસ્કારનાં અમૃત પાવાનાં હોય. તેને વળી ફરવામાં થાક શાનો! જેમ સ્ત્રી ઘરનું કામ સંભાળે તેમ પુરૂષ ઘર બહારનું કામ સંભાળે જ ને!"

"તો પણ બીજા કરતાં તમારા માથે બોજો વધારે હોય છે, પિતાજી!" અમરકુમાર બોલ્યો.

"કારણ કે તેમને ત્યાં તમારા જેવો વસ્તાર પડયો છે ને!" વાસણ ઘસીને ઘરમાં આવેલી સતી બોલી ઉઠી. તેણે અમરકુમારનું છેલ્લું વાક્ય સાંભળ્યું હતું.

"અમે ખરાબ છીએ, માતાજી?" અમરકુમારે માતા તરફ નજર કરતાં પૂછ્યું.

"ના રે. તમે તો આખી દુનિયામાં સૌથી સારા છો." કટાક્ષમાં માતા બોલી. "જગતમાં તમારા જેવું બીજું કોણ છે? રૂપરૂપના અંબાર, બુદ્ધિના તો ખજાના અને બાપનો પક્ષ લઇને લડનારા શૂરા. તમારા જેવા થોડાજ બીજા કોઈ દુનિયામાં હશે!"

—અને પતિ તરફ ફરીને સતી બોલી: "હવે આ તમારો લાડકવાયો આવી ગયો છે. એટલે ખાવું હોય તો ખાઇ લો એટલે હું તમારા કામમાંથી પરવારૂં."

"તેના માટે લાવ જોઈએ." ઋષભદત્ત બોલ્યો.

"તમારા થાળમાં છે, તેમાંથી જ બંને જણા ખાઇ લો, ઘરમાં બીજું કંઇ નથી." સતી બોલી.

"એમ તે કંઇ બને, સતી." પતિ બોલ્યો. "જે કંઈ થોડું હોય તે આપ. બિચારો ભૂખ્યો છે."

"તમારૂં કહેવું એમ છે કે, મેં ખાવાનું ચોરીને રાખી મૂકયું છે, ખરૂંને!"

"હું એમ કયાં કહું છું?" ઋષભદત્ત કહેવા લાગ્યો. "હું તો કહું છું કે, જે કંઇ થોડું હોય તે તેને આપ એટલે બિચારો ખાઇ લે."

"ઘરમાં તો કંઇ નથી. જો કહો તો મારૂં પેટ ચીરીને કાઢી આપું, જે કંઈ ખાધું છે તે જો તેથી સંતોષ થતો હોય તો." સતી પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે ગર્જી.

"તું તો સાવ ગાંડી છે." પતિ બોલ્યો. "હું તને પેટ ચીરવાનું કયાં કહું છું."

"તમે ન કહો તો પણ મારે તમારા કહેવા પરથી સમજી લેવું જોઇએ ને?" સતી બોલી.

"શ્રી રામભક્ત હનુમાને પોતાની ભક્તિનું માપ બતાવવા માટે પોતાની છાતી ચીરીને બતાવી તેમ પોતાનાં સંતાનો પ્રત્યે તારો પ્રેમ કેટલો છે, તે બતાવવા તારે પોતાનું પેટ ચીરી બતાવવાની જરૂર નથી." કંટાળીને પતિ બોલ્યો.

"સંતાનો પ્રત્યે મારો પ્રેમ કેટલો છે તે બતાવવા માટે મારે મારૂં પેટ ચીરવાની જરૂર નથી, સમજ્યા!" સતી બોલી "હનુમાન જેટલી મૂર્ખાઇ મારામાં નથી."

"એટલું હજી મારૂં ભાગ્ય સારૂં કહેવાય." પતિ બોલ્યો, "નહિ તો આટલા તારા ડહાપણમાં થોડીક મૂર્ખાઈ ઉમેરાય તો મારી અને આ બિચારાં બાળકોની દશા શી થાય, એની કલ્પના આવવી પણ મુશ્કેલ છે. પ્રભુ કરે ને તારામાં બીજી વધુ મૂર્ખાઈ ન ઉમેરાય તો સારૂં."

"હવે તમારૂં ડહાપણુ એક બાજૂએ મૂકીને જમી લો તો હું એમાંથી છૂટી થાઉં."

"અને હું પણુ અહીંથી છૂટું."

—અને તે અમરકુમારને ઉદ્દેશીને બોલ્યો :

"લે બેટા. ખાઇ લે."

"પિતાજી, મને ભૂખ નથી. હું સાચું કહું છું." અમરકુમાર બોલ્યો.

"તું તો દરેક વખતે એમજ કહેતો હોય છે. લે, આટલું લે." કહીને પિતાએ પુત્રના મોંમાં કોળીઓ આપ્યો. પાસે બેઠેલાં બાળકોના મોંમાં પણુ એક એક કોળીઓ મૂકયો. પોતે એક કોળીઓ લીધો. બાકીનું તેણે અમરકુમારને ખવડાવી દીધું.

પિતાનો પ્રેમ...!

માતા અને પિતા...!

માતાનો સંતાન પ્રત્યેનો પ્રેમ પિતાના પ્રેમ કરતાં વધી જાય. પરંતુ અહીં તો માતા માતા જ નહોતી. એ નિષ્ઠુર જનેતાએ હદ ઓળંગી નાંખી હતી. માતૃપદને લજાવ્યું હતું.

સંતાનને ભૂખ્યું રાખીને માતા જમી જ શકે કેવી રીતે! તેના ગળે કોળીઓ ઉતરે જ કેવી રીતે! પરંતુ માતૃત્વને ભૂલી ગયેલી એ માતા માતા તરીકે જીવી શકતી નહોતી.

પિતાએ પુત્રનું મોં ધોઇને સ્વચ્છ કર્યું. પાણી પાયું. બીજા બાળકોને પણુ પાણી પાયું. છેલ્લે પોતે પીધું.

અને બધાં બાળકોને લઇને તે ઓસરીમાં આવ્યો.

## ☆ આદર્શ દંપતી ☆

**અ**મરકુમારને તમાચો મારનાર શામળશાને પાછળથી અણુ-ધાર્યો પસ્તાવો થયો. વિમળશાએ અજાણ્યા કુમારનો પક્ષ લઇને પોતાને તમાચો માર્યો, એ કારણે તેને અત્યંત દુ:ખ થયું. વિમળશાએ પોતાને તમાચો મારવાની જરૂર શી હતી? અને પોતે પણ ભૂલ જ કરી હતી ને! પોતે વિમળશાની સાથે ઝગડામાં શા માટે ઉતર્યો! તેને જોતાં જ પોતે ઘરમાં પેસી ગયો હોત તો પોતાને તમાચો ખાવો પડત!–અને વિમળશા અહીં ક્યાં સુધી રહેવાનો હતો? હવે તેનો ધંધો તો ચાલતો જ નહોતો. જેમ કાપડની અને કરિયાણાની દુકાન બંધ કરવી પડી, તેમ ચણાની દુકાન પણ બંધ કરવાનો સમય આવી પહોંચ્યો હતો. બહુ બહુ તો ચાર આઠ દિવસ તે ખેંચી શકત. વિના કારણ તેની સાથે ઝગડો કરવાની આવશ્યતા જ ક્યાં હતી?

પણ હવે બનવાનું બની ગયું. ચાર આઠ દિવસ પછી સમય આવતાં હું પણ તેને બતાવી આપીશ. આજે વગર ધંધાનો શેઠ બનીને ગાદી શોભાવવાનો ખોટો પ્રયાસ કરતો કાલે–ચાર આઠ દિવસ પછી તે રસ્તામાં રઝળતો હશે. કોઇ દુકાનનું પગથીયું પણ ચઢવા નહિ દે. જેનાં પગલાં સારાં નહિ, તેને પગથીયું કોણ ચઢવા દે!

—અને વિચાર સાગરમાં ગોથાં ખાતો ખાતો તે અંદરના

ખંડમાંથી બહાર આવ્યો. તેની નજર અચાનક સામેની દુકાને-વિમળશાની દુકાને ગઈ.

આ શું !

આટલી બધી ઘરાકી ક્યાંથી ?

શું આટલા બધા લોકો ચણા ખાતા હશે ?

કેટલાય દિવસ થયા, એકેય ઘરાક એની દુકાને જોવા નહોતું મળતું એના બદલે આજે આટલી ઘરાકી ક્યાંથી ?

શું એ છોકરાના પગલાંનો પ્રભાવ તો નહિ હોય ? ઘણા લોકો કહે છે કે, કોઇ સારાં પગલાંનું માનવી જો ઘરમાં કે દુકાનમાં આવી ચઢે તો તેનો માલિક સુખી થઇ જાય છે. તેનો બેડો પાર થઇ જાય છે અને જો કોઇ ખરાબ પગલાંનો આવી જાય તો તે ખેદાનમેદાન થઇ જાય છે. શું તે છોકરો સારાં પગલાંનો હશે ! જો એમ હોય તો મારા જેવો મૂર્ખ બીજો કોણ હોઈ શકે ! ઘેર સામા પગલે ચાલી આવતી લક્ષ્મીને મેં અપમાન કરીને હડસેલી મૂકી કહેવાય ને !

એક વખત મારે પણ તેનો પરચો-તેનો અનુભવ જોવો જોઇએ. ઘણી વખતે મુનિ મહારાજે કહ્યું છે કે, 'ભૂખ્યાને અન્ન આપો, તરસ્યાને પાણી આપો, આશ્રય વિનાનાને આશ્રય આપો, વસ્ત્ર વિનાનાને વસ્ત્ર આપો તેજ ખરી આવક છે. તે જ ખરૂં સાધન છે, આ ભવે તારનારૂં એજ ખરૂં નાવ છે. કિર્તિદાન કરતાં એ દાન ખરૂં છે. ધનના સંગ્રહ કરતાં એ સંગ્રહ સત્ય છે. આવતા ભવનું એજ ખરૂં ભાતું છે. સ્વર્ગની એ સીડી છે. સંસાર સાગર તરી જવાનો એ તરાપો છે.'

પરંતુ અનેક વખતે સાંભળેલું એ કથન આજે-ખરા સમયે મારા લક્ષમાં ન રહ્યું. એ નિર્દોષ બાળક...! મારી દુકાનના ઓટલા પાસે નેવાંના છાંયલામાં થોડો સમય ખરા મધ્યાન્હે થોડો આશ્રય મેળવવા ઉભો હતો, તેમાં મારૂં શું નુકશાન થવાનું હતું ! એવડો બાળક તે શી ચોરી કરવાનો હતો !- અને ચોરી ચોરીને પણ શું લઈ જવાનો હતો !

મારા ભાગ્યનું હશે, તે કોઈ જ ચોરી જવાનું નથી અને જે ભાગ્યમાં નહિ હોય, તેનું ગમે તેટલું રક્ષણ કરીશ તો પણ તે રહેવાનું નથી, તો પછી વિનાકારણ તેવડા નાનકડા નિર્દોષ બાળકને તમાચો મારવાની ગંભીર ભૂલ મેં શા માટે કરી! પરંતુ, ભૂલ એ તો નિમિત્ત જ છે. બનવા કાળ બન્યા કરે છે. પરભવની કોઇ એવી દુશ્મનાવટ અમારા વચ્ચે હશે કે, મારાથી ભૂલના બહાના નીચે તેને તમાચો મરાઇ ગયો. હવે તે ભૂલને સુધારી લેવી આવશ્યક છે. બીજી વખતે તેમણે તો તેને બોલાવું. તેની માફી માગું. તેને ખરા હૃદયથી આશ્રય આપું.

ખરા મધ્યાન્હે, ધગધગતા તડકે, ઉઘાડા પગે જેમ તેમ આથડતો રખડતો તે કુમળો બાળક જરૂર આશ્રય વિનાનો હશે. તેને માબાપ નહિ હોય. કોઇ સગું વહાલું પણ નહિ હોય. કોઈ ભાળ સંભાળ રાખનારૂં પણ નહિ હોય. જો હોય તો તેને ખરા મધ્યાન્હે બહાર કેમ નીકળવા દે!

જો તેનું કોઇ નહિ હોય તો તેને હું મારે ત્યાં રાખી લઇશ—પોતાના પુત્રની પેઠે. મારે પણ પુત્ર નથી. ઇશ્વરની માયા કોણ જાણી શકે છે!

—અને બિચારો વિમળશા...!

આજ સુધા તેણે અનેક કષ્ટો વેઠયાં. બબ્બે વખત તેણે દુકાનો ખોલી બંધ કરી. આ વખતે પણ તેવો જ વખત આવવાનો સમય આવી પહોંચ્યો. એક નિર્દોષ બાળકનો પક્ષ લેનાર પ્રત્યે બાળક દયામય નજરે કેમ ન જુએ!

ઇશ્વર પણ છે અને કર્મ પણ છે. પરભવે જેવું વાવ્યું હશે તેવું જ આભવે મળવાનું છે. તેના પરભવનાં સદ્કર્મોનો ઉદય થવા લાગ્યો હોય તો તેમાં નવાઈ નથી. પ્રભુ તેને સુખી કરે. મારે શા માટે તેનું બૂરૂં ઇચ્છવું જોઇએ! મારે વળી કોઈની સાથે દુશ્મનાવટ કેવી!

આજે મારા મનમાં આ પાપ ક્યાંથી વસ્યું ! આ પાપનું મારે પ્રાયશ્ચિત કરવું જોઇએ. એ પ્રાયશ્ચિત તરીકે હું ચોવીઆરો આઠમ કરીશ. પ્રાયશ્ચિત વિના પાપ નાશ ન પામે.

અન્નજળ વિનાના કોરા ત્રણુ દિવસ ઉપવાસ.

અનેક પ્રકારના વિચાર કરતો તે થાકી ગયો. ઘરાકીની તેને દરકાર ન રહી. વિમળશા પ્રત્યેનો દ્વેષ આપોઆપ નાશ પામી ગયો. રાગદ્વેષ પર તેણે વિજય મેળવ્યો.

તે અંદરના ખંડમાં ગયો. તેની પત્ની અનાજ સાફ કરી રહી હતી. પતિના ચહેરા પરના અનેક પ્રકારના રંગો જોઈને તે વિચારમાં પડી ગઈ. તેણે કોઈ દિવસ પતિનો આવો ચહેરો જોયો નહોતો.

"સુલસા !"

"કેમ ?"

"થોડુંક પાણી આપ તો."

પત્નીએ તરત જ ઉઠીને પતિને પાણી આપ્યું.

સુલસા ખરેખર જ સુલસા હતી સતી સ્ત્રીના પ્રત્યેક ગુણુ તેનામાં હતા. પતિએ પાણી માગ્યું અને તેણે હાથમાંનું કામ તરત જ નીચે મૂકી તેને આપ્યું. તેણે 'આપું છું' એમ પણ ન કહ્યું અને એક ક્ષણુ વિલંબ પણુ ન કર્યો, 'આજે તમને શું થયું છે' એમ પણ ન પૂછ્યું અને 'આમ કેમ દેખાવ છો ?' એમ પણુ ન પૂછ્યું.

તરત જ પાણી આપવામાં તેને ગુલામી પણુ ન લાગી અને પોતાનું સ્ત્રીત્વ હણાયું હોય એમ પણુ ન લાગ્યું. પતિ પોતાના પર હુકમ ચલાવે છે એમ પણુ તેને ન લાગ્યું અને પતિને પાણી આપવાથી પોતે દાસી બની જશે એમ પણુ તેને ન લાગ્યું.

પતિની સેવા કરવાથી પત્ની ગુલામ બની જતી નથી અને પિતાની સેવા કરવાથી પુત્ર ગુલામ બની જતો નથી. જ્યારે પત્ની માંદી પડે છે ત્યારે પતિ તેની સેવામાં પોતાનો પ્રાણુ નીચોવી નાંખે

છે. એ સમયે પતિ પત્નીનો ગુલામ બની જતો નથી પણ પોતે મહાન વ્યક્તિ બની જાય છે. પોતે સેવાભાવી બની જાય છે. સેવાને ગુલામી માનવી એ ભયંકર ભૂલ છે. સેવામાં જ પ્રભુ સમાયેલો છે. જ્યાં સેવા નથી ત્યાં પ્રભુ નથી, ત્યાં પ્રેમ નથી, ત્યાં સુખ નથી.

સેવા સ્વીકારનાર કરતાં સેવા કરનાર મહાન છે, એ સત્ય જ્યારે સમજી શકાય ત્યારે જ સાચી સેવાની મહત્તા સમજી શકાય. સતી સ્ત્રીઓનાં ચરિત્રો સત્ય, શીલ અને સેવામાંથી જ લખાયેલાં છે.

રાજા પ્રજાનું રક્ષણ કરે છે એ પણ એક પ્રકારની સેવા જ છે. તેમ કરવાથી તે ગુલામ બની જતો નથી પણ મહાન બને છે.

"સુલસા...!" પાણી પી લઇને શામળશા બોલ્યો.

"કેમ સ્વામી!" સુલસા શાંત ભાવે બોલી.

"આજે મેં ગંભીર ભૂલ કરી છે."

"શાની?"

"તને માઠું ન લાગે તો કહું."

"પતિ પ્રત્યે કઈ પત્નીને માઠું લાગે, સ્વામી!"

"તને હું સારી રીતે ઓળખું છું." શામળશા કહેવા લાગ્યો, "પરંતુ તારૂં દિલ દુભાય તેવું કૃત્ય મારા હાથે થઇ ગયું છે અને સાથે સાથે મેં પ્રાયશ્ચિત પણ કરી લીધું છે."

"એવું તે શું બન્યું છે?"

"તને મારા પ્રત્યે માઠું તો નહિ લાગે ને?"

"બિલ્કુલ નહિ." સુલસા બોલી. "પત્નીને થોડું પણ માઠું ન લાગવા દેવાની કાળજી રાખનાર પતિ પ્રત્યે મને માઠું લાગે ખરૂં?"

"તો સાંભળ..."

—કહીને શામળશાએ પોતે અમરકુમારને તમાચો માર્યો ત્યારથી માંડીને પોતે કરેલા વિચારો અને કરેલા પ્રાયશ્ચિત સુધીની વિગત કહી સંભળાવી.

પતિનું પ્રથમ કૃત્ય પત્નીને પસંદ ન પડયું, છતાં પોતે પોતાની ભૂલ સુધારી લઇને જે પ્રાયશ્ચિત કર્યું તેથી પત્ની ખુશ થઇ. તેણે કહ્યું:

"સ્વામી! તમારા જેવા પતિને પામીને હું ધન્ય બની છું."

"એવું બોલીને મને ન શરમાવ, સુલસા."

"હું જે કહું છું તે ઉપર ઉપરથી તમને બતાવવા માટે જ નથી કહેતી પણ ખરા અંતઃકરણથી કહું છું." સુલસા બોલી. "પત્નીના વિચારો પોતાના જીવનમાં ઉતારનાર પત્તિ જવલ્લે જ કોઈ ભાગ્યશાળી પત્નીને મળી આવે છે. મારાં એ ધનભાગ્ય છે."

"અને સાથે સાથે મારાં પણ છે." શામળશા બોલ્યો. "તારા સહવાસથી હું ઉંચા વિચારનો બન્યો છું. સત્ય અને દયાને તારા સહવાસથી જ હું મારા જીવનમાં ઉતારી શકયો છું. ડગલે ને પગલે તું મારી ભૂલો સુધારતી આવી છે, મને ઉપદેશ આપતી આવી છે અને ધર્મની મહત્તા સમજાવતી આવી છે. સત્ય અને અહિંસાનો મર્મ સમજાવતી આવી છે અને દયા તેમજ ક્ષમાની મહત્તા સમજાવતી આવી છે. તારી વાણીએ મને પ્રેરણા મળે છે. તારા સહવાસે મારા વિચારોમાં પવિત્રતા પ્રવેશે છે. તારા હાસ્યે મારા મનમાં ઉમંગ પ્રકટે છે અને તારા નયન તેજે મારા જીવનમાં ઉત્સાહ રેડાય છે."

"એવું બોલીને તમે તમારી મહત્તા વધારી રહ્યા છો." સુલસા બોલી "જે કંઇ મારામાં છે તે બધું મેં તમારામાંથી મેળવ્યું છે. તમે છો તો બધું છે. હું તો તમારા ચરણકમળની દાસી છું. પતિની સેવા એ સ્ત્રીની ફરજ. પતિની ઉન્નતિ એજ પત્નીનું ધ્યેય. પતિને છાંયે છાંયે ફરનારી સ્ત્રી જ સાચી સ્ત્રી છે. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી સ્ત્રીજ સાચી સ્ત્રી છે.

"તે સત્ય હોવા છતાં તું સાચી સ્ત્રી છે, સાચી દેવી છે, સાચી શક્તિ છે."

"સાચી સ્ત્રી છું, એ વાત સત્ય છે. પરંતુ મારે દેવી પણ

નથી બનવું અને શક્તિ પણ નથી બનવું. હું તો દાસી છું અને દાસી જ રહીશ. ભગવાન શ્રીરામનાં પત્ની દાસી તરીકે જીવ્યાં છતાં આજે મહાદેવી તરીકે પૂજાય છે. જો તે દેવી તરીકે જીવ્યાં હોત તો આજે તેમની મહત્તા આટલી નહોત."

"તારૂં કથન સત્ય છે, સુલસા." શામળશા બોલ્યો. "મહાદેવી સીતા જો દેવી તરીકે જીવ્યાં હોત અગર દેવી તરીકે જીવવાનો તેમણે પ્રયત્ન સરખો પણ કર્યો હોત તો આજે તેમની મહત્તા આટલી બધી ન હોત. સાથે સાથે એ પણ છે કે, ભગવાન શ્રીરામે તેમને દેવી તરીકે જ માન્યાં હતાં."

"તે મહત્તા શ્રીરામની છે, દેવી સીતાની નહિ."

"તેમજ હું પણ તને દેવી તરીકે જ માનું છું."

"પરંતુ દેવી સીતા જેટલી હું મહાન નથી. તેના જેટલા ગુણો મારામાં નથી."

"તારી દ્રષ્ટિએ તેમ હશે. મારી દ્રષ્ટિએ તો તું પણ સીતા જેટલી જ મહાન છે. તારી પ્રેરણા વડે જ હું ધર્મને પીછાની શક્યો છું," શામળશા બોલ્યો.

"હું તો માત્ર નિમિત્ત જ બની રહી છું. ખરૂં જોતાં તો તમારા પૂર્વ ભવનાં સદ્કર્મોનો ઉદય થઇ રહ્યો છે."

"એ કથન અસ્થાને નથી, છતાં નિમિત્ત બનનારનું પણ મહત્વ ઓછું નથી. રાવણનું મૃત્ય લખાયેલું હતું, એ વાત નિઃશંક હતી છતાં 'દેવી સીતાનું હરણ' નિમિત્ત બન્યું."

"હવે એ બધી વાતો છોડીને થોડો આરામ લો. આજે વિચાર કરી કરીને થાકી ગયા છો. લો, તમારા માટે દૂધ ગરમ કરી લાવું," કહીને સુલસા દૂધ ગરમ કરવા માટે રસોડા તરફ ગઈ.

શામળશા એકી નજરે તેના તરફ જોઈ રહ્યો.

—પહેલી નવેમ્બર ૧૯૫૧ ના રોજ પ્રગટ થાય છે—

# મહાદેવી ચેલણા

લેખકઃ—ચંદુલાલ એમ. શાહ

( મૂલ્ય રૂા. ૪-૦-૦ + ટપાલ ખર્ચ )

જેમાંથી આજની કુમારિકાને, ભગિનીને, પત્નીને, માતાને, પિતાને અને પુત્રને પોતાની પવિત્ર ફરજનું જ્ઞાન મળે છે તે પચીસો વરસ પૂર્વેના ઇતિહાસનાં જૂનાં પાનાં ઉકેલતું સર્વોત્તમ પુસ્તક દરેકે વાંચી જવું અને પોતાના પુસ્તકાલયમાં વસાવવું આવશ્યક છે.

દરેક જાણીતા બુકસેલરને ત્યાં મળી શકશે

— અગર લખો —

## નવરસ ગ્રંથાવલિ

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

ગ્રાહક બનીને પચાસ ટકાના વળતરે સુંદર–સંસ્કારી વાંચનનો લાભ ઉઠાવવા માટે નવરસ ગ્રંથાવલિ આપને સહર્ષ આમંત્રણ આપે છે.

લવાજમના દર :—

| | | | |
|---|---|---|---|
| એક વરસના | રૂા. ૯–૦–૦ | (બહારગામ) | રૂા. ૧૦–૦–૦ |
| પાંચ વરસના | રૂા. ૪૨–૮–૦ | ( „ ) | રૂા. ૪૭-૮–૦ |
| આ જીવનના | રૂા. ૧૫૧ ૦–૦ | ( „ ) | રૂા. ૧૫૧ ૦-૦ |

આજેજ ગ્રાહક બનો અને સુંદર લાભ ઉઠાવો.

## નવરસ ગ્રંથાવલિ

૨૨૦, કીકા સ્ટ્રીટ,–મુંબઇ નં. ૨

[ ૫ ]

## ☆ ઋષભદત્ત ☆

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. લોકોની સ્થિતિમાં ફરક થવા લાગ્યો. કોઇની શ્રીમંતાઈ વધી, કોઇની ઘટી અને કોઈની સામાન્ય બની. સમાજમાં કેટલાય પલટા આવી ગયા. કેટલીયે નવા-જૂની બની ગઇ. પરંતુ ઋષભદત્તના જીવનમાં કંઈ જ ફરક પડયો નહિ.

બિચારો એકલવાયો બ્રાહ્મણ...!

—અને એકલવાયો ન હોય તો પણ લક્ષ્મી ચાલી જતાં માનવી એકલવાયો જ બની જાય છે. સગાંવહાલાંઓ દૂર ખસી જાય છે. મિત્રો ઓળખતા ન હોય તેમ આડું જોતા થઇ જાય છે. પત્ની-કોઈકના મનમાં પતિ પ્રત્યે અણગમો પેદા થાય છે.

ઋષભદત્ત ધન વિનાનો બની ગયો હતો. રોજ સવારે ભિક્ષા માગવા નીકળી પડતો-ઓશિઆળો બનીને ભિક્ષા આપનારને આશિર્વાદ આપતો, ન આપનારનું મનમાં ને મનમાં ભલું ઇચ્છતો જે મળતું તેમાં સંતોષ માનતો-સંતોષ માન્યા વિના છૂટકો પણ નહોતો. સંતોષ માનીને આનંદમાં દિવસ વીતાવવા-ઇચ્છા પૂરી ન થવા છતાં-એ મુશ્કેલ હોય છે. છતાં તેવી મુશ્કેલીને હસતે મુખે તે વધાવી લેતો.

ઘરમાં સુખ નહોતું. બહાર આનંદ નહોતો. ચાર દિકરા અને

એક દીકરીનું પૂરૂં કરવું તેને માટે મુશ્કેલ નહોતું. પરંતુ પત્ની—સતીને માટે તે હંમેશાં કાળજી રાખતો—રાખ્યા સિવાય તેનો છૂટકો નહોતો.

બધાં સંતાનોમાં તેને અમરકુમાર તેજસ્વી ભાસતો હતો. વારંવાર તેને લાગ્યા કરતું કે, આ પુત્ર મારૂં—મારા કૂળનું નામ ઉજાળશે. અત્યારથી જ આટલું સમજે છે, તે મોટો થયા પછી કેટલું સમજશે!

એક દિવસે સૂર્યોદયના સમયે તે સ્નાનાદિ કાર્યથી પરવારીને પૂજાપાઠમાં બેઠો હતો. બાળકો અભ્યાસ કરી રહ્યાં હતાં. સતી કચરો કાઢી રહી હતી. કચરો કાઢી રહ્યા પછી અંદર રસોડામાં ગઈ. આટાના વાસણમાં હાથ નાંખ્યો તો તે ખાલી હતું. તે વિચારમાં પડી ગઈ. હવે શું કરવું? રોજ સવારની રસોઈ માટે સાધન હોય છે. પરંતુ આજે તો આટો નથી. હવે શું?—આટો ક્યાં ગયો હશે?—તે વિચારવા લાગી.

—અને તેને અચાનક યાદ આવ્યું. પોતે મધ્ય રાત્રે ઉઠી હતી. નહિ જેવી ભૂખ લાગી હતી. બાળકો અને પતિ—બધાં ભર નિદ્રામાં હતાં. સાધારણપણે નજીવી ભૂખ તો દરેક માનવીને હોય છે જ. અને તેમાં પણ રાત્રે-મધ્યરાત્રે તેમ બને જ છે.

કોને ખબર શાથી, પણ સતીને ખાવાનું મન થઇ આવ્યું. તેણે ચૂલો પેટાવ્યો. આટો, ગોળ અને ઘીનું મિશ્રણ કરીને શીરો બનાવી નાંખ્યો. નજર સામેજ અડધા ભૂખ્યા પેટે સૂઇ રહેલાં બાળકો જેમ ફાટેલી ગોદડીઓ પર પડયાં હતાં. પતિ પણ અડધો ભૂખ્યો સૂઇ રહ્યો હતો. તે બધાંની દરકાર કર્યા સિવાય સતીએ શીરો આરોગવા માંડયો. જોત જોતામાં તેનું પેટ ભરાઈ ગયું. વાસણમાં થોડો શીરો વધ્યો, પરંતુ તે રહી જાય, તે સતીને કેમ પાલવે?—તે પરાણે ખાઇ ગઈ. હાથ મોં ધોઇ નાંખ્યાં. પાણી પી લીધું. વાસણ માંજી નાંખ્યું. દેવતા ઠારી નાંખ્યો. જાણે કંઇ જ બન્યું ન હોય તેમ તે પોતાની પથારીમાં સૂઇ ગઈ.

એ બધો પ્રસંગ તેને યાદ આવ્યો. પણ હવે શું? ઘરમાં આટો નથી. પતિ પૂજા પાઠમાંથી ઉઠીને ભિક્ષા માગવા જાય અને માગીને પાછો આવે ત્યારે રસોઇની તૈયારી થાય, પરંતુ ત્યાં સુધી રાહ કેમ જોવાય? ત્યાં સુધી ભૂખ્યા કેવી રીતે રહી શકાય! કદાચ બાળકો રહી શકે પરંતુ પોતે કેવી રીતે રહી શકે?

પતિ જ્યાં પૂજા પાઠમાં બેઠા હતા ત્યાં તે ગઈ. પતિની આંખ બંધ હતી. હાથમાં માળા હતી. મુખમાં ઇશ્વરનું નામ હતું. હૃદયમાં ઇશ્વરની ભક્તિ હતી. ત્યાં અચાનક તેના કાને નીચેના શબ્દો સંભળાયા:

"એ ઢોંગ ધતીંગ કરવાથી ભગવાન નહિ મળી જાય. એ માળાને એક બાજુએ મૂકીને પહેલાં ભિક્ષા માગી આવો. ઘરમાં આટો નથી. આ છોકરાંઓ હમણાં ખાઉં ખાઉં કરીને દાંતીઆં કરશે. તેમને ખાવા શું આપીશ!"

બિચારો પતિ!

તેની બંધ આંખ ઉઘડી ગઇ. માળા હાથમાંથી પડી ગઈ. મુખમાંનું ઈશ્વરનું નામ ક્યાંય ચાલ્યું ગયું. હૃદયમાંની ઇશ્વરની ભક્તિ અદૃશ્ય થઈ ગઈ.

આ શું—અત્યારે ઈશ્વરની ભક્તિના સમયે આ ક્યાંથી? રોજ સવારે આટો ઘરમાં હોય છે. આજના માટે પણ હતો. અચાનક આટો ન હોવાની બૂમ મારવાનું કારણ શું?

"શું કહ્યું?" તેણે પ્રશ્ન કર્યો.

"કહું શું મારું કપાળ!" પોતાના કપાળ પર હાથ પછાડતાં તે બરાડી ઉઠી. "મારે તો મારા માટે કંઈ જ કહેવાનું નથી. હું તો તમારાં આ દુકાળમાંથી આવેલાં છોકરાંઓ માટે કહી રહી છું કે, હમણાં એ ખાઉં ખાઉં કરતાં દોડચાં આવશે અને ઘરમાં તો કંઇ જ નથી."

"કેમ કંઈ જ નથી? અત્યાર માટે આટો તો હતો."

"હતો તો ખરો. પણ ઉંદરડા રાત્રે ખાઇ ગયા."

"આપણા ઘરમાં ઉંદરડા તો છે નહિ. અને કદાચ એકાદ બહારથી આવ્યો હોય તો તે ખાઈ ખાઇને કેટલો ખાઇ જાય?"

"ત્યારે શું હું ચોરીને ખાઈ ગઈ, એમ તમારૂં કહેવું છે?"

"હું તને એમ કહેતો નથી. પરંતુ એકાદ ઉંદર કદાચ આવ્યો હોય તે કેટલો આટો ખાઈ શકે?"

"કદાચ એકાદ બિલાડી પણ તેની સાથે આવી હોય અને ખાવા લાગી ગઇ હોય તો જોવા કોણ ગયું છે?" સતી બોલી.

"પણ બિલાડી અને ઉંદર સાથે રહીને આટો ખાય ખરા?"

"કેમ ન ખાય? એ થોડાં જ આપણાં માનવીઓ જેવાં ઇર્ષ્યાળુ હોય છે?"

"તે ઇર્ષ્યાળુ નથી હોતાં એ વાત બરાબર છે. બિલાડીને અને ઉંદરને દુશ્મનાવટ હોય છે. બિલાડી જો ઉંદરને જુએ તો આટો ન ખાય પણ પહેલાં ઉંદરને જ ખાઈ જાય."

"હા, હા. એ તો વાત તો હું ભૂલી જ ગઇ, બિલાડી નહિ હોય. કૂતરૂં હશે કદાચ?"

"એ બરાબર છે." ઋષભદત્ત બોલ્યો. તે સમજી ગયો કે સતીએ ચોરીને છાનામાના તે આટાનો ઉપયોગ કરી નાંખ્યો છે. તે આગળ બોલ્યો: "ઉંદર અને કૂતરાને કદાચ કોઇ માનવીએ મદદ પણ કરી હોય, એ પણ બનવાજોગ છે."

"એ વાત મારા માન્યામાં નથી આવતી." સતી બોલી. "બહારનું કોઇ ઘરમાં આવ્યું જ નથી. અને તેમાં પણ રાત્રે કોણ આવે?"

"કદાચ ઘરના માણસને તે બંનેની દયા આવી હોય અને તેમને મદદ કરી હોય તો નવાઇ થોડી જ ગણાય?"

“આપણા ઘરમાં તેવું તો કોઇ છે નહિ. હા, તમે આટલું બધું જાણો છો એટલે કદાચ તમારા તરફથી મદદ કરવામાં આવી હોય તો ના ન કહેવાય.” સતી પતિના ગળે પડતાં બોલી.

“એમ પણ બને ખરૂં.” પતિ બોલ્યો. “બધાં જ થોડાં સાચાં બોલાં હોય છે? અને એવા પ્રકારની દયા ખાવાની ઇચ્છા મારા જેવાને તો જલ્દી થાય કારણ કે એવા બીજા મોકા વારંવાર ક્યાંથી મળવાના હોય!”

“તો પછી એ માળા જ્યાં પડી છે ત્યાં પડી રહેવા દઇને પહેલાં ભિક્ષા માગવા જાવ. છોકરાં હમણાં ભૂખ્યાં થશે.”

“આટલી માળા ફેરવી લેવા દે.”

“માળા આવ્યા પછી ફેરવજો, માળા ફેરવવાથી પેટ નહિ ભરાય.”

“એ તો હું પણ જાણું છું, સતી, પરંતુ પેટ ભરવા સાથે એની પણ જરૂર છે. એકલું પેટ તો કૂતરાં પણ ભરે છે. પછી તેમનામાં અને આપણામાં ફરક શો?”

“તેને ચાર પગ છે અને આપણને બે પગ છે.” સતી બોલી.

“અને આપણા બે હાથને પગ બનાવીને–માનીએ તો?”

“પણ એ બને જ કેમ?”

“હજી એટલું સમજે છે તે સારૂં છે.”

“તમારા કરતાં હું વધારે સમજું છું, સમજ્યાને?”

“માટે તો હું આટલો સુખી છું.”

“મારા બદલે જો બીજી કોઈ મળી હોત ને...”

“તો તો હું સુખેથી માળા ફેરવી શકત.”

“અને ભગવાંયે જલ્દી પહેરી લેત, ખરૂંને!” સતી લહેકા કરતી બોલી.

“એ તો જેવો વખત તેવાં વાજાં વાગે.”

"હવે વાજાં વગાડજો પછી, પહેલા ઉભા થાવ." કહીને સતીએ પતિનો હાથ પકડી ઉઠાડવા માંડયો.

પતિ જમીન પર પડેલી માળા લઈને ઉઠયો. તેણે તે માળા એક ગોખલામાં મૂકી. ઇશ્વરની છબીને પ્રણામ કર્યાં, પૂજાનાં વસ્ત્રો બદલી લીધાં. ખભે ઝોળી ભરાવીને બહાર નીકળ્યો.

પરંતુ અત્યારમાં જવું કયાં?

આટલી વહેલી ભિક્ષા કોણ આપે? રોજના સમયે જવું જોઇએ, એક વખત વહેલા જવાય અને તે સમયે ભિક્ષા ન મળે તો બીજી વખતે તેના ઘેર પગ કેવી રીતે મૂકી જવાય? તેમ થાય તો એક ઘર ઓછું થાય ને!

સ્વાર્થ તો હંમેશાં આંધળો જ હોય છે. આપણા નજીવા સ્વાર્થની ખાતર બીજાને કસમયે ત્રાસ કેમ આપી શકાય. એક તો તે લોકો ભિક્ષા આપીને ઉપકાર કરતા હોય છે, ત્યાં તેમને વિના કારણ હેરાન કરવાથી ફાયદો શો?

પણ હવે ઉપાય નથી.

—અને તે એક ઘેર ગયો. તે ઘેરથી તેને હંમેશા નિયમિત રીતે ભિક્ષા મળતી હતી. તેણે ત્યાં જઇને આશાભરી દૃષ્ટિએ માગણી કરી. પરંતુ જવાબ મળ્યો કેઃ "મહારાજ, હું પૂજામાં બેઠી છું. થોડીવાર પછી આવજો."

બિચારો ઋષભદત્ત ઝંખવાણો પડી ગયો. તેને **प्रथम ग्रासे मक्षिका** જેવું થયું. જેમ પોતે કલ્પ્યું હતું તેમ જ બન્યું. તે ત્યાંથી નીકળીને બીજે ઘેર ગયો. ત્યાં તેને જવાબ મળ્યોઃ

"ભાઇ, થોડીવાર પછી આવજો. હજી પ્રભુજીને નૈવેદ્ય ધરાવ્યો નથી."

તે શબ્દો સાંભળીને ઋષભદત્તને ભયંકર દુઃખ થયું. પોતે

બ્રાહ્મણ હોવા છતાં પ્રભુ ભક્તિમાં આટલો લીન બની શકતો નથી. પૂજાપાઠ કરી શકતો નથી. બ્રાહ્મણનું પ્રથમ કર્તવ્ય પ્રભુ સેવા. પોતે વિદ્વાન બનવું અને બીજાને વિદ્વાન બનાવવો. પરંતુ પોતે તેમાંનું કંઇ જ કરી શકતો નહોતો. તેમાંનું કંઇ જ કરતો નહોતો.

જ્યાં સુધી રોજનો સમય થશે નહિ ત્યાં સુધી ક્યાંયથી ભિક્ષા મળવાની નથી, એવી એની ખાત્રી થઇ. પણ ખાવાનો સમય થતાં ભૂખ્યાં બાળકો શું કરશે? પોતે તો ભૂખને મારી શકશે. સતી ભૂખી રહેશે તે નભાવી લેવાશે. પરંતુ બિચારાં નિર્દોષ, કુમળાં ફૂલ જેવાં બાળકો? તેમણે શો ગુન્હો કર્યો? મારા જેવા ભિખારીને ત્યાં જન્મ લીધો તે જ તેમનો ગુન્હો ને? હે, પ્રભુ! આવી જ તારી લીલા? નિર્દોષને જ ભૂખ્યાં મારવાની તારી લીલા! અમારાં સામું તો નહિ, પણ તે બિચારાં કુમળાં બાળકો તરફ તો જો. જન્મથી હજી એકેય બાળકે મારે ત્યાં બિલકુલ સુખ જોયું નથી, બીચારાંઓએ એકેય ટંક પેટ ભરીને ખાધું નથી. અને તેમાં પણ નાનો–સૌથી નાનો બિચારો અમર...!

આટલો નાનો હોવા છતાં કેવો સમજણો છે? આટલો નાનો હોવા છતાં પોતે ભુખ્યો રહીને માતાપિતાને પેટ ભરીને જમી લેવાને કેવો આગ્રહ કરે છે!

તેને તેવું કોણ શીખવવા ગયું છે! તે પૂર્વભવના સંસ્કાર નહિં તો બીજું શું! પ્રભુ, એને–એને જ શા માટે, મારાં બધાં બાળકોને સુખી રાખજે. એકલાં મારાં જ નહિ, આખા જગતનાં બાળકોને સુખી રાખજે. તેમને દુભાવીશ નહિ. મોટાંઓ પર ગમે તેટલાં સંકટોનો વરસાદ વરસાવજે. પણ આવાં નાજુક બાળકોને તેવાં સંકટોથી દૂર રાખજે.

—અને તેવા વિચારો કરતો કરતો થોડો સમય પસાર કરવા માટે તે બજાર તરફ જવા લાગ્યો.

રાજગૃહિ નગરીના મોટા મોટા રસ્તા અને તે રસ્તાની બંને બાજુએ શોભી રહેલાં આલિશાન મકાનો ભલભલાની આંખને આંજી નાંખે તેવાં હતાં. ત્યાંના બજારોમાં લાખોનો વહેપાર ચાલતો હતો, અનેકને ત્યાં કામ મળી રહેતું—તે બજારોમાં અમુક વસ્તુ ન મળે, તેવું બનતું જ નહિ. દેશદેશાવરથી સોદાગરો આવતા પોતાની સાથે લાવેલો માલ વેચતા અને અહીંથી નવો માલ ખરીદતા.

ઋષભદત્ત રસ્તામાંથી પસાર થતો હતો, ત્યાં તેના કાને નીચેના શબ્દો અફળાયા.

"એ મજુર...?"

—અને તેણે બૂમ મારનાર તરફ જોયું. પરંતુ તેના ખભા પર ભરાવેલી ભિક્ષાની ઝોળી જોઇને બૂમ મારનારે માફી માગતાં કહ્યું:

"માફ કરજો ભાઈ, મને ખ્યાલ ન રહ્યો કે તમે બ્રાહ્મણ છો."

"કંઈ વાંધો નહિ." ઋષભદત્ત બોલ્યો. "તમારે કંઇ બોજો ઉપાડાવવો છે."

"હા, પણ તમે તમારે જાવ. હમણાં કોઇ મજુર અહીંથી નીકળશે." તે માણસ બોલ્યો.

"લાવોને, હું જ તમે કહો ત્યાં પહોંચાડું."

"ના, ના. તમે તો બ્રાહ્મણ છો. મારાથી તમને ન કહેવાય!"

"તેમાં શો વાંધો છે? તમારે મજુરી આપીને મારી પાસેથી કામ કરાવવું છે ને! ક્યાં મફત કરાવવું છે!"

"એ વાત ખરી છે પણ બ્રાહ્મણ પાસે મારાથી બોજો ન ઉપડાવાય."

"ઘડીભર એમ માની લેજો કે, હું બ્રાહ્મણ નથી."

"એમ માની લઇને પાપ કરવાથી ફાયદો શો? તમે તમારે જાવ."

"તમે ચિંતા ન કરો. બોજો ઉપાડવા હું તૈયાર છું ત્યાં તમને પાપ કેવી રીતે લાગે!" ઋષભદત્ત બોલ્યો. આજ સુધી તેણે કોઈનો બોજો ઉપાડ્યો નહોતો. આટલો – સામે પડેલો બોજો પોતાનાથી ઉપડી શકશે કે કેમ, તે પણ શંકા હતી. છતાં પણ તે ગમે તેટલો ત્રાસ સહન કરીને તે ઉપાડવા તૈયાર થયો હતો.

કારણ...?

કારણ કે તેનાં ભૂખ્યાં – ભૂખે ટળવળતાં બાળકો તેની નજર સમક્ષ ટળવળતાં હતાં. ભિક્ષા મોડી આવે. ત્યાં સુધી બિચારાં બાળકો ભૂખે કેવી રીતે રહી શકશે? બાળકોને માટે બોજો ઉપાડવાનું તો શું, પણ પોતાનો પ્રાણ આપવાને પણ તે તૈયાર હતો. ગમે તેમ કરીને બાળકો માટે કંઈકનું કંઈક જેમ બને તેમ જલ્દી પેદા કરવાની જરૂર હતી.

ઘણી આનાકાની પછી તેને તે બોજો ઉપાડવા મળ્યો. આટલું બધું વજન તેણે કદિ ઉપાડ્યું નહોતું. ગરદન વારે ઘડિયે માથા પરના બોજાને લીધે ઝોલાં ખાતી હતી. બોજાના માલિકને લાગતું હતું કે, કદાચ આ બ્રાહ્મણ બોજો પોતાના માથા પરથી નીચે પાડી નાંખશે.

પરંતુ ઋષભદત્ત વારંવાર તેને કહ્યા કરતો:

"તમે ચિંતા કરશો નહિ. તમારો બોજો નીચે પડવા નહિ દઉં. હું પડીશ તો ભલે, પણ તેને તો મારા જીવની પેઠે સાચવી રાખીશ. તમારી વસ્તુને નીચે પાડીને બગડવા નહિ દઉં. તમારી પાસેથી મજુરી મફતની નહિ લઉં."

— અને તે શબ્દો સાંભળીને બોજાના માલિકને તેની દયા આવી.

"બિચારાને ક્યાંયથી ભિક્ષા મળી નહિ હોય અને ઘેર બધાં છોકરાં ભૂખ્યાં હશે!" તેણે પોતાના મનમાં વિચાર્યું. ભૂખ – પેટ માણસને પોતાની જાતને પણ ભૂલાવે છે. બ્રાહ્મણને મજુરી કરવી પડે,

તેના જેવી અવદશા બીજી કયી કહેવાય ! કોઇ દિવસ બોજો ઉપાડયો હોય એમ લાગતું નથી. નહિ તો આટલા નાના બોજાથી ગરદન ઝોકાં કેમ ખાય ! "

એવા વિચારો કરતો કરતો તે ઋષભદત્ત સાથે પોતાના સ્થાને આવી પહોંચ્યો. બોજો ઉતરાવવામાં તેણે ઋષભદત્તને મદદ કરી. બોજો વધારે નહોતો તેમજ ઘણે લાંબે સુધી તે લઇ જવો પડયો નહોતો, છતા ઉપાડનારનું શરિર પ્રસ્વેદથી રેબઝેબ થઇ ગયું હતું. શ્વાસોશ્વાસ જોરથી ચાલતો હતો.

" થોડો આરામ લો, ભાઈ ! " બોજાના માલિકે ઋષભદત્તને કહ્યું.

" ઘેર જઇને આરામ લઇશ. મારે જરીક વહેલું પહોંચવું છે. " ઋષભદત્ત બોલ્યો. તેને આરામની ખાસ જરૂર હતી. પરંતુ કુમળાં ભૂખ્યાં બાળકો વારે ઘડિયે તેની નજર સમક્ષ તરી આવતાં હતાં.

" જેવી તમારી મરજી. " તે માણસ બોલ્યો. " બોલો, મજુરી શું આપું ? "

" તમારે જે આપવી હોય તે આપો. "

" એમ નહિ. તમે કહો તે આપું. "

" મેં આજ સુધી ક્યાંય મજુરી કરી નથી એટલે શું કહું ? "

" ભલે, લો. " કહીને તેણે એક સુવર્ણમુદ્રા આપી.

સુવર્ણમુદ્રા જોઇને ઋષભદત્ત આશ્ચર્ય પામ્યો. આટલી મજુરીના બદલામાં જો એક સુવર્ણમુદ્રા મળતી હોય તો ભિક્ષા શા માટે માગવી ? રોજ આટલી મજુરી કરીને એક સુવર્ણમુદ્રા હક્કની પેદા કરવી શું ખોટી ?

— અને હરખાતો હરખાતો ત્યાંથી નીકળીને તે અનાજવાળાની દુકાને ગયો અને ગોળ, ઘી અને આટો ખરીદ્યાં.

[ ૬ ]

# મેળાવડામાં

**નમતા** પહોરનો સમય હતો. રાજગૃહિ નગરની મધ્યમાં આવેલી એક શાળામાં બાળકો સારાં સારાં વસ્ત્રો પહેરીને રમી રહ્યાં હતાં. શાળાનું આખું મકાન રંગબેરંગી પતાકાઓ વડે શણગારવામાં આવ્યું હતું. ઠેર ઠેર આશોપાલવનાં તોરણો બાંધવામાં આવ્યાં હતાં. સુંદર, સુગંધીદાર પુષ્પોનાં તોરણો પણ બાંધવામાં આવ્યાં હતાં. વચ્ચે રમતગમત માટે રાખવામાં આવેલા મોટા ચોગાનમાં પાણી વગેરે છાંટીને ઉંચા પ્રકારનાં પુષ્પોનાં કૂંડાં મૂકવામાં આવ્યાં હતાં. સુંદર રંગોળીઓ પૂરવામાં આવી હતી. અક્ષતના સાથીઆ પૂરવામાં આવ્યા હતા. નાની નાની બેઠકો ગોઠવવામાં આવી હતી. તે બધી બેઠકોમાં એક સુંદર – ભવ્ય, કિંમતી બેઠક શોભી રહી હતી. તેના પર મગધના મહારાજા બિમ્બિસાર બિરાજમાન થયા હતા. તેમની બાજુમાં મહામંત્રી બેઠા હતા. બીજી બાજુએ કોષાધ્યક્ષ બેઠા હતા. બીજા ઉચ્ચ અધિકારીઓ અને નગરના આમંત્રીત ગૃહસ્થો પણ મોટા પ્રમાણમાં હાજર હતા.

આજે વિજ્યાદશમીનો શુભ તહેવાર હતો. શાળાને સ્થાપીત થયે આજે પચીસ વરસ પૂરાં થયાં હતાં. તે નિમિત્તે આજે ત્યાં મેળાવડો રાખવામાં આવ્યો હતો.

શાળાએ એટલા સમયમાં સારી પ્રગતિ સાધી હતી. તેમાં શિક્ષણ લઇને ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સારી કીર્તિ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. એક પણ વિદ્યાર્થીએ શાળાના નામને કલંક લગાડયું નહોતું.

શિક્ષકો પણ પોતાની જ શાળા હોય તેમ બાળકોને શિક્ષણ આપતા હતા. તેમને તેમના કામના પ્રમાણમાં સારૂં વળતર મળતું હતું. શાળામાં સખ્ત નિયમ હતો કે, કોઈ પણ વિદ્યાર્થીને મારવો નહિ. શાંતિથી તેને સમજાવીને પોતાની જવાબદારીનું ભાન કરાવવું, પોતે ભવિષ્યનો નાગરિક છે, તેનો તેને ખ્યાલ આપવો.

વગર મારે જે વિદ્યાર્થીઓને સારૂં શિક્ષણ આપવામાં આવે છે, તે વિદ્યાર્થીઓ હંમેશાં સારા નીવડતા હોય છે. મારવાથી જ વિદ્યાર્થી ભણે છે અગર સુધરે છે, એ માન્યતા તદ્દન ભૂલભરેલી જેમ માર્યા વગર સમજાવી પટાવીને પુત્રને સુપુત્ર બનાવવાની માતા પિતાની ફરજ હોય છે તેમ વિદ્યાર્થીને માર્યા વિના તેને તેની જવાબદારીનું ભાન કરાવીને એક આદર્શ નાગરિક બનાવવાની શિક્ષકની ફરજ હોય છે.

નાનપણથી તેના પર ખોટો દાબ બેસાડવો એટલે તેને ભવિષ્યમાં બીકણ બનાવી નાંખવો. જે બાળક નાનપણથી બીકનો માર્યો દબાઇ જાય છે તે હંમેશને માટે દબાયેલો રહે છે. દેશને તેવા નાગરિકોની – તેવી પ્રજાની જરૂર હોતી નથી. દેશ તો માગે છે સશક્ત યુવાન, વીર, પ્રજ્ઞ, લડાયક ખમીર અને નીડર વ્યક્તિત્વ.

તે બધા માટે તે શાળા પંકાયેલી હતી. તેમાં શિક્ષણ પામેલા એ ત્રણ વિદ્યાર્થીઓ રાજ્યની નોકરીમાં ઉંચા અધિકારે નીમાયા હતા.

મેળાવડામાં મુખ્ય કાર્યક્રમ હતો બાળકોની રમત ગમતનો. મહારાજ બિમ્બિસારને બાળકો પ્રત્યે અનહદ પ્રેમ હતો. અવારનવાર તેમના તરફથી દરેક શાળામાં બાળકોને ઇનામો વહેંચવામાં આવતાં સારી સારી વસ્તુઓ આપવામાં આવતી.

આજના મેળાવડામાં ભાગ લેવાનો તેમને ઉદ્દેશ પણ તે જ હતો. તેમ કરવાથી બ ળકો ઉત્સાહી બનતાં હોય છે.

પ્રથમ મંગળાચરણ રૂપે નાનાં નાનાં બાળકોએ ઈશ્વર સ્તુતિ ગાઇ. તેની સાથે શાળાના જે વિદ્યાર્થીઓએ સંગીતનો સાથ આપ્યો. મહારાજા તે નાનકડી શરૂઆતથી જ ખુશ થઈ ગયા.

પછી મોટા વિદ્યાર્થીઓએ રમતની શરૂઆત કરી. પહેલા કુસ્તીના દાવ ખેલાયા. પછી લાઠી ફેરવવાની રમત થઇ. ગોળ કુંડાળામાં દોડવાની હરિફાઇ થઇ.

પછી તલવારની પટાબાજી શરૂ થઈ. અઢારેક વરસનો છોકરો એ હાથમાં તલવાર પકડીને ઉભો રહ્યો તેની આજુબાજુ કુંડાળુ વળીને બાર છોકરાઓ ઉભા રહ્યા. તેમના દરેકના હાથમાં ઢાલ અને તલવાર હતી.

વાજીંત્રોવાળાઓએ પોતાના કામની શરૂઆત કરી. ધીમે ધીમે સંગીતે જોર પકડવા માંડયું. સશસ્ત્ર બનેલા તે વિદ્યાર્થીઓ પોતાના ચહેરા પરના ભાવ બદલવા માંડ્યા. થોડા સમય પહેલાંના વિદ્યાર્થી દશાના ભાવ પલટાઇને તેમનાં ચહેરા પર વીરત્વ ઝળકી ઉઠયું. રણે ચઢેલા વીર યોદ્ધાની પેઠે તેમનાં હાથ પગ થનગનવા લાગ્યા. ધીમેધીમે રમતની શરૂઆત થઈ. ચારે બાજુના વિદ્યાર્થીઓ વચ્ચેના વિદ્યાર્થીને ઘેરી વળીને એકી સાથે તેના પર હુમલો કરી રહ્યા હતા. પરંતુ વચ્ચે ઘેરાઇ ગયેલો સચેત વિદ્યાર્થી-વીર યોધ્ધો પોતાની જાતને સારી રીતે સંભાળતો સંભાળતો પોતાના શત્રુઓને-હરિફોને હંફાવી રહ્યો હતો.

વાજીંત્રોના સૂરમાં પણ વીરત્ત્વની છાયા હતી. ગમે તેવા સામાન્ય માણસને પણ પાણી ચઢાવે તેવા રણદુંદુભીના સ્વરે તે વીરો વધુને વધુ લડાયક બન્યા.

એક જ વ્યક્તિને હંફાવવામાં નિષ્ફળ નીવડેલા બાર યોદ્ધાઓ વધારે જોર પર આવ્યા. તેમને પોતાનું અપમાન થતું હોય એમ

લાગ્યું. આટલા બધા મળીને એક વ્યકિતને ન હંફાવી શકાય? જીવતો કે મરેલો તેને ન પકડી શકાય?

પરંતુ અફસોસની વાત હતી કે, તેઓ પોતાના કાર્યમાં નિષ્ફળ નીવડ્યા હતા. જ્યારે વચ્ચેનો વીર યોધ્ધો વધુ ને વધુ તેજસ્વી બનતો જતો હતો, થોડા સમયમાં તો તે ભૂલી ગયો કે, પોતે અહીં મહારાજાને અને પ્રજાને ખુશ કરવા માટે–પોતાની કળા બતાવવા માટે આ નાટક ભજવી રહ્યો છે. પોતે વિદ્યાર્થી છે, એ વાત પણ તેના ખ્યાલમાં ન રહી. તેને શૂર ચઢયું હતું. તેને લાગ્યું કે, પોતે રણે ચઢયો છે-રણ-ક્ષેત્રમાં ઘૂમી રહ્યો છે. દુશ્મનોમાં ઘેરાઇ ગયો છે. પોતાના લશ્કરથી વિખૂટો પડીને પોતે એકલો શત્રુઓના હાથમાં સપડાઇ ગયો છે. પરંતુ હરકત નહિ. પોતે વીર છે. સૈનિક છે. આટલી નાની ટૂકડીની તે શી વિશાત છે કે, તે પોતાને–મને હંફાવી જાય.

હું તો મારા દેશને માટે લઢી રહ્યો છે. મારા નિર્દોષ ભાઇબ્હેનો માટે લડી રહ્યો છું. મેં કોઇના પર આક્રમણ કર્યું નથી. બીજાનું ઝુંટવી લેવાનો મેં પ્રયાસ કર્યો નથી. મારે તો મારૂં છે–જે મારા હક્કનું છે તે જ સંભાળવાનું છે. તેનું મારે પ્રાણના ભોગે પણ રક્ષણ કરવાનું છે, શત્રુઓ ભાડૂતી સૈનિકો છે, તે તો ધન માટે-પેટ માટે લઢે છે. તેમને પોતાનો પ્રાણ વહાલો હોય છે. પોતે પેટ માટે લઢતો નથી. દેશની સેવા, દેશનું રક્ષણ એ તો મારૂં પ્રથમ કર્તવ્ય છે. તેના માટે પ્રાણ પણ ન્યોચ્છાવર કરવા તૈયાર છું.

જેને પોતાના દેશનું અભિમાન ન હોય, તે દેશ માટે લઢી પણ કેવી રીતે શકે! આ ભાડૂતી સૈનિકોને તો હું જોત જોતામાં મારી નાંખીશ, કચડી નાંખીશ. તેમને અને જગતને હું બતાવી આપીશ કે, સ્વદેશાભિમાની એક સૈનિક ભાડૂતી સો સૈનિકો કરતાં વધુ બળવાન હોય છે. સ્વદેશાભિમાનની તેના હૃદયમાં જ્યોત ઝળહળતી હોય છે. તે જ તેના ખમીરને જવલંત રાખતી હોય છે, તે અખંડ જ્યોત કદિ બુઝાતો નથી......... "

—અને તેણે ભયંકર જોર કરીને પોતાની આજુબાજુ વીંટળાઇ વળેલા સૈનિકોમાંના એક પર એવો ઘા કર્યો કે, તે બિચારાના હાથમાંની તલવાર છટકીને ક્યાંય દૂર જઇ પડી. પ્રેક્ષકવર્ગમાં હાજર રહેલા સૈનિકો, સેનાપતિ અને મહારાજા પોતે પણ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

ધીમે ધીમે વાજીંત્રોના સૂર બદલાવા માંડ્યા. તેમાં શાંત ધ્વનિ સંભળાવા લાગ્યો. રણમેદાનોમાં જેમ સૈનિકોને શૂર ચઢાવવા માટે શૂરાતનભર્યા સ્વરો કાઢવામાં આવે છે, તેમ સમયને અનુકૂળ થવા માટે જરૂર પડે તો સૈનિકોને શાંત કરવા માટે શાંતિભર્યા સ્વરો પણ તેમાંથી કાઢી શકાય છે.

શૂરાતનને વશ થયેલા વીર યોદ્ધાઓને એકદમ શાંત પાડી શકાતા નથી. જેમ તેમને વાજીંત્રોના આધારે ધીમે ધીમે શૂરાતન ચઢાવવામાં આવે છે તેમ વાજીંત્રોના આધારે જ તેમને શાંત બનાવવામાં આવે છે. પૂરાતન કાળથી ચાલી આવતી એ પ્રથા હાથની લઢાઇમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

યુદ્ધ સમયે સૈનિકોને શૂરાતન ચઢાવવા વાજીંત્રો, ભાટ ચારણો અને કવિઓની આવશ્યકતા હોય છે. તે કારણે રાજા મહારાજાઓ તે સર્વેને પાળતા હોય છે. વર્ષાસન બાંધી આપતા હોય છે. અને તેમાં પણ ભાટ ચારણો અને કવિઓ લઢાઈ સિવાયના સમયમાં પણ મોટો ભાગ ભજવતા હોય છે.

ભાટચારણો રાજ્યનો કીર્તિકળશ છે, જ્યારે કવિઓ કીર્તિકળશ હોવા ઉપરાંત રાજદરબારની શોભા છે. કવિ–રાજકવિ વિના દરબાર સૂનો લાગે. રાજદરબારમાં શોભતા અનેક રત્નોમાં કવિરત્નનું માન વધારે હોય છે–તેની મહત્તા પણ વધારે હોય છે.

બીજા કોઇ રાજ્ય તરફથી કોઇ પણ પ્રકારનું સંજ્ઞાત્મક કહેણ આવે અગર કોઈપણ પ્રકારનો ગૂઢ સંદેશ આપે ત્યારે તે કવિની–મહાકવિની ખાસ આવશ્યકતા ભાસતી હોય છે. તે સમયે તેની કિંમત અંકાય છે.

અત્યારના પ્રસંગે વાજીંત્રોનું મહત્ત્વ ઘણું હતું. ધીમેધીમે વાજીંત્રોના શાંત સૂર સાથે તે વીર યોધ્ધો-વિદ્યાર્થી શાંત થયો, આજુબાજુના વાતાવરણનો તેને ખ્યાલ આવવા લાગ્યો. તદ્દન સ્વસ્થ થયા બાદ તેણે પ્રથમ બંને તલવારોની સહાયથી મહારાજાને નમન કર્યું. ત્યારબાદ હાજર રહેલાઓને નમન કર્યું.

મહારાજાએ તેના કામ માટે સંતોષ વ્યકત કર્યો.

—અને બીજા કાર્યની-કાર્યક્રમની શરૂઆત થઇ.

મેળાવડો સમાપ્ત થવા આવ્યો હતો. છેલ્લો કાર્યક્રમ સંગીતનો રાખવામાં આવ્યો હતો. તે સંગીત કેવળ મનોરંજન માટે નહોતું અથવા તો શાસ્ત્રીય પદ્ધતિનું નહોતું. તેમાં કંઇક નવીનતા હતી. કંઈક કાર્ય કુશળતા હતી, આત્માનો ઉકેલ હતો.

આશરે પચાસેક વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. સૌથી નાનો વિદ્યાર્થી આઠ વરસનો હતો.

સાજના ઝણુકાર શરૂ થયા. મૃદંગ પર થાપ પડવા લાગી. સીતારના તાર ઝણઝણ્યા. એક પછી એક વિદ્યાર્થીએ ગાવાની શરૂઆત કરી. દરેકનું સંગીત મનને ગમી જાય તેવું હતું જેમ જેમ નવો વિદ્યાર્થી પોતાનું સંગીત શરૂ કરે તેમ તેમ શ્રોતાજનો પહેલા ગાઇ ગયેલાને ભૂલી જઇને નવાને-ચાલુને વખાણે.

ધીમેધીમે બધા વિદ્યાર્થીઓ પોતપોતાની કળા રજુ કરી ગયા. હવે બાકી રહ્યો અમરકુમાર. ફકત આઠ જ વરસનો. આ મેળાવડામાં ભાગ લેવાની તેની ઇચ્છા નહોતી. તે પોતે માનતો કે, પોતે ગાઇ શકતો નથી. આટલા બધા પ્રેક્ષકો-શ્રોતાજનો વચ્ચે અને તેમાં પણ ખુદ મહારાજાની સમક્ષ ગાવું એ સહેલું નથી. મારા કરતાં મોટા મોટા વિદ્યાર્થીઓ ગાનારા છે, તેમાં મારૂં શું ગજુ ?-પરંતુ તેના શિક્ષકે તેને પ્રોત્સાહન આપીને-દબાણ કરીને-સમજાવીને તૈયાર કર્યો હતો. તેનો કંઠ સારો

હશે. તે બ્રાહ્મણ હોવાથી કંઇક કવિત્વશક્તિ પણ તેનામાં હતી. જો કે તેની ઉંમર બહુ જ નાની હતી. છતાં કુદરતનો ન્યાય છે કે, હરેકમાં જન્મથી જ તેના કુળના, તેની જાતિના સંસ્કાર રેડાય છે.

અમરકુમાર આવી ઉભો રહ્યો. સૌ આશ્ચર્યસહ તેના તરફ જોઇ રહ્યા, આ નાનો બાળક શું ગાશે: જેને હજી બોલવાનું પણ ભાન નથી તે ગાવાનો શું હતો! આ શિક્ષકો પણ કેટલા મૂર્ખ કહેવાય. મહારાજા સમક્ષ આવડા નાના છોકરાને ગાવા ઉભો રાખતાં તેમને વિચાર પણ ન થયો! આ તો મહારાજાની ઠેકડી કરવા જેવી વાત થઇ.

હશે...! જોયા કરીએ. જેણે તેને ગાવા માટે ઉભો રાખ્યો હશે, તેને ચિંતા નથી તો આપણને શું? કંઈક જાણવા તો મળશે.

અમરકુમારનો પિતા પણ ત્યાં હાજર હતો. પરંતુ ક્યાં? દૂર દૂરના ખૂણા જેવામાં તેને બિચારાને ઓળખતું પણ કોણ હોય! તે તો આ મોટી મેદની જોઇને અને મોટા મોટા વિદ્યાર્થીઓનું સંગીત સાંભળીને આભો જ બની ગયો હતો. તેને થતું હતું કે, 'આ અમર...! બિચારો શું ગાશે? બધાને જોઇને બિચારો ગભરાઇ ગયો લાગે છે. મને ખ્યાલ પણ નહિ હતો કે, આવા આવા ગાનારાઓ તેની સાથે હશે, નહિ તો હું તેને ઘરમાંથી બહાર જ નીકળવા ન દેત. પણ હવે શું થાય! જેવી પ્રભુની મરજી. વધારે તો નહિ પણ બિચારો અપમાનીત ન થાય તો સારૂં!

હે, પ્રભુ! અમારી એટલી લાજ રાખજે. આ જગતમાં અમારૂં કોઇ જ નથી. જો તેનું અપમાન થશે તો તેનો પક્ષ લેનારૂં કોઇ નથી. બિચારો ઘેર જશે તો તેની માતા માર્યા વિના નહિ રહે. તેનું ભવિષ્ય આજના પ્રસંગ પર અવલંબેલું છે. જગત કહે છે કે, તું નોંધારાનો આધાર છે. ગરીબોનો બેલી છે. ભક્તની ભીડ ભાંગનારો છે. પરંતુ આજસુધી મારો અનુભવ તો જુદું જ કહે છે. કોઇ દિવસ તેં મારી તરફ મીઠી નજરે પણ જોયું નથી. પરંતુ...પરંતુ આજે મને ખાત્રી છે કે, અવશ્ય તું મારી–અમારી વહારે ધાઇશ. મારા અમરને અમર

બનાવીશ. મારો અંતરાત્મા આજે પોકારી પોકારીને કહે છે કે, આજે તે વિજયી થશે. સર્વ કરતાં શ્રેષ્ટ નામ પ્રાપ્ત કરશે. અમારા કૂળને દીપાવશે. મને ખાત્રી છે કે, આજની મારી અરજ નિષ્ફળ નહિ જાય......'

—અને તે આગળ પ્રભુને વિનવવા જતો હતો ત્યાં તો અમરકુમારનો સ્વર તેના કાને અથડાયો. તેણે પોતાના પુત્ર તરફ નજર કરી.

'કેવો તેજસ્વી બાળક! જાણે બીજો ધ્રુવકુમાર! બિચારો કોઈ મહાપુરૂષને ત્યાં જન્મીને અનહદ સુખ પ્રાપ્ત કરવાને બદલે મારા જેવા ભિખારીને ત્યાં આવી પડયો. ધ્રુવને પણ માતાનો ત્રાસ અને આને પણ માતાનો ત્રાસ. માતા આગળ પિતાનું શું ચાલી શકે? પરંતુ ધ્રુવ તો અમર બની ગયો પરંતુ આ અમર?'

તે તો વિચારોમાં જ ગોથાં ખાયા કરતો હતો, પુત્રના તરફ તેનું ધ્યાન ઓછું હતું.

પરંતુ આ શું!

આ આખો પ્રેક્ષકવર્ગ સજળ નયને કેમ દેખાય છે? કેટલાક લોકો તો ચોધાર આંસુએ રડતા લાગે છે. અને...અને મહારાજાની આંખો પણ અશ્રુભીની થઇ લાગે છે.

—અને તેણે પુત્રના ગીત તરફ કાન માંડયા. તેનું હૃદય પણ દ્રવી ઉઠયું.

એ ગીત નહોતું કોઇનું–કોઇ કવિ કે મહાકવિનું રચેલું, નહોતું આગળથી તૈયાર કરેલું, નહોતા તેમાં ભારે–અઘરા શબ્દો, નહોતી તેમાં કવિત્વભરી વાણી. છતાંયે તે ગીત સાંભળીને સૌ કોઇની આંખો ભીની થઇ હતી. દરેકનાં હૃદય કંપી ઉઠયાં હતાં.

તે ગીત નહોતું કોઇ શૃંગારરસનું, નહોતું વીરરસનું કે નહોતું રૌદ્રરસનું. તેમાં નહોતી કોઇ મહાન વ્યક્તિની કહાણી કે નહોતી કોઇ દેવીદેવીની કહાણી, નહોતી કોઇ રાજા મહારાજાની સ્તુતિ કે નહોતી

કોઈ રાણી મહારાણીની સ્તુતિ. નહોતાં કોઈ શ્રીમંતનાં યશોગાન કે નહોતાં કોઇ ઇલ્કાબધારીનાં વખાણ.

એ હતી એકાદ નાના ગરીબ બાળકની કહાણી. છતી માતાએ માતાવિહોણું એક બાળક છતાં પિતાએ પિતાની ઓથ મેળવવાને અસમર્થ બની ચીમળાતું હતું. મોટા, આબરૂદાર, શ્રીમંત અને દયાવાન ગણાતા સમાજમાં ઉભા રહેવાને તેને સ્થાન નહોતું. દેવમંદિરોમાં મોટા મોટા ફંડ ભરીને પૂજા અર્ચન અને આરતીઓનો લ્હાવો લેનારા મોવડીઓ આગળ તેને દેવદર્શનનો લાભ મેળવવાનું પણ અશક્ય બનતું. લાખો અને કરોડો મણ અનાજ મોટા મોટા લગ્ન પ્રસંગોએ ઉડાવી જનારાઓ પાસે તે ભૂખ્યા બાળકને એક ટંકનું અનાજ આપવા પણ નહોતું. લાખોવાર કાપડની પતાકાઓ બનાવીને કીર્તિ મેળવનાર શ્રીમંતો અને આગેવાનો પાસેથી તે ઉઘાડા શરિરે ફરતા–રખડતા –રઝળતા બાળકને શિયાળાની કડકડતી ઠંડીમાં શરિર ઢાંકવાને એકાદ વસ્ત્ર પણ મળતું નહોતું. મોટી મોટી મહેલાતોમાં વસનારા એ શ્રીમંત માનવોને વરસાદમાં અને ઠંડીમાં રસ્તામાં પડી રહેતા એ અસહાય બાળકને એકાદ નાનકડી ઝુંપડી બાંધી આપવા જેટલું ભાન પણ નહોતું, જ્ઞાન પણ નહોતું અને દયાનું નામનિશાન પણ નહોતું.

અમરકુમારના કોમળ સ્વરે રંગાયેલી એ કરૂણ કથનીએ શ્રોતાજનોનાં હૃદય કંપાવી મૂક્યાં. તેના પિતાને કલ્પના પણ નહોતી કે, પુત્ર આટલું સરસ ગાઇ શકતો હશે, આવું સરસ ગીત બનાવી શકતો હશે. તેના શિક્ષકે તેને જ્યારે આજના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આગ્રહ કરીને ઉભો રાખ્યો ત્યારે તેમણે ધાર્યું પણ નહોતું કે, આ નાનકડો બાળક આટલું પ્રેરણાત્મક કરુણાત્મક કાવ્ય રચી શકતો હશે! આવું હૃદયદ્રાવક ગાઇ શકતો હશે! આટલી સુંદર કલ્પના કરી શકતો હશે!

શિક્ષકે તેને ગાવા આપેલું ગીત બીજું હતું. અમરકુમારે તે

ગીત ગાવાની શરૂઆત કરી હતી. પરંતુ એકાદ બે લીટી ગાયા પછી અચાનક તેનામાં કવિત્વ શકિત પ્રકટી. જાણે સરસ્વતી જીભ પર આવીને વસી હોય તેમ નવું જ કાવ્ય રચાયું—આપો આપ. તે પોતે પણ સમજી ન શકયો કે, પોતે આ કેવી રીતે બોલે છે. જેમ જેમ તે ગાતો ગયો તેમ તેમ તેની વાણીમાં કરુણા પ્રવેશતી ગઇ. ને કરુણા ભર્યા સંગીતનો સાથ કરવા માટે વાજીંત્રો અસમર્થ બનવા લાગ્યાં. તેમાંથી સાચા—કુદરતી કરુણાભર્યા સૂર ન નીકળી શક્યા.

ગમે તેમ તો પણ તે કૃત્રિમ કહેવાય.

અમરકુમારના સ્વરે વાજીંત્રો વગાડનારનાં પણ દિલ ડોલાવી નાંખ્યાં હતાં. તેમનાં હૃદય પીગળાવી નાંખ્યાં હતાં. વાજીંત્રોને એક બાજુએ મૂકીને તે ફકત ગીત જ સાંભળી રહ્યા હતા.

મહારાજા બિમ્બિસારે કોઈ દિવસ આવું કાવ્ય સાંભળ્યું નહોતું. આવો હૃદયભેદક સ્વર સાંભળ્યો નહોતો. તેમણે બાળક સામે જોયું અને પોતાનાં નયનો નીચાં ઢાળી દીધાં.

પોતે મહાલયમાં વસતા હતા. કિંમતી વસ્ત્રો ધારણ કરતા હતા. હીરામાણેકનાં આભૂષણો પહેરતા હતા. જમીન પર પગ મૂકતા નહોતા. ઠંડી શું, એ તેમને ખબર નહોતી. ગરમીની તેમને કલ્પના આવતી નહોતી. ભૂખને તે ઓળખતા નહોતા. તરસને તે પીછાનતા નહોતા.

બાલ્યકાળમાં તે બધું તેમણે અનુભવ્યું હતું. પરંતુ સિંહાસન પર આરૂઢ થયા પછી—મહારાજા બન્યા પછી તે બધું જ વિસરી ગયા હતા. પણ આજે તેમની આંખ ખુલી ગઇ. કોઇ મોટા માણસે કહ્યું હોત, તેમની મહારાણીએ કે તેમના મહામંત્રીએ તેમને સમજાવ્યા હોત તો તે માનવાને તૈયાર થાત નહિ.

પણ...પણ આ આઠ વરસના એક બ્રાહ્મણના દિકરાએ તેમની આંખો ખોલી નાંખી. તેમનાં હૃદયચક્ષુ ખોલી નાંખ્યાં. પોતાની આંખ જમીન તરફ રાખીને તે અમરકુમારનું ગીત સાંભળી રહ્યા હતા.

ગીત પૂરૂ થયું. અમરકુમારની આંખમાંથી પણ ચોધાર અશ્રુ વહી રહ્યાં હતાં. તે જે ગાયો હતો તે ખરા અંતઃકરણથી ગાયો હતો. તેના અંતરનો તે અવાજ હતો. તેના આત્માની તે પ્રેરણા હતી. ગાતાં પહેલાં તેણે વિચાર્યું નહોતું કે, શું ગાવું!-અને ગાવાની શરૂઆત કર્યા પછી આગળ શું બોલવું-શું ગાવું, તેની તેને ચિંતા કરવી પડી નહોતી.

મહારાજાએ ઉંચું જોયું. બાળક બંને હાથ જોડીને પોતાની જગાએ જ ઉભો હતો. તેની દ્રષ્ટિ આકાશ તરફ હતી—જાણે કોઇ તેજને પ્રકાશને નિહાળતો હોય અને મૂક નમન કરતો હોય!

મહારજા જાતે પોતાની બેઠક પરથી ઉઠયા. ધીમા પગલે, હળવી ચાલે ચાલતા તે અમરકુમાર પાસે ગયા. અત્યંત પ્રેમથી—અત્યંત લાગણીથી તેમણે અમરકુમારના મસ્તકે હાથ મૂકયો.

આખો પ્રેક્ષકવર્ગ ઉઠીને ઉભો થયો. એકી નજરે મહારાજા અને અમરકુમારને જોઇ રહ્યો.

મહારાજા કંઇ જ બોલ્યા નહિ. તેમણે અમરકુમારના મસ્તક પર હાથ ફેરવવો ચાલુ રાખ્યો. થોડાજ સમયમાં અમરકુમાર સભાન બન્યો. તેણે આકાશ તરફથી પોતાની દ્રષ્ટિ પાછી ખેંચી લીધી. મહારાજાને પોતાની પાસે ઉભેલા જોતાં જ તે તેમના પગમાં નમી પડયો. મહારાજાએ સ્નેહથી તેને પોતાના બંને હાથે ઉઠાવતાં કહ્યું:

"ઉઠ, બેટા!"

—અને અમરકુમાર ઉઠયો. તેની આંખમાં તેજ પ્રકટયું. તે મહારાજાને બાઝી પડયો.

[ ૭ ]

# ☆ દુશ્મન કે મિત્ર ? ☆

**કેટલાય** દિવસો વીતિ જવા છતાં વિમળશાને બાળક જોવા ન મળ્યો. કોઇએ તેને કહ્યું નહોતું કે, તેનું નામ અમરકુમાર છે. તેણે પોતે પણ જણાવ્યું નહોતું. જણાવવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થયો નહોતો.

વિમળશા માનતો હતો કે, બાળક દુઃખી હોવો જોઈએ. તેનું કોઇ આ સંસારમાં નહિ હોય. તે વિના તે આમ તેમ ખરા તડકામાં રખડવા નીકળે નહિ. કોરા ચણાને પણ મિષ્ટાન્ન માનીને ખૂબ આનંદથી ખાઇ જાય નહિ. ચણા પર પાણી પીને જોત જોતામાં ઘસઘસાટ ઉંઘી ગયો હતો, તે જ બતાવી આપે છે કે તે અત્યંત દુઃખી અને આધાર વિનાનો હોવો જોઇએ. તે કારણે તે પાછો આવ્યા વિના નહિ રહે. ગમે ત્યારે તે આવશે જ.

એક વાત નિર્વિવાદ હતી કે, અમરકુમારના પગલાંથી વિમળશાને ત્યાં ઘરાકી શરૂ થઇ હતી. શરૂ થયેલી ઘરાકીમાં બિલ્કુલ ફેરફ પડ્યો નહોતો. જે દુકાન બે ચાર દિવસમાં બંધ કરવાનો સમય આવી પહોંચ્યો હતો, તે દુકાન હવે જામી ગઇ હતી. પોતે દગાખોર કે લુચ્ચો નહોતો એ વાત ચોક્કસ હતી. તે કારણે તેના પર લોકોનો વિશ્વાસ જલ્દી બેસવા લાગ્યો. ગમે તેવો મોટો માણુસ જાય અગર એકાકું નાનું બાળક જાય

પણ ભાવ એક જ, માલમાં ફરક નહિ, વજનમાં ફરક નહિ. તે કારણે તેની પ્રતિષ્ઠા જલ્દી જામી ગઈ. ફરીથી તેણે ગોળ વેચવાની શરૂઆત કરી.

ગોળનો વેપાર શરૂ કર્યા પછી ઘરાકી વધી હતી. ચણા સાથે ખાવાના કામમાં આપવા ઉપરાંત તે ઘરના વપરાશમાં આવતો હોવાથી તેની ઘરાકી ચાલુ રહેવા લાગી.

વિમળશાને ખાત્રી હતી કે, જ્યારે ત્યારે શામળશાની સાથે તકરાર–મારામારી થશે. તેનું કારણ પણ સ્પષ્ટ હતું. એક તો પોતે તે બાળકને બચાવી લેવા માટે તેને તમાચો માર્યો હતો અને બીજું કારણ એ કે, પોતાની દુકાને ઘરાકી વધી હતી.

વ્યાપારી રીતે ઇર્ષા થાય એ સ્વાભાવિક છે. તે ઇર્ષાને કારણે તે ગમે ત્યારે એકાદ બહાનું કાઢીને ઝગડો કરશે. પરંતુ આશ્ચર્ય વચ્ચે તેને જણાઇ આવ્યું કે, આટલા બધા દિવસો વીતવા છતાં શામળશાએ એકે વખત કરડાકીથી જોયું નથી. તેની આંખમાં કે તેના ચહેરા પર કોઇ દિવસ દ્વેષ કે ક્રોધની છાયા સરખીયે દેખાઇ નથી.

એક સમયે તેને ત્યાં મહેમાન આવ્યા. તેમને કેટલોક માલ ખરીદવાનો હતો. તેમણે તેને કહ્યું કે, "ચાલો સામેની દુકાનેથી જ ખરીદી લઈએ. વિના કારણ દૂર જવાથી ફાયદો શો ?"

વિમળશા મુંઝાયો. ત્યાંથી નથી લેવો, એમ તો કહેવાય નહિ. બીજે ક્યાંયથી લેવાનું કહેવામાં આવે તો મહેમાન કારણ પૂછ્યા વિના રહે નહિ. કારણકે ઘણી વખત તે આવતા અને તેમની સાથે જઇને વિમળશા શામળશાને ત્યાંથી માલ અપાવતો.

અમરકુમારના પ્રસંગ પછી મહેમાન પહેલ વહેલા જ આવેલા. તેમને તે પ્રસંગ વિષે કંઈ માહિતી નહોતી. વિમળશા પણ કંઇ બોલ્યો નહોતો.

ચૂપ કેમ રહ્યા છો ?" એક મહેમાને કહ્યું. "વિના કારણ મોડું કરવાથી ફાયદો શો ? અમારે સાંજે તો જવું છે."

શો જવાબ આપવો તે વિમળશાને સૂઝયું નહિ. ક્ષણાર્ધમાં તેણે નક્કી કરી લીધું અને તેમની સાથે શામળશાને ત્યાં જવા તૈયાર થયો.

જ્યારે તે બધા શામળશાને ત્યાં પહોંચ્યા ત્યારે શામળશા એક ગાદી પર આડો પડ્યો પડ્યો પુસ્તક વાંચી રહ્યો હતો. મહેમાનો સાથે વિમળશાને આવેલો જોઇને એકદમ ઉઠતા તેણે આવકાર આપ્યો.

"આવો આવો વિમળશા! બહુ દિવસે?" જાણે કંઈ બન્યું ન હોય તેમ તે બોલ્યો.

"હમણાં કામકાજ થોડું વધારે રહે છે." શામળશાએ પણ જાણે કંઇ ન બન્યું હોય તેમ જવાબ આપતાં કહ્યું.

"સારૂં, સારૂં." કહીને શામળશાએ ઇશારાથી સૌને પાથરેલા પર બેસવાનું કહ્યું. સૌ બેઠા. તે આગળ બોલ્યા :

"પ્રભુની કૃપા હોય તો સૌ સારાં વાનાં થાય. કેમ, તબિયત તો સારી છે ને!"

"ઇશ્વર કૃપાથી તબિયત તો સારી જ રહે છે." વિમળશા બોલ્યો, "વચ્ચે થોડો સમય વેપાર ધંધામાં મંદીનો ઝોક આવી ગયો હતો પરંતુ હવે પાછી સરખાઇ આવી ગઇ છે."

"એ તો ચઢતી પડતી આવ્યા જ કરે, ભાઇ!" જાણે આશ્વાસન આપતો હોય તેમ શામળશા બોલ્યો. "મોટા મોટા રાજા મહારાજાઓની પણ ચઢતી પડતી આવે છે તો આપણા જેવા સાધારણ માટે તો નવાઇ ન જ કહેવાય!

"આપનો વેપાર રોજગાર કેમ ચાલે છે?" આવેલા મહેમાનોમાંના એકે પ્રશ્ન કર્યો.

"ઠીક ઠીક ચાલ્યા કરે છે." જવાબ આપતાં શામળશા બોલ્યો, "અમારે કોઈ સંતાન નથી કે, તેને માટે સંચય કરવાનો રહે. અમે બંને જણાં શાંતિથી જીવન પસાર કરી શકીએ તેટલું મળી રહે એટલે

આનંદ. બની શકે તેટલી પ્રભુ ભક્તિ કરીએ છીએ, આવતા ભવનું ભાથું ભરીએ છીએ અને શાંતિમય જીવન ગુજારીએ છીએ."

"એ સંતોષ નાનો સૂનો ન કહેવાય, શેઠ !" તે માણુસ બોલ્યો. "સંતોષમાં જે સુખ શાંતિ છે તે કરોડો કે અબજોમાં નથી. જ્યાં તૃષ્ણા–લોભ છે ત્યાં વેર, ઝેર, કલેશ અને દુઃખના ડુંગરો છે. લોભ જર, જમીન અને જોરૂના માર્ગે જ વહ્યો જાય છે અને તે ત્રણે ક્લેશનાં મૂળ છે. તેમાંથી જ નાશ, અધઃપતન સર્જાય છે. કૌરવોનો નાશ જરમાંથી જન્મ્યો, કંસનો નાશ પણ જર જમીનમાંથી જ જન્મ્યો અને રાજા રાવણનો વિનાશ જોરૂમાંથી જ સર્જાયો. એટલું એટલું જાણવા છતાં અમે–નિર્બળ મનના માનવી લોભને ત્યાગી શકતા નથી. અમારામાં એ શકિત નથી, અને શક્તિ જેવું જે કંઇ છે તેને આડા માર્ગે વેડફી નાંખીએ છીએ."

"આપણી શક્તિને આપણે આડા માર્ગે વેડફી નાંખીએ છીએ, એ વાત સત્ય છે." શામળશા બોલ્યો. "પરંતુ સાથે સાથે એ પણ સત્ય છે કે, માણુસ ધારે તો તે શક્તિનો સદુપયોગ કરી શકે. પરંતુ તેમ ન થવાનું મોટું કારણ એ છે કે, આજુબાજુનું વાતાવરણ નિર્મળ, મલિન અને ઝાંઝવાના જળ જેવું હોય છે. એ માયાવી જાળમાંથી નીકળવું એ મુશ્કેલ ન હોવા છતાં નીકળી શકાતું નથી. જો તેમાંથી નીકળી શકાય તો માનવી લોભ–તૃષ્ણાને ત્યાગી શકે તમે પણ સંસારી છો અને અમે પણ સંસારી છીએ. એમ હોવા છતાં સંતોષી બનવાનો અમારો સતત્ પ્રયત્ન ચાલુ હોય છે જ્યારે તમે તેના તરફ બેદરકાર રહેતા હો છો. અને એ વાત પણ સાથે સાથે હું કબુલ કરૂં છું કે, કોઇ કોઇ વાર લોભ, ક્રોધ અને ઇર્ષ્યા જેવા રાક્ષસી દુશ્મનો અમારા પર સ્વાર થઇ જાય છે. અમે તેમાં મ્હાત પણ થઈએ છીએ. પરંતુ તેમની કામચલાઉ શક્તિ અમારા પર કાયમી સત્તા ચલાવી શકતી નથી. અમારામાં જે આત્મશ્રદ્ધા છે. જે

મનોબળ છે તેનો પ્રભાવ જેવો તેવો નથી. એ પ્રભાવની આગળ તે દુશ્મનો ટકી શકતા નથી તેમને આપોઆપ નાસી જવું પડે છે. હું ઈચ્છું છું કે, તમારામાં તે શક્તિ આવે, તે પ્રભાવ પ્રકટે અને તમે તેવા રાક્ષસી દુશ્મનોના પંજામાંથી બચી જાવ."

"જ્યારે પુન્યનો ઉદય થશે ત્યારે આપોઆપ અમારામાં એ શક્તિ પ્રકટશે." અત્યાર સુધી શાંત બનીને સાંભળી રહેલો બીજો મહેમાન બોલ્યો. "અમે પ્રભુ પાસે માગીએ છીએ કે, અમને તે દુશ્મનોના પંજામાંથી બચાવે."

"તેવા કામમાં પ્રભુની મદદ માગવી અગર તે મદદની આશા રાખવી વ્યર્થ છે." શામળશા બોલ્યો. "વાત વાતમાં જો પ્રભુ પાસે આપણે ભીખ માગતા થઇ જઇએ અને પ્રભુ આપણને મદદ કરતો થઈ જાય તો આપણે નિષ્ક્રીય બની જઇએ. આપણા કર્તવ્યને ભૂલી જઇએ. પ્રયત્ન કરવો, કર્તવ્યને વળગી રહેવું એ આપણી ફરજ છે અને યશ આપવો કે ન આપવો તે ઇશ્વરના હાથમાં છે.

કર્મ અને કર્તવ્ય એક બીજા સાથે સંકળાયેલાં છે. બંનેમાંથી એકને છોડીને બીજાનો આશરો લઇએ તો તેમાં યશ ન જ મળી શકે. માટે બંનેને વળગી રહેવું જોઇએ. પુન્યનો ઉદય થશે ત્યારે એ કલ્પનાને કોઇ દિવસ મનમાં ન લાવવી. પુન્ય અને પાપના ઉદય તો હંમેશાં રાત દિવસની પેઠે ચાલ્યા જ કરતો હોય છે. માટે તેવી ઘેલછાભરી અને નિરૂત્સાહી વાતો કરવાને બદલ કર્તવ્યશીલ બનવું જરૂરી છે."

—શામળશાના વિચારો સાંભળીને વિમળશા વિચારવશ બની ગયો. પોતે તેને સારી રીતે ઓળખતો હતો. અમરકુમારને મારવામાં તેણે ક્રોધ પણ દર્શાવ્યો હતો. પરંતુ તેણે પોતે તે વાત કબુલ પણ કરી લીધી હતી. પોતાની ભૂલો કબુલ કરનાર વ્યક્તિઓ સમાજમાં—જગતમાં બહુજ ઓછી હોય છે. અને જે વ્યકિતઓ પોતાની ભૂલો કબુલ કરે છે તે મહાન જ ગણાય છે. તેવી વ્યકિતઓમાંની એક વ્યકિત તરીકે તેણે તેને માની લીધો.

તેણે માનેલું કે પોતે શામળશાને ત્યાં જશે ત્યારે શામળશા તેની તરફ ક્રોધથી–દુશ્મનાવટથી જોશે, અપમાન કરશે અને અપશબ્દોથી નવાજશે. પરંતુ આશ્ચર્ય વચ્ચે તેને જણાઈ આવ્યું કે, જાણે કંઈજ ન બન્યું હોય તેમ તે વર્તે છે. કોઈ પણ જાતના દ્વેષભાવ વિના અને કપટ વિના એ નિખાલસદિલે વાતચીત કરે છે. પહેલાંની પેઠેજ હસીને બોલે છે. આને તે દુશ્મન માનવો કે મિત્ર ?

થોડાજ સમયમાં પાછળની વાતો ભૂલી જવી, એ વાત નાની સૂની નથી. તેમાં પણ સારી વાતો જલ્દી ભૂલાઈ જાય છે પણ બૂરી–દ્વેષભાવવાળી વાતો તો કદિ પણ ભૂલાતી નથી. પરંતુ શામળશાએ તો તે અફવાને ખોટી ઠરાવી મૂકી. તેણે સાબિત કરી આપ્યું કે, બૂરી વાતો પણ માણસ ધારે તો જોતજોતામાં ભૂલી જઈ શકે છે. માનવીને માટે કોઈ જ વાત અશક્ય નથી.

—અને શામળશાએ બધાને માટે દૂધ ગરમ કરીને લાવવા માટે પોતાની પત્નીને આજ્ઞા કરી.

"હમણાં જરૂર નથી, શામળશા !" વિમળશા બોલ્યો.

"તમે તો સામેજ રહો છો એટલે ધારો ત્યારે આવી શકો. પરંતુ આ મહેમાનો ક્યાં વારંવાર આવે તેમ છે !" શામળશાએ કહ્યું.

"અમે પણ ક્યાં નવા આવ્યા છીએ! વિના કારણ શા માટે તસ્દી લો છો !" પહેલો મહેમાન બોલ્યો.

"નવા નહિ તો પણ કેટલા લાંબા સમયે આવ્યા !" શામળશા બોલ્યો. "અને કદાચ રોજ આવતા હો તો પણ શું બગડી ગયું ! માનવીનાં પગલાં કોને ત્યાં હોય ! અમે તો માનવીનાં ભૂખ્યાં છીએ, ભાઈ! મહેમાન–માનવી તો ભાગ્યશાળીને ત્યાં હોય. અભાગીને ત્યાં કોણ જાય !"

એટલામાં તેની પત્ની–સુલસા દૂધના કટોરા ભરીને લાવી. શામ-

ળશાએ દરેકની આગળ એક એક કટોરો મૂકયો. વિવેકની ખાતર પોતે પણ એક કટોરો લીધો.

વિમળશાએ વિચારેલું કે, જો શામળશા પોતે દૂધનો કટોરો ન લે તો તેને આગ્રહ કરીને આપવાનો લ્હાવો લેવા અને પોતાની ફરજ અદા કરીને મિત્રતા ગાઢ કરવી. પરંતુ તેને આશ્ચર્ય વચ્ચે જણાઈ આવ્યું કે, તે જેટલો સદ્ગુણી અને મૃદુભાષી છે તેટલો જ વિનયી છે. તેને તેના માટે અત્યંત માન ઉપજ્યું. એટલામાં તેના કાને શામળશાના શબ્દો અથડાયા :

"લો, વિમળશા ! શો વિચાર કરો છો !"

—અને કોઈપણ પ્રકારનો જવાબ આપ્યા સિવાય વિમળશાએ દૂધનો કટોરો મોંએ માંડયો.

**પહેલા વરસનાં પ્રકાશનો :-**

પ્રથમ પુસ્તક :—**ત્યાગવીર શાલિભદ્ર** (તૈયાર છે) રૂા. ૪-૦-૦
(ચંદુલાલ એમ. શાહ કૃત)

બીજું પુસ્તક :—**ગરીબીનું ગૌરવ** (તૈયાર છે) રૂા. ૪-૦-૦
(શાંતિકુમાર જ. ભટ્ટ કૃત)

ત્રીજું પુસ્તક :—**અમરકુમાર** (તૈયાર છે) રૂા. ૪-૦-૦
(ચંદુલાલ એમ. શાહ કૃત)

**બીજા વરસનાં પ્રકાશનો :-**

પ્રથમ પુસ્તક :—**મહાદેવી ચેલણા** (છપાય છે) રૂા. ૪-૦-૦
(ચંદુલાલ એમ. શાહ કૃત)

બીજું પુસ્તક :—**આત્મશ્રદ્ધા** (છપાય છે) રૂા. ૪-૦-૦૦
(ચંદુલાલ એમ. શાહ કૃત)

ત્રીજું પુસ્તક :—**મહાત્મા** રૂા. ૪-૦-૦
(ચંદુલાલ એમ. શાહ કૃત)

**ન વ ર સ ગ્રં થા વ લિ**

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

[ ૮ ]

## ☆ કળાની કદર ☆

મેળાવડાને કેટલાક દિવસો વીતિ ગયા હતા. મહારાજાએ તેમાં ભાગ લેનારાઓની સારી કદર કરી હતી...લાઠીની રમતમાં પહેલા નંબરે આવનારને એકસો એક મુદ્રાઓ ઇનામમાં આપવામાં આવી હતી. તલવારની હરિફાઇમાં બે તલવારોથી ખેલનારને બસો એકાવન સુવર્ણ મુદ્રા, એક તલવાર અને વીસ વરસનો તે થાય ત્યારે જો તેની ઇચ્છા હોય તો સૈન્યમાં સારી જગાએ રાખી લેવાનું લેખિત આપવામાં આવ્યું હતું.

તે જ પ્રમાણે દરેક હરિફાઇમાં ભાગ લેનારને નાનાં મોટાં ઇનામો આપવામાં આવ્યાં હતાં. મહારાજાનો સૌથી વધુ પ્રેમ અમરકુમાર તરફ ઢળ્યો હતો. તેને તેમણે 'બેટા' કહીને બોલાવ્યો હતો. પોતાની બેઠક પાસે લાવીને થોડો સમય ખોળામાં બેસાડયો હતો. કદર તરીકે તેને એક હજાર ને એક સુવર્ણ મુદ્રા આપવામાં આવી હતી. તે ઉપરાંત તેને લેખીત આપવામાં આવ્યું હતું કે, જ્યારે તે ઉંમર લાયક થાય ત્યારે તેને રાજ્યમાં–રાજસભામાં રાજકવિ તરીકે સ્થાન આપવું અને માસિક હજાર સુવર્ણ મુદ્રાનું વેતન આપવું. એટલું આપ્યા પછી પણ જાણે બાકી રહ્યું હોય તેમ તેણે તેને પૂછ્યું હતું :

"તારે બીજું કંઇ જોઇએ છે ?"

"ના." અમરકુમારે તરત જ જવાબ આપ્યો હતો. "મને જે કંઇ મળ્યું છે તે ઓછું નથી."

ત્યારબાદ મેળાવડો વિખરાયો હતો. અમરકુમારને ખબર નહોતી કે, પિતા અહીં હાજર હશે. તેને જે ઇનામ મળ્યું હતું તે તેને ઘેર પહોંચાડી દેવાની જવાબદારી માસ્તરે–શિક્ષકે ઉપાડી લીધી હતી. સૌની પાછળ અમરકુમાર પોતાના ઘેર જવા તૈયાર થયો ત્યાં તો તેના પિતા આવીને ઉભા રહ્યા અને બોલ્યા :

"ધન્યવાદ, બેટા! આજે તેં આપણા કૂળનું નાક રાખ્યું છે."

પિતાને અચાનક આવેલા જોઈને એને ઉપરોક્ત શબ્દો તેમના મુખમાંથી સાંભળીને અમરકુમાર આશ્ચર્યમાં પડયો.

"તમે કયારના આવ્યા છો, પિતાજી!" તેણે પ્રશ્ન કર્યો.

"હું તો કયારનો આવીને ઉભો છું, બેટા!"

"કયાં ઉભા હતા?"

"ત્યાં, એક બાજુએ."

"એટલે દૂર શા માટે ઉભા હતા?"

"ત્યારે બીજે કયાં ઉભા રહેવાનું હોય?"

"કેમ કયાં ઉભા રહેવાનું હોય? અહીંના વિદ્યાર્થીઓને બેસવા માટે તો આ બાજુની ખાસ જગા રાખવામાં આવી છે."

"મને તેની ખબર નહોતી."

"મને પહેલાંથી જ ખબર હતી પણ ખ્યાલ નહોતો કે, તમે જાણતા નહિ હો!"

"હશે, જે બન્યું તે ખરૂં. પરંતુ અમર, ખરેખર તેં આપણા કૂળને દીપાવ્યું છે. આજે જ્યાં સાંભળું છું ત્યાં તારી જ વાહવાહ બોલાય છે. તારાં જ યશોગાન ગવાય છે. બેટા, આ ગીત તને કોણે બનાવી આપ્યું હતું?"

"કોઈએ નહિ, પિતાજી!" અમરકુમાર બોલ્યો. "મને તો અમારા શિક્ષકે બીજું ગીત બનાવી આપ્યું હતું અને તે ગીત મેં તમને પણ પહેલાં બતાવ્યું હતું."

"માટે તો મેં તને પૂછ્યું કે, આ ગીત તને કોણે બનાવી આપ્યું હતું!"

"આ ગીત તો સ્વયં સ્ફૂરણાથી બની ગયું છે, પિતાજી! મેં શરૂઆત તો કરી હતી. અસલ ગીતની પરંતુ અચાનક-કોને ખબર શાથી-આ ગીત-મારા મોંમાંથી નીકળી ગયું. તમને તે ગમ્યું તો ખરૂં ને?"

"મને?—ખૂદ મહારાજાને, તારા શિક્ષકને અને આટલા મોટા પ્રેક્ષક સમુદાયને જે ગીત હૈયે વસી ગયું, તે મને ન ગમે એમ તને લાગે છે ખરૂં?"

"મહારાજાએ ઈનામ આપ્યું, તે જાણ્યું?"

"એક હજાર ને એક સુવર્ણ મુદ્રા અને ભવિષ્યમાં મોટો થાય ત્યારે માસિક એક હજાર સુવર્ણમુદ્રાના પગારે રાજસભામાં મહાકવિનું-રાજકવિનું કીર્તિવંત સ્થાન."

"તમને એ ગમ્યું કે નહિ?" પુત્રે પ્રશ્ન કર્યો.

"એમાં બોલવા જેવું હોય!" પિતા બોલ્યો. "આજના મેળાવડામાં મોટામાં મોટું ઇનામ તને જ મળ્યું છે. તે ઉપરાંત તારા જેવી કીર્તિ-અમર કીર્તિ કોઈએ પેદા કરી નથી. તેં તો આજે દરેકનાં દિલ્ ડોલાવી નાંખ્યાં છે. ખૂદ મહારાજાના દિલને પણ અસર પહોંચાડી છે."

"મારાં માતુશ્રી આવ્યાં નથી!" પુત્રે માતાની યાદ દીધી.

"તને અહીં આવવાનું ગમે ખરૂં?" બેટા?" પિતાએ કહ્યું. જો કોઈ જગાએ ખાવાનું હોય તો પહેલી દોડે. કોઈ જગાએ તકરાર

કરવા જવું હોય તો ખાતાં ખાતાં જાય. બાકી આવા કામમાં તેને રસ ન હોય. જો તેને ખબર હોત કે, તને આવડું મોટું ઇનામ મળવાનું છે તો તે જરૂર આવત. પરંતુ જ્યાં મને પોતાનેજ કલ્પના નહોતી ત્યાં એને તો ક્યાંથી આવે?"

"સાધારણપણે મેળાવડા વખતે ઇનામો વહેંચાય છે, એ તો તમે જાણો છો ને!' અમરકુમાર બોલ્યો. "ગઇ વખતે કસરતમાં મને એક સુવર્ણમુદ્રા ઇનામમાં મળી હતી, એ તમને ક્યાં ખબર નથી?"

"પણ આ વખતે તો તારે ગાવાનું હતું. મને ખબર પણ નહોતી કે, તને આવું ગાતાં આવડતું હશે." પિતા બોલ્યા. "મને તો લાગ્યા કરતું હતું કે, તારૂં નામ બગડશે. તું ગાવા ઉભો રહીશ ને ગભરાઇ જઇશ. આટલા બધા માણસો આગળ અને મહારાજાની સામે ગાવું એ કંઇ નાની સૂની વાત ગણાય!"

"અને હવે?"

"હવે મને ખાત્રી થઇ ગઇ કે, ઘરમાં કિંમત વિનાનો જણાતો બાળક બહાર મહાન ગણાતો હોય છે. ઘરના લોકો જ તેને સમજી શકતા નથી. લડાઇના મોરચા પર અનહદ પરાક્રમ કરનાર વીર યોદ્ધાની કિંમત તેના ઘરમાં ઘણી હોતી નથી. દરેક વ્યક્તિની કિંમત બહાર જ અંકાય છે."

"માટે તો આપણામાં કહ્યું છે કે, વેપારધંધા માટે બહાર ગામ જવું. દેશાવરમાં મજુરી કરવી સારી પણ ગામમાં શેઠાઇ કરવી ખોટી."

"આજે તારો એક એક બોલ સાંભળું છું ને મારૂં હૈયું નાચી ઉઠે છે, બેટા!" હર્ષભર્યા સ્વરે પિતા બોલ્યા. "કોને ખબર શાથી, પણ મને આજે તારી જીભ પર દેવી સરસ્વતી બિરાજ્યાં હોય એમ લાગે છે!"

"એ વાતો આપણે ઘેર જઇને કરીશું. વખત ઘણો થઇ ગયો

છે ને વળી ઘેર ગયા પછી મોડું થવા બદલ માતાજી શું નું શું કહેશે, તે કહેવ ય નહિ."

"હા, ચાલો." પિતા બોલ્યા.

"હં...પણ તને મળેલું ઈનામ ક્યાં છે બેટા?"

"મારા ગુરૂજી પાસે છે, પિતાજી!" અમરકુમાર બોલ્યો. "ઇનામ મોટું હોવાથી મારી સાથે ન આપતાં પોતે આપવા આવવાના છે, પરંતુ હવે તો તમે જાતે આવી ગયા છો એટલે તેમને આવવાની જરૂર નહિ રહે. ચાલો, આપણે તેમની પાસે જઇએ."

—અને બંને જણા અમરકુમારના ગુરૂ પાસે ગયા.

"ગુરૂજી, મારા પિતાજી અહીં આવી ગયા છે, એટલે મારૂં ઈનામ તેમને આપી દો. આપને વિના કારણે તસ્દી લેવાની આવશ્યકતા નથી."

"ઘણુંજ સારૂં થયું તમે આવી ગયા તે." ઋષભદત્ત તરફ વળીને ગુરૂજી બોલ્યા. "આજે તો હું ઘણો થાકી ગયો છું એટલે કદાચ આવી શકત પણ નહિ, ને વિના કારણ આટલું મોટું જોખમ મારે ત્યાં રાખવાની મારી ઈચ્છા પણ ઓછી હતી."

"આપ બે દિવસ પછી આપી ગયા હોત તો પણ ક્યાં વાંધો હતો? અને આ રાજ્યમાં ઘરમાં ગમે તેટલું જોખમ હોય તો પણ ચિંતા કરવા જેવું ક્યાં હોય છે?" ઋષભદત્ત બોલ્યો.

"એ વાત સાચી છે. પરંતુ પોતાનું ગમે તેટલું મોટું જોખમ ઘરમાં હોય તો પણ ચિંતા ન થાય જ્યારે પારકાનું નાનું સરખું જોખમ પણ સતત્ ચિંતા રખાવ્યા કરે છે."

"આપની વાત ખોટી નથી."

"ઠીક, લો આ સુવર્ણમુદ્રાઓ અને મહારાજા તરફથી લેખિત મળેલ આ પત્ર." સુવર્ણમુદ્રા અને પત્ર અમરકુમારના પિતાને સોંપતા ગુરૂજી બોલ્યા. "સુવર્ણમુદ્રાઓ બરાબર ગણી લેજો."

"એ ગણવાની ન હોય !" કહીને ઋષભદત્તે સુવર્ણમુદ્રાઓ વ્યવસ્થિત મૂકવા માંડી.

"તો પણ ગણવી સારી."

"મને આપના પર સંપૂર્ણ શ્રદ્ધા છે." ઋષભદત્તે કહ્યું અને રજા લેતો તે બોલ્યો: "ત્યારે હવે રજા લઈએ?"

"ઘણી ખુશીથી." ગુરૂજી બોલ્યા. "સંભાળીને જજો. – અને ભાઈ, અમરને પ્રાણની પેઠે સંભાળજો. આ સમયનું અણમોલ રત્ન છે. તમારા કૂળને દીપાવશે અને દેશની કીર્તિ વધારશે."

"એમાં આપને કહેવું નહિ પડે, ગુરૂદેવ!" ઋષભદત્ત બોલ્યો. "જેમ આપ એના ગુરૂ છો તેમ હું એનો પિતા છું."

—અને બંને જણા – અમરકુમાર અને તેના પિતા ગુરૂજીને નમસ્કાર કરીને પોતાના ઘર તરફ રવાના થયા.

[ ૯ ]

# મૂર્ખ પત્ની

જે દિવસે મહારાજા બિમ્બિસારે મેળાવડામાં કળાની કદર કરી, તે દિવસની વાત છે.

સતી પોતાના ઘરમાં ક્યારની પોતાના પતિની અને પુત્રની રાહ જોતી બેઠી હતી. અમરકુમાર સિવાયનાં બધાં બાળકો ઘરમાં હતાં. ખાવાનો સમય થઈ ગયેલ હોવાથી અને દરેક વખતે જમવામાં પેટ પૂરતું નહિ મળવાથી તે રડારોળ કરી રહ્યાં હતાં. જેમ જેમ તે રડારોળ કરતાં હતાં તેમ તેમ સતીના હાથે તેમને વધુને વધુ માર પડતો હતો. તે નિષ્ઠુર માતાના હૃદયમાં બીજાના માટે તો નહિ પણ પોતાના પેટનાં સંતાનો માટે પણ તલમાત્ર દયા નહોતી.

આજે તેણે રસોઇ પણ કરી નહોતી. બાળકો ભૂખ્યાં હતાં, તેની તેને દરકાર નહોતી. પતિ બહારથી આવશે અને ખાવાનું માગશે, તેનો તેને વિચાર પણ આવતો નહોતો. તે તો હતી તેની ધૂનમાં લોકોએ તેને કહેલું કે, મહારાજાએ અમરકુમારને પૂછેલું કે, 'તારે બીજું કાંઈ જોઈએ છે?' – તેના જવાબમાં અમરકુમારે 'ના' કહેલી.

એ વાત જાણ્યા પછી સતીના મનમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠેલી. મહારાજા ખુશી થઇને પૂછે અને આ ભિખારીનો છોકરો કહે કે, 'મારે કંઈ વધારે નથી જોઈતું.' એ કેવું વિચિત્ર કહેવાય!

લોકો તો મહારાજા પાસે ભીખ માગવા જાય છે. અને ભીખ માગવા જાય છે તો પણ તેમને કંઇ મળતું નથી જ્યારે આ અકર્મીને મહારાજા જાતે જઇને પૂછે અને પોતાને કંઈ નથી જોઇતું. કહે. એનામાં અક્કલ બળી છે કે નહિ? બાપ ભીખ માગી લાવે છે, તેમાંથી તો પૂરૂં થતું નથી. અને છોકરાને મોટાઈ લેવી છે.

શો જમાનો આવ્યો છે! એવી મોટાઇ લેવાની જરૂર શી હતી? પાંચ દશ હજાર સુવર્ણમુદ્રાઓ માગી લેતાં તેના પેટમાં શું દુખતું હતું? પૂછ્યા પછી આપવાની મહારાજા થોડા જ ના કહેવાના હતા?

એ મહારાજા છે. તેમને પાંચ દશ હજાર સુવર્ણમુદ્રાઓનો હિસાબ પણ શો? તેમને તો સરોવરમાંથી જળનું એકાદ બિન્દુ ઓછું થયું એમ લાગત પણ એટલી સુવર્ણમુદ્રામાંથી અમે તો મરીએ ત્યાં સુધી સુખેથી ખાઇ પીને લહેર કરી શકત ને?

એક વખતે એ આબરૂદારના દિકરાને ઘેર આવવા દે, પછી વાત.

— અને એટલામાં પિતાપુત્ર ઘેર આવી પહોંચ્યા. પુત્રના મનમાં હતું કે, માતા ખુશ થશે અને પિતાના મનમાં હતું કે, આટલી બધી સુવર્ણમુદ્રાઓ જોઇને સતી આનંદમાં આવી જશે અને બધાં છોકરાંઓને આજે પેટ ભરીને મિષ્ટાન્ન જમાડશે. પરંતુ જ્યારે બંને ઘેર આવ્યા ત્યારે તો સતીને રૌદ્ર રૂપ ધારણ કરેલી દીઠી. બાળકોને જમીન પર આળોટતાં અને રોકકળ કરતાં દીઠાં. ચૂલામાં ઠારેલી રાખ સિવાય કંઇ દેખાતું નહોતું. રસોઇની સામગ્રી નજરે પડતી નહોતી કે તૈયાર ભોજનનાં વાસણ દેખાતાં નહોતાં.

બંને જણા આશ્ચર્ય પામ્યા. આમ કેમ...?

—અને સાથે સાથે જ તેમના કાને સતીનો કર્કશ અવાજ સાંભળ્યોઃ

"મોટો વાઘ મારીને આવ્યા છો તે ખબર છે. આમ બંને જણા ટગર ટગર રસોડામાં શું જોઇ રહ્યા છો?"

અમરકુમાર તો છક્કડ થઇ ગયો પણ સાથે સાથે તેના પિતા પણ છક્કડ થઇ ગયા. તે શાંતિથી જાણે મનાવતા હોય તેમ બોલ્યા :

"કેમ. શું થયું ?"

"થાય શું કપાળ મારા બાપનું !"

"તો પછી આમ બરાડા શા માટે પાડે છે ?"

"બરાડા ના પાડું તો શું કરૂં! બાપમાં કમાવાની શક્તિ નહિ અને દિકરાને મોટાઇમાંથી હાથ કાઢવો નહિ."

"તું શું કહેવા માગે છે તેજ સમજાતું નથી."

"ક્યાંથી સમજાય! નવાઇની એક હજાર સુવર્ણમુદ્રાઓ લઇને આવ્યા છો તે ક્યાંથી સમજાય! એમ માનશો નહિ કે એ જોઇને હું હર્ષઘેલી બની જાઉં. તમે તમારી જીંદગીમાં પહેલવહેલી એકી સાથે આટલી સુવર્ણમુદ્રાઓ જોઇ છે એટલે તમને નવાઇ લાગે પણ મેં તો મારા બાપને ત્યાં લાખ લાખની થેલીઓ ઉછાળી છે, સમજ્યા !"

"એ હું ક્યાં નથી જાણતો! તારા બાપનો ધંધો જ લાખનો હતો એટલે એની થેલીઓ તેં ઉપાડી હોય, એમાં નવાઇ શી ?" ઋષભદત્ત વ્યંગમાં બોલ્યો.

"તમે તમારે ગમે તેમ બોલો ને. મને તમારા બોલવાથી બિલ્કુલ ખોટું નહિ લાગે. હું તો ટેવાઇ ગઇ છું." સતી કોઇ પણ પ્રકારના સંકોચ વિના ગમે તેમ બોલ્યા કરતી હતી. તમે તમારે ગમે તેમ મશ્કરી સમજો પણ હું તદ્દન સાચું કહું છું કે, મેં લાખ લાખ સુવર્ણમુદ્રાઓ ભરેલી થેલીઓ ઉપાડી છે."

"હું તારી મશ્કરી શા માટે કરૂં ? બનવા જોગ છે કે તારા બાપથી તે ઉપાડી શકાતી નહિ હોય-જેને ત્યાં નોકરી કરતા હશે તેને ત્યાં-એટલે તારી પાસે ઉપડાવી હશે. કારણ કે તેમાં વજન ઘણું ઓછું હશે."

"હવે એ બધી વાતો મૂકી દઇને તમારા લાડકવાયાને જે એક હજાર સુવર્ણમુદ્રાઓ મળી છે તે લાવો."

"શાની સુવર્ણમુદ્રાઓ ?"

"એ બધું હું જાણું છું માટે છાનામાના આપી દો."

"પણ તારે એની શી જરૂર છે?"

"મારે નહિ તો બીજા કોને જરૂર હોય?"

"એટલું મોટું જોખમ તારી પાસે ન રખાય."

"તમારા કરતાં હું વધારે સાચવી શકું તેમ છું."

"એની તો મને ખાત્રી જ છે."

"તો પછી આનાકાની શા માટે કરો છો?"

"હું આનાકાની નથી કરતો પણ હમણાં તે મારી પાસે રહેવા દે."

"એ નહિ બને." મોટી મોટી આંખો કરીને બરાડા પાડતી સતી બોલી. "તમારે એ મને આપવી જ પડશે."

"પણ તારે એની શી જરૂર છે?"

"મારે શી જરૂર છે, એ જોવાનું કામ તમારૂં નથી.

"પણ આ રકમ નાની નથી."

"તમને કહ્યું ને કે, લાખો આગળ આ કંઇ જ વિસાતમાં નથી." સતી બોલી. જ્યારે મહારાજાએ તમારા દિકરાને પૂછ્યું કે, બીજું કંઈ જોઇએ છે? ત્યારે જો હું હાજર હોત તો આપણી સાત પેઢી તરી જાય એટલું માગી લેત."

"પણ એવાં નસીબ ક્યાંથી હોય કે, તું હોય અને મહારાજા એમ પૂછે."

"મારાં નશીબ તો ઘણાં સારાં છે. તમારી માફક ફૂટેલાં નથી." કોઇ પણ જાતની સમજ વિના સતી બોલી રહી હતી. શું બોલાય અને શું ન બોલાય એનું પણ એને ભાન નહોતું.

ગરીબ માબાપની એ કન્યાને કોઇ લેતું નહોતું. નહાનપણથી જ તે તોછડા સ્વભાવની હતી. પરંતુ પૂર્વભવના ઋણાનુબંધને તે ઋષભદત્ત સાથે લગ્નગ્રંથીથી જોડાઇ હતી. તેના સ્વભાવથી—તેનાથી ઋષભદત્ત કંટાળી ગયો હતો. બાળકો માતાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગયાં હતાં. પરંતુ હવે ઉપાય નહોતો.

"હવે ફરીથી એવો પ્રસંગ આવવા દો. પછી જુઓ હું બતાવી આપીશ કે, સમય આવતાં શું શું માગી શકાય છે." તે આગળ બોલી.

"જ્યારે બીજો પ્રસંગ આવે ત્યારે તારાથી જેટલું માગી શકાય તેટલું માગી લેજે." પતિ બોલ્યો. હમણાં તો જે મળ્યું છે તે મારી પાસે રહેવા દે."

"ના, એ વાત નહિ. આવતી કાલે તમે તે ઉડાડી મૂકો અગર કોઇને આપી આવો તો ફરીથી, આજ સુધી જેમ ચલાવતા આવ્યાં છીએ તેમ રોજ પાછા ભૂખ્યા જ રહેવું પડે."

"જો કે હું ઉડાડી તો મૂકવાનો જ નથી. છતાં જો ઉડાડી મૂકીશ તો પણ અમે ભૂખ્યા રહીશું પણ તને તો પેટ ભરીને જમાડીશુ." ઋષભદત્ત બોલ્યો. "આજ દિવસ સુધીમાં તું કેટલા દિવસ ભૂખી રહી છે?"

"ઘણી વખત. જો એની નોંધ રાખી હોત તો વિગતવાર કહેત."

"હશે. ભગવાન તને હંમેશાં ભૂખી જ રાખે."

"ભૂખ્યા રાખે તમને. મને શા માટે ભૂખી રાખે?"

"કારણ કે તને ટેવ છે. અમે તો કોઇ દિવસ ભૂખ્યા રહ્યા નથી એટલે અમારાથી રહી શકાય નહિ. ભગવાન એ બધાનો વિચાર તો કરે ને!"

"મને પણ વધારે ટેવ ક્યાં છે?" સતી બોલી. "તમારા કરતાં તો ઓછી ભૂખી રહું છું."

"તો તો ભગવાન તને ભૂખી નહિ રાખે." " ઋષભદત્ત બોલ્યો. "ઠીક, હવે અત્યારે જમવા માટે શું બનાવ્યું છે ?"

"કંઇજ નહિ."

"કેમ ?"

"કેમ એટલે ? પહેલાં એ સુવર્ણમુદ્રાઓ મને આપી દો એટલે પછી રસોઇ બનાવું."

"એ પહેલાં નહિ બનાવે ?"

"ના."

"સુવર્ણમુદ્રાઓ લઇને તો હું હમણાં આવ્યો. તે પહેલાં તને તેની ખબર ક્યાંથી પડી હતી ?"

"હું તો બધી ખબર રાખું છું, સમજ્યાને ! મને સમાચાર મળ્યા કે, અમરકુમારને મહારાજાએ એક હજાર સુવર્ણમુદ્રાઓ ઇનામમાં આપી છે અને પૂછી રહ્યા છે કે, તારે વધારે કંઈ જોઇએ છે ?–ત્યારે જ હું દોડતી દોડતી ત્યાં આવી હતી પણ હું ત્યાં પહોંચું તે પહેલાં તો મહારાજા ચાલ્યા ગયા હતા. એટલે નિરાશ થઈને હું પાછી આવી. જો હું ત્યાં પહોંચી ત્યાં સુધી મહારાજા બેઠા હોત તો હું ઓછામાં ઓછી એક લાખ સુવર્ણમુદ્રાઓ અને એક ગામ માગી લેત."

"અને ભેગાભેગી તારા પતિને મહામંત્રીની જગા મળે, એમ માગવાનું પણ કદાચ ન ભૂલત."

"એ પણ હું તો યાદ આવે તો માગી લઉં, સમજ્યાને! મારામાં ભૂલ ન આવે."

"એની મને ખાત્રી જ છે."

"ત્યારે વળી માગવું માગવું તો ઓછું શા માટે માગવું ! ઓછું માગ્યું તો યે માગ્યું કહેવાય અને વધારે માગ્યું તો યે માગ્યું કહેવાય. આપનારનો ઉપકાર તો બંનેમાં સરખો જ ચઢે. પછી ઓછું શા માટે માગીએ ?" સતીએ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરતાં કહ્યું.

"તારૂં કહેવું ખોટું તો નથી." પતિ બોલ્યો. "હવે બીજી વખતે જ્યારે માગવાનો પ્રસંગ આવશે ત્યારે તને જ મોકલીશું."

"પણ વારંવાર થોડા જ એવા પ્રસંગો આવે છે?"

"કેમ ન આવે? તારાં નશીબ તો ઘણાં સારાં છે. આવા પ્રસંગો તારા માટે તો વારંવાર આવવા જોઇએ."

"આવવા તો જોઇએ પણ આવતા નથી, એનું શું?"

"ન આવે એમ બને ખરૂં? તારે ગમે તેમ કરીને તે લાવવા જોઇએ."

"એ આપણા હાથની વાત થોડી જ છે.!"

"બીજાના હાથની ન હોય પણ તારા હાથની તો જરૂર હોય."

"મારાથી બનશે એટલા પ્રયત્ને હું જરૂર લાવીશ. એ વખતે હું તમને બતાવી આપીશ કે, તમે નહિ ધારેલું ધન હું પેદા કરી શકું છું. એ વખતે આવજો મારી પાસે લેવા."

"તું જે પેદા કરે, તે મારે શા માટે લેવું જોઇએ?—જેમ મેં પેદા કરેલું હું મારી પાસે રાખું છું, તેમ તું જે પેદા કરે તે તારી પાસે રાખજે." ઋષભદત્ત બોલ્યો.

"એમાં તમારે કહેવું નહિ પડે. એટલી બુદ્ધિ તો મારામાં પણ છે. તમે જે લાવો તે મને ન આપો તો હું જે લાવું તે તમને શા માટે આપું?" સતી બોલી.

પતિ પત્ની વચ્ચે વાદ વિવાદ શરૂ થતાં અમરકુમાર છાનો માનો તેના ત્રણ ભાઇઓ અને એક બહેન જમીન પર આળોટતાં હતાં, ત્યાં જતો રહ્યો હતો. અમરકુમારની હાજરી નથી, એ જોયા પછી ઋષભદત્ત પોતાની મૂર્ખ પત્નીને વધારે બનાવી રહ્યો હતો.

"ન જ આપવું જોઇએ. જો કે હું તો માગવાનો જ નથી.

પરંતુ કદાચ લોભને વશ થઈને માગું તો પણ તારે ન જ આપવું. કદાચ કોઈ મને ભરમાવે અને હું જોરથી પડાવી લેવાનો પ્રયત્ન કરૂં તો પણ તારે મારો સામનો કરવો જોઈએ."

"એની તો મેં મારા મન સાથે ગાંઠ વાળી દીધી છે. જોરથી તો શું, પણ કદાચ મને લાકડાથી માર મારો અગર તલવારના ઝટકે ઉડાવી દો, તો પણ હું તમને તે ન આપું."

"મહેરબાની કરીને તલવારની વાત ન કરીશ. તલવારનું નામ સાંભળું છું ને મને તાવ આવે છે. મારી ભૂખ મરી જાય છે."

"એ તમે મને ઠીક કહ્યું. હવે જ્યારે જ્યારે રસોઈ ઓછી પડશે ત્યારે ત્યારે તમારી આગળ તલવારની વાત લાવીને મૂકીશ, એટલે બીજી ચિંતા નહિ."

"તો તો હું વહેલો ભૂખે મરી જઈશ."

"પણ હું કયાં રોજ એમ કરવાની છું. એ તો કયારેક રસોઇ ઓછી પડે ત્યારની વાત છે."

"તું તો રોજ રસોઇ ઓછી બનાવે તો મારે શું કરવું?"

"મને રસોઇ બનાવતાં આવડે છે, સમજ્યાને!" સતી બોલી. "એ તો એકાદ વખતે ભૂલથી રસોઇ ઓછી બની જાય. રોજ રોજ તે એમ બનતું હશે?"

"રસોઇ વિષેનું તારૂં જ્ઞાન તો અગાધ છે, સતી." ઋષભદત્ત બોલ્યો. "તેને માટે આજનો દાખલો પણ કયાં ઓછો છે? હમણાં જ પરિક્ષા થઇ જશે. હજી તેં ચૂલો તો ચેતાવ્યો નથી. આજે જ ખબર પડી જશે કે, તારા હાથે રસોઇ ઓછી બને છે કે નહિ. મને ખાત્રી છે કે આજે ત્તારા હાથે રસોઇ ઓછી જ બનવાની."

"હાથના કંકણને આરસીની જરૂર શી છે?" સતી ફૂલાઇ જતાં બોલી. તેને સમજ પડી નહિ કે, આ રીતે મને મૂર્ખ બનાવીને

મારા પતિ આજે દરેકનું પેટ ભરાઇ શકે તેટલી ભરપૂર રસોઇ બનાવરાવવા માગે છે. "જુઓ હમણાં જ ચૂલો ચેતાવીને જોતજોતામાં રસોઈ બનાવી નાંખું છું. પછી જોઇએ કે, આપણા બંનેમાં સાચું કોણ પડે છે અને ખોટું કોણ પડે છે."

"મને ખાત્રી છે કે, હું જ સાચો ઠરીશ."

"કદિ નહિ. આજે તો હું જ સાચી ઠરીશ."

"જોઇએ હવે."

"જુઓ, હમણાં જ ચૂલો ચેતાવીને રસોઇની તૈયારી કરૂં છું."

—કહીને સતી તરત જ રસોડામાં ગઇ.

ઋષભદત્તે છૂટકારાનો દમ ખેંચ્યો.

[ ૧૦ ]

## ☆ વ્યાખ્યાન ☆

સૂર્યોદય થઇ ગયો હતો. સૌ સ્નાનાદિ કાર્યથી પરવારી ગયાં હોય એમ પોતપોતાના કામે લાગી ગયાં હતાં. સ્ત્રી, પુરૂષ કે બાળકમાંનું કોઈ પણ આળસુ હોય એમ લાગતું નહોતું. ભક્તજનો દેવમંદિરોમાં જઇને દેવદર્શન અને પૂજાદિ કાર્યમાં ગુંથાઇ ગયા હતા.

ધાર્મિક લાગણી સૌ કોઇમાં હોય છે, પછી તે ઓછા પ્રમાણમાં હોય કે વધુ પ્રમાણમાં હોય. અને સ્વાભાવિક છે કે, તેવી લાગણી હોવી જ જોઇએ.

ધર્મ એ જીવનમાં, સમાજમાં અને જગતમાં હોવો જ જોઇએ. ધર્મીજનોના પ્રતાપે-પુણ્યે પાપીજનો પોષાતા હોય છતાં ધર્મીજનોની જરૂર છે. સૂકા સાથે લીલું બળે અને પુષ્પની સંગે દોરો પણ મસ્તકે ચઢે અને પ્રભુના ગળામાં સ્થાન પામે, એ હંમેશાં બનતું જ આવ્યું છે.

કેટલાક દિવસથી એક મુનિરાજ રાજગૃહિ નગરીમાં પધાર્યા હતા. તેમનું વ્યાખ્યાન રોજ સવારે નિયમીત રીતે થતું. જૈનો ઉપરાંત જૈનેતર પણ તેમાં ભાગ લેતા. વ્યાખ્યાન આપવાની તેમની પદ્ધતિ એટલી બધી સરળ અને સહેજે સમજાય તેવી હતી કે, નાનાં મોટાં સૌ સમજી શકતાં અને તેમાં તેમને રસ પડતો. ધર્મ પર અપાતાં

વ્યાખ્યાન વખતે તે સમાજના પણ કેટલાક ઉપયોગી દાખલાઓ આપતા. તે કારણે જૈનતરોની પણ હાજરી મોટા પ્રમાણુમાં રહેતી.

વ્યાખ્યાન–ભાષણુ આપવું અને તે સામા માણુસના મગજમાં ઠસાવવું એ વાત નાનીસૂની નથી. સચોટ દાખલાઓ સાથે તે લોકોના મગજમાં ઉતારવું જોઇએ. બને ત્યાં સુધી તો તેમાં કોઇપણુ પ્રકારની શંકા જ ન ઉદ્ભવવી જોઇએ. પરંતુ કદાચ કોઇને શંકા ઉદ્ભવે અને તે પ્રશ્ન કરે તો તેના પર ગુસ્સે ન થવું જોઈએ. તેના પ્રત્યે મન ઉંચું ન થવું જોઇએ. તેના પ્રશ્નનું નિરાકરણુ કરવું જોઇએ. તે સમજી શકે તેવી રીતે તેને ફરીથી સમજાવવું જોઇએ.

સામી વ્યક્તિ પર જેની પ્રતિભા પડી શકે છે, તે જ સાચા વ્યાખ્યાતા બની શકે છે. પોતે પોતાના જીવનમાં–આચરણુમાં જે જે કર્તવ્યો–કર્મો ઉતાર્યાં હોય, તેનો ઉપદેશ સામાને આપવામાં આવે તો જ તેનો સચોટ ઉપયોગ થઇ શકે. નહિ તો પોતે રાત્રિભોજન[1] કરવું અને બીજાને કહેવું કે, રાત્રિ–ભોજનનો ત્યાગ કરો. પોતે કંદ-મૂળ ખાવાં અને બીજાને કહેવું કે, તેનો ત્યાગ કરો. પોતે પાપ, અનાચાર અને હિંસાના માર્ગે જવું અને બીજાને કહેવું કે, પાપ એ અત્યંત બૂરી વસ્તુ છે, તેનો ત્યાગ કરો. અનાચાર તરફ તો દૃષ્ટિ પણુ ન કરવી. હિંસાનું તો નામ પણુ ન ઉચ્ચારવું. એવા પોતાના આચ-રણુમાં મૂકાયા વિનાના ઉપદેશને કોણુ સ્વીકારે? તેનો ઉપયોગ પણુ કેટલો થાય?

પોતાના જીવનમાં ઉતાર્યા પછી બીજાને ઉપદેશ આપનારા માણુસો બહુ જ ઓછા હોય છે અને જે હોય છે તે મહાન–અમર બની જાય છે.

તેવા એક મુનિ કેટલાક સમયથી નગરમાં પધાર્યા હતા. લોકોની ભીડ જામી હતી. આજે તેમના વ્યાખ્યાનનો છેલ્લો દિવસ હતો. આવતી કાલે તે વિહાર[2] કરવાના હતા.

૧ રાત્રે જમવું ૨ પ્રવાસ–એક સ્થળેથી બીજે સ્થળે જવું.

અસંખ્ય માનવ મેદની વચ્ચે તે શુદ્ધ શબ્દોનું ઉચ્ચારણ કરતાં વ્યાખ્યાન આપી રહ્યા હતા.

"માનવી અવતાર દેવોને પણ દૂર્લભ મનાય છે. છતાં તે દૂર્લભ વસ્તુ પ્રાપ્ત થયા પછી પણ પ્રાપ્ત કરનારને તેની કંઇ જ કિંમત ન હોય તેમ તે વર્તતો હોય છે. માનવજીવન સાથે તે ગમે તેવા ખેલ ખેલતો હોય છે. ખેલ ખેલવામાં ને ખેલવામાં તે અજ્ઞાની રહી જાય છે. જ્ઞાની બનવાની ઇચ્છા હોવા છતાં આળસ રૂપી દુશ્મન તેને પોતાની જાળમાં જકડી રાખે છે. તે જાળમાં જકડાયેલો માનવી નિર્બળ મનનો હોય છે. પરંતુ પોતે નિર્બળ મનનો નથી, એમ જગતને બતાવવા માટે તે જ્ઞાની હોવાનો ખોટો ઢોંગ કરે છે. પોતે સમજતો હોય છે કે, હું ઢોંગ કરૂં છું. આ ઢોંગ લાંબો સમય ચાલવાનો નથી. છતાં તેનાથી તે માર્ગે પાછું વળી શકાતું નથી.

કોઇ મિથ્યાત્વી જ્ઞાનનો ડોળ કરીને જગતને ઠગવાનો પ્રયત્ન કરતો હોય, તો તેને તેની ભૂલ સમજાવવી જોઇએ, એમ હું તમને ઘણી વખત કહેતો આવ્યો છું. તેમ કહેવાનું કારણ એ છે કે, તે જે માર્ગે વળ્યો હોય છે, તે માર્ગેથી પાછા વળવાની તેની ઇચ્છા હોવા છતાં તે પાછો વળી શકતો નથી. તેનું મુખ્ય કારણ તેનામાં તેટલી નિર્બળતા હોય છે. તે નિર્બળતા ટાળવા માટે તેને તાડનની નહિ પરંતુ સમજાવટની જરૂર હોય છે. પરંતુ તેને સમજાવનાર પણ જ્ઞાની હોવો જોઇએ. કારણ કે તેવા માણસને સમજાવવો એ નાનીસૂની વાત નથી. તે માણસને પણ જ્ઞાની બનાવવાનો હોય છે. છતાં, એક વાત ખાસ ધ્યાન રાખવાની છે કે, જ્ઞાનીનો માર્ગ બહુ સુલભ છે. તો એ તેને પામવામાં મુશ્કેલ નહિ પરંતુ દુર્લભતા હોય છે. એ માર્ગ વિકટ નથી પણ તેને પામવામાં વિકટતા સમાયેલી છે. સરળ દૃષ્ટિએ જોઇએ તો તે સરળ છે—સીધો છે—સામાન્ય છે.

એ સામાન્ય છતાં દૂર્લભ માર્ગને શોધી કાઢવા માટે જ્ઞાની

ગુરૂની આવશ્યકતા હોય છે. જેને તેવા જ્ઞાની ગુરૂ મળી રહે છે તેને તે માર્ગ જલ્દી મળી જાય છે. જ્ઞાનીના જ્ઞાન ચક્ષુઓ વડે શિષ્યને માર્ગમાંના કંટકો–સંકટો જોવાનું જાણવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ જ્ઞાન પ્રાપ્ત થવાનું મૂળ જોઇએ તો જ્ઞાની ગુરૂનો મેળાપ–તેમની કૃપા દ્રષ્ટિ છે.

જ્ઞાનીની આવશ્યકતા ડગલે ને પગલે ભાસતી હોય છે. જ્ઞાની વિના માર્ગ જડવો મુશ્કેલ હોય છે. અંધ માનવીને જેમ લાકડીની આવશ્યકતા હોય છે–તેને દોરનાર એક માનવીની આવશ્યકતા હોય છે. તેમ અજ્ઞાનીને જ્ઞાનીની આવશ્યકતા હોય છે.

આ જગત ગમે તેવું સરળ, સારૂ, નિર્વિઘ્ને વહ્યું જતું હોય છે–વહ્યું જતું ભાસતું હોય તો પણ તે ભાસ ખોટો છે. મિથ્યા છે. આ જગતમાં ડગલે ને પગલે ખાડાટેકરા છે. તેને પસાર કરવા એ નાની–રમતની વાત નથી. સારા–નજરે જોઇ શકનારા માણસો પણ ખાડાટેકરાને પસાર કરતાં કરતાં કોઇ કોઇવાર લથડી પડે છે–પડી જાય છે, ત્યાં આ તો જ્ઞાન વિનાના અંધ માનવીઓની વાત છે. આ જમીન પરના માટીના ખાડાટેકરા જેવા એ ખાડાટેકરા નથી. એ ખાડાટેકરા તો વિકટ છે. તેને પસાર કરવા એ અતિ મુશ્કેલ છે.

માટે જ્ઞાની પુરૂષોની આવશ્યકતા હોય છે. તેમની પાસેથી ઘણું નવું જાણવા મળે છે. જે જાણતા હોઇએ, તે વિસ્તારથી જાણવા મળે છે. જે વિસ્તારથી જાણતા હોઇએ, તેનાં આંતરિક તત્ત્વો જાણવા મળે છે.

જે જાણતા હોઇએ છીએ, તેનાં મૂળ, તેનાં આંતરિક તત્ત્વો ન જાણતા હોઇએ, તો જે જાણતા હોઇએ તે ન જાણતા હોવા બરાબર છે. જે વસ્તુ જાણવી જરૂરી હોય તે અવશ્ય જાણવી જોઇએ. પરંતુ તે જાણવી જોઇએ એનો અર્થ એ નથી થતો કે માથા પરથી ભાર ઓછો કરવો અગર એક પ્રકારની વેઠ કાઢવી.

જે આપણે જાણવા માગીએ છીએ તે આપણા પોતાના માટે જ. જ્યારે જે આપણા પોતાના માટે માગીએ છીએ–જાણવા–તેની વેઠ શા માટે કાઢવાની હોય?-તેને તો પોતાનું જાણીને–માનીને સંપૂર્ણ-પણે ખરા દિલથી ગુહ્યાર્થ સાથે સમજી લેવું જોઇએ. તેને પોતાના જીવનમાં ઉતારવું જોઇએ. પોતે તેમાં તન્મય બની બીજાને તેનો લાભ આપવો જોઇએ. જેમ દરેક બાબતમાં સ્વાર્થ ત્યાગવાની જરૂર છે તેમ અહીં પણ પરોપકારી બનવાની જરૂર છે.

જ્ઞાન એ વસ્તુ જગતની બીજી વસ્તુઓ કરતાં જુદા જ પ્રકારની વસ્તુ છે. દરેક વસ્તુ જેમ જેમ વપરાતી જાય છે તેમ તેમ તે ઘટતી જાય છે-ઘસાતી જાય છે, જ્યારે જ્ઞાનને જેમ વાપરવામાં આવે. તેનો ઉપયોગ વધારે કરવામાં આવે તેમ તે વધતું જાય છે. તેનો વિકાસ થાય છે. તેમાં વૃદ્ધિ થાય છે.

જેમ જ્ઞાનનું છે તેમ જ્ઞાનીનું છે. જ્ઞાની જેમ જેમ અજ્ઞાનીઓ માટે અંધની લાકડી બનતો જાય તેમ તેમ તેની મહત્તા વધતી જાય, તેની પ્રતિષ્ઠા વધતી જાય અને તેનું જ્ઞાન પણ વધતું જાય.

સાથે સાથે એક વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે, જ્ઞાનીનું જ્ઞાન ખોટા વાદવિવાદ માટે ન હોવું જોઇએ. લોકોને મૂર્ખ બનાવવા માટે ન હોવું જોઇએ. કોઇને અવળા માર્ગે લઇ જવા માટે–ચઢાવી દેવા માટે ન હોવું જોઇએ. કોઇ જ્ઞાન પિપાસુ માનવી જ્ઞાનીની શોધમાં ફરતો હોય અને તેને કોઈ એવો જ્ઞાની ભેટી જાય તો તે બિચારા અજ્ઞાનીની દશા બહુ જ કફોડી બની જાય. તે જેટલો અજ્ઞાની હોય તેનાથી વધુ અજ્ઞાની બની જાય. જે સ્થાને તે ઉભો હોય તે સ્થાનથી પણ નીચે ઉતરી જાય. નીચા સ્થાને ઉતરી ગયા પછી ઉંચા સ્થાને આવવું તેના માટે મુશ્કેલ બની જાય અર્થાત્ તેનું પતન થાય છે.

ભ્રમ જાળના તાંતણે ગુંથાયેલો આ સંસાર બહુ જ કુશળતાથી તરવાનો હોય છે એ તાંતણા બહુ જ બારીક અને નાજુક હોય છે.

તેની સાથે બળથી કામ લેવાનું હોતું નથી. ત્યાં તો કળની જરૂર હોય છે. એ ભ્રમ જાળથી ગુંથાયેલા સંસારમાં અનેક નાની નાની ભ્રમ–જાળો હોય છે. એ બધી ભ્રમ જાળોને ઓળખવાની અને તેમાંથી છટકવાની જરૂર હોય છે.

માનવીનું મન–માનવી પોતે એક પ્રકારની ભ્રમજાળમાં ફસાયેલ હોય છે તેનું તેને જ્ઞાન હોતું નથી. જ્ઞાન હોય છે છતાં તેમાંથી તેને માટે છટકવું મુશ્કેલ થઈ પડે છે. જો તે મજબૂત મનનો બને તો અવશ્ય છટકી શકે.

મજબૂત મનના બનવું એટલે જ આત્મશ્રદ્ધા કેળવવી. જેનામાં આત્મશ્રદ્ધા છે તે ગમે તેવાં સંકટોનો સામનો કરી શકે છે. ગમે તેવી ભ્રમ જાળોને વીંધી શકે છે. નિર્લેપપણે તેમાંથી છટકી શકે છે.

પરંતુ એ આત્મશ્રદ્ધા......!

આત્મશ્રદ્ધા કેળવવી એટલે લોખંડના ચણા ચાવવા બરાબર છે. વાત વાતમાં એ કેળવી શકાતી નથી. ગમે તેવા સંજોગોમાં–પ્રસંગોમાં–સંકટોમાં તેમાંથી ચલિત થવું ન જોઈએ. આત્મશ્રદ્ધા કેળવનાર સહેજે સંસાર તરી જાય છે. માનવ જીવન સફળ કરી જાય છે. પોતાના જીવનને ધન્ય બનાવી જાય છે.

સાથે સાથે એક વાત લક્ષમાં રાખવાની છે કે, દરેકે દરેક વિષયમાં ધર્મને સ્થાન હોવું જોઇએ. જ્યાં ધર્મ નથી ત્યાં જ્ઞાન નથી, આત્મશ્રદ્ધા નથી, તરવાની કે તારવાની શક્તિ નથી. ધર્મને પગલે પગલે દરેક વસ્તુ પવિત્ર બનતી જાય છે, ને અધર્મને પગલે પગલે દરેક વસ્તુ અપવિત્ર બનતી જાય છે.

અહીં પ્રારબ્ધ અને પુરૂષાર્થ: એ બંને શબ્દોને સમજવાની જરૂર છે. પુરૂષાર્થ કર્યા સિવાય પ્રારબ્ધની ખબર ન પડી શકે. અને પ્રારબ્ધ પર આધાર રાખીને બેસી રહેવાથી પુરૂષાર્થનો મહિમા પણ ન સમજાય. એટલે એક વાત સહેજે નક્કી થાય છે કે, બંને એક

બીજા સાથે સંકળાયેલાં છે. કદાચ કર્મ કરવા છતાં પરભવના સદ્‌-કર્મના અભાવે આ ભવે પ્રારબ્ધમાં ન હોવાથી શુભ ફળ ન મળે, તો એમ માનવું નહિં કે, કર્મનું ફળ-કર્મ એળે ગયું છે. પુરૂષાર્થનું ફળ-કર્મનું ફળ કદિ પણ વ્યર્થ જતું નથી. મોડું કે વહેલું તે મળ-વાનું જ છે, પછી તે સારૂં હોય કે ખોટું. પુરૂષાર્થ સારા માર્ગે વળ્યો હશે તો ફળ શુભ મળશે અને અવળા માર્ગે વળ્યો હશે તો ફળ અશુભ મળશે. પરંતુ ફળ મળશે, એ વાત તો નિર્વિવાદ છે.

હવે એક વાત એ રહી કે, પાપી, દુર્જન, અવિચારી, અનીતિ-માન અને હિંસાવાદી માનવીઓ સુખી શા માટે જણાય છે? આનંદ શા માટે માણતા હોય છે? અઢળક લક્ષ્મી વચ્ચે શા માટે રાચતાં-નાચતાં હોય છે?

—અને પુણ્યવાન, સજ્જન, વિચારશીલ, નીતિવાન અને અહિંસાને અનુસરનારા પ્રમાણિક માનવીઓ દુઃખી શા માટે જણાતા હોય છે?—જો પાપ, અનાચાર, હિંસા વિગેરે અમાન્ય-અયોગ્ય હોય અને અહિંસા, સત્ય, નીતિ વગેરે સાચાં હોય, તેને જીવનમાં ઉતાર-વાની આવશ્યકતા હોય તો તે બંનેનાં વિરૂદ્ધનાં ફળ જે લોકો શા માટે ભોગવતા હોય છે? શું સારાં ખોટાં કર્મોનાં ફળ આ ભવે નથી મળી શકતાં?—એ શંકા સ્વભાવિક રીતેજ લોકોના—કાચા મનના માનવીઓના મનમાં આવી જાય છે. અને તે શંકાને કારણે કોઇ કોઇ વાર તે લોકો તાત્કાલિક સુખના મોહે અનીતિ, અનાચારના પંથે વળે છે. તેનું મુખ્ય કારણ એ છે કે, સદ્‌કર્મોનાં શુભ ફળ વિષે તેમને શ્રદ્ધા હોતી નથી, ને એ શ્રદ્ધા-આત્મશ્રદ્ધા જ્યાં સુધી ન હોય ત્યાં સુધી ધારેલા કાર્યમાં અને ઇચ્છીત વસ્તુ મેળવવામાં યશ મળતો નથી.

અને બીજી વાત એ છે કે, આ ભવે સદ્‌કર્મો કરનાર અને નીતિથી ચાલનારને સંકટોમાંથી પસાર થવું પડે છે, એનું કારણ એ કે, તેમનાં પૂર્વ ભવનાં કર્મોનુ ફળ તે ભોગવી રહ્યા હોય છે. જ્યાં સુધી

તે ફળ પૂરેપૂરૂં ભોગવાઇ જાય નહિ ત્યાં સુધી તેમને તેવાં સંકટોમાંથી પસાર થવું જ પડે છે, તેમાં કોઇનો ઉપાય ચાલતો નથી. મહાપુરૂષોને અને દેવોને પણ તે ભોગવવું પડે છે. બાંધ્યાં કર્મો છૂટી શકતાં નથી. જે કર્મો હસતાં હસતાં બંધાય છે તે કર્મો રડતાં રડતાં પણ છૂટી શકતાં નથી. એજ પ્રમાણે અત્યારે અનીતિ અને અનાચારના માર્ગે જીવન વીતાવી રહેલા માણસો સુખી જણાતા હોય છે, તેનું કારણ પણ એવું જ છે. તેમનાં પરભવનાં સદ્દકર્મોનું સુખ તેઓ ભોગવી રહ્યા હોય છે. જ્યારે તે ફળ પૂરૂં થશે ત્યારે આનંદ માણુતા તે પાપીજનો દુ:ખની ઊંડી ગર્તામાં ધકેલાઇ જશે, તે સમયે તેમને ભાન થશે કે, અનીતિ, અનાચાર, હિંસા અને તેવાં દુષ્કૃત્યો કોઇ દિવસ કોઇનો ઉદ્ધાર કરી શકતાં નથી. જ્યારે તે તેટલું સમજવાને શક્તિમાન થશે ત્યારે આપોઆપ તેમને સદ્દબુદ્ધિ સૂઝશે. સદ્દકર્મો કરવાની પ્રેરણા થશે તે સન્માર્ગે વળશે. તેમાંથી તેનામાં જ્ઞાન પ્રકટશે. એ જ્ઞાન જેવું તેવું નહિ હોય.

તે જ્ઞાન એટલે આત્મજ્ઞાન. આત્મજ્ઞાનનો પ્રકાશ ગમે તેવા અજ્ઞાનના અંધકારને ભેદી શકે છે. તેનામાં તે શક્તિ હોય છે. અજ્ઞાની જનો આપોઆપ તેના તરફ આકર્ષાય છે અને પોતાનામાં રહેલા અજ્ઞાનને ટાળીને જ્ઞાનામૃતનું પાન કરે છે. પોતાની ઉન્નતિ સાધી લે છે.

કોઈ કહેશે કે. પુણ્યાત્માઓના સદ્દકર્મથી જ વરસાદ વરસે છે, એમ લોકો કહે છે, તો પાપીઓને તેનો લાભ શા માટે મળે છે? જો પાપીઓને પણ લાભ મળતો હોય તો પુણ્યાત્માઓ પણ પાપ કરતા ન થાય?

—અલબત્, સદ્દકર્મથી લાભ-કામચલાઉ લાભ મળતો ન જણાય અને પાપીજનો લીલાલહેર કરતા દેખાય તો ટૂંકી દષ્ટિવાળા માનવીઓ પાપીજનોને અનુસરવાને લલચાય એ સ્વાભાવિક છે. પરંતુ જો લલચાનારા માનવીઓમાં અને ન લલચાનારા માનવીઓમાં જો ફરક ન હોય તો ન લલચાનારા માનવીઓની કિંમત

ક્યાંથી અંકાય? જો અંધકાર ન હોય તો તેજ–પ્રકાશનું મહત્ત્વ ક્યાંથી હોય? દુર્જનો જો જગતમાં ન વસતા હોય તો સજ્જનોની કિંમત ક્યાંથી સમજાય? જો માનવીને માથે દુઃખ ન આવતાં હોય તો માનવ સુખનું મહત્ત્વ સમજી શકે ખરો?

—માટે જ્યાં સુખ હોય ત્યાં દુઃખ હોય–પછી તે આંતરિક હોય કે બાહ્ય હોય, જ્યાં તેજ હોય ત્યાં છાયા હોય જ્યાં સજ્જન હોય ત્યાં દુર્જન પણ હોય, જગતમાં વસતા માનવીઓમાં પશુ પક્ષી કરતાં વધારે બુદ્ધિ–સમજશક્તિ હોય છે. તે કારણે તે પશુ પક્ષીઓ પર પ્રભુત્વ જમાવી શકે છે. એટલું હોવા છતાં માનવી પાપ કરતાં અચકાતો નથી. કારણકે તેને ક્ષણિક સુખ આકર્ષતું હોય છે. તેનામાં વિશેષ બુદ્ધિ હોવા છતાં તે પશુ કરતાં પણ નીચો ઉતરી જાય છે.

તત્કાળ મળનારૂં ક્ષણિક સુખ ભોગવવા માટે જે લોકો તૈયાર થાય છે. તે લોકો પોતાનું ભાવિ ભૂલી જાય છે. તેમને ખ્યાલ હોતો નથી–રહેતો નથી કે, એ ક્ષણિક સુખ સદાનું કે ભવિષ્ય માટેનું નથી. જેમ પરભવનાં કર્મોનાં ફળ આ ભવે ભોગવવાં પડે છે તેમ આ ભવના ફળ આવતા ભવે ભોગવવાં પડશે, પરભવમાં સદ્કર્મોનાં ફળ સદાને માટે મળ્યા જ કરવાનાં નથી. તેની મુદ્દત પૂરી થતાં તે પૂરાં થશે.

જેમ જેમ જે વસ્તુનો વપરાશ થતો જાય છે. તેમ તેમ તે જીર્ણ થતી જાય છે. કાયાને વધારે ઘસવામાં આવે–દમવામાં આવે તો તે જીર્ણ થતી જાય છે કર્મો જેમ જેમ વધારે વપરાતાં થતાં જાય છે તેમ તેમ તે જીર્ણ થતાં જાય છે. એટલે એટલું ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, કાળના વહેવા સાથે અને કર્મો ભોગવાતાં સાથે તેના ફળનો પણ અંત આવે છે. તે સમયે પૂર્વભવનાં સદ્કર્મોનું સારૂં ફળ ભોગવવામાં મશ્ગુલ બનેલા કેટલાક માનવીઓ સારા‑સારનો વિચાર કર્યા વિના અનાચાર, અસત્ય, હિંસા વગેરે પ્રકારના માર્ગે જઈને કુકર્મોનાં બંધ બાંધી ચૂક્યા હોય છે, તેનું તેમને ભાન થાય છે તેમની અજ્ઞાનતા તેમને સાલવા માંડે છે–જ્ઞાનની આવશ્યકતા

ભાસે છે. ગુરૂનું શરણુ શોધવા માંડે છે. બાંધેલા કર્મોનો પસ્તાવો કરવા લાગે છે, પરંતુ...!

તે બધું વ્યર્થ હોય છે. બાંધ્યાં કર્મો કદિ પણ ભોગવ્યા વિના ચાલતું નથી. હસતાં હસતાં બાંધેલાં કર્મો ગમે તેટલું રડવા છતાં અને પસ્તાવો કરવા છતાં છૂટતાં નથી. તે તો ભોગવ્યે જ છૂટકો, તેમાં કોઇ ભાગીદાર થતું નથી કે કોઇને ભાગીદાર બનાવી શકાતું નથી.

જગતનો માનવી જગત છોડીને ચાલી જતાં સારાં નરસાં કર્મોને જ સાથે લઈ જઈ શકે છે. તે વિના તેની સાથે કંઈ જ જઈ શકતું નથી. સગાંવહાલાં કે વૈભવ અહીંનો અહીં જ રહે છે. સ્મશાનભૂમિ સુધી આવેલા માનવીઓ–મિત્રો–સંબંધીઓ મૃતદેહને બાળવા સિવાય બીજો કોઈ પણ પ્રકારનો સાથ આપી શકતા નથી. કદાચ થોડું સૂવર્ણ કે એકાદ હીરો મૃતદેહ પર રહી ગયો હોય તો પણ તે કાઢી લે છે.

એવાં સ્વાર્થી સંસાર કે સંસારીઓ પાછળ ઘેલા બનવું, તે એક પ્રકારની મૂર્ખાઈ છે. એ મૂર્ખાઈનો ત્યાગ કરીને પ્રત્યેક માનવીએ સત્ય, અહિંસા, સદાચાર, નીતિ ધર્મ વગેરેને અપનાવી લેવાં જોઇએ. તે માર્ગે ચાલિને આત્મોન્નતિ સાધી લેવી જોઇએ. આવતો ભવ સુધારી લેવો જોઇએ.

સુખ દુ:ખના છાંયા તો આવ્યા જ કરવાના તેનાથી કોઈએ ડરવાનું ન હોય. તેવી ભીરૂતાને ત્યાગનાર જ મહાન બની શકે છે."

...અને આગળ મુનિશ્રીએ થોડો સમય વ્યાખ્યાન આપ્યા પછી તેની પૂર્ણાહૂતિ કરતાં નવકાર મંત્ર ઉચ્ચાર્યો.

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**

**એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપણાસણો;**
**મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં.**

૧૧ ]

## ☆ અણુધાર્યો મેળાપ ☆

લોકો વ્યાખ્યાનમાંથી ઉઠીને પોતપોતાના ઘેર જવા નીકળ્યા. ત્યાં કેટલાક ભાવિકજનોએ પ્રભાવના કરવા માંડી હતી. કોઇક બદામની લહાણી કરતું હતું તો કોઇક શ્રીફળની લહાણી કરતું હતું.

એક પછી એક બહાર નીકળતા માનવીઓ પ્રભાવના લેતા અને આજુબાજુમાં ઉભા રહીને મુનિશ્રીના ગુણગાન ગાતા.

સૌની પાછળ આઠેક વરસનો છોકરો પ્રભાવના લઇને બહાર નીકળ્યો. તેના ચહેરા પર ભયની લાગણીઓ હતી. આજુબાજુ જોતો અને બને તેમ જલ્દી અહીંથી જતું રહેવાય તેમ, તે ઝડપભેર પગ ઉપાડવા લાગ્યો. પરંતુ ગમે તેમ તો પણ તે બાળક હતો. તેનાથી કેટલું ઝડપથી ચાલી શકાય?

—અચાનક તેના કાને કોઇનો અવાજ સંભળાયો.

"કેમ, ભાઈ! આટલા દિવસ તું ક્યાં હતો? બિલકુલ દેખાયો પણ નહિ?"

"અહીંજ છું, કાકા." ગભરાતો ગભરાતો તે બોલ્યો. તેને લાગ્યું કે, જરૂર આ વખતે આ માણસ મને લઢશે. કારણ કે, હું બ્રાહ્મણનો દિકરો છું. અહીં તો જૈનોની પ્રભાવના છે. હવે આવી જ બન્યું.

"પણ આમ ગભરાય છે શા માટે? ચાલ, મારી સાથે ચાલ." તે માણસે તે બાળકનો હાથ પ્રેમથી પકડીને કહ્યું.

"બાળકને કાંઈ શાંતિ વળી. તેને લાગ્યું કે, હવે આ માણસ નહિ લઢે. ભગવાને એને કેટલો બધો સારો બનાવ્યો છે! એ વખતે પણ મને પેલો ખરાબ માણસ મારતો હતો ત્યારે એણે બચાવી લીધો હતો. દુકાનમાં લઈ જઈને ચણા આપ્યા હતા. આજે પણ કેટલો બધો વ્હાલથી બોલાવે છે! મારા પિતાજી પણ આટલા બધા સારા છે, પણ મારી માતાજીની બ્હીકે બિચારા મને લાડ લડાવી શકતા નથી.

"પછી આવીશ કાકા!" બાળક બોલ્યો.

"ના, હમણાં જ ચાલ. ત્યાં થોડો નાસ્તો કરીને ઘેર જજે."

"પણ મને મોડું થશે."

"નહિ થાય. હમણાં જ આપણે પહોંચી જઈશું."

—અને બંને ચાલવા લાગ્યા.

"તારૂં નામ શું, ભાઈ?" તે માણસે પૂછ્યું.

"અમરકુમાર." મધુર વાણીથી તે બાળકે પોતાના નામનું શુદ્ધ ઉચ્ચારણ કર્યું.

"બહુ જ સરસ નામ છે."

"અને તમારૂં નામ શું કાકા?" અમરકુમારે પૂછ્યું.

"મારૂં નામ વિમળશા." તે માણસે પોતાનું નામ જણાવ્યું.

"તમારૂં નામ પણ ક્યાં ખરાબ છે?"

"નામ તો સારૂં છે. હું ક્યાં ના કહું છું!"

"તમારા નામ પ્રમાણે તમારામાં ગુણ પણ છે."

"એ તો બધામાં હોય, અમર."

"બધા માટે એમ નથી હોતું, કાકા!"

"બીજાની વાત છોડી દઈએ. પણ આપણા બંને માટે તો સાચી છે."

"તમારા માટે તો સાચી છે પણ મારા માટે તો શી રીતે કહેવાય?"

"કેમ નહિ? જો, તારૂં નામ અમરકુમાર છે, તું અમર જ થવાનો."

"દુનિયામાં કોઇ અમર થયું છે, કાકા?"

"કેમ નથી થયું?—ઘણા લોકો થયા છે."

"જે જન્મ્યું તે મરવાનું જ ને?"

"જન્મે તે જીવવાનું તો ખરૂં જ. પરંતુ અમર થવું એટલે જીવતા રહેવું, એમ નહિ."

"ત્યારે?"

"અમર થવું એટલે પોતાની પાછળ પોતાનું નામ જીવંત રાખવું. આપણાં એવાં સારાં કર્મો હોવાં જોઇએ કે, આપણા મૃત્યુ પછી પણ જગત આપણને યાદ કર્યા કરે. ઇતિહાસમાં આપણું નામ હંમેશને માટે રહે."

"હજી તો હું નાનો છું કાકા!" અમરકુમાર બોલ્યો. "અત્યારથી તમે એમ કેમ માની લીધું?"

"તારાં લક્ષણથી. એ તો નાનપણથી જ મોટપણનાં ગુણ પરખાઇ આવે. બાલ્યકાળનાં લક્ષણ જ મોટપણની સાક્ષી પૂરતાં હોય."

"તમે તો બહુ ગ્નાની છો, કાકા!" અમરકુમારને વિમળશા બહુ ગ્નાની લાગ્યો.

"અને તું ક્યાં ઓછો ગ્નાની છે?" વિમળશા બાળક સાથે બાળક જેવો બનીને સાદી-રમતીયાળ ભાષા બોલવા લાગ્યો.

"હું તો હજી ભણું છું. ભણી રહ્યા પછી ગ્નાની થઇશ."

"ભણી રહ્યા પછી તો તું મોટો વિદ્વાન બનીશ."

"અને...અને.." એકદમ ગભરાઈ જઇને અમરકુમાર પોતાનું વાક્ય પૂરૂં કરી ન શક્યો.

"આમ કેમ થઈ ગયો? ગભરાઇ કેમ ગયો?" આશ્ચર્ય પામતા વિમળશાએ પૂછ્યું.

"પેલા...પેલા...!" અને તેમના તરફ આવતા માણસ તરફ

હાથ બતાવીને તે નાસવા લાગ્યો. તેને નાસતો અટકાવવા માટે તેનો હાથ પકડી લઇને વિમળશા બોલ્યો.

" તે તને નહિ મારે, અમર. તે તો બહુ જ સારા માણુસ છે."

" ના, કાકા ના. તે તો બહુજ ખરાબ છે. અહીં આવશે તો મને મારી નાંખશે. મને જવા દો. જુઓ, જલ્દી જલ્દી આવવા લાગ્યા છે."

—અને એકદમ જોરથી આંચકો મારીને પોતાનો હાથ છોડાવી લઇને અમરકુમાર એકદમ નાસી ગયો.

થોડીવારમાં જ શામળશા ત્યાં આવી પહોંચ્યો. તેણે વિમળશાને પ્રશ્ન કર્યો :

" કેમ વિમળશા, તે છોકરો એકદમ નાસી કેમ ગયો ?"

" તમને જોઇને." વિમળશા બોલ્યા.

" મને જોઇને ?" આશ્ચર્ય સાથે શામળશાથી પૂછાઈ જવાયું.

" હા, તમને જોઈ ને." વિમળશા બોલ્યા. " એક દિવસે તેને તમે મારેલો. આજે પણ તેને તે પ્રસંગ યાદ છે."

" પણ રોજ હું થોડો જ તેને મારવાનો હતો !"

" છતાં બાળક તો તેમજ માનતું હોય છે. એક વખતની ધાક તેના મનમાં કાયમનો વાસ કરી જાય છે. એક વખત જો તમે બાળકને છણકો કરશો તો તે હંમેશાં તમારાથી બીતો રહેશે. તેનું હૃદય કુમળું હોય છે, તેનું મન નાજુક હોય છે. આ વયમાં તેના મગજ ઉપર જે અસર થાય છે તે સદાને માટે રહી જાય છે. કુમળું ઝાડ અને કુમળું બાળક, એ બંનેને જેમ વાળો તેમ વળે અને તેમના પર જેવી અસર પાડો તેવી પડે."

" એને તમે જવા દીધો શા માટે ?"

" કેમ ?"

" મેં તેને તે દિવસે માર્યો હતો તે બદલ આજે મારે તેની ક્ષમા માગવી હતી. તે આનંદી–પ્રેમાળ બાળકને મારે પ્રેમથી રમાડવો

હતો. તમે તો તે દિવસે તેને ચણા ખવરાવ્યા પણ આજે મારે ઘેર લઈ જઈને તેને મારે મિષ્ટાન્ન ખવડાવવું હતું."

"છતાં તમારી ઈચ્છા પૂર્ણ ન થઇ શકી, ખરૂં ને!"

"તદ્દન ખરૂં." શામળશા બોલ્યો. "માણસની એક વખતની ભૂલ ઘણી વખતે સારાં કામોમાં પણ આડે આવે છે–વિઘ્નો નાંખે છે, તે આનું જ નામ હશે...!...બનવાનું હતું તે બની ગયું. હવે કોઇ વખતે તમારે ત્યાં આવે તો મને બોલાવજો."

"તમને જોશે એટલે તે ગભરાયા વિના નહિ રહે."

"પણ તે પહેલાં તમે તેને સમજાવજો. ગમે તેમ તો પણ બાળક છે. સમજાવશો તો તરત સમજી જશે. મારે પુત્ર નથી એટલે તેના તરફ વધારે વહાલ આવે છે. કેવો સુંદર અને સમજુ બાળક...! પ્રભુ તેને સુખી રાખે અને દીર્ઘાયુષી બનાવે."

—કહીને શામળશાએ પોતાના બંને હાથ જોડીને આકાશ તરફ દ્રષ્ટિ કરી. વિમળશાના મન પર પણ તેની અસર થઇ.

[ ૧૨ ]

# ☆ આશામાંથી નિરાશા ☆

શામળશાને પોતાના તરફ આવતો જોઇને નાસેલો અમરકુમાર પાછો વળીને જોવાની પણ હિંમત કરી શક્યો નહિ. તેના ખોળામાં બદામો વગેરે હતી, તેમાંની બે ત્રણ નીચે પડી ગઇ. તે લેવાની–ઉપાડી લેવાની પોતાની ઉત્કંઠાને પણ અનુસરી શક્યો નહિ. તેને લાગ્યું હતું કે, રાક્ષસ જેવો એ કાકો મારી પાછળ પાછળ આવતો હશે અને મને પકડીને મારી નાંખશે. બીજો કોઇ સમય કે પ્રસંગ હોત તો તે એક પણ બદામ રસ્તામાં પડેલી રહેવા દેત નહિ. પરંતુ આતો રાક્ષસકાકો. તે પાછળ પાછળ આવતો હોય અને પોતે તે જમીન પર પડેલી બદામ ઉપાડી લેવા ઉભો રહે, એ બને ખરૂં !

કેટલાક નજીવા પ્રસંગો બાળકોને માટે ભયંકર હોય છે. જીવનભર તેને–તેમને તે યાદ રહેતા હોય છે. બાળકોની સાથે પ્રેમભાવે વર્તવાની જે આવશ્યકતા હોય છે, તે આટલા માટે જ.

પિતાએ અને માતાએ પણ પોતાનાં સંતાનો પ્રત્યે બહુ જ શાંતિથી અને પ્રેમાળ પણે વર્તવું જોઇએ. માયાળુ પણે વર્તવાથી બાળકોના મન પર સારી અસર થાય છે. બાલ્યકાળથી માતાપિતા પ્રત્યે ઉત્પન્ન થયેલો સદ્‌ભાવ બાળકોના મનમાં તે મોટાં થાય છે તો પણ તેવો જ કાયમ ટકી રહે છે–બલ્કે તેથી પણ વધારે મજબુત

બને છે. જ્યારે તે સમજતાં થાય છે ત્યારે સદ્ભાવ ભક્તિ ભાવમાં ફેરવાઇ જાય છે.

તેથી ઉલટું, જે માતા પિતા બાલ્યકાળથી પોતાનાં સંતાનો પર ખોટો દાબ રાખવાનો પ્રયત્ન કરતાં હોય છે અને વિના કારણ ગરમ થઇને મોટેથી લઢે છે અગર મારે છે, તેનું પરિણામ સારૂં આવતું નથી. બાળકોના મનમાં માતા પિતા પ્રત્યે અણગમો ઉપજે છે. તે અણગમો આગળ જતાં તિરસ્કારના રૂપમાં ફેરવાઇ જાય છે. અંતે તે બાળકો મોટાં થયા પછી વૃદ્ધાવસ્થાએ પ્રવેશી ચૂકેલાં માતા પિતા પ્રત્યે બહુ દરકાર રાખતાં નથી. તે સમયે માતા પિતા પોતાના મનમાં દુઃખી થતાં હોય છે અને પોતાનાં જ સંતાનોનું બૂરૂં બોલતાં લોકોને કહેતાં ફરતાં હોય છે કે, 'છોકરાં બગડી ગયાં છે. લોહીનું પાણી કરીને અને રાત દિવસ જાગીને મોટાં કર્યાં અને આજે અમારી વૃદ્ધાવસ્થામાં અમારા તરફ નજર પણ કરતાં નથી.'

ખરી રીતે તે પોતે પોતાની ભૂતકાળની ભૂલ સમજી શકતાં નથી, બાલ્યકાળથી સંતાનોનાં મન જો પ્રાપ્ત કરી લીધાં હોય-હરી લીધાં હોય તો તેમને માટે તેવી દશા-તેવો પ્રસંગ આવે જ નહિ.

અમરકુમાર પોતાના ઘેર ગયો ત્યારે તેની માતા રાહ જોતી બેઠી હતી. કોઇ દિવસ નહિ ને આજે જ માતા શા માટે રાહ જોતી બેઠી હશે!

અમરકુમાર સહેજે સમજી શક્યો કે, હું કંઇ પણ લાવીશ, એમ માતાને ખાત્રી હતી.

આજ સુધી તે કોઇ દિવસ વ્યાખ્યાનમાં ગયો નહોતો. પોતે બ્રાહ્મણ હતો. જૈન ઉપાશ્રયમાં જવાનો પ્રસંગ તેને આવ્યો નહોતો. બાજુમાં રહેતાં છોકરાઓ ક્યારેક ક્યારેક શ્રીફળ, બદામ વગેરે લાવતાં. તે જોઇને અમરકુમારને ઉપાશ્રયમાં જવાનું મન થઇ આવતું. પરંતુ તેને માતાની ભયંકર ભીતિ હતી. પોતે જાય અને માતા જાણે તો માર પડ્યા વિના રહે નહિ.

પણ આજે તો માતાએ જાતે થઇને કહેલું: "અમર ! જો, બાજુનાં છોકરાંઓ સવારે ઉપાશ્રયમાં જાય છે ને, ત્યાં તું તેમની પાછળ પાછળ જઇને ત્યાં જે મળે તે લઇ આવજે. રોજ ત્યાં ખાવાનું મળે છે, તેમાંનું તને પણ ખાવા મળશે અને તારાં ભાઇ બહેનને પણ મળશે. માટે જવાનું ભૂલીશ નહિ —અને જો કદાચ એકાદ સૂવર્ણમુદ્રા મળે તો સાચવીને ઘેર લાવજે. ક્યાંય પાડી નાંખીશ નહિ. અથવા કોઇ ભોળવીને માગે તો આપીશ નહિ"

માતાના શબ્દો સાંભળીને અમરકુમારનું દિલ પ્રફુલ્લીત બની ગયું. પોતે કેટલાય દિવસથી ઉપાશ્રયમાં જવાનો વિચાર કરતો હતો, પણ સંજોગોની જરૂર હતી. આજે સંજોગો પ્રાપ્ત થયા. અનુમતીને બદલે આજ્ઞા મળી. પછી પુછવાનું શું હોય !

તે વ્યાખ્યાનમાં ગયો. તેને કોઇના સંગાથની જરૂર નહોતી. તે પહોંચ્યો ત્યારે ઉપાશ્રય ભરાઇ ગયો હતો. પોતે બહાર એક બાજુએ નાનકડી જાળી પાસે ઉભો રહીને અંદર જોવા લાગ્યો. જાળી વાટે અવાજ પણ સ્પષ્ટ આવતો હતો. પોતાને જેવું સ્થાન જોઇતું હતું, તેવું જ મળી ગયું. પોતે કોઇની નજરે પડે નહિ અને પોતાની ઇચ્છા પ્રમાણે જ્ઞાન પિપાસાને તૃપ્ત કરી શકે.

બાલ્યકાળથી તેનામાં પ્રભુભક્તિનો વાસ હતો. મુનિરાજનો એક એક શબ્દ તેનામાં નવચેતન આણતો હતો. પોતાને કોઇ જોઇ જાય નહિ; તેની કાળજી પણ તે રાખતો હતો. રખેને કોઇ જોઇ જાય અને પોતે બ્રાહ્મણ હોવા છતાં પ્રસાદ મેળવવા માટે અહીં આવ્યો છે એવું જાહેર થાય તો ?—એ પ્રશ્ને તે થોડો ગભરાતો પણ હતો.

વ્યાખ્યાનમાંનો થોડો ભાગ તે સમજી શક્યો હતો. કેટલોક તેનાથી સમજી શકાયો નહોતો. તે ગમે તેટલો સમજુ હોવા છતાં તેની ઉંમરના પ્રમાણમાં તેટલું જ્ઞાન તેનામાં ન હોઇ શકે, એ સ્વભાવિક હતું. વ્યાખ્યાનને અંતે મહારાજ સાહેબે જ્યારે નવકારમંત્ર

સ્પષ્ટ રીતે ઉચ્ચાર્યો ત્યારે તેને તેમાં વધુ રસ પડ્યો. પરંતુ એક જ વખત સાંભળવાથી તે કંઠસ્થ થઇ શકે, એ તો તદ્દન અસંભવિત જ હતું.

નવકારમંત્રનું ઉચ્ચારણ પૂરું થતાં હાજર રહેલા સર્વજનોએ સાહેબના નામની જય બોલાવી. એક પછી એક જઇને ભક્તિભાવે તેમના ચરણનો સ્પર્શ કરવા લાગ્યા. બધાનું અનુકરણ કરવાની ધગશ કરતાં ભક્તિભાવની ધગશવાળા અમરકુમારને ચરણસ્પર્શ કરવાની ઇચ્છા થઇ આવી. તેણે પગ ઉપાડયા. વિનાસંકોચે દરવાજા સુધી પહોંચી ગયો પરંતુ...ત્યાંજ તેના પગ થંભી ગયા.

અંદર સંખ્યાબંધ માણસો હતા. તેમાંનું કોઇ જ તેને ન ઓળખી શકે, તે અસંભવીત હતું. એકાદ જણ તો ઓળખનારૂં નીકળી જ આવે. અને જો તેમ બને તો...!

તે વિચારે તે આગળ વધતો અટકી ગયો.

એટલામાં લોકો બહાર નીકળવા લાગ્યા. બહાર કેટલાક લોકો બદામ, શ્રીફળ વગેરેની લહાણી કરતા ઉભા હતા, સહુના નીકળી જવા પછી અમરકુમાર પોતાનું મોં નીચું રાખીને લહાણી લીધી. પાસે લોકોની પેઠે કપડાનું બીજું સાધન ન હોવાથી ખોળામાં લીધી. તેને લાગ્યું કે, હવે બધું પતી ગયું. જે ધાસ્તી હતી તે નાશ પામી. પોતાને કોઇ ઓળખી શકયું નહિ. આવતી કાલે પણ આજની જગાએ જ ઉભા રહેવાનું અને સૌની પાછળ લહાણી લેવાનો તેણ નિર્ણય કરી લીધો.

પરંતુ તેની એક ધારણા ખોટી પડી. તેણે માની લીધેલું કે, પોતે કોઇ પણ ઓળખીતાની નજરે પડયા સિવાય સહિસલામત ઘેર પહોંચી જશે. પરંતુ વિમળશાની દૃષ્ટિ તેના પર પડી. વિમળશાએ તેણે બોલાવ્યો. એક વખત તો તેને એમ થયું કે, પોતે કંઇ ન જાણતો હોય તેમ-પોતે સાંભળ્યું ન હોય તેમ જલ્દી જલ્દી ચાલ્યા જવું. પરંતુ એમ કેમ બની શકે ? તેમણે જ્યારે કાકાના હાથનો-શામળશાહના હાથનો માર પડતો હતો ત્યારે પોતાને બચાવી લીધો

હતો. પોતાની દુકાને લઇ જઇને ચણા ખાવા આપ્યા હતા. પીવા માટે પાણી આપ્યું હતું. ખરા ધગધગતા તડકા વખતે આરામ લેવા માટે જગા આપી હતી. એવા માણસ પ્રત્યે બેદરકાર કેમ બનાય? કદાચ એ એમ માની લેશે કે, અમરકુમારે અવાજ સાંભળ્યો નહિ હોય પણ પ્રભુ તો જાણશે જ ને! ઇશ્વરની જાણ બહાર કઈ વસ્તુ હોઇ શકે! જગતને છેતરી શકાય પરંતુ તેને કેવી રીતે છેતરી શકાય?

—અને જગતને પણ શા માટે છેતરવું જોઇએ! જો બધા જ એક બીજાને છેતરતા થાય તો જગત ચાલે કેમ?

મારાથી એવું ન બની શકે.

—અને તેણે વિમળશા તરફ દ્રષ્ટિ કરી. બંનેની મુલાકાત થઇ. —પરંતુ કુદરતે—ઇશ્વરે તેને સહાય કરી હોય તેમ શામળશા તેના તરફ આવતો જોવામાં આવ્યો. તેને આવતો જોઇને અમરકુમાર મૂઠીઓવાળીને નાઠો. વિમળશાએ ઘણી બૂમો મારી પણ તે પાછું જોયા વિના નાઠો.

તેને શામળશા રાક્ષસ—ભૂતી જેવો લાગતો હતો. તેના મનમાં એક પ્રકારની ભીતિ પેસી ગઇ હતી. તેને લાગતું હતું કે, જ્યારે જ્યારે તે—કાકા મળશે ત્યારે મને મારવાના જ.

તે ઘેર પહોંચ્યો ત્યારે તેની માતા તેની રાહ જોતી બેઠી હતી. માતાને જોતાંની સાથે જ તે સ્વસ્થ બની ગયો. અસ્વસ્થ હાલતમાં માતાની નજર સમક્ષ જઇને ઉભા રહેવું તેને યોગ્ય લાગ્યું નહિ.

તેને નજીક આવતો જોઇ માતા તેનું સ્વાગત્ કરતી હોય તેમ બોલી ઉઠી :

"આવ, બેટા! બહુ મોડું થઇ ગયું છે. ચાલ, જલ્દી ખાઇ લે જોઇએ."

"મારા પિતાજી જમી ગયા, બા?" અમરકુમારે પુછ્યું.

"હજી આવ્યા નથી."

"તો તેમને આવવા દે ને!"

"તે તો આવશે. તું તારે જમી લે ને. ભૂખ લાગી હશે તને."

"ના, ના. હજી મને ભૂખ લાગી નથી."

"તો ભલે."

—કહીને માતાએ પુત્રને પોતાની પાસે ખેંચી લીધો. તેને લાગ્યું હતું કે, પુત્રના ખોળામાં વસ્તુઓ છે. જરૂર તેમાં કંઈક હોવું જોઈએ. એકાદ બે સુવર્ણમુદ્રા પણ હશે!

ગઈ કાલે પ્રભાવનામાં એક ભાવિકજને વ્યાખ્યાન પૂરું થયા પછી દરેકને એક એક સુવર્ણમુદ્રા આપી હતી અમરકુમારના પાડોશીઓ તે લાવ્યા હતા. અમરકુમારની માતાએ તે જોઈ હતી. તેને લાગ્યું હતું કે હવેથી દરરોજ તે વહેંચાશે. તે આશાએ તેણે પોતાનાં બધાં સંતાનોને વ્યાખ્યાનમાં જવા જણાવ્યું હતું. પરંતુ અમરકુમાર સિવાયનાં બધાં જ રમવા ચાલ્યાં ગયાં હતાં. આજ્ઞાનો અમલ કરવાને ટેવાયેલો અમરકુમાર આજ્ઞાને ઉથાપી શક્યો નહોતો. તેમાં પણ તેની પોતાની જવાની ઈચ્છા પણ હતી.

પુત્રના ખોળામાંથી શ્રીફળ અને કેટલીક બદામો નીકળેલી જોઈને માતા આશ્ચર્ય પામી. આજે અમરકુમાર સુવર્ણમુદ્રા કેમ ન લાવ્યો? આજે પ્રભાવનામાં તે વહેંચવામાં આવી નહિ હોય કે અમરકુમારે ક્યાંક પાડી નાંખી હશે? એ એટલો બધો ભોળો તો નથી કે બીજાની વાક્-જાળમાં ભોળવાઈને આપી દે. તો પછી એ સુવર્ણમુદ્રા કેમ ન લાવ્યો?

"આજે સુવર્ણમુદ્રા તને ન મળી?" માતાએ પ્રશ્ન કર્યો.

"જો બધાને મળી હોત તો મને મળત, બા."

"કોઈને જ મળી નથી?"

"ના."

"ત્યારે કાલે કેમ બધા લાવ્યા હતા?"

"ગઈ કાલે પ્રભાવના થઈ હતી. આજે તો શ્રીફળને બદામની જ પ્રભાવના હતી."

"કંઈ વાંધો નહિ. આવતી કાલે ફરીથી જજે. અને જો, હું તને રોજ યાદ નહિ આપું. તારે રોજ જવાનું."

"ભલે."

પુત્રનો છેલ્લો શબ્દ સાંભળીને માતા અંદર ચાલી ગઈ. તેણે સુવર્ણમુદ્રાની આશાએ પુત્રને આવકાર્યો હતો. પરંતુ સુવર્ણમુદ્રા ન જણાતાં તે નિરાશ બની ગઈ હતી. પુત્રને આવકારવામાં હૃદયનો ઉમળકો નહોતો પરંતુ સુવર્ણમુદ્રાની સ્વાર્થવૃત્તિ હતી.

અંદર જઈને તેણે થોડું પાણી પીધું. આજે સુવર્ણમુદ્રા વહેંચવામાં આવી નથી, એવા પુત્રના શબ્દો પર વિશ્વાસ રાખવા તે તૈયાર ન થઈ. થોડીવારમાં જ બહાર જઇને આજુબાજુનાં છોકરાંઓને તેણે પૂછી જોયું. છોકરાંઓએ જ્યારે જણાવ્યું કે, આજે સુવર્ણમુદ્રા વહેંચાણી નથી ત્યારે જ તેણે છૂટકારાનો દમ ખેંચ્યો. છતાં તેના દિલમાં એક પ્રશ્ન ઘોળવા લાગ્યો કે, આજે સુવર્ણમુદ્રા શા માટે ન વહેંચાઈ?

માતાએ ઉત્સાહભેર બોલાવેલો જોઇને આનંદીત થયેલો અમરકુમાર માતાના થોડા જ સમયમાં પલટાઇ ગયેલા વર્તનને જોઈને નિરાશ બની ગયો. સુવર્ણમુદ્રાની પ્રભાવના ન થાય, તેમાં પોતાનો શો વાંક? પ્રભાવના થઈ હોય અને પોતે તે લાવ્યો ન હોય તો જરૂર પોતે ગુન્હેગાર ગણાય. પરંતુ પ્રભાવના જ ન થઈ, તેમાં પોતે શું કરે?

—અને વિચારમાં ને વિચારમાં તે ઉપાશ્રયના કલ્પનાના ઘોડે ચઢયો. એ સુંદર, કળામય રીતે બાંધેલો ઉપાશ્રય, હજારોની તેમાંની મેદની, પૂજ્યમુનિ મહારાજનું પ્રતિભાશાળી વ્યાખ્યાન, તેમની વ્યાખ્યાન આપવાની સરળ શૈલિ, શબ્દોનું સ્પષ્ટ ઉચ્ચારણ અને છેવટે નવકાર

મંત્ર વગેરેના વિચારો એક પછી એક તેના મગજમાં પસાર થવા લાગ્યા. પસાર થતા વિચારોમાંનો છેલ્લો વિચાર-નવકાર મંત્ર વિષેનો તેના મગજમાં ઘોળાવા લાગ્યો.

'એ નવકાર મંત્રમાં એવું તે શું મહત્ત્વ હશે કે, છેવટે તેનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હશે? તે બરાબર સાંભળી શકાયો પણ નહિ અને સમજી શકાયો પણ નહિ આવતી કાલે તે ફરીથી બરાબર સાંભળીશ. તેનો અર્થ બરાબર બેસાડી જોઇશ. જો અર્થ નહિ બેસે તો બીજા કોઇને પૂછીને અથવા તો મુનિ મહારાજને પૂછીને સમજી લઇશ. જેનું મહત્ત્વ આટલું બધું હોય તેનો અર્થ સમજી લીધા સિવાય કેમ ચાલે? આવતી કાલે..."

—પિતાને ઘરમાં પ્રવેશતા જોઇને તેની વિચારમાળા તૂટી ગઈ.

[ ૧૩ ]

# ☆ નવકાર મંત્રનો અર્થ ☆

બીજે દિવસે પ્રાતઃકાળ પહેલાં તો અમરકુમાર સ્નાનાદિકાર્યથી પરવારીને તૈયાર થઈ ગયો પહેલા દિવસે તો વ્યાખ્યાનની શરુઆત થઈ ગઈ હતી. આજે તો શરુઆતથી જ હાજર રહેવાની તેની ઇચ્છા હતી. મહારાજ સાહેબ વ્યાખ્યાનની શરુઆત કેવી રીતે કરે છે, તે તેને જોવું હતું. વ્યાખ્યાનનો ઉપાડ કેવી રીતે કરવામ આવે છે, તે પણ જોવું હતું.

એક જ દિવસમાં શ્રોતાજનોનાં મન આકર્ષી લેનાર વિદ્વાન વ્યાખ્યાતા ખરેખર, અજોડ વ્યાખ્યાતા ગણાય. સામા માણસ પર છાપ પાડવી એ નાની સુની વાત નથી. તેમાં પણ અનેક વિદ્વાનો સમક્ષ બોલવું એ અતિકઠિન કામ છે.

અમરકુમાર નાનો બાળક હતો. મહારાજ સાહેબના વ્યાખ્યાને તેના મન પર સારી છાપ પાડી હતી. તેણે રોજ વ્યાખ્યાનમાં જવાનું નક્કી કર્યું હતું.

રાત્રે સૂતાં સૂતાં પોતાની પથારીમાં નવકાર મંત્ર યાદ કરી રહ્યો હતો. ફક્ત નમો અરિહંતાણું, એટલું જ તેને યાદ હતું. મગજને ઘણું કસવા છતાં તેને આગળ કંઈ જ યાદ ન આવ્યું. તેણે મન સાથે નિર્ધાર કરી લીધો હતો કે, આવતી કાલે ગમે તેમ કરીને નવકાર મંત્રી શીખી લેવો. બની શકે તો તેનો મર્મ પણ સમજી લેવો.

તે ઉત્સાહમાં ને ઉત્સાહમાં વહેલો ઉઠ્યો. પ્રાતઃકાળ થતાં પહેલાં તો સ્નાનાદિ કાર્યથી પરવારીને તૈયાર થઈ ગયો. તેના પિતા સ્નાનાદિ કાર્યથી પરવારીને પૂજા પાઠમાં બેઠા. તે સમયે તે ઉપાશ્રય તરફ જવા નીકળી ગયો.

થોડીવારમાં જ તે ઉપાશ્રય પાસે પહોંચી ગયો પણ તેણે ત્યાં આશ્ચર્ય વચ્ચે નવું જ જાણ્યું.

આજે સવારે સારા ચોઘડીએ મહારાજ વિહાર કરી ગયા હતા. એક જણે જ્યારે તેને તે સમાચાર આપ્યા ત્યારે તે વિહાર એટલે શું, તે તે સમજી શક્યો નહિ. પરંતુ પાછળથી તે માણસે તેને સમજાવ્યું કે, વિહાર એટલે ગમન–પ્રયાણ–આજે સારા ચોઘડીએ મુનિ મહારાજ બીજે ગામ ગયા છે. તે સમાચાર જાણીને તેને દુઃખ થયું. ગઈ કાલથી લાભ મેળવવાની શરૂઆત કરી ત્યાં તો આજે તે બંધ પણ થઇ ગયો.

વાત વાતમાં તેણે તે માણસ પાસેથી જાણી લીધું કે, મુનિ મહારાજ ચોમાસાના ચાર માસ જ એક સ્થળે રહે છે. તે સિવાય એક જ સ્થળે તે ઘણા દિવસ રહેતા નથી.

થોડીવારે તે માણસથી છૂટો પડીને તે પોતાના ઘર તરફ જવા લાગ્યો. થોડેક દૂર ગયો હશે એટલામાં વિમળશા તેને યાદ આવ્યા. તરત જ તે ત્યાંથી પાછો ફર્યો ને વિમળશાને ત્યાં ગયો. વિમળશા દુકાનના ગલ્લા પર બેઠા હતા. તેણે અમરકુમારને દુકાને આવેલો જોઇને હસતાં હસતાં કહ્યું:

"અત્યારમાં ક્યાંથી અમર ?"

"એમ જ."

"ના. કારણ વિના તું ન આવે."

"એમ કેમ ?"

"હું તને સારી રીતે ઓળખી ગયો છું." વિમળશા બોલ્યા. "ખાસ કારણ સિવાય તું ક્યાંય પણ જાય તેવો નથી."

"ખાસ કારણ તો કંઈ નથી, કાકા!" અમરકુમાર બોલ્યો. "પણ અત્યારે મહારાજ સાહેબનું વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રય તરફ ગયો હતો. પરંતુ મહારાજ સાહેબ તો વિહાર કરી ગયા છે."

"આજે વિહાર કરી જવાના હતા, તે તું જાણતો નહોતો?"

"ના."

"એ વાત બે ત્રણ દિવસથી ચાલતી હતી. ગઈ કાલે તો નક્કી કરીને જાહેર પણ કરવામાં આવ્યું હતું."

"પણ મને તેની ખબર નહોતી." અમરકુમાર બોલ્યો. "હવે તે પાછા ક્યારે આવશે?"

"નક્કી કહેવાય નહિ. પરંતુ બીજા મુનિ મહારાજ થોડા દિવસમાં પધારવાના છે." વિમળશાએ નવા સમાચાર આપ્યા.

"જલ્દી આવે તો સારૂં થાય."

"કેમ?"

"ગઈ કાલે મહારાજ સાહેબે જે નવકાર મંત્ર ઉચ્ચાર્યો હતો, તે મારે શીખી લેવો છે."

"મહારાજ સાહેબ તો જલ્દી આવશે પરંતુ જો તારે હમણાં શીખવો હોય તો હું પણ શીખવીશ. તેના અર્થ શીખવા હોય તો પણ શીખવીશ."

"તમને તે બધું આવડે છે?"

"તે ન આવડે એ બને ખરૂં?"

"તો મને આજે જ શીખવો ને!"

"જરૂર."

એ દરમિયાન અમરકુમાર વિમળશાની બાજુમાં આવીને બેસી ગયો હતો.

વિમળશાએ પ્રથમ તો આખો નવકાર મંત્ર સ્પષ્ટ રીતે બોલી સંભળાવ્યો. અમરકુમારે તે ધ્યાન પૂર્વક સાંભળ્યો. પછી વિમળશાએ તેનો અર્થ સમજાવવાની શરૂઆત કરી.

"નમો અરિહંતાણું એટલે અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણું એટલે સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.

નમો આયરિયાણું એટલે......"

"મને એવી રીતે સમજ નથી પડતી, કાકા!" વચ્ચે અમરકુમાર બોલી ઉઠયો.

"કેમ?"

"મને એકે એક અક્ષરનો—એક એક શબ્દનો અર્થ સમજાવો. મારે તે બરાબર સમજી લેવો છે. જેમ તેમ વેઠ નથી કાઢવી મારે તો તેનો મર્મ જાણવો છે."

"ભલે." વિમળશા બોલ્યા. "હું તને પ્રત્યેક શબ્દનો અર્થ સમજાવું છું. તે પછી તેની વિગતવાર સમજ પણ સારી રીતે આપીશ."

—અને તે અમરકુમાર સમજી શકે તેવી રીતે પ્રત્યેક શબ્દનો અર્થ સમજાવવા લાગ્યા.

"નમો એટલે નમસ્કાર થાઓ,
અરિહંતાણું એટલે અરિહંત ભગવાને,
નમો એટલે નમસ્કાર થાઓ,
સિદ્ધાણું એટલે સિદ્ધ ભગવાનને.
નમો એટલે નમસ્કાર થાઓ,
આયરિયાણું એટલે આચાર્ય મહારાજને.
નમો એટલે નમસ્કાર થાઓ,
ઉવજ્ઝાયાણું એટલે ઉપાધ્યાય મહારાજને.
નમો એટલે નમસ્કાર થાઓ,

લોએ એટલે લોકમાં
સવ્વ એટલે સર્વ
સાહૂણં એટલે સાધુ મહારાજને.
એસો એટલે એ
પંચ એટલે પાંચ
નમુક્કારો એટલે કરેલા નમસ્કાર,
સવ્વ પાવ એટલે સર્વ પાપનો,
પ્પણાસણો એટલે નાશ કરનાર,
મંગલાણં એટલે મંગલોમા
ચ એટલે અને
સવ્વેસિં એટલે સર્વ વિષે
પઢમં એટલે પ્રથમ
હુવઇ એટલે છે
મંગલં એટલે મંગળ"

—એ પ્રમાણે શબ્દાર્થ સમજાવીને તે આખા વાક્યના અર્થ સમજાવવા લાગ્યા.

"નમો અરિહંતાણં એટલે અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.
નમો સિદ્ધાણં એટલે સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.
નમો આયરિયાણં એટલે આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ.
નમો ઉવજ્ઝાયાણં એટલે ઉપાધ્યાય મહારાજને નમસ્કાર થાઓ.
નમો લોએ સવ્વસાહૂણં એટલે લોકમાં–અઢીદ્વીપમાં રહેતા સર્વ સાધુ મહારાજને નમસ્કાર થાઓ.
એસો પંચ નમુક્કારો એટલે એ પાંચેને કરેલ નમસ્કાર
સવ્વ પાવપ્પણાસણો એટલે સર્વ પાપનો નાશ કરનાર છે.
મંગલાણં ચ સવ્વેસિં એટલે સર્વ મંગલોમાં
પઢમં હવઇ મંગલં એટલે પ્રથમ મંગલ રૂપ–કલ્યાણરૂપ છે."

—એ રીતે તેણે-વિમળશાએ આખા નવકારનો અર્થ સમજાવીને અમરકુમારને પૂછ્યું.

"હવે તું બરાબર સમજી શક્યો ?"

"હા. એકદમ સારી રીતે." અમરકુમાર આનંદીત વદને બોલ્યો. "મારે આ રીતેજ એનો અર્થ સમજવો હતો.

"છતાં હજી એમાં ઘણું સમજવાનું બાકી છે.'

"હજી બાકી છે ?"

"હા." વિમળશા બોલ્યા "તારે તો એનો મર્મ સમજવો છે ને ?"

"હારતો."

"ત્યારે હજી તો મેં તને અર્થ જ સમજાવ્યો છે, મર્મ નહિ."

"તો પછી મર્મ સમજાવોને,"

"હા. હવે હું તને તે જ સમજાવું છું. જો, સાંભળ."

—કહીને વિમળશા અમરકુમારને કેટલીક સમજ આપવા લાગ્યા.

"નવકાર મંત્ર સામાન્ય મંત્ર નથી. એમાં રાગ–દ્વેષ કે કોઈનું ઝૂંટવી લેવાનો આશય નથી. પોતાના સ્વાર્થની ખાતર બીજાનું બલિદાન લેવામાં તે વપરાતો નથી. તેમાં જંત્ર તંત્ર કે તેવા કોઈ ફાંટા નથી. તે મંત્રનો ઉપયોગ તો આત્માના કલ્યાણુર્થે થઈ શકે છે. તેની તુલનામાં બીજો કોઈ મંત્ર આવી શકે તેમ નથી. એ એક અજોડ મહાન મંત્ર છે. તેને પરમેષ્ઠિ મંત્ર કહેવાય છે.

પરમે એટલે ઉંચે સ્થાને–અધિકારે. 'ષ્ઠિન' એટલે રહેલા તે. અર્થાત્ ઉંચે સ્થાને અધિકારે રહેલા તે પરમેષ્ઠી ગણાય. એટલે સર્વ અધિકાર શક્તિ સાથે સૌથી તેમનું સ્થાન ઉંચું હોય છે. તે ઉપરાંત, જો આપણે તેનો અર્થ ફેરવીને લઈએ તો પરમે એટલે ઉંચા સ્વરૂપમાં 'ષ્ઠિન્' એટલે રહે, એટલે ઉંચા સ્વરૂપમાં રહે તે પરમેષ્ઠિન્."

"તમે તો ધર્મનું ઘણું ઘણું જાણો છો, કાકા!" અમરકુમાર વચ્ચે બોલ્યો.

"જો આપણે આપણા ધર્મ વિષે ઊંડુ જ્ઞાન ધરાવતા ન હોઇએ તો બીજાના ધર્મ વિષે શું સમજી શકીએ, અમર !" વિમળશા કહેવા લાગ્યા. "ધર્મ તો દરેક સરખા અને શુભ ધ્યેયના જ હોય છે. કોઇ ધર્મમાં હિંસા કરવાનું નથી જણાવ્યું તેમજ અસત્ય બોલવાનું પણ નથી જણાવ્યું. બીજા ધર્મની નિંદા કરવાનું નથી જણાવ્યું. કે પોતાના સ્વાર્થની ખાતર બીજાનો નાશ કરવાનું નથી જણાવ્યું."

"તો પછી લોકો એક બીજાના ધર્મને નિંદે છે શા માટે?" અમરકુમારે પ્રશ્ન કર્યો.

"એ જ વાત મહત્ત્વની છે." વિમળશા બોલ્યા. "કીર્તિની લોલુપતામાં અટવાયેલા સ્વાર્થી માણસો પોતાને ફાવે તેવા અર્થ કરીને બીજાના ધર્મને નિંદવા જતાં પોતાના જ ધર્મને હલકો બનાવવાનું સાહસ કરતા હોય છે. પોતે જાતે થઇને જ પોતાના પગ પર જેમ કુહાડો મારવાની ભૂલ ઘણા લોકો કરી બેસે છે તેમ પોતાના ધર્મને હિણો બનાવવાની ગંભીર ભૂલ પણ તે પોતે જ કરી બેસે છે."

'એ બધું મને પછી સમજાવજો, કાકા!" અમરકુમાર બોલ્યો. "મને પહેલાં નવકાર મંત્રનો મર્મ સમજાવી દો ને."

"હા. એ તો મારા ખ્યાલ બહાર ગયું અને હું બીજી જ વાતે ચઢી ગયો." વિમળશા બોલ્યા. "હં, સાંભળ. હવે આપણે પંચ પરમેષ્ઠીના અર્થનું પરિસ્ફોટન કરીએ.

શ્રી અરિહંત પ્રભુના ત્રણ અર્થ થાય છે. એક તો જાણે અર્હંત. અર્હંત એટલે જે પૂજન માટે અને સત્કાર કરવા માટે યોગ્ય હોય તે. બીજો અરિહંત. અરિહંત એટલે આઠ કર્મ રૂપે શત્રુઓને હણનાર."

"આઠ શત્રુ કયા કાકા?" અમરકુમારે વચ્ચે પ્રશ્ન કર્યો.

"આઠ શત્રુ તે આ પ્રમાણે છે." વિમળશા કહેવા લાગ્યા."

ત્રીજો અરૂહંત. અરૂહંત એટલે જેમને બીજા ભવમાં અટવાવાનું નથી એટલે કે જેમના કર્મો ક્ષીણ થઈ ગયાં છે. તે ઉપરાંત તેમને

વીતરાગ તેમજ તીર્થંકર પણ કહેવામાં આવે છે. વીતરાગ કહેવાનું કારણ એ છે કે, તેમનામાં રાગદ્વેષનો છાંટો પણ હોતો નથી. તીર્થંકર કહેવાનું કારણ એ છે કે, તે ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે."

"ચતુર્વિંધ સંઘ એટલે કાકા?"

"ચતુર્વિંધ સંઘ એટલે સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકા એ ચારને ચતુર્વિંધ સંઘ કહેવાય છે. એ સંઘની સ્થાપના કરનારને તીર્થંકર કહેવાય છે.

હવે લઈએ સિદ્ધ. અંતિમ સાધ્ય તરીકે મોક્ષ મનાય છે. એવું મોક્ષ પ્રાપ્ત કરવા માટે જેમણે આઠેય કર્મોને જીત્યા છે અને પોતાનું ધ્યેય સાધ્ય કર્યું છે, એમને સિદ્ધ કહેવાય છે.

પછી આચાર્ય. ધર્મના પાંચ આચાર કહેવાય છે. તે પાંચે આચારને પાળનાર અને બીજા પાસે પળાવનારને આચાર્ય કહેવાય છે.

તે બાદ ઉપાધ્યાય. જે સિદ્ધાંત ભણે છે અને બીજાને ભણાવે છે, તેમને ઉપાધ્યાય કહેવાય છે.

અને છેલ્લે સાધુ. મોક્ષમાર્ગ સાધવા માટે જે સતત્ પ્રયત્ન કરતા હોય છે તેમને સાધુ કહેવામાં આવે છે.

સામાન્ય વર્ગ સમજી શકે તેવો નવકારમંત્રનો મર્મ તને સમજાવ્યો તે રીતે છે." એમ કહીને વિમળશાએ બીજાને ધર્મમાં કંઈક પણ પોતે ઉપયોગમાં આવ્યા હોય તેમ માનીને સંતોષ અનુભવ્યો.

"પણ મંત્ર એટલે શું કાકા?" અમરકુમારે નવો પ્રશ્ન કર્યો.

"શબ્દોના ઉચ્ચારમાં અથવા તો સ્મરણમાં જે કંઈ ગુપ્તશક્તિ રહેલી હોય છે, તેને મંત્ર કહેવાય છે." વિમળશાએ જવાબ આપ્યો અને આગળ બોલ્યો: "જો, હવે બહુ વાર થઈ છે. તને ભૂખ લાગી હશે. ચાલ, આપણે અંદર જઈને દૂધ પી લઈએ."

—કહીને તે અમરકુમારનો હાથ પકડીને ઉઠ્યા: અમરકુમાર કોઈ પણ પ્રકારની આનાકાની કર્યા વિના તેમની સાથે અંદર ગયો.

[ ૧૪ ]

## ☆ અંગત ખંડમાં ☆

જ્યારે વિમળશા અમરકુમારને દૂધ પાઈ રહ્યા હતા ત્યારે મહારાજા શ્રેણિકને અચાનક અમરકુમાર યાદ આવ્યો હતો, તેની મુખાકૃતિ તેમની નજર સામે રમી રહી હતી.

મેળાવડાને કેટલો ય સમય પસાર થઇ ગયા પછી આજે જ તેમને અમરકુમાર યાદ આવ્યો.

આજે સવારે તેમની સ્વારી નગરચર્ચા કરીને રાજમહેલ તરફ જઇ રહી હતી. ત્યારે તેમની નજરે અમરકુમારને નીહાળ્યો હતો.

સ્વારીમાં ખાસ સ્વારી જેવું કંઇ જ નહોતું. તે પોતાના રોજના નિયમ પ્રમાણે પોતાના પ્યારા શ્વેત અશ્વ પર આરૂઢ બનીને નગર નીરિક્ષણ કરીને રાજમહેલ તરફ જઇ રહ્યા હતા. સાથે આઠેક ઘોડેસ્વારો હતા. તે જ્યારે રાજમહેલ તરફ પાછા ફરી રહ્યા હતા ત્યારે અમરકુમાર મુનિ મહારાજ વિહાર કરી ગયાના સમાચાર સાંભળીને નિરાસીત વદને પાછો ફરતો હતો. મહારાજાની નજર અચાનક તેના પર પડી હતી. તે તેને બરાબર પીછાની શક્યા નહોતા. તેમનો અને તેમના સાથીદારોના અશ્વે રેવાલ ચાલે ચાલી રહ્યા હતા. એટલે બરાબર નીરખવાનો સમય પણ મળ્યો નહોતો. તેમને એમ લાગેલું કે, આ ચહેરાને–આ બાળકને ક્યાંક જોયેલો છે.

રાજમહેલે ગયા પછી થોડો સમય તે પાછા અમરકુમારના ચહેરાને વિસરી ગયા અને અન્ય કામમાં-અન્ય કામોના વિચારમાં ગૂંથાયા. પરંતુ તે વિચારમાંથી નિવૃત્તિ મળતાં જ પાછા તેમને તે ચહેરો યાદ આવ્યો.

" આ ચહેરાને ક્યાંક જોયો હોય એમ લાગે છે. " તે પોતાના મન સાથે બબડ્યા. " ક્યાં જોયો હશે ? "

—અને તે જ વિચારમાં તે વધુ ને વધુ ગૂંથાયા. કેવો સુંદર બાળક !

—અને તે સાથે જ તેમને મેળાવડો યાદ આવ્યો. પ્રેક્ષકવર્ગમાંના સર્વની આંખમાંથી અશ્રુની ધારા વહેવડાવનાર બાળક યાદ આવ્યો.

" હા, તે જ. " જાણે મોટો વિજય મેળવ્યો હોય તેમ તે આનંદીત વદને મોટેથી બોલી ઉઠ્યા. જો આજુબાજુમાં કોઈ હોત તો તેનું લક્ષ તેમના તરફ ગયા વિના રહેત. પરંતુ તેના સ્વભાવાનુસાર થોડો સમય-તે સમય તે એકાન્તમાં ગાળી રહ્યા હતા.

તેમની વિચારમાળા આગળ ચાલીઃ

"કેવો સુંદર બાળક ! આટલી નાની વયમાં તેની કલ્પના શક્તિ પણ કેટલી પ્રશંસનીય ! શો તેનો મધુર કંઠ ! કેટલાં વરસે મારી આંખમાંથી તે વખતે આંસુ વહ્યાં ! દુઃખનાં આંસુ વહાવ્યાનો પ્રસંગ તો આવ્યો નથી પરંતુ આનંદનાં-પરને દુઃખે દુઃખી થયાનાં આંસુ તો જરૂર તેણે વહાવડાવ્યાં, આટલી નાની વયે કેવી કવિત્વ શક્તિ તેનામાં વસી છે ! આવા બાળકોને યોગ્ય પ્રોત્સાહન આપીને દેશ-દીપકો બનાવવા જોઈએ. દેશની જાહોજલાલીના-દેશની કીર્તિના તે તણખા છે, તારા છે. એકાદ વખતે તેને. "

" મહારાજ...! " તેમની વિચારમાળાને તોડતો પ્રતિહારનો સ્વર સંભળાયો.

મહારાજાએ પ્રતિહાર તરફ દૃષ્ટિ કરી.

" મહામંત્રી પધાર્યા છે. " દૃષ્ટિનો મર્મ સમજી લેતાં પ્રતિહારે કહ્યું.

" આવવા દે. "

જવાબ સાંભળીને પ્રતિહાર ગયો ને તરતજ મહામંત્રી ખંડમાં પ્રવેશ્યા.

મહામંત્રી મહારાજાના સામાન્ય ખંડમાં ગમે ત્યારે આવતા. પોતાના આગમનના તે સમાચાર પણ આપતા નહોતા. પરંતુ આતો મહારાજાનો અંગત ખંડ હતો. તેમાં પ્રવેશતાં પહેલાં તેમણે પરવાનગી મંગાવવાની જરૂર રહેતી.

આ ખંડમાં ઘણી વખતે ખાનગી મંત્રણાઓ થતી. ખાનગી મુલાકાતો લેવાતી. એટલે કદાચ કોઇ અંદર હોય અગર તો મહારાજા વિચારમાં હોય તો તેમાં કોઈ પણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે ખાસ પૂછાવવાની આવશ્યકતા રહેતી.

" આવો. " મહામંત્રીને મહારાજાએ આવકાર આપતાં કહ્યું.

મહામંત્રીએ એક આસન પર બેઠક લીધી.

" કંઇ ખાસ સમાચાર લાવ્યા છો, મહામંત્રી ? " મહારાજાએ પ્રશ્ન કર્યો.

" ના, જી. "

" સમાચાર તો ખાસ કંઇ નથી પરંતુ એક નવો વિચાર સ્ફુરી આવતાં તે આપને જણાવવાની ઇચ્છાએ આવ્યો છું. "

" ખુશીથી જણાવો. "

" દરેકે દરેક દેશમાં ચિત્રશાળાઓ છે. "

" આપણે ત્યાં પણ ક્યાં નથી ? "

" આપણે ત્યાં પણ છે તો ખરી જ. પરંતુ... "

" કેમ અચકાયા ? "

" અચકાયો નથી. "

" ત્યારે ? "

" વધુ વિસ્તારથી સમજાવવાની ગણુત્રીએ અટકી ગયો. "

" એમાં તમારે અટકવાની કે અચકાવાની જરૂર નથી, જે કહેવું હોય તે ખુશીથી કહો. "

" આપણા રાજ્યમાં જે ચિત્રશાળા છે તે બહુ જ જુની થઈ ગઈ છે. તે ઉપરાંત બીજા દેશોના પ્રમાણમાં નાની અને પછાત લાગે છે. "

" એટલે આપણે નવી બાંધવાની જરૂર છે, એમ તમારૂં કહેવું છે? "

" હાજી. " મહામંત્રી બોલ્યા, " આપણા નગરના વિસ્તારના પ્રમાણમાં તે એક બાજુએ પડી જાય છે. ખરી રીતે ચિત્રશાળા નગરની વચ્ચે હોવી જોઇએ. તે ઉપરાંત હાલમાં જે છે તેનાથી લગભગ ચાર ઘણી મોટી હોવી જોઇએ. દરેકે દરેક દેશે પોતાની ચિત્રશાળાઓને વિસ્તારી છે. ફક્ત આપણે જ બાકી રહી ગયા છીએ. "

" તો તે માટે તમે એક જગા પસંદ કરો. કેવી અને કેટલી મોટી બાંધવી તેનો નકશો તૈયાર કરો, તેમાં જોઇતી સગવડતાઓ અને બીજા દેશો કરતાં વધુ સુંદર તેમજ ભવ્ય બનાવવા માટેની યોજના તૈયાર કરો. જેમ બીજા દેશો કરતાં આપણા દેશનું નામ ઉજ્જવળ છે તેમ ચિત્રશાળાનું નામ પણ ઉજ્જવળ જ હોવું જોઇએ ચિત્રશાળા રાજ્યનું નાક છે. તેને બની શકે તેટલી સુંદર અને ભવ્ય બનાવવી જોઇએ. "

" એ કારણે આજે આપને હું તે જણાવવા આવ્યો છું. કેટલાક સમયથી એ વિચાર મારા મગજમાં દોડતો હતો. તેના પર સંપૂર્ણ વિચાર કરવાની જરૂર હોવાથી મેં આપને જણાવ્યું નહોતું. આજસુધી તેના પર વિચાર કરી લીધા પછી અને બીજા દેશોની ચિત્રશાળાઓની માહિતી મેળવ્યા પછી જ આપને જણાવવાનું યોગ્ય જણાતાં આજે મારા વિચારો આપની સમક્ષ રજુ કર્યા છે. "

"મને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે." મહારાજા બોલ્યા.

"તમે બીજા દેશોની ચિત્રશાળાઓ વિષે મેળવેલી માહિતી તમને વધુ ઉપયોગી થઇ પડી હશે."

"ઘણી જ ઉપયોગી થઈ પડી છે." મહામંત્રી બોલ્યા. "તે ઉપરાંત અન્ય ચિત્રશાળાઓના નકશાઓ પણ દોરાવીને મેં તૈયાર કરાવ્યા છે."

"તે તમે ઘણું જ સારૂં કર્યું."

"એ કારણે આપણે બધું તે વિષે જાણી શકીએ. કારીગરોને સમજાવી પણ શકીએ. તેના કરતાં વૈવિધ્યતા પણ આણી શકીએ તેમજ તેમની જે ખામીઓ હોય તે આપણે આપણા કાર્યમાં સુધારી પણ શકીએ."

"તમારા વિચારો સુંદર છે."

"તે ઉપરાંત આપણા નગરમાં હમણાં આપણા તરફથી કોઈ નવું મહત્ત્વનું બાંધકામ ચાલતું નથી તે ચાલુ પણ રહી શકે."

"રાજ્ય તરફથી કાંઇકનું કાંઇક બાંધકામ–પ્રજાના હિત માટે ચાલુ રહે. તેમાં જ રાજ્યની શોભા છે, મહામંત્રી."

"જરૂર, આજે અન્ય દેશોમાં કહેવાય છે કે, રાજગૃહિમાં રાજ્ય તરફથી પ્રજાહિતને ખાતર હંમેશાં નવાં કાર્યો અને બાંધકામો ચાલુ જ હોય છે, એ કીર્તિ અને એ પ્રજાસેવા નાનાં સૂનાં નથી. પ્રજાહિતનાં કાર્યોમાં સતત્ લક્ષ રાખતા રહેવું એ રાજ્યનું કર્તવ્ય છે. આપને મારે એ વિષે કહેવાપણું હોય જ નહિં. મારા કરતાં પ્રજા પ્રત્યે આપની લાગણી વધુ છે, આજે પ્રજા એકી અવાજે આપનાં ગુણ ગાય છે તે અસ્થાને નથી. આપે પ્રજાના હિત માટે જેટલું કર્યું છે તેમાંનું ચોથા ભાગનું પણ બીજા રાજવીઓએ પોતાના દેશ માટે–પોતાની પ્રજા માટે કર્યું નથી."

"જે રાજવી પોતાની પ્રજાનું હિત ભૂલી જાય છે તે રાજવી

નથી, મહામંત્રી." મહારાજા બોલ્યા "રાજ્યાસન પર બેસવું અને રાજ્યની લગામ હાથમાં ધરવી એ નાની સૂની વાત નથી, સત્તાનો નશો બહુ ખરાબ હોય છે. શરાબથી પણ તે બૂરો હોય છે. તે નશા પર કાબૂ મેળવવા માટે મનને મજબૂત બનાવવું પડે છે. સત્તા પર નથી હોતા તે લોકો સત્તા પર આવીને સત્તાના નશામાં ચકચૂર બનેલાઓની ટીકા કરતા હોય છે પરંતુ તે લોકોને કદાચ સત્તા મળે તો તેઓ પોતાના મન પર કાબૂ રાખી શકે, એ સામાન્યતઃ ન બની શકે. એ નશાને તે લોકો જીરવી ન શકે. લાખોમાં કદાચ કોઇ વીરલો નીકળી આવે."

"એ નશાના કારણે તો મોટાં મોટાં રાજ્યોનાં નામ નિશાન પણ નથી રહ્યાં. રાજા મહારાજાઓના મુગટો માટીમાં રગદોળાયા, માનવની શ્રેષ્ટ વ્યાખ્યા કલંકિત થઇ. ઉન્નતિના શિખરે પહોંચવાને બદલે નશાખોરો અધોગતિની ઉંડી ખાઇમાં ગબડી પડયા. સુખને બદલે તેમને અનેકવિધ દુઃખો સહન કરવાં પડ્યાં. વંશજોને વારસામાં કલંકો મળ્યાં. એવો એ નશો—સત્તાનો નશો ભયંકરમાં ભયંકર છે. દૂરથી રળિયામણી લાગતી એ સત્તા નજીક આવ્યા પછી—પ્રાપ્ત થયા પછી સુખશાંતિની વેરણ બને છે."

"બધાને માટે નહિ, મહામંત્રી." મહારાજા વચ્ચે બોલી ઊઠયા.

"આપ જેવા કોઇ સંયમી વીરલા સિવાય બધાને માટે જ." મહામંત્રી બોલ્યા. "સંયમ કેળવવો અને પ્રજાને પુત્રવત્ ગણવી, એ નાની સૂની વાત નથી. આજે ચારે બાજુએ આપની જે તેજસ્વી કીર્તિ પ્રસરી રહી છે, તેનું કારણ આપનો પ્રજા પ્રત્યે ભારે પ્રેમ છે; અન્ય દેશો કરતાં આપણા દેશની આબાદી શ્રેષ્ટ છે. તેનું મૂળ કારણ આપના ઉદાહરણને લઇને આપણા રાજ્યના અન્ય સત્તાવાળાઓ પણ પ્રજાના સેવક તરીકે કામ કરે છે. તેમના પર સત્તાનો નશો કાબૂ મેળવી શકતો નથી."

"હવે આપણે એ વાતને બાજુએ મૂકીએ અને મૂળ મુદ્દા પર આવીએ." મહારાજા બોલ્યા.

"હા જી."

"જુઓ, તમે જે જે નકશાઓ તૈયાર કરાવ્યા છે. અને જે જે માહિતી મેળવી છે તે સઘળું વ્યવસ્થિત કરીને મને સમજાવો. હું પણ થોડો સમય તેના પર વિચાર કરી જોઇશ. આપણે નવી ચિત્રશાળા બંધાવીશું, એ વાત નિર્વિવાદ છે. જેની જેની આપણા રાજ્યમાં ખામી હોય તે બધાને આપણે લક્ષમાં રાખવાનું છે. કોઇપણ વસ્તુની ખામી ન હોવી જોઇએ. માટે તમને જે જે વસ્તુની આવશ્યકતા જણાય તે તે મારા કાન પર નાંખતા રહેજો."

"આપની આજ્ઞાને હું નહિ વિસરૂં, મહારાજ!" મહામંત્રીએ આજ્ઞાને સ્વીકારી લેતાં કહ્યું.

—અને બંને જણા થોડો સમય બોલ્યા વિના બેસી રહ્યા.

મહામંત્રીને લાગ્યું કે, હવે મહારાજાને વધુ વાત કરવાની ઇચ્છા નથી એટલે પોતાની બેઠક પરથી ઉઠતાં બોલ્યાઃ

"રજા લઉં, મહારાજ?"

"ભલે."

—અને મહામંત્રીએ નમન કરીને ત્યાંથી ચાલવા માંડયું.

તેમના ગયા પછી ફરીથી મહારાજાને અમરકુમારના વિચારો આવવા લાગ્યા.

# ☆ અનુભવ ☆

**અ**મરકુમારને મારવા બદલ પશ્ચાત્તાપ કરનાર શામળશા અને તેની પત્ની સુલસા સુખેથી સંસાર નૌકામાં વિહાર કરી રહ્યાં હતાં. પતિ પત્ની વચ્ચેનો પ્રેમ અખંડ અને નિર્મળ હતો. એક બીજાના મનમાં એક બીજા વિષે બિલ્કુલ શંકા ઉદ્ભવતી નહોતી–ઉદ્ભવતી પણ નહોતી. અશંકિત હૃદય હંમેશાં આનંદ મસ્ત રહેતાં હોય છે.

શંકા અને ઇર્ષા માનવ માત્રના–પ્રાણી માત્રના દુશ્મન હોય છે. જ્યાં શંકા કે ઈર્ષ્યાનો પડછાયો પણ પડે છે ત્યાં સુખ શાંતિનો અભાવ થઈ જાય છે.

સુલસા બાલ્યાકાળથી સારા સંસ્કારમાં ઉછરેલી હોવાથી કોઇ પણ પ્રકારની ખોટી વાસના તેને સ્પર્શી શકતી નહોતી. લોકોમાં પ્રચલિત ખોટી વાતો અગર તો જંત્ર મંત્રમાં તે માનતી નહોતી. તે માનતી હતી ઇશ્વરમાં, ભાગ્યમાં, કર્મમાં, મહામોલા મંત્ર નવકારમાં નવકાર મંત્ર સિવાય કોઇ મંત્ર તે જાણતી નહોતી કોઈ તેને જણાવતું તો તે પ્રત્યે તે લક્ષ આપતી નહિ.

તે ધર્મિષ્ટ અને નીતિમાન હોવા છતાં તે સુખી હતી. સુખી હોવા છતાં એક પણ પુત્ર નહોતો. પુત્ર ન હોવા છતાં તે સુખી હતી તેની બહેનપણીઓ, બાજુવાળાંઓ અને સગાંવહાલાંઓ તેને

કેટલાય રસ્તા બતાવતાં કોઇ મંત્રતંત્રનો આશ્રય લેવાનું સૂચવતું, કોઈ દોરા–ધાગાનો ઉપયોગ કરવાનું સૂચવતું, કોઈ બાવા–વૈરાગીની કૃપા મેળવવાનું સૂચવતું, પરંતુ તે દૃઢ નિશ્ચયી હતી. દરેકને તે એક જ પ્રકારનો ઉત્તર આપતી કે, 'ભાગ્યમાં જો પુત્રનું સુખ લખાયું નહિ હોય તો કોઇ મંત્ર જંત્ર કે બાવા વૈરાગી તે સુખ આપી શકવાના નથી. અને જેને પોતાના ધર્મ પર શ્રદ્ધા ન હોય તેને બીજા ધર્મમાંથી શું સુખ પ્રાપ્ત થવાનું છે ! ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે, તેમ **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः**

બીજા ધર્મનો સ્વીકાર કરવા કરતાં પોતાનો ધર્મ ગમે તેવો હોય તો પણ તે સ્વીકૃત હોય છે. બીજો ધર્મ ગમે તેવો શ્રેષ્ઠ દેખાતો હોય–જણાતો હોય છતાં તે પોતાના ધર્મ કરતાં તો તે શ્રેષ્ટ નથી જ.

—અને અમારો આ જૈન ધર્મ—!

તેનો પ્રત્યેક સિદ્ધાંત સમજવા લાયક છે. જગતને દરેક રીતે માન્ય હોય તેવા તેના સુંદર સિદ્ધાંતો છે. સત્ય અને અહિંસાના મૂળ સિદ્ધાંતો પર રચાયેલા અન્ય સિદ્ધાંતોને જીવનમાં ઉતારનાર આ સંસાર તરી જાય છે. ભવોભવના ફેરામાંથી બચી જાય છે.

એવા સ્વધર્મને ત્યાગીને બીજા કોઈ પણ ધર્મને અગર તો ધર્મના અનુયાયીઓને કેમ સ્વીકારાય ? મૃગજળ જેવી જંત્ર તંત્રની જાળમાં જાણી બૂઝીને શા માટે લપટાઈ–ફસાઈ જવું જોઇએ ? "

ત્યારે કોઈક બોલી જતું, 'જૈન ધર્મ સિવાયના બીજા ધર્મો હલકા છે ?'

જવાબમાં સુલસા કહેતી: 'હું તો દરેક ધર્મને સમાન માનું છે. દરેક વ્યક્તિ પોતાના ધર્મને શ્રેષ્ટ ઠરાવવા માટે બીજાના ધર્મનું ખંડન કરે છે. પરંતુ મારાથી તેમ બની શકતું નથી. અલબત્ત, હું માનું છું કે, દરેક ધર્મ કરતાં મારો ધર્મ શ્રેષ્ટ છે. મારા ધર્મના સિદ્ધાંતો શ્રેષ્ટ છે. મારા ધર્મના ધર્માધિકારીઓ શ્રેષ્ટ છે. છતાં તેમ સાબિત કરી આપવા માટે હું બીજાના ધર્મનું ખંડન કરતી નથી,

તેને હીણો કહેવાનું સાહસ કરતી નથી. તેના ધર્માધિકારીઓની ટીકા કે નિંદા કરતી નથી.

જેમ મારો ધર્મ મારી દ્રષ્ટિએ શ્રેષ્ટ છે તેમ બીજાઓનો ધર્મ બીજાઓની દ્રષ્ટિએ શ્રેષ્ટ જ હોવો જોઈએ. જો કોઇ પણ વ્યક્તિ બીજા ધર્મની ટીકા કરતી હોય તો તેના જેવું કોઈ મૂર્ખ ન કહેવાય. તેવા અધઃપતન જેવું બીજું કોઇજ અધઃપતન હોઈ ન શકે.

ખરી રીતે તો કોઈ જ ધર્મ હીણો નથી. દરેક ધર્મના સિદ્ધાંતો શ્રેષ્ઠ હોય છે–શ્રેષ્ઠ છે. તે સિદ્ધાંતોના ખરા ખોટા અર્થ ઉપજાવી કાઢનાર જ હીણા હોય છે.

મોટાઇની મહત્વાકાંક્ષાને સંતોષવાને ખાતર ભાન ભૂલ્યો માનવી સત્યાર્થને ઢાંકી દઇને નવાજ અર્થો, નવા જ પંથો ઉભા કરે છે. નવા વાડાઓ બાંધે છે. નવાં જ વર્તુલો રચે છે. તે સમયે તેના મગજમાં એ ખુમારી હોય છે કે, નવી સૃષ્ટિ રચવાને જાણે પોતે માનવરૂપે બ્રહ્માની સર્જન શક્તિ લઇને અવતર્યો હોય! પરંતુ તેને ખ્યાલ હોતો નથી કે, અહંકાર માનવીને વધુ ને વધુ હિણો બનાવે છે. માણુસને પશુ બનાવે છે.'

—અને એ રીતે આવા ઉચ્ચ વિચારો ધરાવનાર સુલસાને એક સમયે તેની બહેનપણીઓ સાથે સંવાદમાં ઉતરવું પડ્યું.

"તો આવા ઉંચા વિચારો ધરાવવાનો ખોટો ડોળ કરવાને બદલે સંસાર જ છોડી દે!" તો બહેનપણીએ કટુતાભર્યા સ્વરે ઉચ્ચાર્યું.

"સંસાર ત્યાગવાથી માણુસ ઉચ્ચ ગતિએ પહોંચે છે, એમ થોડું જ છે?" સુલસા શાંતિથી બોલી.

"સંસારમાં રહેનારાઓ શું ધાડ મારી નાંખે છે? ખાવું, પીવું, મોજશોખ કરવા, સંસારનાં સુખ ભોગવવા, ધનને એકઠું કરવું અને મોટા મોટા આડંબરો કરીને પોતાના સ્વાર્થની ખાતર ભોળા લોકોને છેતરવા–ભોળવવા."

"સમસ્ત સંસારમાં એકલો સ્વાર્થ જ વસતો હોય અને સેવાભાવનું નામનિશાન પણ ન હોય તો આ સંસાર—આ જગત ચાલી શકે નહિ. સ્વાર્થીજનોની પેઠે નિઃસ્વાર્થજનો પણ ઘણા છે. પાપીઓની સામે પુણ્યાત્માઓ પણ છે. જો તેમ ન હોય તો પૃથ્વી રસાતાળ જાય છે."

"એવા ચાર શબ્દો ગોખી રાખીને તમારા જેવાં મોટા મોટા આડંબરોની જાળો રચતાં હોય છે. તેમાં બિચારા ભોળાં માનવીઓ સપડાઈ જાય છે."

"તમે તો ભોળવાઇને સપડાવ તેવાં નથી ને?"

"હું તો તારા જેવી પચાશને સપડાવું તેવી છું, સમજી." બ્હેનપણી બોલી: "મને વરસ તો સીત્તેર થયાં છે પણ અનુભવ એકસો ને સીત્તેર જેટલો છે. મારી સ્મરણશક્તિ પણ હજી જેવી ને તેવી જ છે. તારા જેવી તો કેટલીયે મને ભોળવવા આવી પણ અહીં તો કોઈના ગજ વાગ્યા નહિ. જે આવે તે બે ચાર શબ્દોમાં જ હારી જાય. મારૂં જ્ઞાન પણ જેવું તેવું નથી. ધર્મનાં કેટલાંય પુસ્તકો મેં ફેરવી નાંખ્યા છે. કેટલાંય વ્યાખ્યાનો—ભાષણો સાંભળી નાંખ્યાં છે કેટલીક જગાએ તો મેં પોતે પણ વ્યાખ્યાનો આપ્યાં છે. ધર્મની બાબતમાં તો મારૂં જ્ઞાન અગાધ છે, એક વખતે એક જ્ઞાની પુરૂષ આવેલા. મોટા મોટા દાખલા દલીલો આપીને લોકોનાં મન જીતી લીધેલાં."

"ત્યારે તો તમારૂં મન પણ જીતી લીધું હશે?"

"મારૂં મન જીતવું સહેલું નથી. હું તેવાઓના વ્યાખ્યાનમાં જતી જ નથી. એવા તો કેટલાયે કહેવાતા જ્ઞાનીઓ રખડતા હોય છે. પેટનો ખાડો પૂરવા માટે કંઇ આવડતું ન હોય તો પણ ખરાં ખોટાં વ્યાખ્યાનો આપે ને પેટ પૂરતું મેળવી લે. લોકો તો મારી પાસે આવીને તેની તારીફ કરવા લાગ્યા. મારાથી તે સહન થઈ શક્યું નહિ. બીજે દિવસે હું જાતે વ્યાખ્યાનમાં ગઇ, તે પુરૂષે માથે જટા વધારી હતી. દાઢી પણ લાંબી વધારી હતી. સાથે બે ત્રણ ચેલા

રાખ્યા હતા. શરૂઆતમાં ચેલાઓ તેમના ગુરૂનાં વખાણ કરી લેતા. પછી ગુરૂ વ્યાખ્યાન આપવા ઉઠતા. વ્યાખ્યાન આપતી વખતે કેટલાય ચેનચાળા કરતા, કેટલીક વખતે આંખો મટમટાવતા, કેટલીક વખતે હાથના ચેનચાળા કરતા, વારંવાર માથું ધૂણાવતા તેમના હાવભાવ જોઇને જ લોકો તેમના તરફ આકર્ષાતા. વ્યાખ્યાન આપતાં આપતાં તો કેટલાંય નખરાં કરે, થોડું બોલે ને અટકી જાય, મોં મલકાવીને ચારે બાજુએ નજર કરે, એક વખતે તો મને એવી ચીડ ચઢેલી કે મારી જગાએથી ઉઠીને એક તમાચો ખેંચી કાઢું."

"શા માટે?"

"નહિ તો શું! વારે ઘડિએ મોં મલકાવીને સ્ત્રીઓની સામે જોયા કરવું, એ તે કયા પ્રકારનો ધર્મ કહેવાય? ધર્માત્માઓએ તો નીચી નજર રાખીને બોલવું જોઇએ. કોઈપણ સ્ત્રીની સામે નજર પણ કરવી ન જોઈએ."

"તો પછી આપણા ભાષણની–વ્યાખ્યાનની અસર બીજા પર કેવી થાય છે, તે શી રીતે જાણી શકાય?"

"એ તો બે ચાર દિવસમાં એની મેળે જ જાહેર થઇ જાય. અસર સારી થઇ હોય તો ગામમાં વાહ વાહ બોલાય. રોજને રોજ લોકો સાંભળવા આવે. સાથે નવા નવા લોકોને પણ લેતા આવે. જો અસર સારી થતી ન હોય તો લોકો ધીમે ધીમે આવતા બંધ થઇ જાય. ગામમાં વ્યાખ્યાન આપનારનું સારૂં ન બોલાય."

"તે એમણે સંસાર તો ત્યાગ્યો હશે ને!"

"સંસાર ત્યાગીને જ નીકળ્યા હતા એમ લાગે છે."

"સંસાર ત્યાગેલા તો શ્રેષ્ટ બને છે, એમ તમે કહેતાં હતાં ને!"

"મારી તો એવી ખાત્રી જ છે."

"તો પછી એ કેમ શ્રેષ્ટ ન બન્યા?"

"એટલા માટે તો મેં તેમને એક એવો પ્રશ્ન પૂછ્યો કે, બીચારા બીજે જ દિવસે સંસારી બની ગયા. તેમના ચેલાઓએ પણ સંસારીનાં કપડાં પહેરી લીધાં."

"હાલમાં તે આપણા ગામમાં છે?"

"આપણા ગામમાં રહેતાં તો શરમ આવે ને!"

"ત્યારે?"

"બીજે ક્યાંય રખડતા હશે. આપણે તેની વધારે પંચાત શા માટે કરવી જોઇએ?"

"તમારી વાત સાચી છે." સુલસા બોલી.

ખરી રીતે સુલાસાને તે બાઇની વાત તદ્દન ગપગોળા જેવી લાગી, એને શુદ્ધ બોલતાં પણ નહોતું આવડતું. કોઇ દિવસ વાંચવાનો પરિચય પણ નહોતો. નહોતી જતી કોઇ વ્યાખ્યાનમાં કે કોઇ સંસ્થામાં તેનો આખો દિવસ નિંદામાં જતો, તકરારોમાં તેનો નંબર પહેલો ગણાતો પોતાના ઘરનાં માણસોને પણ તે શાંતિથી રહેવા દેતી નહોતી. આખો દિવસ ને રાત કલેશ જ ચાલ્યા કરતો. આજે અમુકે વધારે ખાધું તો કાલે અમુક મોડું ઊઠયું હતું. આજે અમુકે કામ ન કર્યું તો ગઇ કાલે અમુકે આખો દિવસ રખડયા જ કર્યું, તેના ઘરનાં બધાં જ માણસો કંટાળી ગયાં હતાં. કલેશ ઘરમાં શા માટે જોઇએ?

"તું એટલી જ ડાહી કે તરતજ મારી વાત તારા ગળે જલ્દી ઉતરી." તે બાઇ સુલસાને ઉદ્દેશીને બોલી.

"ડાહી તો શાની? પરંતુ તમારી આખી વાત તરતજ ગળે ઉતરી જાય તેવી છે."

"તેટલા માટે તો કહું છું કે, તું જે મોટી મોટી વાતો કરે છે તે છોડી દે અને ઘરમાં–સંસારમાં–વ્યવહારમાં ચિત્ત પરોવ. બીજાને સુધારવા જતાં કે ઉપદેશ આપવા જતાં તારૂં પોતાનું ગૂમાવી બેસીશ. સમય સારો નથી. વાત વાતમાં લોકો તપી જાય છે. ક્યાંક કોઇકને તારી વાત અવળી પડી તો તારૂં આવી જ બન્યું." ઉપદેશ આપતાં તે બાઇએ જણાવ્યું.

"પરંતુ મારો તો સ્વભાવ પડી ગયો છે."

"એ સ્વભાવને બદલવો જોઇએ. મેં પણ હમણાં હમણાં મારો

સ્વભાવ બદલી નાંખ્યો છે. જો એમ ન કર્યું હોતને તો ક્યાંક મારે માર ખાવો પડત અગર તો આ સંસાર છોડીને ત્યાગી બનવું પડત."

"સંસાર છોડીને તમે ત્યાગી થયા હોત તો ઘણું સારૂં થાત, હો!" સુલસા બોલી.

"જો, પાછી તું તારા સ્વભાવ પર ગઇ." તે બાઇ બોલી. "હું સંસારમાં રહું કે ત્યાગી બનું. એમાં તારે શું?"

"મારે તો કંઇ જ નહિ, આ તો તમે હમણાં બોલી ગયેલા કે, ઉપદેશ આપવો હોય તો સંસારને છોડી દેવો."

"પણ સંસારને છોડી ત્યાગી બનેલાઓ થોડા જ બધા જ્ઞાની હોય છે!"

"હા, એ તો તમે હમણાં જ પેલા ત્યાગી મહાત્માની વાત કરી. પણ હું તો તમારા વિષે કહું છું, કારણ કે તમે જ્ઞાની છો એટલે વાંધો નહિ આવે. મારા જેવી પણ એકાદ વખત તમારી પાસે જ્ઞાન સંપાદન કરવા આવશે."

"મારે તો આ સંસારે ય નથી છોડવો અને ત્યાગી યે નથી બનવું. હું તો છું તે સારી છું મારે સંસારમાં ક્યાં દુઃખ છે કે, હું સંસાર ત્યાગું છું? સંસાર તો જેને સંસારમાં દુઃખ હોય તો ત્યાગે, મારે તો ખાઇ પીને લહેર છે નથી પાણીનો લોટો ઉપાડવો પડતો કે નથી રસોઈ બનાવવી પડતી, નથી પાણી ભરવા જવું પડતું કે નથી દળવું પડતું, મારે તો તૈયાર ભાણા પર બેસવાનું હોય છે. આવું સુખ છોડીને મારે ત્યાગી શા માટે બનવું જોઇએ!"

—આવા કેટલાય અનુભવો સુલસાને થયેલા આ વાતચીતમાં ક્યાંક ક્યાંક વ્યંગમાં બોલેલી, તે માટે તેને પાછળથી પશ્ચાત્તાપ થયેલો કોઈપણ વ્યક્તિની સાથે વ્યંગમાં શા માટે બોલવું જોઇએ! ઈશ્વરે આપેલી સદ્દબુદ્ધિનો ઉપયોગ આવો શા માટે કરવો જોઈએ?

—અને ત્યારથી તેણે કોઇની પણ સાથે વ્યંગમાં ન બોલવાનો નિશ્ચય કરેલો.

[ ૧૬ ]

# ☆ નાસી છૂટેલા બિમ્બિસાર ☆

કેટલાક સમયથી મહારાજા બિમ્બિસારને એક પ્રકારની ચટપટી લાગી હતી. ગણતંત્રમાં માનતી વૈશાલિના ચેટકરાજે તેમનું હડહડતું અપમાન કર્યું હતું. પોતે એકલા ત્યાં હોવાથી ચોરી છૂપીથી તેમને ત્યાંથી નાસી જવું પડ્યું. તે અપમાન તેમના માટે જેવું તેવું નહોતું.

પોતે તેજસ્વી પુરૂષ હતા. યુદ્ધમાં નરકેશરી જેવા બનીને ઘૂમતા. કોઈ પણ શત્રુને પુંઠ બતાવવામાં સમજ્યા નહોતા. પ્રજાનાં સુખ દુઃખમાં પોતાનાં સુખ દુઃખ માનતાં હતાં. દેશ પણ વિશાળ હતો. નિષ્કલંક કીર્તિ દિવસે દિવસે વધ્યા કરતી હતી.

—અને છતાં તેમને વૈશાલિથી નાસી જવું પડ્યું હતું-ભાગી આવવું પડ્યું હતું.

એક વખતે તે વૈશાલિ ગયેલા. લિચ્છવીઓની ખ્યાતિ ઘણી વખત સાંભળવામાં આવેલી. ત્યાંના રાજતંત્રની પણ તેમને સંપૂર્ણ માહિતી હતી. લિચ્છવીઓના સરદાર-પ્રમુખ ચેટકરાજ બહુ જ અનુભવી અને જીદ્દી પુરૂષ હતા. જ્ઞાનમાં પણ ઉતરે તેવા નહોતા.

ત્યાંની નૃતિકા આમ્રપાલી રૂપગુણ અને નૃત્ય માટે જગપ્રસિદ્ધ બની હતી. જગતના મહાયોદ્ધાઓ તેમજ રસિક પુરૂષોની નજરે તે ચઢી હતી. કેટલાય દેશના રાજા મહારાજાઓ, યોદ્ધાઓ, રસિકજનો

અને શ્રીમંતો આમ્રપાલીને જોવા માટે અને બની શકે તો પોતાની બનાવવા માટે ત્યાં આવતા અને પોતાનાથી બની શકે તેટલો પ્રયત્ન કરતા.

—પરંતુ તે તો હતી આમ્રપાલી.

તેને પ્રેમ જોઇતો હતો, મોહ નહિ. તેને આજાન બાહુનાં વીંટળામણ અને વિશાળ–સિંહસમા વૃક્ષઃસ્થળનાં આલિંગણ જોઈતાં હતાં. પ્રેમ ભર્યું હૃદય અને અમીભર્યાં નયનોની તે વાટ જોતી બેઠી હતી.

તેને પ્રેમી જોઇતો હતો પરંતુ તે મર્દ, કેવળ શોભાનો નહિ. પ્રેમ કે વિલાસ માટે જગતને ભૂલી જાય તેવો નહિ પરંતુ વખત આવે તો પ્રેમ અને વિલાસને લાત મારી આયુધો સજી શકે.

નૃતિકા બનવાની તેની ઇચ્છા ન હોવા છતાં તે નૃતિકા–દેવનૃતિકા–દેશનૃતિકા બની હતી. તેને મેળવવા માટે તે દેશના લિચ્છવીઓમાં પણ અંદરો અંદર કાપાકાપી ચાલતી હતી. ત્યાંની પ્રથા પ્રમાણે જે સૌને જીતે તે આમ્રપાલીને મેળવી શકે. ઘણા યુવકો તે માટે વારંવાર અંદરો અંદર શસ્ત્રોનો ઉપયોગ કરતા. પ્રૌઢો અને વૃદ્ધોને પણ તેને મેળવવાની ઘેલછા જાગી હતી. તેઓ પણ કોઈ કોઈ વખતે ભાન ભૂલી હથિયારો વાપરતા.

પરંતુ અચાનક લિચ્છવીઓના જાણવામાં આવ્યું કે, કોઈ એક પરદેશી આમ્રપાલીનો પ્રેમ સંપાદન કરી ચૂકયો છે. આમ્રપાલીના અંગોપાંગમાં ફરક પડી ગયો છે. નૃત્યમાં પણ તેનું ચિત્ત બરાબર ચોંટતું નથી. તેનાં નયનોમાં ઘેન, નિંદ્રા અને સુખ વાચ્છનાની છાયા દેખાયા કરે છે. હવે તેના પર બરાબર દેખરેખ રાખવાની જરૂર છે. જો ખરેખર જ એ વાત સત્ય ઠરે તો વૈશાલિનું નાક કપાય. લિચ્છવીઓએ ઝેર ખાઇને મરવું પડે.

શું, આખી વૈશાલિમાં એક પણ એવો નર નથી કે, જેના પ્રત્યે આમ્રપાલી આકર્ષાય ? એક પણ યુવાન તેના દિલને જીતવાને સમર્થ

નથી? એક પણ વ્યક્તિ સુંદર, મોહક કે પ્રેમી દિલની નથી કે જેથી તેને પરદેશીના પ્રેમમાં પડવું પડે? એક પણ વીર એવો નથી કે જે તેને આકર્ષી શકે?

ગમે તેમ થાય, ગમે તેવો વિકટ પ્રસંગ ઉપસ્થિત થાય પણ આમ્રપાલી એક પરદેશીને દિલ ન જ અર્પી શકે. આટલી મોટી નગરીમાં એક પણ દિલ એને એવું ન મળી આવ્યું કે, જેમાં તે પોતે-પોતાને-પોતાના દિલને શમાવી શકે?

—આ વાત અમારા દેશને માટે, અમારા ગણને માટે, અમારા લિચ્છવીઓને માટે ભયંકર અપમાન સમાન છે. ભયંકર કલંક છે. બની શકે તેમ જલ્દી આ વાતનો તંત મેળવવો જોઈએ. તંત મેળવીને તેનો અંત પણ આણવો જોઈએ. એ પરદેશી કોણ છે તેની તપાસ કરવી જોઈએ અને તેનો બદલો લેવો જોઈએ. તેને અહીંથી જીવતો જવા દેવો ન જોઈએ.

અમારા સતત્ જાગૃત રહેતા દેશમાં ચોરી છૂપીથી આવીને અમારા દેશને કલંક લગાડનાર એવી તે કઈ વ્યક્તિ છે કે, જેની પાછળ આમ્રપાલી ઘેલી બની છે!

આવનાર વ્યક્તિ પણ જેવી તેવી તો નહિ જ હોય. સામાન્ય વ્યક્તિમાં આટલી હિંમત પણ ન હોય.

—અને તે વિષે તપાસ પણ શરૂ થઈ.

દેશ વિદેશમાં રૂપમાં પ્રસિદ્ધિ પામેલી આમ્રપાલીનું નામ મહારાજા બિમ્બિસારના કાન પર આવેલું. બાલ્યકાળથી પોતે રસિક તો હતા. નાનપણમાં મોટી મોટી મુસાફરીઓ કરવાના પ્રસંગો આવેલા. દેશ પરદેશના રિત રિવાજ જોવા મળેલા. સુખ દુઃખના અનુભવ પણ મળેલા.

સાહસિક સ્વભાવ તો નાનપણથી જ હતો. જગબત્રીસે ચઢેલી રૂપવાન આમ્રપાલીને મેળવવાની તેમની ઈચ્છા થઈ આવી. પરંતુ તેને

મેળવવી એ નાનીસૂની વાત નહોતી. વૈશાલિમાં પગ મૂકતી વખતે જ પાછા ફરવાની આશા છોડીને જ આગળ પગલું ભરવાનું હોય. ત્યાંનો પ્રત્યેક લિચ્છવી સૈનિકની ગરજ સારતો. એક પણ લિચ્છવી શસ્ત્ર વિના બહાર નીકળતો નથી. શસ્ત્ર એ તો દરેકનો જીવનમંત્ર મનાતો.

રસિકની રસિકતા રોકાય તેમ નહોતી. પોતે મહારાજા હતા. વીરયોદ્ધા હતા. ભીરૂતાને તુચ્છકારતા હતા. સાહસીક હોઈ સાહસને અપનાવી લેતા.

આ પ્રસંગ પણ સાહસનો હતો. પરંતુ આ સાહસ જેવું તેવું નહોતું. સિંહની ગુફામાં પેસવા જેવું હતું–અંદર સિંહ હોવાનું જાણવા છતાં અને નજરે નીહાળવા છતાં.

લિચ્છવીઓ સિંહ સમાન હતા, મહારાજા તેમને સારી રીતે ઓળખતા હતા. કોઈ કોઈ વાર તેમની હિંમતની, મર્દાનગીની અને મરે પણ શત્રુને પુંઠ ન બતાવવાની તેમની નીડરતાની તે સ્તુતિ કરતા, તેમના ગુણને વખાણતા.

નૃત્ય વખતનું આમ્રપાલીનું ચિત્ર જોયા પછી મહારાજા તેના તરફ વધુ આકર્ષાયા. ગમે તેમ કરીને તેને મેળવવી જ જોઈએ. આમ્રપાલી જેવી અજોડ નૃતિકા વૈશાલિમાં હોય એ મગધનું–મગધ-રાજનું અપમાન હતું.

તેમણે એક રાત્રે નિશ્ચય કરી લીધો. બે સાથીદારોને સાથે લઈને શિકારને બહાને અશ્વારૂઢ બનીને વૈશાલિ તરફ ઉપડી ગયા. સતત્ પ્રવાસે તે બને તેમ જલ્દી ત્યાં પહોંચી ગયા.

પરંતુ હવે?—

નગરમાં પ્રવેશ કેવી રીતે કરવો?–ચારે બાજુએ શસ્ત્ર પહેરાઓ હતા. પહેરગીરોની નજર ચકોર હતી.

અશ્વો દરવાજા પાસે આવ્યા અને તરત જ ત્યાંથી પાછા ફર્યા.

મહારાજાએ અને તેમના સાથીદારોએ જંગલમાં–નિર્જન અરણ્યમાં જઈને વસ્ત્રો બદલી નાખ્યા. વસ્ત્ર પરિવર્તનની કળામાં તે પારંગત હતા.

થોડા સમયમાં પાછા તે દરવાજા આગળ આવી પહોંચ્યા અને બિલકુલ અચકાયા વિના તેમાં પ્રવેશ કર્યો. પહેરગીરોએ તેમના તરફ જોયું ન જોયું કર્યું. તેમની અશ્વો નચાવવાની છટા અને તેમના વેશ પરિવર્તને તેમને યારી આપી.

થોડા જ દિવસોમાં તેમની અને આમ્રપાલીની મુલાકાત થઈ. પ્રથમ નજરે જ તે રસીક નર પ્રત્યે આકર્ષાઇ. આજ તેણે પોતાના મન પરનો કાબૂ આ રીતે ગૂમાવ્યો નહોતો.

ચારે નયનો એક થયાં. મહારાજાને પણ લાગ્યું કે, જગત તેની પ્રશંસા વિના કારણ કરતું નહોતું. તેની સૌંદર્ય જ્યોત અત્યંત પ્રકાશીત હતી. તેની નૃત્યકળા જગતભરમાં અજોડ હતી. તેનો પ્રેમ નિર્મોહી, વાસના વિનાનો અને પવિત્ર હતો.

આમ્રપાલીએ પોતાનું હૃદય ગૂમાવી નાંખ્યું. તેને નૃત્યમાં રસ ન રહ્યો દુનિયાની દરકાર ન રહી. તે તત્કાળ સમજી ચૂકી હતી કે, આ વ્યક્તિ વૈશાલિની નથી. ગમે તે દેશની હોય પણ પરદેશી છે, એ વાત ચોક્કસ છે. એ વાત ખોટી હોય તો આ રસિકજન અત્યાર સુધી છૂપો રહી ન શકત.

પણ તે ગમે તે હોય, મારે તો એનું કામ છે. એના પ્રેમનું કામ છે. એની ગોદની મીઠી હુંફ જોઈએ છે. એના અજાતબાહુનું આલિંગન જોઈએ છે. એની વિશાળ છાતીને ઓશિંગણુ બનાવવું છે.

પણ...! પણ એક પ્રશ્ન આડે આવતો હતો. બંને સ્વતંત્ર હોવા છતાં, બંનેનાં દિલ એક થયા છતાં તેમ બનવું અશક્ય હતું.

કારણ...?

જ્યાં સુધી વિવાહ-લગ્ન ન થાય ત્યાં સુધી તેમાંનું કંઈજ ન

બની શકે. મહારાજા બિંમ્બિસાર ગમે તેમ માનતા હોય પણ આમ્રપાલીથી તો વિવાહ સિવાય પર પુરૂષને સ્પર્શી પણ ન શકાય. ભલે તે નૃતિકા હોય પરંતુ સ્ત્રી જાત તો કહેવાય. લગ્ન સિવાય માની લીધેલા પતિને પણ સ્પર્શી ન શકાય એ સુલક્ષણ આર્યનારીનું સર્વાંગી ભુષણ છે.

પરંતુ લગ્ન કરવાં કેવી રીતે? આમ્રપાલી કોઈ ને પણ જણાવ્યા સિવાય લગ્ન કરવા ઈચ્છતી હતી. કારણ કે તેનો નવો માની લીધેલો પ્રેમી પરદેશી હતો. મહારાજા પોતે પણ છૂપા રહેવા માગતા હતા. કારણ કે જો કોઇને થોડી પણ જાણ થાય તો પોતે અને પોતાના સાથીદારો ભયમાં મૂકાયા સિવાય રહે નહિ.

આમ્રપાલીએ એક સમયે આગ્રહ કરીને મહારાજાને તેમનો ખરો વૃત્તાંત પૂછી જોયો. મહારાજાએ પ્રેમવશ બનીને આગળ પાછળનો વિચાર કર્યા સિવાય પોતાનો સત્ય વૃત્તાંત અને અહીં આવવાનું કારણ જણાવી દીધું. આમ્રપાલીની જગાએ જો બીજું કોઈ હોત તો મહારાજા મુશ્કેલીમાં મૂકાઈ જાત. પરંતુ આમ્રપાલી તો વધુ ખુશી થઈ. તેને થયું કે પોતે કરેલી પસંદગી અસ્થાને નથી.

પરંતુ એક બીજાની નજરે રહેવા છતાં—નજીકમાં નજીક રહેવા છતાં સ્પર્શ પણ અશક્ય બને, એ વિરહ વેદના ક્યાં સુધી અને કેવી રીતે સહી શકાય?

—અને એક સંધ્યાએ આમ્રપાલીએ માર્ગ શોધી કાઢયો ને રાત્રે તેનો અમલ પણ થઈ ચૂક્યો.

તેણે પોતાના વિશ્વાસુ બ્રાહ્મણને બોલાવ્યો. દ્રવ્યથી તેને સંપૂર્ણપણે ખુશ કર્યો. અહીંના બનાવ વિષે એક અક્ષર પણ ક્યાં ય ન ઉચ્ચારવાની તેની પાસે પ્રતિજ્ઞા લેવડાવી અને તેજ રાત્રે—તેજ સમયે આમ્રપાલીના આવાસમાં આમ્રપાલીના અને મહારાજાના—બિંમ્બિસારના ગાંધર્વ વિવાહ થયા.

થોડા જ સમયમાં તે સ્ત્રીના અંગોપાંગમાં ફરક પડી ગયો. લીચ્છવીઓની નજરે તે ચઢી ગયો ચેટકરાજથી પણ તે છૂપો રહી શકયો નહિ. દરેકના હૃદયમાં કારી ઘા લાગ્યો.

આ શું ?

આમ કેવી રીતે બન્યું ?

—અને તરત જ તેની તપાસ શરૂ થઈ. આમ્રપાલી અને બિંમ્બિસારના કાને પણ તે વાત આવી પહોંચી. બંને સચેત બન્યાં. આમ્રપાલીના આવાસની આસપાસ છૂપો પહેરો ગોઠવાઈ ગયો હતો. કેટલાક યુવાન લીચ્છવીઓ આવાસમાં આવવા મથવા લાગ્યા.

બંને બુદ્ધિશાળી હતાં. તેમણે સમય પારખી લીધો. ક્ષણાર્ધમાં નક્કી કરી લીધું. છેવટનાં આલિંગન અપાઇ ગયાં. એક બીજાના નયનોએ છેવટનાં અમી પી લીધાં.

અને —

અને કોઇને પણ ખબર ન પડે તેવી રીતે મહારાજા આમ્રપાલીના આવાસમાંથી છટક્યા. તત્કાળ કોઇને તે વાતની જાણ ન થઇ. લોકોએ માનેલું કે, તે વ્યક્તિ અંદર છે. તેઓ જોર જોરથી અવાજ કરવા લાગ્યાં છેવટે થોડો સમય વીત્યા બાદ—અહીંથી છટકી ગયેલા મહારાજા કેટલેક દૂર સુધી પસાર થઈ શકે તેટલો સમય વીતાવ્યા બાદ—આમ્રપાલીએ દરવાજા ખોલ્યા.

લીચ્છવીઓ એકદમ તેના આવાસમાં ઘૂસી ગયા, કેટલાક તેને આમ્રપાલીને ઘેરી વળ્યા. કેટલાક ચારે બાજુએ અજાણી વ્યક્તિને શોધવા લાગ્યા. અંતે તેમની તે મહેનત નિષ્ફળ નીવડી.

કેટલાક લોકોએ જ્યારે તે બહાર ઉભા હતા. ત્યારે પોતાનાથી કેટલેક દૂરથી એક સામાન્ય વ્યક્તિને જતી જોઈ હતી. તેમને કંઈક શંકા પણ ઉદ્ભવી હતી. હવે તે શંકા મજબૂત બની.

શંકાપાત્ર વ્યક્તિ જે માર્ગે ગઈ હતી તે માર્ગે તેઓ તરતજ

પીછો પકડવા દોડયા. પરંતુ તે વ્યક્તિને ગયે કેટલોક સમય વીતી ગયો હતો. પીછો પકડવા ગયેલ લીચ્છવીઓ આખરે નિરાશ થઈ ને પાછા ફર્યા.

એ રીતે વૈશાલિમાંથી ચોરી છૂપીથી નાસી આવેલા મહારાજા બિંમ્બિસારે માની લીધેલું કે, ચેટકરાજે તેમનું ભયંકર અપમાન કર્યું છે. પરંતુ પાછળથી તેમના સાથીદાર પાસેથી તેમને સમાચાર મળેલા કે, મહારાજા છટકી ગયા તે પહેલાં જ ચેટકરાજાને ખબર પડી ગઇ હતી કે, પરદેશી વ્યક્તિ તે બીજી કોઇ નહિ પરંતુ મગધરાજ જ છે. અને તે કારણે આમ્રપાલીના આવાસની આસપાસ છૂપો પરંતુ મજબૂત પહેરો ગોઠવાઇ ગયો હતો. પરંતુ આત્મબળ પર શ્રદ્ધા રાખનાર નિડર મહારાજા છટકી ગયા હતા.

એ રીતે અપમાન પામેલા મહારાજાએ ચેટકરાજનું નાક કેવી રીતે કાપવું, તેની વિચારણા શરૂ કરી હતી.

[ ૧૭ ]

## ☆ સંપૂર્ણ રહસ્ય ☆

**મા**ર ખાધા પછી પણ અમરકુમારને ધર્મ પ્રત્યે અણગમો આવ્યો ન હતો. વિમળશા પાસેથી નવકાર મંત્ર વિષે ઘણું જાણી લીધું હતું. એટલું જાણવા છતાં તેને સંતોષ થયો નહોતો. હજી તેને વધારે જાણવું હતું. જે જાણવું સંપૂર્ણ જાણી લેવું, એમ તે માનતો હતો.

ખરી રીતે તો કોઇ જ વસ્તુ સંપૂર્ણ રીતે જાણી શકાતી નથી. તેમાં ગમે તેટલા ઉંડા ઉતરીએ તો પણ તે સંપૂર્ણ તો થતી જ નથી. માનવીથી સંપૂર્ણ બની શકાતું નથી. પરંતુ જિજ્ઞાસા વસ્તુ જુદી છે. સંપૂર્ણ ન થવાય એ વાત સત્ય હોવા છતાં સંપૂર્ણ થવાની–જાણ-વાની ઇચ્છા તો માનવને થાય છે જ.

આખી રાત અમરકુમારને તેના જ વિચારો આવ્યા કરતા હતા. તે દિવસે વધારે મોડું થવાથી શાળાએ જઇ શકાયું નહોતું. તે કારણે માતાએ માર માર્યો હતો. જો કે કારણ તો જુદું જ હતું. પરંતુ મારવાની જેને ટેવ પડી હોય છે, તેને ખાસ કાંઈ મહત્વના કારણની જરૂર પડતી નથી. તે તો કારણ ગમે ત્યાંથી મેળવી શકે છે.

અમરકુમારે તે પછી નિશ્ચય કર્યો હતો કે, શાળાનો સમય ન બગાડતાં તે સિવાયના સમયમાં ધર્મનું જ્ઞાન મેળવવું.

તેને વધુ રસ પડચો હતો નવકાર મંત્રમાં. પિતા તો તેમાં

જાણતા નહોતા. કદાચ જાણતા હોય તો પણ તેમની પાસે વાત કાઢી જ ન શકાય. પોતે બ્રાહ્મણ કુળમાં જન્મ્યો હોવા છતાં, નવકાર મંત્રનો મોહ શા માટે ?—આ પ્રશ્ન તેને કેટલીક વખત મુંઝવતો. પરંતુ તે મનમાં ને મનમાં સંતોષ માની લેતો કે, મારે કયાં તે ધર્મને સ્વીકારવો છે ? જે કંઈ થોડું ઘણું જાણવા મળ્યું છે, તે પૂરેપૂરૂં જાણી લેવું છે. પછી તે તરફ નજર પણ કરવી નથી. કોઈ પણ વાતને અધુરી તો ન જ રાખવી જોઈએ.

રાત્રે ઉંઘમાં પણ તે મંત્ર જ ગોખ્યા કરતો હતો. સવારે વહેલું પરોઢ થયું. હંમેશની ટેવ મુજબ તેણે ઠંડા જળ વડે સ્નાન કરી લીધું. અપ્રત્યક્ષ રીતે માતા પિતાને પ્રણામ કર્યા. દેવદેવાદિનું સ્મરણ કર્યું. સૂર્ય ઉગ્યો અને તેને તેણે હાથ જોડયા.

માતા આપે તે લુખું સૂકું થોડું ઘણું ખાવાને ટેવાયેલાને મોટી આશા તો હતી જ નહિ. સૌની સાથે તેને એક નાનો સૂકો ટૂકડો ખાવા મળ્યો. નામનું દૂધ મળ્યું. તે સૂકા ટૂકડાને પણ તેણે અમૃત તુલ્ય માનીને ખાઇ લીધો. તે બાબતમાં તે ટેવાયેલો હતો અને તે સિવાય છૂટકો પણ નહોતો.

તે નાસ્તા પછી સૌની નજર ચૂકવીને તે વિમળશાને ત્યાં પહોંચી ગયો. તે સમયે વિમળશા સેવા પૂજામાંથી પરવારીને દુકાનની ગાદી પર બેઠા હતા. તેણે અમરકુમારને આવકાર્યો. અમરકુમાર તેની નજીક જઇને બેઠો.

“ અત્યારે કયાંથી ? ” વિમળશાએ પ્રશ્ન કર્યો.

“ કામ વિના તો કોઇ થોડું જ આવે છે, કાકા ! ” અમરકુમાર બોલ્યો:

“ એવું તે મારૂં શું કામ પડયું કે અત્યારે આવવું પડયું ? ”

“ બીજું તો કંઈ ખાસ નથી. પરંતુ તમે મને જે નવકારમંત્ર વિષે થોડું ઘણું સમજાવ્યું છે તે વિષે મારે આગળ જાણવું છે. ”

" તને એમાં બહુ રસ પડયો હોય એમ લાગે છે!"

"ધર્મના વિષયમાં રસ ન પડે એમ બને ખરૂં!"

"ઠીક, ત્યારે હવે હું તને આગળ સમજાવું છું. બરાબર ધ્યાન દઇને સાંભળજે."

"સારૂં."

"તિર્થંકર મહારાજ શ્રી અરિહંતના બાર ગુણ કહેવાય છે."

"તે કયા કયા?" અમરકુમારે પ્રશ્ન કર્યો.

"તે જો, આ પ્રમાણે છે." વિમળશા ખુલાશાથી સમજાવવા લાગ્યા.

"અશોક વૃક્ષ. સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, આસન, ભામંડળ, દુંદુભિ, છત્ર, અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય, અને વચનાતિશય."

"તે બધાના મને બરાબર અર્થ સમજાવો, કાકા!" અમરકુમારે સવિસ્તર હકિકત-અર્થ જાણવા માટે જણાવ્યું.

"હા, હવે હું તને તેજ સમજાવું છું." વિમળશા વિગતવાર સમજાવતાં બોલ્યા.

"પહેલો ગુણ અશોક વૃક્ષ-જ્યાં ભગવંતનું સમવસરણ રચાય ત્યાં દેવતા ભગવંતના દેહથી બારગણું મોટું આસોપાલવનું વૃક્ષ રચે છે. તે વૃક્ષની નીચે બેસીને ભગવંત ધર્મોપદેશ આપે છે.

બીજો ગુણ સુરપુષ્પ વૃષ્ટિ—એક યોજન પ્રમાણ સમવસરણ-ભૂમિમાં જળસ્થળમાં ઉત્પન્ન થયેલાં સુગંધી પંચવર્ણી સચિત્ત પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ દેવતા કહે છે તેને સુરપુષ્પ વૃષ્ટિ કહેવાય છે.

ત્રીજો ગુણ દિવ્યધ્વનિ—ભગવંતની વાણીને માલવકોશ રાગ વીણા, વાંસળી આદિકના સ્વર વડે દેવતા પૂરે છે તેને દિવ્યધ્વનિ કહેવામાં આવે છે.

ચોથો ગુણ ચામર—રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીંઝે છે તે.

પાંચમો ગુણ **આસન**—ભગવંતને બેસવા માટે રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ સમવસરણમાં રચે છે, તેને આસન કહેવાય છે.

છઠ્ઠો ગુણ **ભામંડળ**—ભગવંતના મસ્તકની પાછળ શરદ્‌ઋતુનાં સૂર્યનાં કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ એટલે તેજનું માંડલું દેવતા રચે છે. તે ભામંડળ ભગવંતના તેજને પોતાના તેજમાં સંહરી લે છે. જો તે ન રચાય તો ભગવંતના મુખ સામું જોઈ શકાય નહિ."

"કેમ?" અમરકુમારે વચ્ચે પ્રશ્ન કર્યો.

'કારણ કે તે સમયે ભગવંતનો ચહેરો અત્યંત તેજસ્વી હોય છે.

સાતમો ગુણ **દુંદુભિ**—ભગવંતના સમવસરણ વખતે દેવતાઓ દેવદુંદુભિ વગેરે વાજીંત્રો વગાડે છે. તે વાજીંત્રો એમ સૂચવતાં હોય છે કે, 'હે ભવ્ય જીવો! તમે શિવપુરના સાર્થવાહ તુલ્ય આ ભગવંતને સેવો.'

આઠમો ગુણ **છત્ર**—સમવસરણમાં ભગવંતના મસ્તક પર ઉપરા ઉપર શરદ્‌ઋતુના ચંદ્ર તુલ્ય ઉજ્વળ અને મોતીના હારોએ સુશોભિત એવા ત્રણ ત્રણ છત્રો દેવતાઓ રચે છે. ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખે બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં ભગવંતનાં જેવાં ત્રણ પ્રતિબિંબો દેવતાઓ સ્થાપે છે. તેથી સમવસરણમાં બાર છત્રો હોય છે. એ બધાં એમ સૂચવે છે કે, ત્રણ ભુવનના સ્વામી એવા આ ભગવંતને હે, ભવ્યો! તમે સેવો. સમવસરણ ન હોય ત્યારે પણ આઠ પ્રતિહાર્ય તો હોય છે જ.

બીજા ચાર ગુણ અતિશય એટલે ઉત્કૃષ્ટવાળા, વિશિષ્ટ ચમત્કારવાળા હોય છે. એ ગુણ મૂળ આ પ્રમાણે છે.

પહેલો ગુણ **અપાયાપગમાતિશય**—(અપાય-ઉપદ્રવ તેનો અપગમ-નાશ) આ બે પ્રકારના છે.

**અ—સ્વાશ્રયી**—સ્વાશ્રયી એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથી અને ભાવથી નાશ કર્યો છે તે.

હવે **દ્રવ્ય ઉપદ્રવ**—સર્વ રોગો. આ પોતાને ક્ષય થઈ ગયા હોય છે.

**ભાવ ઉપદ્રવ**—અંતરગ અઢાર દૂષણનો નાશ કર્યો છે તે."

"અઢાર દૂષણ કયા કયા?" અમરકુમારે જાણવાની જિજ્ઞાસાથી વચ્ચે પ્રશ્ન કર્યો.

"અઢાર દૂષણો આ પ્રમાણે છે." વિમળશા તેને સમજાવતાં કહેવા લાગ્યા.

"પહેલો દાનાંતરાય, બીજો લાભાંતરાય, ત્રીજો ભોગાંતરાય, ચોથો ઉપભોગાંતરાય, પાંચમો વિર્યાંતરાય, છઠ્ઠો હાસ્ય, સાતમો રતિ, આઠમો અરતિ, નવમો ભય, દશમો શોક, અગીઆરમો જીગુપ્સા-નિંદા, બારમો કામ, તેરમો મિથ્યાત્વ, ચૌદમો અજ્ઞાન, પંદરમો નિંદ્રા, સોળમો અવિરતિ, સત્તરમો રાગ અને અઢારમો દ્વેષ.

એ રીતે સ્વાશ્રયી અપાયાપગમાતિશય છે અને (બ) **પરાશ્રયી** અપાયાપગમાતિશય આ પ્રમાણે છે.

જેનાથી પારકા ઉપદ્રવ નાશ પામે. એટલે જ્યાં ભગવંત વિચરે ત્યાં દરેક દિશામાં મળીને સવાસો યોજન સુધીમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુકાળ આદિ થાય નહિ.

પછી બીજો **જ્ઞાનાતિશય**—જેનાથી ભગવાન લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે. કારણ કે તેમને કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનીથી કોઈ પણ વાત અજ્ઞાત હોઈ શકતી નથી.

ત્રીજો ગુણ **પૂજાતિશય**—જેનાથી શ્રી તીર્થંકર સર્વપૂજ્ય છે. એટલે ભગવંતની પુજા રાજા-બલદેવાદિ, દેવતા-ઈંદ્ર આદિ કરે છે અગર કરવાની અભિલાષા કરે છે.

ચોથો ગુણ **વચનાતિશય** છે—જેનાથી શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાય છે. આ વાણીમાં પાંત્રીસ ગણો છે.

"તે કયા કયા?" અમરકુમારે પૂછ્યું.

"હવે હું તે જ સમજાવું છું. વિમળશા બોલ્યા.

"પાંત્રીસ ગુણો સહિત એ ભાષા આવા પ્રકારની હોય છે. પહેલી સર્વ ઠેકાણે સમજાય તેવી, બીજી યોજના પ્રમાણે સંભળાય તેવી, ત્રીજી પ્રૌઢ, ચોથી મેઘ જેવી ગંભીર, પાંચમી શબ્દ વડે સ્પષ્ટ, છઠ્ઠી સંતોષકારક, સાતમી દરેક મનુષ્ય એમ જાણે કે જાણે મને જ ઉદ્દેશીને કહેવામાં આવે છે, આઠમી પુષ્ટ અર્થવાળી, નવમી પૂર્વાપર વિરોધ રહિત, દસમી મહાપુરૂષને છાજે તેવી, અગીઆરમી સંદેહ વગરની, બારમી દૂષણ રહિત અર્થવાળી, તેરમી કઠણ વિષયને સહેલો કરે એવી, ચૌદમી જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી, પંદરમી ષડ્‌દ્રવ્ય અને નવ તત્ત્વને પુષ્ટ કરે એવી, સોળમી પ્રયોજન સહિત. સત્તરમી પદ રચના સહિત, અઢારમી છ દ્રવ્ય, નવ તત્ત્વે પટુતા સહિત, ઓગણીસમી મધુર, વીસમી પારકો મર્મ જણાઇ ન આવે એવી ચતુરાઈ વાળી, એકવીસમી ધર્મઅર્થ પ્રતિબદ્ધ, બાવીસમી દીપ સમાન પ્રકાશ અર્થ સહિત, તેવીસમી પરનિંદા અને પોતાની સ્તુતિ વિનાની, ચોવીસમી કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ સહિત, પચીસમી આશ્ચર્યકારક, છવીસમી વક્તા સર્વ ગુણ સંપન્ન છે, એવું જેમાં લાગે તેવી, સત્તાવીસમી ધૈર્યવાળી, અઠ્ઠાવીસમી વિલંબ રહિત, ઓગણત્રીસમી ભ્રાંતિ રહિત, ત્રીસમી પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી, એકત્રીસમી શિષ્ટ બુદ્ધિ ઉપજાવે તેવી, બત્રીસમી પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે તેવી, તેત્રીસમી સાહસિકપણે બોલે તેવી, ચોત્રીસમી પુનરૂક્તિ દોષ વગરની અને પાંત્રીસમી સાંભળનારને ખેદ ન ઉપજે એવી.

આ રીતે ભગવંતની ભાષા પાંત્રીસ ગુણવાળી હોય છે.

આઠ પ્રતિહાર્યના આઠ અને ચાર મૂળ અતિશયના ચાર મળી કુલ બાર ગુણ અરિહંત ભગવાનના સમજાવ્યા પછી હવે હું તને આઠ કર્મને સર્વથા ક્ષય કરીને મોક્ષપદ સાધનાર ભગવાન સિદ્ધના આઠ ગુણ સમજાવું છું." અરિહંત ભગવાનના ગુણો સમજાવીને આગળ સિદ્ધ ભગવાનના ગુણો સમજાવતાં વિમળશા બોલ્યા.

"સિદ્ધ ભગવાનના આઠ ગુણ આ પ્રમાણે છે :

પહેલો ગુણ **અનંત જ્ઞાન**—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

બીજો ગુણ **અનંત દર્શન**—દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

ત્રીજો ગુણ **અવ્યાબાધ સુખ**—વેદનીય કર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડારહિત-નિરૂપાધિકપણું પ્રાપ્ત થાય છે.

ચોથો ગુણ **અનંત ચારિત્ર**—મોહનીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વ સ્વભાવમાં સદા અવસ્થિત રહે છે. તેજ ત્યાં ચારિત્ર છે.

પાંચમો ગુણ **અક્ષય સ્થિતિ**—આયુઃ કર્મનો ક્ષય થવાથી નાશ નહિ થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી. તે કારણે આદિ અનંત કહેવાય છે.

છઠ્ઠો ગુણ **અરૂપીપણું**—નામ કર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત થાય છે. કારણ કે શરીર હોય તો એ ગુણો રહે છે પરંતુ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

સાતમો ગુણ **અગુરૂલઘુ**—ગોત્ર કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ભારે હળવો અથવા ઉંચનીચપણાનો વ્યવહાર રહેતો નથી.

આઠમો ગુણ છે **અનંત વીર્ય**—અંતરાય કર્મનો ક્ષય થવાથી

અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય—શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક સિદ્ધમાં રહે છે. તેમ હોવા છતાં તેઓ તેવું વીર્ય કદી ફોરવતા નથી. તેમજ ફોરવશે પણ નહિ કારણ કે પુદ્દગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણોને છે તેવા ને તેવા ધારી રાખે. ફેરફાર થવા દે નહિ.

હવે **આચાર્ય** મહારાજના જે છત્રીસ ગુણો છે, તે હું તને સમજાવું છું.

એક સ્પર્શનેંદ્રિય એટલે ત્વચા—શરીર. બીજી રસનેંદ્રિય એટલે જીભ. ત્રીજી ઘ્રાણેંદ્રિય એટલે નાક. ચોથી નેત્રેંદ્રિય એટલે આંખ અને અને પાંચમી શ્રોતેંદ્રિય એટલે કાન.

એ પાંચ ઇંદ્રિયના ત્રેવીસ વિષયોમાં મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહિ.

બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિ એટલે શિયળની નવ વાડોને જાળવી રાખે ક્ષેત્રનું જેમ વાડથી રક્ષણ થાય છે તેમ આ નવ વાડોથી શિયળ રૂપી ક્ષેત્રનું રક્ષણ થાય છે."

"નવ પ્રકારની વાડો કઇ કઈ, કાકા ?" અમરકુમારે વચ્ચે પ્રશ્ન કર્યો.

"તે વાડો આ પ્રમાણે છે." વિમળશા તેને સમજાવતા આગળ કહેવા લાગ્યા.

"પહેલી વાડ એ છે કે, સ્ત્રી પશુ નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે.

બીજી વાડ એ છે કે, સ્ત્રીની સાથે રાગથી વાતો કરે નહિ.

ત્રીજી વાડ એ છે કે, સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષ બે ઘડી સુધી બેસે નહિ અને પુરૂષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહિ.

ચોથી વાડ એ છે કે, રાગ વડે સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહિ.

પાંચમી વાડ એ છે કે, સ્ત્રી પુરૂષ સૂતાં હોય અગર કામભોગની વાત કરતાં હોય ત્યાં ભીંતના આંતરે રહે નહિ.

છઠ્ઠી વાડ એ છે કે, અગાઉ ભોગવેલા વિષયાદિને યાદ કરે નહિ.

સાતમી વાડ એ છે કે, સ્નિગ્ધ આહાર કરે નહિ.

આઠમી વાડ એ છે કે, નીરસ એવો પણ અધિક આહાર કરે નહિ.

નવમી વાડ એ છે કે, શરીરની શોભા-ટાપટીપ કરે નહિ.

સંસારની પરંપરા જેનાથી વધે છે તેને **કષાય** કહેવાય છે. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે.

પહેલો ક્રોધ, બીજું માન, ત્રીજી માયા અને ચોથો લોભ. એ ચાર કષાય આચાર્ય મહારાજ કરે નહિ.

**મહાવ્રત્ત** એટલે મોટાં વ્રત્ત પાળવામાં કઠીન હોય છે. તે મહાવ્રત્ત પાંચ પ્રકારનાં હોય છે.

પહેલું વ્રત્ત એટલે **પ્રાણાતિપાત વિરમણ**—કોઇ જીવનો વધ કરવો નહિ.

બીજું વ્રત એટલે **મૃષાવાદ વિરમણ**—ગમે તેવું કષ્ટ આવી પડે તો પણ અસત્ય વચન બોલવું નહિ.

ત્રીજું વ્રત એટલે **અદત્તાદાન વિરમણ**—કોઈની અણુ આપેલી નજીવી વસ્તુ પણ લેવી નહિ.

ચોથું વ્રત એટલે **મૈથુન વિરમણ**—મન, વચન અને કાયાએ કરીને બ્રહ્મચર્ય પાળવું. વિષય સુખ ભોગવવાં નહિ.

પાંચમું વ્રત્ત એટલે **પરિગ્રહ વિરમણ**—કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ. તેમજ ધર્મોપકરણ, પુસ્તક આદિ વસ્તુ પોતાની પાસે હોય તેના પર મૂચ્છાં રાખવી નહિ.

આ પાંચ વ્રત સાધુ મુનિરાજ પાળે છે.

આચાર્ય મહારાજ જે પાંચ આચારને પાળે છે, તે આ પ્રમાણે છે.

પહેલો આચાર **જ્ઞાનાચાર**—જ્ઞાન ભણે અને ભણાવે, લખે

અને લખાવે, જ્ઞાનના ભંડાર કરે અને કરાવે, ભણનારને હરેક પ્રકારે સહાય આપે.

બીજો આચાર **દર્શનાચાર**—શુદ્ધ સમ્યકૃત્વને પોતે પાળે, બીજા પાસે પળાવે અને સમ્યકૃત્વથી પડતાને સમજાવી સ્થિર કરે.

ત્રીજો આચાર **ચારિત્રાચાર**—પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજા પાસે પળાવે અને પાળનારને અનુમોદે.

ચોથો આચાર **તપાચાર**—છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારના તપ પોતે કરે, બીજા પાસે કરાવે અને કરતાને અનુમોદન આપે.

પાંચમો આચાર **વીર્યાચાર**—ધર્માનુષ્ટાન એટલે ધર્મક્રિયા કરવામાં છતી શક્તિ ગોપવે નહિ અને તમામ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણ રીતે ફેરવે.

ચારિત્ર ધર્મની રક્ષાને અર્થે મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપી આઠ પ્રવચનની માતાને પાળવાની જરૂર છે અને તે આ પ્રમાણે :

પહેલી **ઈર્યા સમિતિ**—સાડાત્રણ હાથ મોં આગળ દ્રષ્ટિ નીચે રાખીને ભૂમિ જોતાં ચાલવું.

બીજી **ભાષા સમિતિ**—સાવદ્ય વચન બોલવું નહિ.

ત્રીજી **એષણા સમિતિ**—અપ્રાસુક આહાર પાણી વગેરે વહોરવાં નહિ.

ચોથી **આદાન નિક્ષેપણ સમિતિ**—વસ્ત્ર, પાત્ર અણપૂંજી ભૂમિ પર લેવાં મૂકવાં નહિ.

પાંચમી **પારિષ્ઠાપનિકા સમિતિ**—મલમૂત્ર અણપૂંજી જીવાકુલ ભૂમિએ પરઠવવાં નહિ.

એ પાંચ સમિતિ પછી ત્રણ ગુપ્તિ આ પ્રમાણે છે :

પહેલી **મનગુપ્તિ**—મનમાં આર્ત્તરૌદ્ર ધ્યાન ધ્યાવાં નહિ.

બીજી **વચનગુપ્તિ**—નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવાં નહિ.

ત્રીજી કાયગુપ્તિ—શરીર અણુપડિલેહ્યું હલાવવું નહિ.

—આ પ્રમાણે પાંચ ઇંદ્રિયના વિષયને સંવરનાર તેથી પાંચ ગુણ, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તેથી નવ, ચાર પ્રકારના કષાય રહિત તેથી ચાર, પાંચ મહાવ્રતના પાંચ, પાંચ આચારના પાંચ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી અષ્ટ પ્રવચન માતાના આઠ. એમ સર્વ મળીને છત્રીસ ગુણ આચાર્ય મહારાજના માનવા.

—અને હવે ઉપાધ્યાય - પાઠક—વાચક તેમના પચીસ ગુણ આ પ્રમાણે છે.

પહેલો આચારાંગ, બીજો સૂયગડાંગ, ત્રીજો ઠાણાંગ, ચોથો સમવાયાંગ, પાંચમો ભગવતી, છઠ્ઠો જ્ઞાતા—ધર્મકથા, સાતમો ઉપાશક દશાંગ, આઠમો અંતગડ દશાંગ, નવમો અનુત્તરોવવાઇ, દસમો પ્રશ્ન વ્યાકરણ અને અગીઆરમો વિપાક. એ અગીઆર અંગ અને પહેલો ઉવવાઈ, બીજો રાયપસેણી, ત્રીજો જીવાભિગમ, ચોથો પન્નવણા, પાંચમો જંબુદ્વિપ પન્નતિ, છઠ્ઠો ચંદપન્નતિ, સાતમો સૂરપન્નતિ; આઠમો કપ્પિયા, નવમો કપ્પવડંસિયા, દસમો પુપ્ફિયા, અગીઆરમો પુપ્ફચુલિયા અને બારમો વન્હિ—દશાંગ. એ બાર ઉપાંગને ભણે ભણાવે, તેથી તેત્રીસ ગુણ થયા. ચોવીસમો ચરણસિત્તરિ અને પચીસમો કરણસિત્તરીને પાળે, એ પ્રમાણે પચીસ ગુણો થયા.

હવે સાધુના સત્તાવીસ ગુણ છે તે તને સમજાવું છું.

પહેલો પ્રાણાતિપાત વિરમણ, બીજો મૃષાવાદ વિરમણ, ત્રીજો અદત્તાદાન વિરમણ, ચોથો મૈથુન વિરમણ અને પાંચમો પરિગ્રહ વિરમણ. એ પાંચ મહાવ્રત અને છઠ્ઠો રાત્રિભોજન વિરમણ એ છ વ્રતને પાળે તેથી છ ગુણ. સાતથી બાર પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. એ છ કાયને રક્ષા કરે તેથી છ ગુણ. તેરથી સત્તર પાંચ ઇંદ્રિયનો નિગ્રહ કરે એટલે તેના વિષય વિકારોને રોકે તેથી પાંચ ગુણ, અઢારમો લોભનો નિગ્રહ, ઓગણીસમો

ક્ષમાનું ધારણ કરવું, વીસમો ચિત્તની નિર્મળતા રાખવી, એકવીસમો વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી, બાવીસમો સંયમનિંદ્રા, યોગમાં પ્રવૃત્ત રહેવું. તેમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદરવી. વિકથા અને અવિવેક ત્યજવાં. તેવીસમો અકુશળ મનનો સંરોધ એટલે માઠા માર્ગે જતા મનને રોકવું, ચોવીસમો અકુશળ વચનનો સંરોધ, પચીસમો અકુશળ કાયાનો સંરોધ, છવીસમો શીતાદિ પરીસહ સહન કરવા અને સત્તાવીસમો મરણાદિ ઉપસર્ગ સહેવા.

એ પ્રમાણે અરિહંતના બાર, સિદ્ધના આઠ, આચાર્યના છત્રીસ, ઉપાધ્યાયના પાંચ અને સાધુના સત્તાવીસ મળી કુલ્લે એકસો ને આઠ ગુણ પંચપરમેષ્ટિના ગણવા."

—એ રીતે વિમળશાએ અમરકુમારને નવકાર મંત્રનું સંપૂર્ણ રહસ્ય સમજાવ્યું.

[ ૧૮ ]

## ☆ મજુરી પણ મળી નહિ ☆

**એ**ક સમયે જ્યારે રૂષભદત્તને એક વિવેકી માણસે મજુરી સારી આપેલી ત્યારે તેને લાગેલું કે, જો મજુરીના બદલામાં આવી રકમ–દ્રવ્ય પ્રાપ્તિ થઇ શકતી હોય તો વિના કારણ ભિક્ષા માટે લોકોને ત્યાં જવું જોઇએ શા માટે?

તે દિવસ બાદ–બીજે દિવસે તેણે એક માનવીનો બોજો ઉપાડેલો. તેના બદલામાં તેને ગઇ કાલે મળેલી મજુરીના આઠમા ભાગની પણ મળી નહિ. તે સમયે તેણે જેનો બોજો ઉપાડયો હતો તેને કહ્યું: "ભાઇ, કાલે તો આના કરતાં ઓછો બોજો મેં ઉપાડયો હતો તો પણ એક જણે મને સારી મજુરી આપી હતી."

જવાબમાં મજુરી આપનાર માણસ બોલ્યો:

"હશે કોઇ મૂર્ખ અગર બાપદાદાની મિલ્કત પર નાચનારો. તમને આપેલી મજુરી જેટલું પેદા કરવા માટે અમારે તો લોહીનું પાણી કરવું પડે છે, સમજ્યા! આ તો તમને ગરીબ જોઈને મને દયા આવી એટલે મેં વધારે મજુરી આપી."

"હા, ભાઈ! ખરી વાત છે." રૂષભદત્તથી બોલાઈ જવાયું. "મજુરી કરનારા પર મજુરી કરાવનાર હંમેશાં ઉપકાર જ કરતો

હોય છે. કારણ કે, બોજો તો ધનવાન પાસે જ હોયને!—ગરીબ પાસે તે ક્યાંથી હોય!"

—અને તે રીતે માનાપમાન સહન કરીને પણ ૠષભદત્ત મજુરી તરફ વળ્યો. તેણે ભિક્ષા માગવાનું છોડી દીધું. પેટે પાટા બાંધીને ઘર નિર્વાહ ચલાવનાર બ્રાહ્મણને એક વાતની ખબર નહોતી તે માનતો હતો કે, 'અમરકુમારને શાળામાંથી ઉત્સવ વખતે જે રકમ ઈનામ તરીકે મળી છે તે મુડી તરીકે સાચવી રાખીને મજુરીમાંથી નિર્વાહ ચલાવ્યા કરવો!

પરંતુ તેની તે માન્યતાથી કંઇક જુદું જ બની બેઠું હતું.

એક સમયે સતીનો ભાઈ તેને ત્યાં આવેલો. ભાઇને ધનની જરૂર હતી, તેણે પોતાની અગવડતા બહેનને જણાવી. ભાઇની અગવડતા સાંભળીને સતી બોલી:

"તું તો સાવ ગાંડો છે. બહેન પાસે આમ રોતાં રોતાં માગવાનું હોય! તારે તો હક્કથી માગણી કરવી જોઇએ."

"મારા બનેવીની સ્થિતિ સારી ન હોવાથી મારી જીભ ઉપડી ન શકી." ભાઈ બોલ્યો.

"બનેવીની સ્થિતિ સારી ન હોય એથી શું થઇ ગયું?" સતી કહેવા લાગી. "બહેનની સ્થિતિ તો સારી છે ને!"

"બનેવીની સ્થિતિ સારી ન હોય તો બહેનની સ્થિતિ કેવી રીતે સારી હોઇ શકે?"

"કેમ ન હોઈ શકે? પુરૂષ ગમે તેટલું કમાઇને લાવે પણ તે અંતે તો સ્ત્રીના હાથમાં જ આવે ને!" સતી બોલી.

"એ વાત સાચી છે." ભાઈ બોલ્યો.

"એ રીતે મેં મુડી એકઠી કરી છે. તે ઉપરાંત અમરને ઇનામમાં સારી રકમ મળી હતી, તે પણ મારી પાસે જ છે."

"એટલે એમ નક્કી થયું કે, તારા પર મારા બનેવીનો સંપૂર્ણ વિશ્વાસ છે."

"જરૂર." સતી બોલી. "અને માની લે કે, મારા પર તારા બનેવીનો સમ્પૂર્ણ વિશ્વાસ ન પણ હોય પરંતુ એકઠું કરેલું ધન રોજ ને રોજ સાથે લઇને થોડા જ તે ફરવાના હતા? અને કદાચ ફરે તો પણ હું થોડી જ તેમ કરવા દઉં તેમ હતી!"

"તારી વાતમાં ભૂલ નથી." ભાઇએ બહેનની પ્રશંસા કરતાં કહેવા માંડયું, "પુરૂષો જો પોતાની ઇચ્છા પ્રમાણે બધું જ સાથે લઇને ફરતા થાય તો તે આખરે ગૂમાવવાના જ. તેમાં પણ કરકસર અને બચાવનું કાર્ય સ્ત્રી જેટલું પુરૂષને ન આવડે."

"અને વહેવારમાં પણ પુરૂષો શું સમજે?" પોતાની પ્રશંસા સાંભળીને સતી વધારે આવેશમાં આવીને બોલવા લાગી. "કોઇને કંઇ આપવું મૂકવું હોય, કોઇ ભીડ ભાંગવી હોય, કોઇને મદદ કરવી હોય, કોઇનો વહેવાર સાચવવો હોય; એ બધું સ્ત્રી જ કરી શકે ને! જોને, આજનો જ દાખલો. આજે જે રકમ મારી પાસે છે, તે જો તારા બનેવી પાસે હોત તો તારા ઉપયોગમાં આવત ખરી?"

"બિલ્કુલ ન આવત." ભાઈ બોલ્યો. "મારા બનેવી તો હમેશાં રોતા જ હોય છે તેમની પાસે હોય કે ન હોય, પણ તે રોજ રડયા જ કરવાના. ઇશ્વરે આટલું બધું આપ્યું છે. આટલી નાની વયે અમર કમાઇ શકે છે. પોતે રોજ યજમાનોમાંથી માગી લાવે છે. તે છતાં તેમણે કોઇ દિવસ એમ કહ્યું નથી કે, આજે મેં સુખેથી ખાધું."

"અને ભાઇ, એટલે તો પરમાત્મા પણ તેમને કરકસરથી જ આપે છે." સતી બોલી. "બહાર આપણે શા માટે કોઇને એમ કહેવું જોઈએ કે, અમે આનંદ કરતા નથી. સુખેથી જીવતા નથી. ભલેને આપણે ઘરમાં અર્ધા ભૂખ્યા રહીએ પણ જગતને તો કહેવું

જોઈએ કે, અમે આજે પેટ ભરીને ખાધું. ઘણા સ્વાદથી ખાધું. રોજ કરતાં વધારે ખવાઇ ગયું."

"તારી વાત એકદમ સત્ય છે, બહેન." ભાઇ બોલ્યો. તેને ખ્યાલ પણ ક્યાંથી હોય કે, પતિને અને બાળકોને ભૂખ્યાં રાખીને પોતાની બહેન પેટ ભરીને ખાય છે. નાના અમર પ્રત્યે તિરસ્કાર વર્તાવે છે. બહેનનો કર્કશ સ્વભાવ તે જાણતો હતો પણ આટલી હદે બહેન પહોંચી ગઇ હશે, એની તેને ખબર નહોતી. તેમાં આજે દ્રવ્ય માટે આવ્યો હતો. બહેન આજે મદદ કરવા તૈયાર થઈ હતી. તેની વિરૂદ્ધ કેમ બોલી શકાય? તેની વાતમાં શંકા પણ કેમ લઈ શકાય! આજે તો બહેન કહે તે જ સત્ય માની લેવું જોઇએ. બહેનના શબ્દો એટલે બ્રહ્મવાક્ય.

"અને ચાલ, હવે સમય ન ગૂમાવ. તારા બનેવીને આવવાનો વખત થવા આવ્યો છે. રસોઇ તૈયાર છે તે આવે તે પહેલાં પેટ ભરીને જમી લે. નહિ તો ભૂખ્યા પેટે ઉઠવું પડશે."

"મારા બનેવીનો સ્વભાવ એટલો બધો બદલાઇ ગયો છે?"

"તેમની તો વાત જ ન કરીશ, ભાઈ!" પતિની નિંદામાં રસ લેતી પત્ની પોતાના ભાઈ આગળ વધુ ને વધુ–વગર વિચાર્યું–બોલ્યે જતી હતી. "હમણાં હમણાં તો તેમનો સ્વભાવ તદ્દન જ બદલાઈ ગયો છે. તારી વાત તો બાજુએ રહી પણ મને કે મારાં કુમળાં બાળકોને પણ પેટ ભરીને સુખેથી જમવા દેતા નથી. પોતે જમવા બેસે એટલે સાથે બીજાને બેસવા દે નહિ. પાછળ બીજાને પહોંચે તેટલું છે કે નહિ. તે પણ જોવાનું નહિ."

"આજ સુધી તો તેં મને એ બાબતની વાત જ કરી નથી."

"આજે પણ કરત નહિ. પણ હૃદય બળે છે. સહન થતું નથી, બોલવું નહોતું તો પણ બોલાઇ ગયું." જાણે ઇચ્છા નહોવા છતાં

બળતા હૃદયે બોલાઈ જવાયું હોય અને પાછળથી પસ્તાવો થતો હોય, તેવા ભાવ ચહેરા પર લાવતાં સતી બોલી. "સ્ત્રી જાતને તો સુખ દુઃખનો આશરો પિયર જ હોય ને, ભાઈ!"

"જરૂર." આશ્વાસન આપતાં ભાઇ બોલ્યો. "સ્ત્રીનું સ્થાન સાસરીએ હોવા છતાં આશરો તો પિયરમાં જ હોય."

"એટલે તો મારાથી તારી પાસે દિલ ખોલાઈ ગયું. સાસરીયાં જો સ્ત્રીને તજે તો તે કાં તો પિયરમાં જાય અગર તો કૂવો હવાડો કરે." સતી બોલી. "પણ જો હવે વાર ન લગાડ. સામેથી તારા બનેવી આવતા લાગે છે. તે આવી પહોંચે તે પહેલાં ચાલ, તને રકમ આપી દઉં. પછી સમય નહિ મળે"

"હા, ચાલ."

—કહીને ભાઈ બહેનની સાથે અંદર ગયો. રૂષભદત્ત નજીક આવેલો હતો. ઘર આંગણાથી થોડો જ દૂર જો તેને કોઈ મળી ગયું ન હોત તો સતી તેના ભાઇને જે થેલી આપતી હતી તે તે બચાવી શકત.

પરંતુ અફસોસ...!

નશીબ હંમેશાં ચાર ડગલાં આગળ ને આગળ હોય છે. તેને તેના એક સંબંધીએ બોલાવ્યો. જો તેને અંદર બની રહેલા પ્રસંગનો ખ્યાલ હોત તો તે બિલ્કુલ થોભત નહિ. પોતાના સ્વભાવ પ્રમાણે તે બોલાવનાર પ્રત્યે વળ્યો. થોડો સમય સુખદુઃખની વાતો કરવા લાગ્યો.

તે સમયે અંદરની બાજુએ સતીએ સંતાડી રાખેલી દ્રવ્યની થેલી કાઢીને પોતાના ભાઇને આપતાં કહી રહી હતીઃ "તારા બનેવીની નજરે ન ચઢે તે રીતે સંભાળીને લઇ જજે. અમારી આખી મુડી આટલી જ છે અને તે હું તને બહેન તરીકે આપું છું."

"આમાં કેટલું દ્રવ્ય છે?" વજનદાર થેલી લેતાં ભાઇએ પૂછ્યું.

"તારે તેનું શું કામ છે?"

"એની તને બરાબર ખબર હોવી જોઈએ ને!"

"કેમ ?"

"હું જ્યારે આ દ્રવ્ય પાછું આપવા આવું ત્યારે તારી ગેરસમજ ન થાય."

"એમાં ગેરસમજ થવા જેવું શું છે ?" સતી બોલી. "આ થેલી હું તને પાછી લેવા માટે નથીં આપતી."

"ત્યારે ?" આશ્ચર્યસહ ભાઈથી પૂછાઈ જવાયું.

"હું તો ભાઈને ભેટ તરીકે આપું છું."

"ભાઈને ભેટ તરીકે ?"

"હા." સતી કહેવા લાગી. "એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. જગતમાં હંમેશાં ભાઈ બહેનને ભેટ આપતો આવ્યો છે. આજે હું નવી પ્રથા પાડું છું અને બહેન તરીકે ભાઈને ભેટ આપું છું. એટલે તે મારે પાછું લેવાનું નથી. જો કે અંદર કેટલી રકમ છે તે મારી જાણ બહાર નથી, પરંતુ તે વિષે વિચાર કરવાનો પણ રહેતો નથી."

"બહેન..." આનંદમાં આવી જઈને ભાઈ બોલી ઉઠયો

"ચૂપ..." હોઠ આગળ આંગળી લાવીને ધીમેથી સતી બોલી : "જો, તારા બનેવી નજીક આવી ગયા છે. થેલી સંતાડી દે."

—અને રૂષભદત્ત ઘરમાં પ્રવેશ્યો ત્યારે થેલી સંતાડી દઈને ભાઈ દરવાજા નજીક આવી ગયો હતો અને સતી રસોડામાં ચાલી ગઈ હતી.

—એ રીતે રૂષભદત્તની જાણ બહાર તેની આખી રકમ ઘર બહાર ચાલી ગઈ હતી. તે પત્નીએ પોતાના પતિને અને બાળકોને નિર્ધન બનાવીને પોતાના ભાઈનું ઘર ભર્યું હતું. એ વાતને લાંબો સમય વીતિ જવા છતાં બિચારા રૂષભદત્તને તેની જાણ થઈ નહોતી. તે હંમેશાં મનમાં ને મનમાં વિચાર્યા કરતો કે, જે મળે તેમાંથી ગમે

તેમ કરકસર કરીને જીવન નિર્વાહ ચલાવવો અને જે રકમ બચાવી છે તે ખૂબ સાવચેતીપૂર્વક સાચવી રાખવી.

કેટલાક સમયથી રૂષભદત્ત મજુરી કરીને જે પેદા કરતો તેમાંનું કંઈક ને કંઈક બચાવી પોતાની પાસે જ રાખતો. સતીનો સ્વભાવ તે જાણતો હતો. ખરા સમયે સતી*પાસેનું દ્રવ્ય ઉપયોગમાં નહિ આવે એમ તેને લાગ્યા કરતું. બધું તે બીજાને આપી દેશે એવો સંશય તેને નહોતો પરંતુ કેટલાક સમયથી તેના મનમાં એમ જ થયા કરતું કે, જે બચે તે પોતાની પાસે રાખવું.

મજુરી એ કંઈ બેઠી આવક નથી. એ તો કયારેક મળે અને કયારેક ન પણ મળે. જયારે ન મળે ત્યારે બચાવેલું અત્યંત ઉપયોગી થઈ પડે. મજુરી ન મળે તે દિવસે સતી ઉપયોગમાં આવે કે ન આવે, તે નક્કી નહોતું. જ્યારે જ્યારે તેને પૂરતી મજૂરી મળતી નહિ ત્યારે ત્યારે તે પોતાની પાસેની બચતમાંથી ઉમેરતો અને તેનું સીધું બજારમાંથી ખરીદીને ઘેર લઇ જતો. એ કારણે ઘરમાં અનાજનો જથ્થો રહેતો નહી. ફક્ત બે દિવસ પૂરતું અનાજ ઘરમાં રહેતું. રોજનું રોજ આવ્યા કરતું અને પાછલા દિવસનું વપરાયા કરતું. તેથી બે દિવસનું તાજું અનાજ ઘરમાં રહેતું.

બિલ્કુલ મજુરી મળી ન હોય તેવો તો એક પણ દિવસ તેને માટે આવ્યો નહોતો. પરંતુ આજે તેને તેવા દિવસનો અનુભવ થયો. બિલ્કુલ મજુરી આજે મળી નહિ. તેનું મન આજે નિર્બળ બની ગયું, અત્યંત દુઃખી પણ થઇ ગયું ભિક્ષા ન માગતાં મજુરી કરવી, એ શું ગુન્હો છે? એકાદ ભિક્ષા માગનાર કોઈને ત્યાં માગવા જાય તો તેને જવાબ મળે કે, આવું અલમસ્ત શરીર છે ને ભિક્ષા શા માટે માગો છો? મજુરી કરી ખાવને.' પરંતુ તેવા શબ્દો સંભળાવનારને ખ્યાલ પણ નથી હોતો કે, મજુરી કરનારને કોઇ કોઈ વખતે મજુરી પણ મળતી નથી. તેવા દિવસે તેણે પેટનો ખાડો કેવી રીતે

પૂરવો ? મહેનતુ માણુસને ભૂખ પણ વધારે લાગે અને ખાવા પણ વધારે જોઇએ.

ઋષભદત્ત બેબાકળો બની ગયો. તેનું મન પોકારી ઉઠયું: ‘ આવી મજુરી કરવા કરતાં ભિક્ષા માગવી શું ખોટી ? માનાપમાન સહીને પણ પેટ પૂરતું તો મેળવી શકાય. ’

પરંતુ તેનો આત્મા તરત જ ગર્જી ઉઠયો: ‘ મજુરી ન મળે તો ભૂખે મરવું બહેતર છે પણ ભિક્ષા તો ન જ માગવી. શું પરમાત્મામાં એટલી પણ દયા નહિ હોય કે, જન્મ આપેલા માનવીને ભુખે સૂવાડે ! માનાપમાનથી મેળવેલી ભિક્ષા વડે જીવવા કરતાં સ્વમાનથી ભૂખે મરવું શું ખોટું ! એકાદ દિવસ મજુરી ન મળે, એથી નિરાશ શા માટે થવું જોઇએ ! માનવ જીવનમાં આવી તો અનેક કસોટીઓ આવે છે. એવી કસોટીઓમાંથી પસાર થનાર માનવો જ ખરો માનવી છે. ’

—અને તરત જ ઋષભદત્તે પોતાના મન પર કાબૂ મેળવી લીધો. તેનામાં પ્રવેશેલી નિર્બળતા ક્યાંય ચાલી ગઇ. જાણે હંમેશની પેઠે મજુરી મળી હોય તેમ તે પોતાના ઘર તરફ જવા લાગ્યો.


○ મનને બહેલાવતી
○ તનને તંદુરસ્ત રાખતી
○ દિલને ટાઢક વાળતી

**નીલગીરીના હાઇગ્રોન બગીચાઓની તાજી**

**ખુશબોદાર**

# ચાહ

**વિઠ્ઠલદાસ ચાહવાળા**

સી. પી. ટેન્ક, માધવબાગ,

**મુંબઇ. ૪**

[ ૧૯ ]

# ☆ આર્યનારી ☆

**સતીનો** ભાઈ વીરમ બનેવીને ત્યાં એક દિવસની મહેમાનગીરી ભોગવીને પોતાને ઘેર ગયો. તેની પત્ની મંગલાએ તેને પોતાની નણંદના સમાચાર પૂછ્યા.

"સતીબહેન ખુશીમાં છે ને?"

"તે તો અત્યંત ખુશીમાં છે. અમર જેવો પુત્ર અને રૂષભદત્ત જેવો પતિ હોય, તેને દુઃખ શાનું હોય!" વીરમ બોલ્યો.

"ઇશ્વર સૌનો છે" ખુશીના સમાચાર સાંભળીને હરખાતાં હરખાતાં મંગલા બોલી. "તમારા પિતાજીની પસંદગી ખોટી ન હોય"

"મારા પિતાજી જેવી માણસ પારખુ વ્યક્તિ મળવી મુશ્કેલ છે." વીરમ બોલ્યો અને પોતે સંતાડી રાખેલી થેલી આગળ ધરી. "લે, આ બરાબર મૂકજે."

"એમાં શું છે" આશ્ચર્ય પામતાં પત્નીએ પૂછ્યું.

"જે હોય તે. તું તારે સંતાડીને મૂકી દે"

અને પત્નીએ પતિના હાથમાંથી થેલી લીધી પણ...!

–થેલીમાં આટલું બધું વજન શાનું?–તે મુંઝાઈને બોલી: "આમાં આટલું બધું વજન શાનું છે?"

"એમાં સુવર્ણ મુદ્રાઓ છે"

"સુવર્ણ મુદ્રાઓ?–અને તે આટલી બધી?" એકદમ આશ્ચર્ય-સહ પત્નીથી બોલાઇ જવાયું. તેની આંખો પહોળી થઇ ગઈ. તેણે કોઇ દિવસ આટલી સુવર્ણમુદ્રાઓ પોતાના પતિ પાસે જોઇ નહોતી અગર સમજણી થઇ ત્યારથી પોતાના હાથે ઉપાડી પણ નહોતી.

"હા, હા. સુવર્ણમુદ્રાઓ અને તે આટલી બધી. સમજી!" પતિ બોલ્યો "તેમાં તું આમ બાધા જેવી શું જુએ છે? આમ આંખો કેમ ફાડી નાંખી છે?"

"મારી આંખો તો કંઇ નથી ફાટી ગઇ" મંગળા બોલી. "પણ તમે આટલી બધી સુવર્ણ મુદ્રાઓ લાવ્યા ક્યાંથી?"

"ક્યાંથી એટલે?–મારી બહેનને ત્યાંથી, તેની પાસેથી. કંઇ ચોરી કરીને નથી લાવ્યો સમજી!" ભવાં ચઢાવીને તીવ્ર સ્વરે પતિ બોલ્યો.

"પણ હું ક્યાં કહું છું કે તમે ચોરી કરીને લાવ્યા છો!" પત્ની બોલી "મેં તો તમને સીધું જ પૂછયું છે કે, તમે લાવ્યા ક્યાંથી?"

"ત્યારે મેં તને જવાબ પણ સીધો જ આપ્યો છે ને, કે મારી બહેનને ત્યાંથી"

"કેટલી છે?"

"તારે તેનું શું કામ છે?"

"કામ તો કંઇ નથી પણ પૂછવામાં શો વાંધો?"

"વાંધો કંઇ નહિ પણ કેટલી છે તેની ખબર નથી"

"એટલે?"

"એટલે શું? બહેને આપી અને મેં લીધી."

"ગણ્યા વિના લીધી.?"

"એમાં ગણવાનું શું હતું?" પતિ બોલ્યો. "બહેન ભાઈને જે આપે તે બાધી મુઠીએ આપે. તેમાં ગણવાનું હોય જ નહિ"

"પણ તમારા બનેવીએ તો ગણી હશે ને!"

"બનેવીએ ગણી હોય તો તે તેમને ખબર,"

"તે કંઇ બોલ્યા નહી?"

"પણ તેમને ખબર જ નથી તો તે બોલે ક્યાંથી?"

"એટલે તમારી બહેને તેમના પતિની જાણ બહાર આપેલ છે?"

"એ વિષે તે બંને જાણે. મને તો બહેને આપી હતી. આ આ બાબતની વાતચીત મારે અને મારા બનેવીને થઇ નથી."

"એટલે મને લાગે છે કે તમારી બહેને તેમના પતિને પૂછ્યા સિવાય જ તમને આ સુવર્ણ મુદ્રાઓ આપી હોવી જોઇએ."

"એ જે હોય તે ખરૂ. હમણાં તું તે ઠેકાણે મૂકી દે. કોઈ આવી ચઢશે તો વળી આફત થશે."

"તેમાં આફત શાની? તમે થોડાજ ચોરીને લાવ્યા છો?"

"ચોરીને નહિ તો પણ લગભગ તેવું જ ગણાય ને!"

"એવું શા માટે ગણાય!"

"બહેને મારા બનેવીને પૂછ્યા સિવાય મને આપી છે માટે"

"એ તમારી બહેને મોટી ભુલ કરી છે."

"એમાં ભૂલ શાની?"

"ભૂલ નહિ તો બીજું શું? એક તો તેમણે નૈતિક ગુન્હો કર્યો છે અને બીજો ધાર્મિક ગુન્હો કર્યો છે."

"એટલે?"

"એટલે એ કે બીજાની માલિકીની વસ્તુ તેની જાણ બહાર તમને આપી તે તેમનો નૈતિક ગુન્હો અને પતિને કહ્યા સિવાય આ રીતનું જે પગલું ભર્યું તે તેમનો ધાર્મિક ગુન્હો."

"જો, એવી ધર્મની વાતો મારી પાસે કરીશ નહિ. નહિ તો પરિણામ સારૂં નહિ આવે."

"પરિણામ ગમે તે આવે પણ હું મારી ફરજ બજાવ્યા સિવાય રહીશ નહિ." મંગળા બોલી. "પત્ની તરીકેની મારી પવિત્ર ફરજ છે કે, પતિ જો માર્ગ ભૂલતો હોય તો તેને તે સમજાવવો."

"પણ હું માર્ગ ભૂલતો જ નથી."

"તમારી દ્રષ્ટિએ નહિ ભૂલતા હો પણ મારી દ્રષ્ટિએ, સમાજની દ્રષ્ટિએ અને ધાર્મિક દ્રષ્ટિએ જરૂર ભૂલી રહ્યા છો."

"વિના કારણ મારૂં માથું ન પકવ."

"આજ સુધી મોટી મોટી વાતો કરતાં માથું ન પાક્યું અને આટલી નાની વાતથી માથું પાકવા લાગ્યું?"

"જે વાત અર્થ વિનાની હોય તે વાતથી માથું પાકે જ ને!"

"આજે તમને આ વાત અર્થ વિનાની લાગે એ સ્વાભાવિક છે. કારણ કે સ્વાર્થની દ્રષ્ટિએ તમારી વિચાર શક્તિ હણાઇ ગઇ છે. અને આંતર દ્રષ્ટિ નિસ્તેજ બની છે."

"મારે તારી વાત સાંભળવી નથી." ચીડાઇને પતિ ગર્જી ઉઠ્યો.

"તમારે સાંભળવી હોય કે ન સાંભળવી હોય પણ સાંભળવીજ પડશે." મક્કમ સ્વરે પત્ની કહેવા લાગી. "કેટલીક વાતો એવી હોય છે કે જે અનીચ્છાએ પણ સાંભળવી પડે છે. તમે જાણતા તો હશો જ કે, સંસારમાં સ્ત્રીની બે ફરજો મહત્વની હોય છે."

"કયી કયી?"

"પહેલી ફરજ એ કે, પતિના પડતા બોલને ઝીલી લેવો, તેની આજ્ઞાને શિરસાવંદ્ય માનવી, સમય અને સ્થાનની પરવા કર્યા સિવાય તેની સેવા કરવી, તેના સુખે સુખી થવું, દુઃખે દુઃખી થવું, તેના એકજ વચન પર પ્રાણને ન્યોછાવર કરી દેવો."

"અને બીજી ફરજ?"

"બીજી ફરજ? બીજી ફરજ એ છે કે જે અત્યારે હું બજાવી રહી છું" પત્ની સ્ત્રીધર્મનું અંગ સમજાવતાં કહેવા લાગી. "જો

પતિ અવળા માર્ગે જતો હોય, માર્ગ ભૂલતો હોય, અધર્મ હિંસા અને અનિતિના માર્ગે વળતો હોય, સ્વાર્થી બની બીજાનું બૂરૂં કરતો હોય તો તેને રોકવો. તેને તેમ કરતાં અટકાવવો. આર્ય ધર્મની–આર્ય સ્ત્રીની એ પવિત્ર ફરજ છે. આજ સુધી હું મારી પહેલી ફરજમાં બિલકુલ ચૂકી નથી અને બીજી ફરજમાંથી પણ હવે ચૂકવાની નથી. આર્ય સંસ્કૃતિને દીપાવતી આર્ય લલનાઓની ફરજ ને હું કદાપિ કલંકીત થવા દેનાર નથી. લગ્ન ગ્રંથીથી જોડાતાંજ આર્ય સ્ત્રી પ્રથમ આ બંને ફરજોને સ્વીકારી લે છે–સમજી લે છે. તે ફરજમાંથી તે કદાપિ પાછી હઠતી નથી. પછી ભલે તેમાં અનેક વેદનાઓ સહન કરવી પડે કે મૃત્યુને ભેટવું પડે.

સદ્ધર્મને માટે, ફરજને માટે મૃત્યુ એ તો આર્યાવર્તનો પવિત્ર આનંદ છે. એવા આનંદને હડસેલનાર માનવજીવન–માનવધર્મ ભૂલી જાય છે. એ ન ભૂલી જશો કે, સ્ત્રી એ અનોખી માટીથી ઘડાયેલી હોય છે. કુસુમ જેવી કોમળ અને વજ્ર જેવી કઠીન હૈયાની સ્ત્રી જવાળા પણ બની શકે છે અને જવાળાને સમાવી પણ શકે છે સમય આવ્યે પતિને તે યુદ્ધે પણ મોકલે છે. અને જરૂર જણાતાં ખોટાં યુદ્ધો ખેલતાં અટકાવી પણ શકે છે. એ જવલંત સનસનાટીને તમે ભુલી ન જાવ સ્ત્રી એ મહાશક્તિ છે. તેના આત્માને સમજવો મુશ્કેલ છે. તેના સ્ત્રીત્વના પ્રવાહને રોકવો એ સામાન્ય વાત નથી. અને તેમાંની જ હું એક સ્ત્રી છું. ભલે મારાં માતા પિતા ગરીબ હોય, ભલે મારા પતિ ગરીબ હોય, ભલે બાહ્ય અલંકારોની દ્રષ્ટિએ હું બહારથી ગરીબ હોઉં પણ મારો આત્મા ગરીબ નથી. મારા સંસ્કાર ગરીબ નથી. મારૂં જીવન ગરીબ નથી. ધનવાનોની દ્રષ્ટિએ ભલે નિર્ધનો ગરીબ હોય પણ માનવતાની દ્રષ્ટિએ નિર્ધનો વધુ ધનવાન હોય છે.

આજ સુધી ભલે તમારી પાસે લક્ષ્મી નહોતી પણ જગતના ધનવાનો કરતાં હું તમને શ્રેષ્ઠ માનતી હતી. પરંતુ આજે તે બધું

એકાએક પલટાઇ ગયું. મારા પતિમાં મને જે અપૂર્વ શ્રદ્ધા હતી તે લય પામી ગઇ. નિર્ધન છતાં ધનવાનો કરતાં શ્રેષ્ટ હોવાનો હું જે ગર્વ લેતી હતી, તે ગર્વ આજે એકાએક ઓસરી ગયો. મારી ઉચ્ચ આશાઓના ઉંચા મીનારા તૂટી પડયા. છતાં આર્યનારીના હૃદયમાં રહેલી મક્કમતામાં કશો ફરક પડયો નથી. આશાઓ ભલે નિરાશામાં પલટાઇ ગઇ પણ હું નિરાશામાં નહિ ડૂબું. નિરાશાને તાબે કદિ થઇ નથી અને થઇશ પણ નહિ.

નિરાશા તો જીવતાંને મારી નાખે છે ત્યાં મરેલાંને મારે તેમાં શી નવાઇ?"

"પણ મરેલું છે કોણ!" ભવાં ચઢાવીને પતિ ગર્જ્યો.

"જેને જીવતાં આવડતું નથી તે." મંગળા બોલી. "જે જીવતું હોવાં છતાં જીવી જાણતું નથી તે મરેલું જ છે. જેને જીવતાં આવડતું નથી. તેને મરતાં પણ ક્યાંથી આવડે? અને એવાને મારવામાં નિરાશાને આનંદ પણ કયાંથી આવે? શિકાર સિંહનો થાય, યુદ્ધ વીરની સાથે થાય એટલું નિરાશા પણ સમજી શકે છે."

"હદ ઉપરાંત બોલાય છે." વીરળ કર્કશ અવાજે બરાડી ઉઠયો.

"બીલકુલ નથી બોલાતું." શાંત સ્વરે મંગળા બોલી. ', હું સ્ત્રી છું. સારી રીતે સમજુ છું કે પતિની મર્યાદા ન લોપવવી જોઇએ. પરંતુ દિલગીર છું કે, મને મારી ફરજ મારા પતિ કરતાં વધારે પ્રિય છે. હું તેને ન ત્યાગી શકું. તેને કલંકિત ન કરી શકું."

"માર ખાવાનો વિચાર લાગે છે...!"

"માર...! માર તો શારિરીક શક્તિવાળાઓ શારિરીક શક્તિ વિનાનાઓને મારી શકે છે. તેમનાથી બીજું થઇ પણ શું શકે તેમ છે? તે સિવાય તેમનામાં બીજી કોઇ શક્તિ છે? જે લોકોમાં આત્મશક્તિ

છે, ધર્મ શક્તિ છે, નીતિ અને અહિંસા ભરી શકે છે, તેઓ વાતવાતમાં મારવાની ધમકી નહિ આપે."

"તું પહેલાં અંદર ચાલ."

"અંદર ક્યાં ?"

"ઘરમાં."

"આ પણ ઘર જ છે ને !"

"હા. પણ અંદરના ખંડમાં."

"ખુશીથી ચાલો. તમે એમ ન માનશો કે, હું તમારી ધાકધમકીથી અગર તમે મને મારો તેથી મારી ફરજમાંથી ચલિત થાઉં."

—કહીને મંગળા અંદરના ખંડ તરફ જવા લાગી. વીરમે દરવાજા બંધ કર્યા અને એક ખૂણામાં પડેલું મોટું દોરડું લીધું.

[ ૨૦ ]

## ☆ વેરની ઘેલછા ☆

**મ**હારાજા બિમ્બિસાર ચેટકરાજના વિચારમાં જ ગૂંચવાયેલા રહેતા હતા. કેટલાયે સમય પહેલાં થયેલું અપમાન હજી તેમના હૃદયને કોરી ખાતું હતું. પોતે વીર હતા, રસીક હતા. મગધ જેવા મહારાજ્યના મુગટધારી હતા. અનેક રાજ્યો તેમની મૈત્રી ચાહતાં હતાં. કેટલાયે રાજ્યો તેમની શેહમાં દબાયેલાં રહેતાં દેશ પરદેશની કેટલીયે રસીકાઓ તેમની રસીકતા પાછળ ઘેલી બનતી હતી.

વૈશાલી જેવી મહાનગરીમાં અને તે રાજ્યમાં વસતા શૂરવીરો, રસિકો અને રાજકાજમાં પ્રવિણ ગણાતા બુદ્ધિશાળી પુરૂષોમાંના એકને પણ યોગ્ય ન માનનાર આમ્રપાલીએ બિમ્બિસારને વીર, રસિક અને પોતાને યોગ્ય માની લીધા હતા. સિંહ સમી વિશાળ છાતીનું ઓશીંગણુ કરનાર આમ્રપાલી પણ અહોનિશ તેમનીજ યાદમાં આનંદ માન્યા કરતી.

ઘણી વખતે મહારાજાને પણ તે સુંદરી યાદ આવતી. કેટલીક વખતે ખાનગી રીતે–કોઈને જણાવ્યા વિના તેને મળવા જવાની ઈચ્છા પણ થતી. પરંતુ રાજકાજની ખટપટમાંથી તે ઊંચા આવતા નહિ. તેમાં અણધારી રીતે એક રાત્રે તેમને સ્વપ્ન આવ્યું. ફરીથી આમ્રપાલીનું આલિંગન તેમણે સ્વપ્નમાં સેવ્યું. ભયંકર જંગલમાં કાળી મોટી શીલા પર બંને એક બીજાને વીંટળાયેલાં હતાં. ત્યાંથી એક વિકાળ

સિંહ પસાર થઇ રહ્યો હતો. સિંહની નજર તેમના પર પડી. પરંતુ શિકારથી સંતુષ્ટ થયેલો તે પોતાને માર્ગે આગળ વધતો હતો. બિમ્બિસારે તેને જોયો. પોતાના વિલાસી આલિંગનને નીહાળનાર કોઇપણ જીવતું નજ રહેવું જોઇએ, એવા વિચારો સેવનાર મહારાજાએ બાજુમાં પડેલ ધનુષ બાણ ઉઠાવ્યાં. સંધાન સાધીને બાણ છોડયું. સિંહના જમણી બાજુના કાનમાંથી ઘૂસેલું બાણ ડાબી બાજુના કાનમાંથી અડધું બહાર નીકળ્યું.

સિંહે બાણ ફેંકનાર તરફ નજર કરી. સ્ત્રી અને પુરૂષને વિલાસી દશામાં જોયાં. તેવા સંજોગોમાં પોતાના પર હુમલો કરનાર તરફ જવાની તેણે ઇચ્છા ન કરી.

ગમે તેટલું હિંસ્ર છતાં બુદ્ધિ ધરાવતું પ્રાણી તો ગણાય જ.

વિલાસ ભોગવનાર પર હુમલો કરવો તેને યોગ્ય ન લાગ્યો. પાછો ફરીને તે તેવીજ દશામાં પોતાના માર્ગે જવા લાગ્યો. મહારાજાએ બીજું બાણ છોડયું ને તે અતિ વેગથી સિંહના પાછળના ભાગમાં પેસી ગયું. આ વખતે સિંહ તે સહન ન કરી શકયો. પોતાના પર વિના કારણ હુમલો કરનારનો સામનો કરવા તે ક્રોધિષ્ટપણે પાછો ફર્યો. પરંતુ મહારાજાએ તરત જ ત્રીજું બાણ છોડયું અને તેની છાતીમાં પેસી ગયું. તે ત્યાંજ સ્થંભી ગયો અને જોત જોતામાં નિષ્પ્રાણ બની ગયો. તેનું તેવું મૃત્યુ જોઇને મહારાજા પોતાની શક્તિના મદમાં ખડખડાટ હસી પડયા.

તે હાસ્યથી તે પોતે જાગી ઉઠયા ને જોયું તો પોતે પોતાના શયનગૃહમાં હતા. તરત જ તે સમજી ગયા કે, અત્યારે અનુભવેલી ઘટના તે સત્ય નહિ પરંતુ કેવળ સ્વપ્ન જ હતું પોતે મોટેથી હસી પડેલા હાસ્યથી તેમને :પોતાને મૂક હાસ્ય પણ આવ્યું. પરંતુ તે સાથે આમ્રપાલીની યાદ તેમના હૃદયમાં તોફાન જગાવવા લાગી. સાધારણ યાદ પછી ભુલાઇ જતી તે રસિકા આજે તેમનાથી ન ભુલાઈ. યાદમાં ને યાદમાં બાકીનો સમય તેમણે પસાર કર્યો અને સવારે સ્નાનાદિ

કાર્ય પછી ચેટકરાજ પર વૈર લેવાની તેમને તમન્ના જાગી. જો ચેટકરાજે આ વિષયમાં હાથ નાંખ્યો ન હોત અગર વૈશાલિના યુવાનોને રોકયા હોત તો આમ્રપાલી આજે પોતાની પાસે હોત. તેના અંગે અંગમાંથી નીકળતા રસ ઝરણાંમાં પોતે સ્નાન કરતા હોત. તેના યૌવનબાગમાં આજે સંતાકૂકડી રમતા હોત. સૌંદર્યજ્યોતનાં તેજ પીતા હોત. પરંતુ સ્વદેશાભિમાનમાં મસ્ત બનેલા સ્વાભિમાની ચેટકરાજે હાથમાં આવેલા વૈભવો નાશ કરી નાંખ્યા.

એ ચેટકરાજને શું કહેવું !

એને શું કરવું !

મહારાજા વૈરાગ્નિમાં વધુ ને વધુ પ્રજળવા લાગ્યા. ગમે તે રીતે આનો બદલો તો લેવોજ જોઈએ. ગમે તેમ થાય પણ અપમાનનો બદલો તો લેવોજ જોઈએ.

પોતે ગમે તેવા વૈભવશાળી–સત્તાધિશ મહારાજા હોવા છતાં અત્યારે તો અપમાનીત જ છે ! અપમાનનો બદલો વ્યાજ સાથે લેવામાં ન આવે તો પોતાનો વૈભવ શા કામનો ! આ સત્તા શા કામની ! પ્રજા ભલે મોઢેથી ન બોલે પણ અંતરમાં તો જરૂર સમજે કે, સત્તાનો મદ સેવનાર મહારાજાધિરાજ બિમ્બિસાર વૈશાલિથી અપમાન પામીને આવેલા છે. મેટકરાજના અપમાનીત છે. તેમને યુદ્ધ કરવાની ઈચ્છા ભલે ન હોય પણ અપમાનનો બદલો લેવાની-ચેટકરાજનું નાક કાપવાની ઈચ્છા જરૂર થવી જોઈએ. જો તેમ ન બને તો ને એટલા તે શકિત હિન ગણાય !

અને તેમણે તરતજ મહામંત્રી અભયકુમારને બોલાવી લાવવા હુકમ છોડયો. અભયકુમારની બુદ્ધિ માટે તેમને માન હતું. આખા દેશમાં બુદ્ધિશાળી વ્યક્તિ અભયકુમાર જેવી કોઇ નહોતી. માતા સુનંદાએ તેમને બાલ્યકાળથી કેળવણી આપી હતી અને પિતા બિમ્બિસારનું તેમનામાં ખમીર હતું. બાલ્યકાળથી જ પોતાની બુદ્ધિના તેજે

સૌને હરાવતા શીખેલા અભયકુમાર મહારાજા બિમ્બિસારના પાટવી કુમાર હોઇ મહામંત્રીનો હોદ્દો સંભાળી રહ્યા હતા. રાજાને અને પ્રજાને તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ હતો.

થોડાજ સમયમાં અભયકુમાર આવી પહોંચ્યા. મહારાજાએ તેમને આવકારીને પોતાના દિલની વાત કહી સંભળાવી. મહામંત્રીએ થોડોક સમય મૌન સેવ્યું અને પછી બોલ્યા :

" મહારાજ, અપમાનનો બદલો તો લેવોજ જોઇએ. "

" મારી પણ તેજ ઇચ્છા છે. "

" પરંતુ તેના માટે થોડોક સમય શોચવું જરૂરી છે. "

" મહામંત્રી, તમારે શોચવા માટે સમયની જરૂર ન હોય. " મહારાજા બોલ્યા. " અભયકુમારને સમયની જરૂર ન હોય, સમયને અભયકુમારની જરૂર હોવી જોઇએ. "

" એટલી બધી પ્રશંસાને પાત્ર હું નથી, મહારાજ. " અભયકુમાર નમ્રપણે બોલ્યો. " હું તો સામાન્ય માનવી છું. ઇશ્વરે જે કંઈ થોડી ઘણી બુદ્ધિ આપી છે તેનો બને તેટલી સાવધાનીપૂર્વક ઉપયોગ કરૂ છું."

" હું પણ તેજ કહું છું. " મહારાજા બોલ્યા. " મારે તમારી તેવીજ બુદ્ધિની જરૂર છે. ગમેતેમ કરીને યુદ્ધ કરવાનો પ્રસંગ ન આવે અને આપણે અહિંસક રીતે તેનું નાક કાપીએ, તેવો માર્ગ શોધી કાઢવાની જરૂર છે. "

" હંમેશાં યુદ્ધને જીવન માનનાર મહારાજા આજે અહિંસક માર્ગની માગણી શા માટે કરે છે ? " આશ્ચર્ય પામતાં મહામંત્રીએ પૂછ્યું.

" એનો અર્થ એવો ન કરતા કે, મહારાજા ચેટકરાજથી ડરી ગયા છે." પોતાની નિર્ભયતાને આગળ ધરતાં મહારાજા બોલ્યા. " યુદ્ધો તો મેં ઘણાં ખેલી નાંખ્યાં છે. ચેટકરાજ જેવા કેટલાય વીરોને રણ-મેદાનમાં રોળી નાંખ્યા છે. હું યુદ્ધથી ડરતો નથી કે ચેટકરાજથી

બીતો નથી. પરંતુ મને હવે એ ખ્યાલ આવે છે કે, વિના કારણ અંગત વેરને કારણે નિર્દોષ પ્રજાનાં રક્ત શા માટે રેડવાં? રાજ્યમાં રહેતી શાંતિ ચાહક નિર્ભય પ્રજાને વિનાકારણ ભયભીત શા માટે બનાવવી? પોતાનાં આપ્તજનોથી વિખૂટી શા માટે પાડવી? યુદ્ધને તિરસ્કારતી પ્રજાને વિનાકારણ યુદ્ધના રાક્ષસી ઓળા નીચે શા માટે ખેંચવી?

યુદ્ધ એ વીરના ખેલ હોવા છતાં વીરના અલંકારને પણ દીપાવતાં શીખવું જોઇએ. વીરના ભૂષણને પણ શોભાવવું જોઈએ. યુદ્ધ એ જેમ વીરના ખેલ છે તેમ ક્ષમા, દયા અને અહિંસા, એ વીરનાં ભૂષણ છે. ખેલ તો અમુક સમયે જ ખેલી શકાય છે જ્યારે ભૂષણને તો જીવન ભર દીપાવી શકાય છે. યુદ્ધ કરતાં–રક્તપાત કરતાં દયા, ક્ષમા અને અહિંસા દેવોને વધુ પ્રીય હોય છે. માનવીમાં તે હોવાં જ જોઇએ. અને માનવીમાં જો તે હોવાં જ જોઇએ તો રાજા પણ માનવી છે, એ ભાવના સતત મારા હૃદયમાં રહેવી જોઇએ.”

મહારાજાના શબ્દો સાંભળીને મહામંત્રી ક્ષણભર વિચારમાં પડી ગયા. યુદ્ધ કરતાં શાંતિને તે વધુ માનનારા હતા. માતા જૈન ધર્મિય હતી. વણિક હતી. તેના ઉચ્ચ ગુણો તેમનામાં પ્રવેશ્યા હતા. અહિંસાને તે વધુ પ્રીય–જીવનમાં વધુ શ્રેષ્ટ માનતા હતા. પરંતુ આજે અણધાર્યા શાંતિપ્રિય શબ્દો મહારાજાના મુખેથી તેમણે સાંભળ્યા અને આશ્ચર્ય થયું. મહારાજાએ આજ સુધીમાં અહિંસા, દયા અને ક્ષમાને વધુ પ્રીય ગણવાની ઉદારતા દર્શાવી નહોતી. યુદ્ધ એ એમનો જીવનમંત્ર હતો. લગ્ને લગ્ને નવા વરરાજા બનવાની તેમની તમન્ના હતી. પરંતુ જીવનમંત્રમાં દયા અને અહિંસાને તેમણે સ્થાન આપ્યું નહોતું.

––અને આજે અચાનક એ વીર પિતામાં–મહારાજામાં આટલો બધો પલટો શા કારણે આવી ગયો!

“મહારાજ,” મહામંત્રી થોડીવારે બોલ્યા: “મેં આપને નિર્બળ

કે ચેટકરાજથી ડરી ગયેલા માન્યા નથી. હું તો આજ સુધી માનતો આવ્યો છું કે, આપ વીર પુરુષોને શોધતા આવ્યા છો અને યુદ્ધોને જીવનમંત્ર માનતા આવ્યા છો પરંતુ આશ્ચર્ય મને એટલા માટે થયું કે, આજે આપે અહિંસાને આગળ ધરી. હિંસક યુદ્ધ અટકાવવાનો પ્રયત્ન કર્યો. પ્રજાના જાનમાલ અને જીવનને બરબાદ ન થવા દેવા માટે અગાઉથી વિચાર કર્યો. શત્રુને જીતવો છતાં બંનેમાંથી એક પણ પ્રજાને હાનિ ન થાય તે પ્રત્યે સંપૂર્ણ લક્ષ આપ્યું.

આપે જણાવ્યા પ્રમાણે અહિંસા એ વીરનું ભૂષણ છે. યુદ્ધ કરતાં પ્રેમથી જીવન જીવવું શ્રેષ્ઠ છે. અને જેને તેમ જીવતાં આવડે છે તે ભવસાગર તરી જાય છે. ભલે પછી તે પ્રજા હોય કે રાજા હોય. પશુ હોય કે પક્ષી હોય. દરેક પ્રાણી માત્રને માટે તે નિયમ લાગુ પડે છે. માનવી જીવે તેના કરતાં તેને જીવન જીવતાં આવડવું જોઈએ. જેને જીવન જીવતાં આવડે છે તેને મરતાં પણ આવડે છે.

આપે આપના જીવનમાં બધુ અનુભવ્યું હતું પણ અહિંસાનો મંત્ર અનુભવ્યો ન હોતો. આજે તે અનુભવીને જીવનમાં બાકી રહેલી ઉણપ આપે પૂરી કરી છે. જે કંઈ થોડા દિવસથી હું આપને કહેવાની ઇચ્છા રાખતો હતો તે આપોઆપ આપના જીવનમાં આવી ગયેલી છે."

"તમારા જેવા બુદ્ધિશાળી મહામંત્રીના સહવાસથી આપોઆપ શ્રેષ્ઠ વિચારો પ્રકટે અને જીવનમાં નવીનતા પ્રવેશે, તેમાં કંઈ જ નવાઇ નથી. અભયકુમાર!" મહારાજ બોલ્યા.

"તમે પાટવી કુમાર છો. તમારી માતા પટરાણી છે. તમારા બંનેમાં જે ગુણો હોવા જોઈએ તે સંપૂર્ણપણે છે. તમારી બુદ્ધિ અગાધ છે. તે બુદ્ધિનો હું યુદ્ધ અને હિંસા તરફ ઉપયોગ કરવા માગતો નથી. તમારી બુદ્ધિનો બને એટલો વધુ ઉપયોગ કરીને થતી હિંસાઓ અટકાવવી અને અહિંસાનો બને તેટલો વધુ પ્રચાર કરવો; એવો મેં સંકલ્પ કર્યો છે."

"આપનો સંકલ્પ અવશ્ય ફળીભૂત થશે, મહારાજ!" મહામંત્રી કહેવા લાગ્યા. "સારા સંકલ્પો પ્રત્યે ઈશ્વરની હંમેશાં સહાય હોય છે. અહિંસા જેવો બળવાન કોઈ ધર્મ નથી. તેના જેવી કોઈ શક્તિ નથી. તેના જેવો કોઈ મહામંત્ર નથી."

"માટે તો મેં તમને અત્યારે બોલાવ્યા છે." મહારાજા મૂળ વાત પર આવતાં બોલ્યા.

"મારે હિંસાનો માર્ગ લેવો નથી અને ચેટકરાજનું નાક કાપવું છે."

"હું તેજ વિચારતો હતો.

"તો પછી કેટલી વાર?"

"માર્ગ તો સૂઝી આવ્યો છે પણ આપને પસંદ પડે કે કેમ, એ સવાલ છે."

"તમારો દર્શાવેલો માર્ગ મને હંમેશાં પસંદજ હોય છે."

"તો સાંભળો. હું માનું છું ત્યાં સુધી ચેટકરાજની બે કન્યાઓ હજી કુંવારી છે."

"એ વાત મારા ખ્યાલ બહાર નથી." મહારાજ બોલ્યા.

"તેમાં મોટી સુજ્યેષ્ટા અને નાની ચેલ્લણા છે."

"બરાબર છે."

"તો આપણે સુજ્યેષ્ઠાનું હરણ કરી લાવીએ"

"તેની અનિચ્છાએ કોઈ પણ સ્ત્રી કે કુમારીકાનુ હરણ કરવું તેને બળાત્કાર કહેવાય, મહામંત્રી!"

"એ વાત તદ્દન સત્ય છે, મહારાજ!" મહામંત્રી બોલ્યા. "પરંતુ હું તો ગાંધર્વ વિવાહની વાત કરૂં છું અને ગાંધર્વ વિવાહ દેવોએ માન્ય રાખ્યા છે."

"પરંતુ સામી વ્યક્તિની ઉચ્છા વિના ગાંધર્વ વિવાહ થઈ કેવી રીતે શકે?"

"તેની જવાબદારી હુ મારે શિરે લઉં છું." મહામંત્રી કહેવા લાગ્યા. "પરમ દિવસે હું અહીથી વૈશાલી તરફ ચાલ્યો જઈશ ત્યાં જઈને રાજકન્યા સુજ્યેષ્ટાનું મન મહારાજા બિમ્બિસાર તરફ આકર્ષીવીશ. અને જ્યારે તે જાતે થઈને કહેશે કે, મહારાજાને જ હું મારા મનથી વરી ચૂકી છું. આ જીવનમાં મારે બીજો પતિ ન હોઈ શકે. માટે મહારાજાને જણાવો કે તે, ખુશીથી મારૂં હરણ કરી જાય હુ" તેમની સાથે ખરા હૃદયથી જવા તૈયાર છું.' તે પછી જ હું સર્વ તૈયારી કરીને આપને સમાચાર આપીશ. આપ તે સમયે શુભ કાર્ય માટે પધારશો. આપનો વિજય થશે."

"તમારો વિચાર ખોટા નથી, મહામંત્રી!" મહારાજ બોલ્યા. "મને હંમેશાં તમારી બુદ્ધિ પર અને તમારા શબ્દો પર શ્રદ્ધા હોય છે. તમારા શબ્દો ફરતા નથી અને તમારી બુદ્ધિ અચૂક હોય છે. મને ખાત્રી છે કે, આજના તમારા શબ્દો પણ સત્ય નીવડશે."

"એ તો ઈશ્વરની કૃપા છે, મહારાજ!"

"તો તમે પરમ દિવસે ક્યારે નીકળશો?" મહારાજાએ અધિરાઈ દર્શાવતાં પૂછ્યું.

"શુભ સમય જોઈ ને."

"બને તેમ જલ્દી કરજો."

"હવે આપ બે ફિકર રહો. તે સઘળી જવાબદારી મારે શિરે આવી ગઈ."

"અને બને તેટલી આ વાત ખાનગી રાખવાની છે."

"રાજકારણમાં એ મહત્ત્વનું અંગ છે."

"અને આવતી કાલે સવારે ચિત્રશાળાનો પાયો પણ નંખાવાનો છે."

"માટે જ મેં પરમ દિવસ નક્કી કર્યો છે."

"તમારો નક્કી થયેલો સમય ગમે તેવા સંજોગોમાં ફરતો નથી, એ હું સારી રીતે જાણું છું."

"દરેક માનવીને માટે તેટલી મક્કમતા તો હોવી જ જોઈએ."

' એ વાત સત્ય છે. અને એક વાત કહી રાખું છું." મહારાજા કહેવા લાગ્યા. "તમે અહીંની બિલ્કુલ ચિંતા કરતા નહિ. હું બધું બરાબર સંભાળી લઈશ. તમારૂં સઘળું લક્ષ ત્યાંના કામમાં પરોવજો. તે કામ અત્યંત મહત્ત્વનું છે. જરીક પણ ભૂલ થઈ તો..."

"આપ ચિંતા ન કરો મહારાજ!" અભયકુમાર બોલ્યા "જે કાર્ય મેં સાથે લીધું છે, તેની જવાબદારી હું સંપૂર્ણ રીતે સમજી શકું છું. માટે આપ તે બદલ નિશ્ચિંત રહો."

—કહીને સમય વધુ પસાર થવાથી તેમણે જવાની ઈચ્છા પ્રદર્શિત કરી.

ભારત ટી એન્ડ કૉફી કુંપની

ટેલી. નં. ૭૦૩૨૨

ઠે: ૭૩/૭૭ આઝાદ ભુવન,

મસ્જીદ બંદર રોડ, મુંબઈ નં. ૩

ચાહના જથ્થાબંધ વેપારી ભારત બ્રાન્ડ ચાહની ભુકી તથા પ્રભાત છાપ પેકેટ તેમજ ભારત રૂપેરી પેકેટ વાપરો.

[ ૨૧ ]

# ☆ પાયો નંખાયો અને પડયો ☆

આખા નગરમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. રાજનગરમાં આજ સુધી શ્રેષ્ટ ચિત્રશાળાની જે ખામી હતી, તે મહારાજા બિમ્બિસારના હસ્તક દૂર થઈ રહી હતી. દેશ પરદેશના મહાપુરૂષો પણ હાજરી આપવા આવી ગયા હતા.

આજે સવારે શુભ મુહૂર્તે મહારાજાના હસ્તક ચિત્રશાળાનો પાયો નંખાયો હતો. કારીગરો ખરા દિલથી કામ કરી રહ્યા હતા. તેમાં પણ રાજ્યનું કામ એટલે પૂછવાનું પણ શું હોય!

સારામાં સારા કારીગરો, સારામાં સારો માલ, સારામાં સારા મુહૂર્ત જોનારાઓ અને સારામાં સારા જમીનની પરીક્ષા કરનારાઓ.

કામ ધમધોકાર ચાલી રહ્યું હતું. સાંજ પડવા આવી. કારીગરોને કામ પરથી ઘેર જવાનો સમય થયો. તેમના ઉપરીએ તેમની અને કામની નોંધ કરી લીધી. કેટલું કામ થયું છે તે લખી લીધું. ઉંચાઇ, લંબાઇ અને પહોળાઇનાં માપ લેવાઈ ગયાં. રખેવાળોને દેખરેખનું કામ સોંપવામાં આવ્યું અને સૌ પોતપોતાને ઘેર ગયા.

કામની નોંધ મહારાજાને સાંજે મળી ગઇ. તે જોઈ ને તેમને સંતોષ થયો. મહામંત્રી પોતાના અશ્વ પર બેસીને કામનું નિરીક્ષણ કરી આવ્યા.

મધરાત સૌએ શાંતિમાં પસાર કરી. રક્ષકોએ પણ કોઇ પણ પ્રકારની ચિંતા વિના રાત્રિ પસાર કરી.

પરોઢ થયું. રક્ષકો જાગ્યા. પોતાનાં શસ્ત્રો સંભાળ્યાં. એક વખત નજર ફેરવી જોવા માટે ઉઠયા. ગઇ કાલના થયેલા કામ તરફ દ્રષ્ટિ કરતાં જ ચોંકી ઉઠયા.

આ શું !

કોઇ પણ જાતનો અવાજ નહિ, કોઇના આગમનનો ભાસ નહિ, કોઇ વાતચીતનો ગણગણાટ નહિ અને ગઇ કાલે થયેલું કામ નાશ કેમ પામ્યું !

જે કામ થયું હતું તે પડી ગયું હતું. ઈંટો ઈંટોને ઠેકાણે ઢગલો થઇને પડી હતી. માટી માટીમાં ભળી ગઈ હતી. દરેક સામાન પોત પોતાની અસલ જગાએ વ્યવસ્થિત રીતે બિલ્કુલ અવાજ સિવાય જઇ પડયો હતો.

આમ કેમ બનવા પામ્યું હશે, તે રક્ષકો સમજી શકયા નહિ. તેમના હૃદયમાં બીક પેસી ગઇ. તેમની નિંદ્રા ચકોર હતી. પવનના સુસવાટાના અવાજથી પણ ભર ઉંઘમાંથી જાગી જનાર તરીકે તેમની ખ્યાતી હતી. જ્યારે આટલું બધું ચણતર પડી ભાગ્યું છતાં તેમને ખબર ન પડી. માણસ ગમે તેટલી કાળજી રાખે છતાં આવું કામ કરતાં--ચણતર તોડી પાડતાં થોડો પણ અવાજ થાય નહિ, એ બનવું અશકય છે.

"હવે મહારાજાને શું મુખ બતાવી શું ?" ચિંતાતુર વદને એક રક્ષક બોલ્યો.

"મુખ બતાવવાની વાત તો એક બાજુએ રહી પણ આ સમાચાર આપવા કોણ જશે ?" બીજો ગંભીરતા પૂર્વક બોલી ઉઠયો.

"એ વાત અત્યંત મહત્ત્વની છે." ત્રીજાએ બીજાને અનુમોદન આપતાં કહ્યુ. "મહારાજનો સ્વભાવ ઘણો તીખો છે. મહામંત્રી આગળ આવી વાત લઇને જવું, એ અતિ કઠિણ કામ છે."

"કારીગરો આવે ત્યાં સુધી મૌન સેવીએ તો ?" ચોથાએ ઉચ્ચાર્યું.

"કારીગરો આવે ત્યાં સુધી મહારાજાને કાને વાત પહોંચ્યા સિવાય રહે ખરી?" પહેલો બોલ્યો.

"એ વાત તદ્દન અસંભવિત છે." બીજો કહેવા લાગ્યો. "હમણાં લોકોની અવર જવર શરૂ થશે. જોવા આવનારાઓ પણ ઓછા નથી. કોટવાળ વગેરે પણ હમણાં તપાસ માટે આવી પહોંચશે. કદાચ મહામંત્રી પોતે પણ આવી જાય તો ના કહેવાય નહિ."

"વાત તદ્દન સાચી છે" ત્રીજો બોલ્યો. "ખરી મુશ્કેલી ઉભી થઇ છે. કોટવાલ પહેલાં જ કદાચ મહામંત્રી આવી પહોંચશે. સૂર્યોદય પહેલાંજ નગર ચર્યાનો તેમનો નિયમ છે. અને હવે તો લોકોની અવર જવર પણ શરૂ થઈ ચૂકી છે."

"આમ ગભરાયા સિવાય જે થાય તે જોયા કરવું એજ મને તો ઠીક લાગે છે." ચોથો બોલ્યો.

"તને કોઈ દિવસ ગંભીરતાનું મહત્ત્વ સમજાયું છે, ઉદય!" પહેલો બોલ્યો. "આ વાત નાની સૂની નથી. જો ઠીક ઠીક પતી ગયું તો સારૂં છે નહિ તો નોકરીની નોકરી જશે. બદનામીનો પાર નહિ રહે અને જો દંડ કે સજા થઈ તો પછી બોલવાનું જ નહિ."

"હું નથી માનતો કે આ વિષયમાં મહામંત્રી કે મહારાજા આવું ઉતાવળીયું પગલું ભરે." ચોથો કહેવા લાગ્યો. "આ કોઈ માનવીનું કામ હોય એમ લાગતું નથી. જો કોઇ માનવીએ આ કાર્ય કર્યું હોત તો અવાજ થયા વિના રહેત નહિ. આટલા થોડા સમયમાં આમ વ્યવસ્થિત રીતે બધી વસ્તુઓ તેનાથી મૂકી શકાત નહિ અને આજુબાજુમાં બગાડ થયા વિના પણ રહેત નહિ."

"ત્યારે તું શું માને છે?" બીજાએ પ્રશ્ન કર્યો

"મારી માન્યતા પ્રમાણે તો આ કોઇ કુદરતી કોપ હોવો જોઈએ." ચોથાએ પોતાની માન્યતા રજુ કરી.

આ પ્રકારની વાતચીત ચાલી રહી છે તેટલામાં મહામંત્રી પોતાના અંગરક્ષકો સાથે ઘોડેસ્વાર થઈને આવી પહોંચ્યા. તેમણે રક્ષકોને ગભરાયેલા અને વિચારવશ જોઈને ગઈકાલે થયેલા કામ તરફ નજર કરી. દ્રષ્ટિ પડતાં જ તે આશ્ચર્યચકિત બની ગયા. તેમની સાથેના અંગરક્ષકો પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેમણે પ્રશ્ન કર્યો:

"શી બાબત છે?"

"મહારાજ, ગઈકાલનું ચણતર અણધાર્યું નાશ પામ્યું છે." ગભરાતાં ગભરાતાં હિંમત કરીને એકે કહ્યું.

'તે કેવી રીતે બન્યું?"

"કંઈ જ સમજી શકાયું નથી."

"ક્યારે બન્યું?"

"મધરાત પછી અમે આરામ લેતા હતા ત્યારે"

"તમને ક્યારે ખબર પડી?"

"થોડીવાર પહેલાં અમે જાગ્યા ત્યારે."

"આટલા બધા કામનો નાશ થયો અને તેના અવાજથી તમારામાંથી કોઈ પણ જાગી ઉઠયું નહિ?"

"બિલકુલ અવાજ જ થયો નથી, મહારાજ."

"તદ્દન અસંભવિત છે."

"આપ માનો યા ન માનો, પણ વાત તદ્દન સત્ય છે."

મહામંત્રી વિચારમાં પડી ગયા. રક્ષકોની વાત તેમને તદ્દન અસત્ય લાગી નહિ. જો થોડો પણ ઘોંઘાટ થાય તો રક્ષકો જાગ્યા સિવાય રહે જ નહિ. અને જો જાગે તો બિલકુલ સામનો કર્યા સિવાય ગમે તેને ચણતરનો નાશ કરવા દે, એ વાત પણ માની શકાય નહિ. માટે ગમે તે વિચારણીય કારણ હોવું જોઈએ. તે સિવાય આમ બને જ નહિ. થોડો સમય તેમણે આજુબાજુમાં નીરિક્ષણ કરી જોયું.

ક્યાંય. કોઈ માનવીનાં તાજાં પગલાં દેખાતાં નહોતાં. કોઈ પણ જાતનું કંઇ ચિન્હ નહોતું. જે જે ચીજો વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આ હતી, તે સામાન્ય માનવીથી આટલી ઝડપથી થઈ શકે, એ પણ માની શકાય તેમ નહોતું. તેમને લાગ્યું કે 'જરૂર આમાં કંઇક પણ ભેદ હોવો જોઇએ.'

"મારી બીજુ આજ્ઞા ન મળે ત્યાં સુધી અહીંથી તમારે ખસવાનું નથી." મહામંત્રીએ રાતવાળા રક્ષકોને આજ્ઞા કરી. રક્ષકોએ તે નમન કરીને ઝીલી લીધી.

મહામંત્રીના ગયા બાદ રાત્રીવાળા રક્ષકોએ શાંતિભર્યો શ્વાસ મૂકયો. તેમને લાગ્યું કે મહામુશીબતમાંથી બચી ગયા.

અને વાત પણ સાચી હતી. મહામંત્રી જો બુદ્ધિશાળી અને વિચારવંત નહોત તો તેમના ગળે રક્ષકોની વાત ઉતારત નહિ કારણ કે કોઇપણ માની ન શકે તેવી તે વાત હતી. પરંતુ મહામંત્રી અભયકુમાર અજોડ બુદ્ધિશાળી હતા. તેમને રક્ષકોની વાત સાચી લાગી

મહામંત્રી ત્યાંથી નીકળીને સીધા મહારાજાને ત્યાં ગયા. મહારાજા સ્નાનાદિકાર્યથી પરવારીને તૈયાર થઇ રહ્યા હતા. મહામંત્રીના આગમનના સમાચાર મળતાંજ તેમણે તેમને આવકાર્યા. મહામંત્રીએ અત્યારે અણધાર્યા આવવાનું કારણ જણાવતા કહ્યું :

"મહારાજ! ગઈરાત્રે એક આશ્ચર્યજનક ઘટના બની ગઈ છે."

"એવી તે કયી ઘટના છે કે, જેથી તમારા જેવાને પણ આશ્ચર્ય ઉદ્ભવ્યું ?"

"મને તો શું પણ આપને અને આખા જગતને આશ્ચર્ય ઉદ્ભવે તેવી આશ્ચર્યજનક ઘટના છે."

"કહી સંભળાવો જોઈએ."

"ગઈકાલે ચિત્રશાળાનું જે કામ થયું હતું તે રાત્રે અચાનક નાશ પામ્યું છે."

"એટલે ?" આશ્ચર્યસહ મહારાજાથી બોલાઈ જવાયું.

"કોઈપણ જાતના અવાજ સિવાય, કોઈને પણ ખબર ન પડે તેવી રીતે તે બની ગયું છે." શાંતિ જાળવી રાખીને મહામંત્રીએ કહ્યું.

"અને રક્ષકો શું કરતા હતા?" કંઈક ક્રોધિષ્ટ સ્વરે મહારાજા બોલ્યા.

"તેમાં કોપાયમાન થવાની જરૂર નથી, મહારાજ!" મહામંત્રી તેમને શાંત પાડતા કહેવા લાગ્યા. "રક્ષકો તો સાવધ હતા. તેમાં તેમનો જરાપણ વાંક નથી."

"ત્યારે વાંક કોનો?"

"કોઈનો જ નહિ. આતો કુદરતી કોપ હોય એમ લાગે છે."

"એટલે! એવું તે કયું પાપ આપણે ત્યાં બનવા પામ્યું છે કે, જેથી કુદરતનો કોપ અહીં ઉતરવા પામે!"

"આમાં પાપનો સવાલ નથી: જમીનમાં કંઈક ખામી હોવી જોઈએ. એ વિના આમ ન બને."

"પણ કોઈ માનવીએ એમ કરવાની હિંમત ન કરી હોય, એમ માનવાને કોઈ કારણ છે?"

"જરૂર." મહામંત્રી બોલ્યા. "જો કોઈપણ માનવી એ તેમ કરવાની ધૃષ્ટતા કરી હોય તો તેમ કરતાં અવાજ થયો હોય. તેનાં પગલાં પડયાં હોય. અવ્યવસ્થિત રીતે બધું પડયું હોય. પરંતુ તેમાંનું ત્યાં કંઈજ નથી. નથી કોઈનો અવાજ થયો નથી વાતચીતનો ઘોંઘાટ થયો. નથી. કોઈનાં પગલાં જણાતાં. બધો માલ જયાંનો ત્યાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયો છે. માટે મારી ખાત્રી છે કે, આ કામ સામાન્ય વ્યકિતનું ન હોય. કારણ કે સાધારણ પણ અવાજ થયો હોય તો આપણા ચાણાક્ષ રક્ષકોનું ધ્યાન તે તરફ દોરાયા વિના રહે નહિ."

"બધુંજ ચણતર પડી ગયું છે?"

"હાજી. જમીન જેવી જમીન જ ત્યાં દેખાય છે. ગઈકાલના

કામનું બિલ્કુલ નામ નિશાન પણ જણાતું નથી."

"તમે જોઈ આવ્યા?"

"જી."

"તમને સમાચાર આપવા કોણ આવ્યું હતું?"

"કોઈ નહિ"

"ત્યારે તમને ખબર કેવી રીતે પડી?"

"હું મારા નિત્ય નિયમ પ્રમાણે નગરચર્યા માટે નીકળ્યો હતો. આજે બપોર પહેલાં વૈશાલિ તરફ પ્રયાણ કરવાનું હોવાથી એક વખત ગઈ કાલનું કામ જોઇ આવવા માટે અને રક્ષકોને યોગ્ય ભલામણ કરવા માટે ગયો હતો."

"ત્યાં સુધી રક્ષકોને તે વાતની ખબર ન હોતી?"

"ખબર તો વહેલી પડી હતી પરંતુ સમાચાર કેવી રીતે આપવા તેની મુંઝવણમાં તે પડયા હતા"

"એમાં મુંઝવણ શાની?"

"તેમની વાત માનવાને કોઇ તૈયાર થાય તેમ નહોતું."

"શા માટે કોઈ ન માને?"

"કોઇ પણ પ્રકારના અંદાજ સિવાય આમ બને તે કોઈ માની શકે જ નહિ. અને તે વિષે જવાબદાર તેમને જ માનવામાં આવે. કારણ કે આવી ઘટના માનવીના હાથે ન બની શકે, એમ કેટલોક વખત વિચાર કર્યા પછી વિચારવંત માણસો માનવા લાગે. પરંતુ તત્કાળ આ વાત માટે જવાબદાર તેમને જ માનવામાં આવે."

"તમારી વાત સત્ય છે, મહામંત્રી!" મહારાજા બોલ્યા. "આ ઘટના જોઇને અગર સાંભળીને પ્રથમ તો દોષને પાત્ર રક્ષકોને જ ગણવામાં આવે. પાછળથી જ્યારે સંપૂર્ણ વિચાર કરવામાં આવે ત્યારે જ તમે જણાવેલા નિર્ણય પર આવી શકાય. એકાએક આવા નિર્ણય પર કોઈજ ન આવી શકે. તમારી અગાધ બુદ્ધિને કારણે જ તમે તત્કાળ તેવી કલ્પના કરી શકયા. અને ગુન્હેગાર ગણાતાં પહેલાં રક્ષકોને નિર્દોષ જાહેર કરી શકયા."

"આપ જાતે એક વખત જોઈ આવો તો યોગ્ય ખ્યાલ આવી શકશે, મહારાજ !"

"એ યોગ્ય છે. હું હમણાં જ જાઉં છું. તમે પણ સાથે આવો છો ને ?"

"સમય ઘણો વીતિ ગયો છે. મારે હવે વૈશાલિ તરફ જવા પ્રયાણ કરવું જોઈએ."

"હા, તે વાત તો હું ભૂલી જ ગયો." મહારાજા બોલ્યા. "તે વાત પણ અત્યંત મહત્વની છે. તમે ખુશીથી જાવ. મને તમારા પર સંપૂર્ણ શ્રદ્ધા છે. મને ખાત્રી છે કે, તમે યશસ્વી જ થશો. મારી ઈચ્છા છે તે પ્રમાણે વિના રક્તપાતે તમે વૈશાલિના ગણતંત્રના પ્રમુખ ચેટકરાજનું નાક અવશ્ય કાપશો. મગધની કીર્તિમાં અધિક વૃદ્ધિ કરશો."

"આપ તે વિષે ચિંતા કરશો નહિ, મહારાજ !" અભયકુમાર બોલ્યા. "આપની કીર્તિને ઝાંખપ લાગવા નહિ દઉં. આપની ઈચ્છા પૂર્ણ કરીશ. મારી ફરજ હું સારી રીતે સમજું છું. પણ અહીંનું બરાબર સંભાળશો. આજે રાજસભામાં ચિત્રશાળાનો પ્રશ્ન ફરીથી મૂકજો. જ્યોતિષીઓ અને અર્થશાસ્ત્રીઓને સંતૂષ્ટ કરીને આમ થવાનું કારણ પૂછી જોજો. કોઈપણ ભોગે આ ચિત્રશાળા પૂરી થવી જ જોઈએ. જો તેમ નહિ થાય તો આજ સુધીની બધી જ કીર્તિ પર પાણી ફરી વળશે"

"તેની જવાબદારી મારે શિરે છે, મહામંત્રી !" મહારાજા બોલ્યા. આપણા અર્થશાસ્ત્રીઓ અને જ્યોતિષીઓ સામાન્ય નથી. તેમનું જ્ઞાન અગાધ છે. તેઓ જરૂર કોઈ માર્ગ શોધી કાઢશે. તમે આ તરફની બિલકુલ ચિંતા ન કરતા. તમારે તન, મન અને ધનનો વૈશાલિનું નાક કાપવામાં ઉપયોગ કરવાનો છે અહીંની ચિંતા કરવાની જરૂર નથી. હવે સમય થઈ ચૂક્યો છે. તમે પ્રયાણ માટે તૈયારી કરો. હું ગઈકાલ રાતનો બનાવ જોઈને તમને કિલ્લા બહાર મળું છું."

"જેવી આજ્ઞા."

—કહીને મહામંત્રી ઉઠયા.

[ ૬૨ ]

## ☆ ફરીથી કામ શરૂ થયું ☆

મધ્યાન્હનો સમય વીતિ ગયો હતો. મગધરાજનો રાજદરબાર ભરાયો હતો. મહારાજા પોતાના આસન પર બીરાજ્યા હતા. અન્ય કર્મચારીઓ પોત પોતાના આસન પર ગોઠવાએલા હતા. રાજજોશી અને અન્ય જ્યોતિષીઓ ગઈ કાલ રાતના સમાચાર સાંભળીને વિચારમાં પડી ગયા હતા. અર્થશાસ્ત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓ મુંઝવણ અનુભવી રહ્યા હતા. મોટા મોટા કર્મશાસ્ત્રીઓ વિચારવશ બની ગયા હતા. સૌની નજર વારંવાર મહામંત્રીના ખાલી પડેલા આસન તરફ જતી હતી.

મહામંત્રીનું ગમન મહારાજા સિવાય કોઈના જાણવામાં ન હોતું. સર્વેના મનમાં એક જ પ્રશ્ન ઘોળાયા કરતો કે, આવા વિકટ પ્રસંગે મહામંત્રીની ગેરહાજરી શા માટે હશે?

–અને તે પ્રશ્ન ખોટો પણ ન હોતો. ન છૂટકે જ મહામંત્રીની ગેરહાજરી રહેતી. બહારના ગમે તેવા કામને હળવું બનાવીને પણ તે પોતે રાજદરબારમાં હાજરી આપતા. તેમના વિના રાજસભા નિરસ ભાસતી. ગમે તેવા વિકટ પ્રશ્નોનો ઉકેલ તેમના તરફથી જ આવતો. તેમની ગેરહાજરી મહત્વની નવા જૂનીનું કારણ દર્શાવતી.

જ્યોતિષ વિષયમાં મુંઝાયેલા જ્યોતિષીઓ તેમની મદદની ઝંખના કરતા. અર્થશાસ્ત્રીઓ મુશ્કેલી વખતે તેમની તરફ દયામય નજરે

નીરખતા. મુઝવણમાં આવી પડેલા મહારથીઓ તેમની સહાયની અપેક્ષા રાખતા.

–અને તેવી મુંઝવણ આજે દરેક માટે આવી પડી હતી. સૌને તેમની ગેરહાજરી આજે સાલતી હતી. આ મુંઝવણનો ઉકેલ મહામંત્રી હોત તો તરત જ આવી ગયો હોત, એમ સૌ માનતા હતા

પરંતુ તે નહોતા તેનું શું ?

" સૌ કોઇ માનતું હતું કે, તેમની ગેરહાજરીની વાત મહારાજા જાણતા હોવા જોઇએ. પણ મહારાજાને પૂછવાની હિંમત કોણ કરે ?

જેમ સૌને તેમની ગેરહાજરી મુંઝવતી હતી તેમ મહારાજા પણ મુંઝાયા હતા. મહામંત્રીને તેમણે કહ્યું હતું કે, અહીંનું હું સંભાળી લઇશ. પરંતુ સંભાળી લેવાના ખરા સમયે મુંઝવણ આવી પડી હતી.

સવારે મહામંત્રી પાસેથી સમાચાર મળ્યા પછી તે જાતે જ રાતનો પ્રસંગ નીહાળી આવ્યા હતા. રક્ષકોને આશ્વાસન આપીને સર્વ વિગત જાણી લીધી હતી. ત્યાંથી કિલ્લા બહાર જઇને અભયકુમારને મળ્યા હતા અભયકુમાર પોતાના સુનંદા અને વિશ્વાસુ માણસો સાથે વૈશાલી જવા માટે રાજગૃહ છોડી રહ્યા હતા.

મહારાજાએ તેમને યોગ્ય શિખામણ આપી. મહામંત્રીએ તેમને આજની રાજસભામાં કેવી રીતે કામ લેવું તેનું દિશાસૂચન કર્યું.

–અને બંને છૂટા પડયા.

પરંતુ મહારાજાને પણ અભયકુમાર વિના રાજસભા સૂની ભાસવા લાગી. રાજા રાજ ચલાવે એ વાત સત્ય હોવા છતાં બુદ્ધિ તો હંમેશાં બીજાની જ હોય છે. રાજમુગટ ધારણ કરીને દેવાંશી પુરૂષ ગણાતા રાજવીઓ ખરી રીતે પુણ્ય બળે જ તે જગાએ બીરાજી શકયા હોય છે. છતાં એ વાત નક્કી છે કે, રાજાઓ બુદ્ધિહિન તો નથી જ હોતા. તેમનામાં વિચાર શક્તિ પણ હોય છે અને શારિરીક શક્તિ પણ હોય છે. ઉદારતા અને રસીકતા પણ તેમનામાં હોય છે. પરંતુ તેમની તે શક્તિ આખા રાજકારણને પહોંચી શકતી નથી.

તેમને અન્યની શક્તિની પણ મદદ લેવી પડે છે. રાજ્યમાં અનેક મંત્રીઓ હોય છે. તેમાં મહામંત્રીનો પ્રભાવ, તેમની વિચાર શક્તિ, કલ્પના શક્તિ વગેરે જુદા જ પ્રકારનાં હોય છે.

મગધરાજના મહામંત્રી અભયકુમાર તો બાલ્યકાળથી જ બુદ્ધિશાળી હતા. તેમની ગેરહાજરીએ આજે રાજસભામાં મુંઝવણુ ઉભી કરી હતી.

અર્થશાસ્ત્રીઓ, ગણિતશાસ્ત્રીઓ અને જ્યોતિષીઓ ભારે મુંઝવણુમાં આવી પડયા હતા. તેઓ અંદરોઅંદર મસલત કરતા હતા અને ફરી ફરી આંકડા મૂકતા હતા. આંગળીઓના વેઢા ગણુતા હતા અને પ્રત્યક્ષ ન દેખાતા નક્ષત્રો તરફ દ્રષ્ટિ કરતા હતા.

અંતે સૌએ મળીને નક્કી કર્યું કે, ફરીથી આજે કિલ્લો ચણુાવા દેવો. આજે શું પરિણામ આવે છે તે જોવું. આખો કિલ્લો નાશ પામે તો તે માટે કોઈ રસ્તો મળે તેમ નથી. જો તેમાંનો કોઇ અમુક ભાગ નાશ પામે તો તેનો માર્ગ મળી આવે.

કોઈ દરવાજો પડે, કોઇ દિવાલ તૂટે, શિખરને નુકશાન થાય, વગેરે કારણો માટે અનેક માર્ગ છે. પરંતુ આખો કિલ્લો પાયા સાથે નાશ પામે તેના માટે કોઈ ઉપાય નથી.

—અને તે રીતે મહારાજાને જણુાવવામાં આવ્યું.

" જો કંઈ પણુ ફરક કરવાનો હોય ન હોય અને જેમ ને તેમ કામ કરવાનું હોય તો હું નથી માનતો કે, કોઈપણુ પ્રકારનો યશ મળે." મગધરાજ બોલ્યા.

" છતાં આજનો દિવસ પ્રયત્ન કરવામાં શો વાંધો છે, મહારાજ !" એક અર્થશાસ્ત્રીએ નમ્રતાથી કહ્યું.

" મને તો કંઇ વાંધો નથી, અર્થશાસ્ત્રી !" મગધરાજ કહેવા લાગ્યા. " પરંતુ સમય બરબાદ જાય છે. તમે આટલા બધા રાજસભામાં હાજર હોવા છતાં જો કોઈ પણુ તેનો ઉપાય ન બતાવી શકે કે કારણુ ન દર્શાવી શકે, તે આશ્ચર્ય કહેવાય."

"આ પ્રસંગ સામાન્ય નથી, મહારાજ!" અર્થશાસ્ત્રીએ જણાવ્યું." આમાં કોઈ પણ દૈવી ચમત્કાર છે. તેના માટે સંપૂર્ણ સમજ અને વિચારની જરૂર છે. આજની રાત કેવી પસાર થાય છે તે જોયા પછી નક્કી થઈ શકે. એકાએક કોઈ પણ પ્રકારનો નિર્ણય કરવો મુશ્કેલ છે."

"પરંતુ આજનો પ્રસંગ બીજા દેશાધિપતિઓ જાણે, તો આપણા માટે કેવો કલંક સમાન ગણાય, તેનો આપને ખ્યાલ છે!" એક મંત્રીએ મહારાજાનો પક્ષ લેતાં કહ્યું.

"અને જ્યારે આવા મહાન પ્રસંગોમાંથી પસાર થઈને ચિત્રશાળા સંપૂર્ણ તૈયાર થશે ત્યારે સામાન્ય ચિત્રશાળાઓ કરતાં આ ચિત્રશાળાની કિંમત અનેકગણી અંકાશે, એ પણ ભૂલવા જેવું નથી." અર્થશાસ્ત્રીએ જણાવ્યું.

"આજે ફરીથી પ્રયત્ન કરી જોવાથી કોઈ પણ પ્રકારનું નવું દિશાસૂચન મળી શકે. એમ તમને લાગે છે ખરું?" મગધરાજાએ પ્રશ્ન કર્યો.

"જરૂર." અર્થશાસ્ત્રીએ ખાત્રીપૂર્વક જણાવ્યું. આજે રાત્રે શું બને છે તે જોયા પછી ચોક્કસ નવું દિશાસૂચન મળી રહેશે"

"ભલે તો અત્યારે જ હુકમ મોકલી દો કે, તરત જ કામ શરૂ કરે." મગધરાજે મંત્રી તરફ દ્રષ્ટિ કરીને આજ્ઞા કરી.

મંત્રીએ તરત જ આજ્ઞાને આગળ વધારી.

—ચિત્રશાળા બાંધવાનું કામ ફરીથી ધમધોકાર શરૂ થયું.

—સમય થતાં સભા ઉઠી ગઈ.

—ગઈ કાલે કામ કરનારા કારીગરો ફરીથી કામ પર ચઢી ગયા હતા. ફરીથી તે જ ઉત્સાહ અને તેજ ઉમંગ.

આજનું કામ ગઇ કાલ કરતાં પણ વધુ ઝડપથી થવા લાગ્યું હતું. તેમના ઉપરની દેખરેખ પણ ગઈ કાલ કરતાં વધારે કડક હતી.

ગઈ કાલ રાતનો પ્રસંગ આખા નગરમાં ચર્ચાઇ રહ્યો હતો દૂર દૂર સુધી તે સમાચાર પહોંચી ગયા હતા. નગરજનો અને બહારના

લોકો માનવા લાગ્યા હતા કે, હવે રાજગૃહિમાં ચિત્રશાળા નહિ બંધાય. મગધરાજની ઇચ્છા અપૂર્ણ રહી જશે. પાટનગર સિવાય બીજે ગમે ત્યાં બાંધીને મહારાજા પોતાની ઇચ્છા ભલે પૂરી કરે પણ પાટનગર માટે તો હવે અશક્ય જ છે.

જ્યારે કેટલાક સમજદાર માણસો કહેતા કે, મગધરાજ સ્વાભિમાની અને જીદ્દી સ્વભાવના છે એટલે ગમે તે રસ્તો શોધી કાઢશે પણ પોતાની ઇચ્છા પ્રમાણે ચિત્રશાળા પૂરી કર્યા વિના નહિ રહે.

કેટલાક તેજોદ્વેષી લોકો કહેતા કે, બહુ ગર્વ આવી ગયો હતો. ગર્વ અંતે તો માણસની કીર્તિને ખાધા સિવાય રહે જ નહિ. જ્યારે જુઓ ત્યારે અભિમાનની જ વાત. પોતાની શક્તિની અને પોતાની વિલાસપ્રિયતાની જ વાત જાણે ભેંસોની પેઠે રાણીઓનો તબેલો જ બનાવ્યો ન હોય! જ્યારે ત્યારે યુદ્ધ અને વિલાસની જ વાત. તે સિવાય તેમના મગજમાં બીજી વાત જ ઉદ્દભવે નહિ. હવે જુઓ, આ ચિત્રશાળા પૂરી ન થાય તો તેમની ફજેતી. પછી શું મોં લઈને ગર્વિષ્ટપણે બહાર નિકળશે. અને ઠીક છે કે, અભયકુમાર જેવા બુદ્ધિશાળી મહામંત્રી મળ્યા છે, નહિ તો આજે મગધનું નામોનિશાન પણ રહ્યું ન હોત.

—અને મહામંત્રી એટલે મહામંત્રી જ છે. મહાન ભાગ્યશાળી રાજવીને જ એવા મહામંત્રી મળે. શી તેમની બુદ્ધિ! શું તેમનું વાક્ચાતુર્ય! બોલેલું કરી બતાવે ગમે તેવું જુઠ પકડી પાડે. વાદવિવાદમાં ભલભલાને હંફાવે. વણિક માતાના પુત્ર હોવા છતાં શી તેમની ઘોડેસ્વારી! ખરેખર, તેમણે તો જગતમાં અમર નામ પ્રાપ્ત કર્યું છે. તેમને અંગે આજે ચારે બાજુએ મગધરાજની કીર્તિની સુવાસ પ્રસરી રહી છે. આજના વિકટ પ્રસંગમાંથી જો કોઇ માર્ગ કાઢી શકે તેમ હોય તો તે જ છે.

હજી સુધી તો કોઈ માર્ગ મળી આવ્યો હોય તેમ લાગતું નથી. કારણ કે જો તેમ થયું હોય તો ક્યારનું ફરીથી કામ શરૂ થઈ ગયું હોત.

આવા પ્રકારની અનેક ચર્ચાઓ શેરીએ અને ચૌટે ચર્ચાઈ રહી હતી. અભયકુમાર નગરમાં નથી એ વાત હજુ સુધી બહાર પડી નહોતી. તેવામાં ચિત્રશાળાનું કામ ફરીથી શરૂ થયાના સમાચાર વાયુ વેગે પ્રસરી ગયા. તરતજ ચર્ચાતા વિષયો બદલાવા લાગ્યા.

કોઈ કહેવા લાગ્યું કે, ગણિતશાસ્ત્રીએ ફરીથી ગણિત જોયું લાગે છે. કોઈએ જણાવ્યું કે, જ્યોતિષે ફરીથી નવું મુહુર્ત જોયું હોવું જોઈએ. કોઈ વિચારવા લાગ્યું કે, મહારાજા ફરીથી પ્રયત્ન કરી જોવાની ઈચ્છા રાખતા હોવા જોઈએ. કોઈ કહેવા લાગ્યું કે જરૂર મહામંત્રીએ નવો માર્ગ શોધી કાઢ્યો હોવો જોઈએ.

અનેક વિધ ચર્ચાઓની આંધી વચ્ચે ચિત્રશાળાનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું, એ વાત નિર્વિવાદ હતી.

કારીગરોએ ગઈકાલ કરતાં આજે સખ્ત મહેનત ઉઠાવી હતી. સાંજ સુધીમાં તો તેમણે ગઈકાલ જેટલું કામ કરવા ઉપરાંત એક દરવાજો પણ બનાવી નાંખ્યો હતો.

સાંજ પડી અને કારીગરો કામ પરથી ઉતર્યા. આગેવાને–ઉપરીએ કામની નોંધ લઈ લીધી. એક નકલ મહારાજાને મોકલી. એક નકલ રાત્રે ત્યાં પહેરો ભરનાર સૈનિકોને આપી અને એક નકલ પોતાની પાસે રાખી.

સૌ પોતપોતાને ઘેર ગયા. ગઈકાલ કરતાં આજે રાત્રે રક્ષણ માટે વધુ સૈનિકો રાખવામાં આવ્યા હતા. સૌ વારાફરતી નિરિક્ષણ કરતા અને પહેરો ભરતા. ગઈકાલની પેઠે આજે બધા એકી સાથે આરામ માટે સૂઈ ગયા નહોતા.

રાત્રિનો પ્રથમ પ્રહર વીતિ જવા આવ્યો અને સૈનિકોની અને નગર રક્ષકોની હીલચાલ સિવાય સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ.

[ ૨૩ ]

# ☆ સંસારની હવા ☆

**પોતાની** બહેન સતી પાસેથી ધનની થેલી લઈ ગયેલો વીરમ ઘણીયે વખત બનેવી ને ત્યાં આવી ગયો હતો. બનેવીની મુલાકાત તો ફક્ત એક જ વખત થઇ હતી. અમરકુમારને ખાસ ચાહીને બે ચાર વાર મળ્યો હતો. બહેનની મુલાકાત આશરે આઠેક વખત થઇ હતી.

ભાઇ બહેન એક થઇ ગયાં હતાં. ભાઈએ પોતાની શાણી પત્નીને ચાર પાંચ વખત તો મારી હતી. પત્ની કહેતી કે, 'તમે આવી રીતે–છૂપી રીતે બહેનની સાથે મળી જઇને તમારા બનેવીને કફોડી સ્થિતિમાં ન મૂકો.'

–અને એવા શબ્દો સાંભળીને વીરમનો ગુસ્સો વધી પડતો.

વીરમ અને સતીના સંસ્કાર એક પ્રકારના હતા. લોહી એક હતું. વીરમની પત્નીને તેનાં માતા પિતા એ ઉચ્ચ સંસ્કાર આપ્યા હતા. અમરના પિતાના સંસ્કાર પણ સારા હતા. એટલે વીરમ અને તેની બહેન સતીને સારૂં બનતું. વીરમ પોતાના બનેવીનું મૃત્યુ જલ્દી ઇચ્છતો હતો. અમરની તો તેને પરવા નહોતી. પહેલાં તે બનેવીથી બ્હીતો હતો પરંતુ બહેને ધીમે ધીમે તેની તે બીક ભાંગી નાંખી હતી. બનેવીના ધ્યાનમાં તે વાત તરત જ આવી ગઈ હતી. પરંતુ તે એવી સ્થિતિમાં મૂકાઇ ગયો હતો કે, તેનું કંઇ વળે તેમ નહોતું. સતીની હદ વટાવી ગયેલી કઠોરતાનુ કારણ તે સમજી ગયો હતો. પોતાનામાં રહેલી

અતિશય લાગણીનું તે પરિણામ હતું. **અતિશય લાગણી એટલે જ બરબાદી.**

તેણે જો પ્રથમથી સતી પર સંપૂર્ણ દાબ રાખ્યો હોત તો આજે આવી અપમાનજનક અને કરૂણાજનક તેની સ્થિતિ બની ગઈ ન હોત. પરંતુ તેની ઈચ્છા હતી કે, ધીમે ધીમે સતીને સમજાવીને સંસ્કારી બનાવવી. સારૂં શિક્ષણ આપવું. પરંતુ લાગણીવશ થઈને તેમ કરવા જતાં સતીની અસંસ્કારીતાએ જોર પકડયું. પતિની લાગણીઓનો અવળો અર્થ કરીને તે તેના ઉપર સ્વાર બની ગઈ. પાછળથી તેને તેના ભાઈ વીરમનો સાથ મળતો ગયો. પરિણામે હદ ઓળંગાઈ ગઈ.

વીરમ સમજી શકતો હતો કે, બનેવી મરે તો બહેન રંડાય. પરંતુ તેને બહેનના રંડાપાની પડી નહોતી. તેને તો બનેવીએ જે કંઈ સંતાડી રાખ્યું હોય તે મેળવવું હતું. બનેવીની હયાતીમાં બહેનને ત્યાં રહેવું ઠીક ન ગણાય એટલે બનેવી ન હોય તો બહેનને ત્યાં સદાને માટે રહેવાનું બની શકે, એ તેની ઈચ્છા હતી.

સતી વારંવાર પોતાના ભાઈ પાસે પતિનું બૂરૂ બોલતી હતી. તેથી વીરમ આગળ રૂષભદત્તનું માન ઘટયા કરતું હતું. તેમાં પણ પાછળ પાછળથી સતીએ વીરમની હાજરીમાં પોતાના પતિનું બે ત્રણ વખત તૂચ્છકાર ભરેલું અપમાન કરેલું. તેથી વીરમ હવે ધીમે ધીમે પોતાના બનેવી મોટા હોવા છતાં તેનું રખાતું માન ઓછું કરતો ગયેલો. અને હવે તો બનેવી એટલે રસ્તે જનાર કિંમત વગરનો માનવી લાગવા લાગ્યો હતો. પહેલાં બનેવીથી ડરતો હતો, એ વાત તો હવે રહી જ નહોતી. હવે તો તે વારંવાર બહેનને ત્યાં આવતો થઈ ગયો હતો અને કેટલીક વાર તો બનેવીનું અપમાન કરવાની ધૃષ્ટતા પણ કરવા લાગ્યો હતો. આજે તે વાત વાતમાં બોલી ગયો કે, 'તમારામાં અક્કલ જ કયાં છે?'

સતી અને તેનાં બાળકો એ સાંભળી રહેલાં. રૂષભદત્તના હૃદયમાં કારી ઘા વાગ્યો. અમરકુમારના આત્માને અત્યંત દુખ થઈ આવ્યું.

બીજાં બાળકો બિચારા શું સમજી શકે ! અને બહેન તો ભાઈની જ હતી.

રૂષભદત્ત જવાબમાં એક અક્ષર પણ ન બોલ્યો. છાનો માનો ઘરની બહાર નીકળી ગયો. વીરમને લાગ્યું કે, બનેવી મારાથી ડરી ગયા છે.

રૂષભદત્ત ઘણા વખતથી ઘરથી ત્રાસેલો હોવાથી ક્યાંક ચાલ્યા જવાનો વિચાર કરતો હતો. તેને ઘર પ્રત્યે પ્રેમ રહ્યો નહોતો કે સંસાર પ્રત્યે મોહ રહ્યો નહોતો. પરંતુ ઘર ન છોડવાનું કારણ એક જ હતું કે, 'હું ચાલ્યો જઇશ તો આ બધા પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવશે !' આ વિચાર તેને મુંઝવતો. તેની લાગણીઓ તેને ઘર છોડતાં રોકતી હતી.

એક વખતે તેનાથી તેમ બોલાઈ પણ ગયેલું અને તરત જ સતીએ જવાબ આપેલો કે, 'તમારા વિના અમે મરી નહિ જઇએ.. અમારૂં પૂરૂં કરવાની મારામાં તાકાત છે. કાલે જતા હો તો આજે ચાલ્યા જાવ.'

બિચારો રૂષભદત્ત ચૂપ થઇ ગયેલો.

આવો જવાબ આપનાર સ્ત્રીમાં સ્ત્રીત્વના કયા ગુણ હતા !

પરંતુ પત્નીના જવાબ તરફ દુર્લક્ષ કરીને–લાગણીવશ બનીને તે મહેનત મજુરી કરતો; ઘરનું પૂરૂં કરતો અને અર્ધ ભુખ્યો સૂઇ જતો.

–અને આજે ઘર છોડવાનો પ્રસંગ તેને માટે આવી પહોંચ્યો.. સાળાના કાતીલ શબ્દોએ તેનું હૃદય વીંધી નાંખ્યું. મારા જ ઘરમાં મારા કરતાં નાનો હોવા છતાં આજે મને કહે છે કે, 'તમારામાં અક્કલ જ ક્યાં છે? અને આવતી કાલે મારા ઘરનો માલિક બનીને મારા જ ઘરમાંથી મને ધક્કો મારીને બહાર કાઢે તો મારે શું કરવું ?'

ઉઠતાં ઉઠતાં તેની આંખોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. તે ઘરની બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં ઉમરા પર બે અશ્રુ બિન્દુ સરી પડયાં.

સસરાના મૃત્યુ પછી એ જ સાળાને રૂષભદત્તે પોતાની સામાન્ય રીતે ઠીક કહેવાય તેવી સ્થિતિમાં સારી મદદ કરી હતી. તેણે જ તેને ઠેકાણે પાડયો હતો. તેનું લગ્ન થવામાં પણ રૂષભદત્ત જ કારણભૂત હતો. છતાં આજે તે બધું વીસરાઇ ગયું હતું.

દૂધ પાઇને ઉછેરવામાં આવેલો સર્પ અંતે પોતાના સ્વભાવ પર જઈને દંશ માર્યા સિવાય રહે ખરો ?

પિતાને જતા જોઈને અમરકુમારને અત્યંત લાગી આવ્યું. તે પણ પોતાની જગાએથી ઉઠયો. પિતાની પાછળ પાછળ જવા લાગ્યો. પરંતુ જેવો તે ઉમરા પાસે પહોંચ્યો, તેવા જ તેના કાને તેની માતાના કર્કશ શબ્દો અફળાયા:

"ક્યાં જાય છે અલ્યા ?"

"ક્યાંય નહિ." જવાબ આપવાની ઇચ્છા ન હોવા છતાં અમરકુમારથી દુ:ખદ સ્વરે બોલાઇ જવાયું. તેનો કંઠ ભારે થઇ ગયો હતો. આંખોમાથી આંસુ વહી રહ્યાં હતાં.

"ક્યાંય નહિ એટલે !" માતા બરાડી ઉઠી. "બહાર નીકળ્યો છે છતાં ક્યાંય નહિ કહે છે ! જુઠું બોલતાં શરમ નથી આવતી ? બાપના જેવો તદ્દન લાજ શરમ વિનાનો થઈ ગયો છે." માતાના શબ્દો સાંભળીને પુત્ર ત્યાંજ ઉભો રહી ગયો.

"પિતાના સંસ્કારે રંગાયેલો છે ને, બહેન !" વીરમ બોલ્યો.

"એથી શું થયું ? અહીં પિતાનું રાજ નથી, માતાનું છે."

"રાજ ગમે તેનું હોય પણ સ્વભાવ બદલાય ખરો ? કૂતરાની પૂંછડી વાંકી એટલે વાંકી. તેને ગમે તેટલી જમીનમાં દાટો પણ તે સીધી થવાની જ નહિ."

"પણ મને સીધી કરતાં ક્યાં આવડતી નથી ?" કહેતાં સતી પુત્રને ઉદ્દેશીને કહેવા લાગી. "જો બહાર ગયો છે તો ટાંટીયો જ ભાંગી નાંખીશ. બેસી જા તારી જગાએ."

"પણ મારા પિતાજી બહાર ગયા છે ને !" અમરકુમાર બોલ્યો.

"ગયા તો ગયા ? એમાં તારૂં શું બગડયું ?" માતા કહેવા લાગી. "આજે નહિ તો કાલે પાછા આવશે. જઇ જઈને જવાના ક્યાં છે ?"

"અને કદાચ પાછા ન આવ્યા તો પણ શું બગડયું!" વીરમ વચ્ચે બોલી ઉઠયો. "માતા જેવી માતા સામી બેઠી છે ને પિતાના જવાથી ગભરાવાનું શું?"

"મામા, તમે પણ હવે ધીમે ધીમે ઠીક આગળ વધવા લાગ્યા છો." અમરકુમાર હિંમત કરીને બોલ્યો. તેને આ બધા કારણુમાં પોતાના મામાનો જ વાંક દેખાવા લાગ્યો. તેણે પોતાના પિતા પર ગૂજરતો માતાનો ત્રાસ નાનપણથી જોયો હતો. પરંતુ હમણાં હમણાં મામાના વારંવાર આવવાથી તેમાં અતિશય વધારો થયો છે, તે તે સમજી શકયો હતો. તે કારણે તે આજે પહેલ વહેલો હિંમત કરીને આટલું બોલ્યો.

"હા, ભાઈ. આમાં બધો વાંક તારા મામાનો જ છે ને! તારા પિતા તો કેટલા બધા શાણા, સમજુ અને વિવેકી ગણાય. તેમના જેવો ગુણી માણસ જગતમાં દીવો લઈને શોધતાં પણ નહિ મળે." વીરમ કટાક્ષમાં બોલ્યો.

"તું યે એના જેવડો જ થવા જાય છે, વીરમ!" સતી બોલી. "એ તો નાનો છે. અક્કલ વિનાનો છે. તારા જેવા સમજુ અને મોટા માણસે તેની સાથે બોલવું ન જોઈએ."

"પણ તેં સાંભળ્યું ને કે, મારા બનેવી મોં ચઢાવીને ચાલ્યા ગયા તેમાં તેને બધો વાંક મારો જ લાગ્યો." વીરમે અતિ લાડભર્યા સ્વરે પોતાની બહેનને કહ્યું.

"એ તો બાળક છે. મેં તને કહ્યું નથી ને!"

"પણ એનાથી કહેવાય જ કેમ?"

"ન કહેવાય એટલું એ સમજતો હોત તો કહેત ખરો!"

"એ સમજે કે ન સમજે પણ મારૂં તો અપમાન જ થયું ને!"

"એમ વાતવાતમાં અપમાન માનવાનું ન હોય. આ તો દુનિયા છે. સ્વાર્થની ખાતર મોટા મોટા લોકો એથી પણ ભયંકર અપમાનો

હસતા મુખે સહન કરી લે છે. એટલે આવી નજીવી વાતમાં તારે ખોટું લગાડવાનું ન હોય."

"આ તો તું મારી બહેન થાય એટલે હું સહન કરી લઉં છું. નહિ તો મારો સ્વભાવ તું ક્યાં નથી જાણતી?"

"એ હું સારી રીતે જાણું છું. પણ હવે એ વાત જવા દે. અને જો અમર," અમરકુમાર તરફ નજર કરીને સતી કહેવા લાગી: "બહુ ડહાપણ કર્યા વિના છાનોમાનો તારી જગાએ બેસી જા."

"પણ મારા બાપુજી......"

"તારા બાપુજી ગયા ચૂલામાં." વચ્ચે જ સતી બરાડી ઉઠી. "છાનોમાનો બેસી જાય છે કે નહિ?"

"ના."

"ના કહે છે?"

"મારા બાપુજી રીસાઇને ચાલ્યા જાય અને હું ઘરમાં બેસી રહું?"

"બહુ બોલ બોલ કર્યા વિના બેસી જા કહું છું."

"મારાથી નહિ બેસી શકાય, બા!"

"છાંનો માનો માની જા કહું છું."

"બીજું બધું માનીશ પણ આ વાત નહિ માનું."

"જો નહિ માને તો જીવથી મારી નાંખીશ."

"કાલે મારી નાંખતી હોય તો આજે મારી નાંખ."

"આજે તને શું થયું છે કે, આટલું બધું સામે બોલે છે!"

"મને કંઈ જ થયું નથી."

"તો સામા જવાબો કેમ આપે છે?"

"હું સામા જવાબ નથી આપતો પણ મને જે ઠીક લાગે છે, તે કહું છું."

"એકદમ બહુ ડહાપણ આવી ગયું લાગે છે!"

"ડહાપણ નથી આવ્યું પણ દિલ નિડર બની ગયું છે."

"તો હવે માર જ ખાવાનો થયો છે."

"મારથી તો હું ટેવાઈ ગયો છું, બા."

"તો લે, વધારે ટેવા." એકદમ ક્રોધાવેશમાં આવીને માતાએ બાજુમાં પડેલો નાનો પત્થર ઉપાડીને છૂટો માર્યો. પેટમાં તે વાગતાંની સાથે જ અમરકુમાર પેટ દબાવતો 'પિતાજી' કહીને અમળાઈને નીચે બેસી ગયો.

'પત્થર જો કે હતો તો નહાનો પણ વજનદાર વસ્તુ રહી. સામાન્યપણે જોરથી તે પેટમાં વાગ્યો હતો. નાના બાળકનું ગજુ કેટલું! તેને પેટમાં કાળ બાઝી આવી. અનહદ પીડા થવા લાગી. આંખે અંધારાં આવી ગયાં.

"ઢોંગ કરતાં પણ કેવા આવડે છે?" ભાણેજને વાગ્યા તરફ બેદરકાર બનીને નિષ્ઠુર બની વીરમ બોલ્યો. "છે નખ જેવડો અને કેવો નાટકી ઢોંગ કરી શકે છે!"

પણ સતી ભાઈના આ શબ્દો તરફ બહુ લક્ષ આપી શકી નહિ. તેને લાગ્યું હતું કે, ખરેખર અમરને વધારે વાગી ગયું છે. આ એના ઢોંગ નથી.

અમરકુમારની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં તે જમીન પર ટુંટીયું વાળીને પડી રહ્યો હતો. હજી તેની કળ ઉતરી નહોતી. કોઈએ તેને પવન નાંખવાની જરૂર હતી. કોઈએ પાણી પાવાની આવશ્યકતા હતી.

આખા શરિરે પ્રસ્વેદથી રેબઝેબ થયેલા ભાઈને જમીન પર રડતો પડેલો જોઈને તેનાં ભાંડુઓ વગર સમજ્યે ગભરાઈ ગયાં હતાં. ભાઈ પાસે જઈ પહોંચવાની તેમને ઈચ્છા થઈ આવી. હતી. પરંતુ માતાનો ડર એટલો બધો હતો કે, ત્યાંથી એક આંગળ પણ ખસી શકાય તેમ નહોતું.

માતાની આંખમાંથી અંગારા ઝરતા હોવા છતાં તેના મુખમાંથી

એક અક્ષર પણ બહાર નીકળતો નહોતો. તેનો ક્રોધ શમ્યો નહોતો. પરંતુ પુત્રને થતી અનહદ વેદના તે સમજી શકતી હતી.

તદ્દન મૂઢ જેવો બનીને વીરમ એકલો બેસી રહ્યો હતો. તેના છેલ્લા શબ્દોને સતીએ જ્યારે ગણકાર્યા નહિ ત્યારે તે આશ્ચર્ય પામ્યો હતો. પાછળથી નરમ પણ બની ગયો હતો. તેને છેવટે લાગ્યું હતું કે, હવે વધારે બોલવા જતાં બહેન પણ ચીઢાઈ જશે અને કદાચ પોતાના પર ગુસ્સે પણ થઇ જશે. તે કારણે તે શાંત બનીને બેસી રહ્યો હતો.

સતીએ ઘણી વાર અમરકુમારને માર્યો હતો. પરંતુ આજના જેવો કઢંગો માર તેનાથી કોઈ દિવસ મરાયો નહોતો. આજે પણ તે આ રીતે ક્રોધમાં આવીને પત્થર મારત નહિ. પરંતુ તેને લાગ્યું કે, આવા શબ્દો વીરમના દેખતાં બોલીને તેણે મને ઘણી હલકી પાડી છે. તે કારણે તેણે પરિણામનો વિચાર કર્યા સિવાય એકદમ જે હાથમાં આવ્યું તે છૂટું માર્યું. કર્મસંજોગે હાથમાં પત્થર આવ્યો અને પેટમાં જ વાગ્યો.

એક વખત તેને થઇ આવ્યું કે, 'ઉઠીને અમર પાસે જઉં. પણ તરત જ બીજો વિચાર આવ્યો કે, વીરમ શું ધારશે? મને કેવા નિર્બળ મનની ધારી બેસશે? આજ સુધી હું અભિમાનથી મારૂં વર્ચસ્વ દર્શાવતી આવી છું, તેનું શું થશે?'

માણસને પોતાનું અહંપણું ક્યાં ધસડી જાય છે? ખોટો અભિમાન કેવા માર્ગે લઇ જાય છે? એક વાર બાહ્યાડંબરને વળગી બેઠા પછી મને કે કમને તેને વળગી રહ્યા સિવાય ચાલતું નથી. ગમે તેવું નુકશાન થતું હોય તો પણ તે સહન કરી લેવું પડે છે.

—અને એટલું જાણવા છતાં પણ માણસ ખોટા બાહ્યાડંબરને ત્યાગતો નથી. જો એક વખત મનને મજબૂત બનાવીને તેનો ત્યાગ

કરે તો ખોટી રીતે આજુબાજુ વીંટાતી દુખની જાળ આપોઆપ અટકી જાય અને વીંટાયેલી તૂટી જાય.

એવાજ ખોટા બાહ્યાડંબરમાં ગૂંથાયેલી સતી પોતાનું માતૃ-હૃદય પુત્ર પાસે જવા પોકારતું હોવા છતાં માતા તરીકે જવાની હિમત કરતી નહોતી.

વિરમને તો અમરકુમાર પાસે જવાની ઇચ્છા જ થઈ નહોતી. બહેનના સહવાસ પછી તે પલટાઇ ગયો હતો. નાનપણથી દયાહિન અને ઉચ્છૃંખલ હતો. તેમાં પિતા ગૂજરી ગયા પછી અંકુશ ચાલ્યો ગયો. અંતે સતી સાથે અનાયાસે સારૂં બનવા લાગ્યું. ઘરખરચી પણ મળી ગઈ હતી. બનેવીનો ડર લાગતો હતે તે સતીના સહવાસથી હઠી ગયો હતો. હવે તો બહેન પર પણ વર્ચસ્વ જમાવવાની તેની ઇચ્છા હતી તે જાણતો હતો કે, સ્ત્રી ગમે તેટલી હિંમતવાન હોવા છતાં કપરા સંજોગોમાં પુરૂષની મદદ વિના અટકી પડે છે. અને બહેન અટકે કે ન અટકે પણ બનેવીના ગયા પછી હવે તેના પર વર્ચસ્વ જમાવવાનું બહુ મુશ્કેલ નહિ બને.

—અને આ રીતે સમય પસાર થઇ રહ્યો હતો.


ટે. નં. ૪૧૮૮૭

# સુરેશ એન્જીનીયરીંગ વર્કસ

## બોમ્બે કોટન મીલ એસ્ટેટ

કાલાચોકી રોડ, મુંબઈ, ૧૨.

કબાટ, તીજોરી, ખુરશી, ટેબલ, ટીપોય, સોફા-સેટ, ફાઈલીંગ, રેક વિગેરે પ્રકારનું સ્ટીલનું ફરનીચર બનાવનાર તથા વેચનાર.



We also manufacture all type of Ferrous & non-ferrous castings Textile machinery, Oil-mill machinery, Paint machinery Storage Tanks & chimneys, Chemical Plants & equinments.

[ ૨૪ ]

## ☆ બત્રીસલક્ષણાની જરૂર ☆

**રાત્રી** સમસમ કરતી પસાર થઈ રહી હતી રાજગૃહિમાં રક્ષકો સિવાય બહુધા કોઇ રસ્તા પર ફરતું દેખાતું નહોતું. ચિત્ર-શાળાનું બીજે દિવસે શરૂ થયેલું કામ રાત્રે જેટલું થયું હતું તેમાં કંઈ પણ વિક્ષેપ ન પડે, તે માટે રાખવાંમાં આવેલા ખાસ રક્ષકો બહુ જ સાવધાનીપૂર્વક પોતાનું કાર્ય બજાવી રહ્યા હતા.

મધરાત વીતી ગઇ રક્ષકોએ ફરીથી એક વખત ફરીને નીરીક્ષણ કરી જોયું. બધું કામ જેમનું તેમ હતું. સૌ શાંતિથી બેઠા. મધરાત વીતી ગઇ હોવાથી તેમને નીરાંત વળી હતી કે, હવે કંઇ વિઘ્ન આવવાનો સંભવ નથી.

પરંતુ ધીમે ધીમે સૌની આંખ ઘેરાવા લાગી. અખંડ રાતના ઉપરા ઉપરી કેટલાયે ઉજાગરા કરનારા રક્ષકોની આંખો પણ ઘેરાવા લાગી. એક બે જણે નિદ્રા પર કાબૂ મેળવવા માટે થોડું પાણી પીધું. અને આંખો તેમજ મોં ધોઇ નાખ્યાં. તેમની તે સાવચેતી એકંદરે વ્યાજબી હતી. પરંતુ આજે તેનો ખાસ ઉપયોગ થતો દેખાયો નહિ.

જ્યારે તે પોતાની જગાએ આવીને બેઠા કે તરત જ ફરીથી આંખો ઘેરાવા લાગી. અને અત્યારે તેનું જોર એટલું બધું હતું કે, ફરી આંખો ધોવા જવા જેટલી તેમનામાં તાકાત પણ દેખાતી નહોતી.

જોતજોતામાં સૌની આંખો ઘેરાઈ ગઇ અને સર્વત્ર નિસ્તબ્ધ શાંતિ પ્રસરાઇ ગઈ.

પાછલી રાતનો સમય થતાં સૌની આંખો પરથી નિદ્રાનું જોર ઓછું થવા લાગ્યું. થોડા સમયમાં સૈનિકો સચેત બની ગયા. પોતાની જવાબદારીનું તેમને ભાન આવ્યું. પોતાના સ્થાનેથી ઉઠીને તેમણે ચિત્રશાળાનું થયેલું કામ નિરખવા માંડ્યું.

પરંતુ અફસોસ...!

જે નહોતું ધાર્યું તે બની ગયું.

આટલી બધી સાવચેતી છતાં ચિત્રશાળાનો દરવાજો તૂટી પડયો હતો. કોઇ પણ જાતનો અવાજ થયો નહોતો. કોઈને કંઇ ખબર પડી નહોતી. સૌ આશ્ચર્યચકિત બની ગયા.

આજે રક્ષકોનો વધારો થયો હોવા છતાં અને વધુ સાવચેત રહેવાની આજ્ઞા મળી હોવા છતાં દરવાજો તૂટી જવા પામ્યો; એ વાત મહારાજાના કાને નાંખવાની હિંમત પણ કોણ કરે?

ગઇ કાલે તો રક્ષકોની નિષ્કાળજી પણ ગણાય. પરંતુ ગઈકાલના પ્રસંગથી આજે તો વધુ સાવચેત રહેવાની કડક આજ્ઞા મળી હતી. છતાં યે સારા કે ખોટા સમાચાર મહારાજાના કાને પહોંચાડ્યા સિવાય છૂટકો નહોતો. સૌની સંમતિ લઈને એક રક્ષક તરત જ મહારાજાને સમાચાર આપવા પહોંચી ગયો.

તે જ્યારે પહોંચ્યો ત્યારે મહારાજા ઉઠીને મુખ પ્રક્ષાલન કરી રહ્યા હતા. રક્ષક આવ્યાના સમાચાર સાંભળીને તેમને શંકા આવી. પોતે મુલાકાત ખંડમાં આવી પહોંચ્યા. રક્ષકને મુલાકાતની પરવાનગી આપી.

રક્ષક ખંડમાં દાખલ થઇને મહારાજાને પ્રણામ કરીને નત મસ્તકે ઉભો રહ્યો.

"શા સમાચાર લાવ્યો છે, રક્ષક?" મહારાજાએ પ્રશ્ન કર્યો.

"મહારાજ, ગઈકાલે તૈયાર થયેલા ચિત્રશાળાના કામમાંથી એક દરવાજો મધરાત પછી કોઇને પણ સમજ ન પડે એવી રીતે પડી ગયો છે." રક્ષકે શાંતિથી જણાવ્યું.

"તમને કોઇને ખબર ન પડી?" મહારાજાએ પૂછ્યું.

"ના, મહારાજ."

"અવાજ પણ ન થાય એ આશ્ચર્ય ગણાય."

"તદ્દન આશ્ચર્ય જેવી વાત છે, મહારાજ."

"તમે બધા આખી રાત જાગતા હતા કે થોડો સમય પણ ઉંઘ્યા હતા?"

"મધરાત સુધી તો અમે જાગતા હતા અને સવાર સુધી જાગવાનો અમારો અડગ નિર્ણય હતો."

"પછી?"

"પણ મધરાત વીતી ગઇ અને અચાનક અમારી આંખો નિદ્રાથી ઘેરાવા લાગી. નિદ્રાનો સામનો કરવામાં અમે ત્રણ ચાર જણા ઉઠીને આંખો ધોઇ આવ્યા પણ તેનો કંઇજ ઉપયોગ ન થયો. અમારા પર નિદ્રાનો પ્રભાવ જામી ગયો. જ્યારે અમે પાછલી રાત્રે જાગી ઉઠયા અને નીરીક્ષણ કર્યું ત્યારે અમારી નજરે ચિત્રશાળાનો દરવાજો તૂટી પડેલો જણાયો."

"તમે કંઇ તપાસ કરી જોઈ?"

"નજર ફેરવી પણ ક્યાંય કોઇ માણસનાં પગલાં દેખાયાં નહિ."

"કંઇ વાંધો નહિ. તમે બિલકુલ ચિંતા કરશો નહિ. તમને ઠપકો નહિ મળે." મહારાજાએ આશ્વાસન આપતાં કહ્યું.

"મહારાજનો ઉપકાર." ઉપકારવશ બનીને રક્ષક બોલ્યો.

"એમાં ઉપકાર જેવું કંઇ નથી. જાવ, તમે તમારી ફરજ પર ચઢી જાવ."

"જેવી આજ્ઞા."

—કહીને રક્ષક ચાલ્યો ગયો.

તે પછી મહારાજાએ સ્નાનાદિ કાર્યથી પરવારીને મંત્રીને બોલાવી લાવવાની અનુચરને આજ્ઞા કરી.

થોડીવારમાં મંત્રી આવી પહોંચ્યા. મહામંત્રી અભયકુમારની હાજરી ન હોય તો જ આ મંત્રીને બોલાવવામાં આવતા હતા. મહારાજાનું આમંત્રણ મળતાં જ મંત્રી સમજી ગયા હતાં કે, આજે મહામંત્રીની ગેરહાજરી હોવાના કારણે જ આ મુલાકાતનો અને ચર્ચાનો લાભ પ્રાપ્ત થયો છે. તો બને તેટલી સાવચેતીથી મહારાજાનું દિલ–મન જીતી લેવાનો પ્રયત્ન કરવો.

મહારાજાએ તેમને માનથી બેસાડીને રક્ષકે જણાવેલી વાત કહી સંભળાવી. મંત્રી તે સાંભળીને વિચારમાં પડી ગયા. હવે શું કરવું? —એ પ્રશ્ન તેમના મનમાં ઘોળાવા લાગ્યો.

"તમને કોઇ માર્ગ સૂઝી આવે છે?" મહારાજાએ થોડો સમય જવાબની રાહ જોઇને પૂછ્યું.

"ગણિતશાસ્ત્રી અને જ્યોતિષી પર જ આ બાબતમાં આધાર રાખવા જેવો લાગે છે, મહારાજ!" મંત્રીએ જણાવ્યું.

"એ તો નક્કી જ છે." મહારાજા બોલ્યા. "તેમની સૂચના પ્રમાણે ચાલ્યા વિના તો છૂટકો જ નથી. પરંતુ તમને બોલાવવાનું કારણ તો એટલું જ હતું કે, કંઇ નવો માર્ગ જો તમે સૂચવો તો."

"કોઈ સામાન્ય માનવીનું જો આ કામ હોય તો કાંઈ માર્ગ સૂઝી આવે. પરંતુ આમાં તો કંઇક જુદો જ ચમત્કાર ભાસે છે." મંત્રીએ જણાવ્યું.

"તમારી શંકા સત્ય છે, મંત્રીજી!" મહારાજા બોલ્યા. "આ કાર્ય ચમત્કારીક રીતે બને છે એટલે આ વિષય રાજસભામાં જ

ચર્ચવો પડશે. ગણિતશાસ્ત્રી અને જ્યોતિષીના શબ્દો પ્રમાણે ચાલવું યોગ્ય ગણાશે."

"તે સિવાય કોઈ માર્ગ સૂઝતો નથી, મહારાજ."

"તો હવે તમે જઈ શકો છો." મહારાજાએ મંત્રીને જવાનું સૂચન કરતાં જણાવ્યું.

મંત્રી મહારાજાને નમન કરીને રવાના થયા.

સમય થતાં રાજસભા ભરાઈ. મહારાજા પોતાના સિંહાસન પર આરૂઢ થયા હતા. મંત્રીઓ પોતપોતાની બેઠકો પર બેઠા હતા. ગણિતશાસ્ત્રી અને જ્યોતિષી મહારાજાના મુખેથી નવા સમાચાર જાણીને વિચારમાં પડી ગયા હતા. આમ થવાનું કારણ કોઈ સમજી શકતું નહોતું. ગણિતશાસ્ત્રી ગુણાકાર ભાગાકાર કરી રહ્યા હતા. જ્યોતિષી આંગળીના વેઢા ગણી રહ્યા હતા

આખી રાજસભા વિચારવશ હતી.

"હજી કેટલી વાર લાગશે, શાસ્ત્રીજી ?" જ્યોતિષીને મહારાજાએ કંટાળીને પ્રશ્ન કર્યો.

"બહુ સમય નહિ લાગે, મહારાજ !" જ્યોતિષીએ પોતાનું કામ ચાલુ રાખતાં કહ્યું.

મહારાજા ફરીથી શાંત થયા.

પાછો સમય વ્યતીત થવા લાગ્યો.

આખરે ગણિતશાસ્ત્રી જ્યોતિષી પાસે ગયા અને તેમના કાનમાં કાંઈક ગણગણાટ કર્યો. જ્યોતિષીએ તેમાં સંમતિ દર્શાવી. બંને જણા મહારાજાની પરવાનગી લઈને એક બાજુએ ખાનગી ખંડમાં ગયા. ત્યાં અંદરોઅંદર ચર્ચા ચલાવી. થોડીક વારમાં તેઓ સહમત થતા તો થોડીકવારમાં વિરોધ થતો. વિરોધ થતો ત્યાં ચર્ચા થતી, મનનું સમાધાન થતું અને પાછા એકમત થઈ જતા.

મહારાજ તેમની રાહ જોતા વિચારમાં બેઠા હતા. સમય વધુ થવાથી કંઈક નિરાશાએ તેમના મનમાં સ્થાન જમાવવા માંડયું. મહા-

મંત્રી અભયકુમાર યાદ આવ્યા. મહામંત્રીની મહત્તા આજે તેમને વિશેષ જણાવા લાગી. સભાજનો પણ વિચારમાં ગરકાવ બની ગયા હતા. સૌને થવા લાગ્યું કે, આટલી બધી વાર થઇ ગઇ એટલે જરૂર કોઇ માર્ગ સૂઝતો નહિ હોય.

તેટલામાં બંને જણા આવી પહોંચ્યા. જ્યોતિષીએ નમ્રતા પૂર્વક કહેવા માંડયું.

"મહારાજ, એ જગા બત્રીસલક્ષણાનો ભોગ માગે છે."

જ્યોતિષીના શબ્દો સાંભળીને આખી સભા સ્તબ્ધ બની ગઇ. મહારાજા પણ આશ્ચર્યવશ બની ગયા.

બત્રીસલક્ષણાનો ભોગ!

માનવહત્યા!

એવી ચિત્રશાળાની શી જરૂર કે, જે માનવનો ભોગ માગે!

મહારાજા વિચાર વમળે ચઢવા લાગ્યા. "સામાન્ય પશુની કે પક્ષીની હત્યા કરતાં જ્યાં હૃદય કંપી ઉઠે છે ત્યાં માનવની હત્યા કેવી રીતે કરી શકાય? યુદ્ધમાં હત્યા ન થાય તે માટે મહામંત્રીને વૈશાલી તરફ રવાના કર્યા ત્યારે અત્યારે અહિં એક સામાન્ય ચિત્રશાળા માટે માનવહત્યાની જરૂર જણાવાઇ. ખરેખર, દુઃખની વાત છે કે, હત્યા સિવાય આવા જ્યોતિષીઓ પણ કોઇ માર્ગ દર્શાવી શકતા નથી. આજે મહામંત્રી હાજર હોત તો તે નવો માર્ગ શોધી કાઢત અને આ લોકો માનવહત્યાનો માર્ગ સૂચવત નહિ મેં કેટલાય સમયથી મારા મનમાં નક્કી કરી રાખ્યું છે કે, બને એટલી હિંસા ઓછી કરવી અને કરનારને અટકાયત કરવી. જ્યારે તેના બદલામાં આજે મારી પાસે માનવહત્યાની જ વાત આવીને ઉભી રહી છે.

બત્રીસલક્ષણાનો ભોગ આપવાની વાત છે. પણ બત્રીસલક્ષણો મળે કયાંથી? અને જે બત્રીસલક્ષણો હોય તે દેવાંશી જ ગણાય ને! એવા દેવાંશી પુરૂષનો ભોગ આપવો મારા જેવા માટે અયોગ્ય ગણાય!

હું રાજા છું. પ્રજાનું રક્ષણ કરવાની મારી ફરજ છે. તે ફરજ ચૂકીને આજે જાતે થઇને હું એક માનવીનો ભોગ આપવા તૈયાર થાઉં તે કેમ બની શકે! હવે તો જીવનના ઉદ્ધાર માટે બાકી રહેલું જીવન અને તેટલા પ્રયત્ને અહિંસામય બનાવવું જોઇએ. આજ સુધીમાં મેં ઘણીયે હિંસાઓ કરી છે. ઘણાં યે પાપો કર્યાં છે. હવે તો તે ત્યાગવાં જોઈએ. માણસે આખર જીવનમાં તો સમજવું જોઇએ."

—અને પાછા તેમના વિચારોનો પ્રવાહ બદલાયો.

"અને કદાચ તેમ કરવા જતાં ચિત્રશાળા અધુરી રહી જાય તો? આજ સુધીની કીર્તિ પર પાણી ફરી વળે ને! ઝળહળતી કીર્તિ કલંકિત બને ને! આજ સુધીમાં અનેક હિંસાઓ કરી છે આજે તેમાં એકનો વધારો થાય તો બગડી પણ શું જવાનું છે! ભવિષ્યમાં વધુ સાવચેતી રાખીશ. બીજાઓ હિંસા કરતા હશે તો તેમને અટકાવીશ એટલે તે પુણ્ય મને જ મળવાનું છે. ભવિષ્યમાં અનેક પુણ્યો કરીશ. તેનાથી આજનું પાપ આપોઆપ ધોવાઇ જશે. અનેક પાપોથી જેમ એકાદ પુણ્ય દબાઇ જાય છે તેમ અનેક પુણ્યો વડે એકાદ વધારાનું પાપ ઢંકાઇ જશે. માણસ ડગલે ને પગલે કેટલું સંભાળી શકે! અને તેમાં પણ હું તો રાજા છું. અનેક કારણો વડે મારા હાથે હિંસા થઇ જાય. તે હિંસાઓ અને પાપોને હઠાવવા માટે તો વાવ, કૂવા, તળાવ, ધર્મશાળાઓ ચલાવવામાં આવે છે.

આજના પાપ માટે વળી કેટલીક વધારે ધર્મશાળાઓ બંધાવીશ અને વધારે અન્નક્ષેત્રો ખોલાવીશ. વાવ, કૂવા અને તળાવોમાં વધારો કરાવીશ તેવાં અનેક પુણ્યો પ્રાપ્ત કરીને આજનું પાપ ધોઇ નાંખીશ પણ ચિત્રશાળા તો અપૂર્ણ રહેવા નહિ દઉં.

મારા રાજ્યમાં એક પણ શ્રેષ્ટ ચિત્રશાળા નથી એ વાત મારા માટે શરમ ભરેલી ગણાય. ગમે તેમ કરીને ચિત્રશાળા તો પૂર્ણ થવી જ જોઇએ. પછી ભલે એક બત્રીસલક્ષણાનો ભોગ આપવો પડે કે એનો આપવો પડે. જે કાર્ય આરંભ્યું છે તે અપૂર્ણ રખાય જ નહિ."

–એવા અનેક વિચારોમાં મહારાજા બિમ્બિસાર અટવાયા. સારા અને નરસા વિચારોનું દ્વંદ્વ યુદ્ધ તેમના હૃદયમાં ચાલ્યું. કેટલાક સમયથી તેમના હૃદયમાં હિંસા પ્રત્યે તિરસ્કાર પેદા થયો હતો. પણ જેમ માણસ અહંપણા પાછળ સારા નરસાનો વિચાર ભૂલી જાય છે અને માણસાઇને ગૂમાવી બેસે છે, તેમ આજે મહારાજાએ હિંસાને તિરસ્કારતા હોવા છતાં માનવહત્યાને સ્વીકારી લીધી.

મહારાજા પણ માણસ જ હતા ને!

માણસ જો અહંપણા પાછળ ઘેલો ન બને તો દુઃખનાં અનેક વાદળો વિખરાઇ જાય, એ વાત નિર્વિવાદ છે. પરંતુ અહંપણું, અસંતોષ અને ઇર્ષ્યા એ ત્રણના ફંદામાં ફસાયેલો માનવી કદિ છૂટી શકતો નથી.

મહારાજા બિમ્બિસાર સ્વાભિમાની હતા એટલું જ નહિ પણ અભિમાની પણ હતા. તેમનો તે સ્વભાવ તેમની ચઢતી કળામાં તેમને નડતો નહોતો. તે કારણે તેમને તેમના અવગુણનો ખ્યાલ આવી શકયો નહોતો.

આખરે તેમના મન ઉપર બત્રીસલક્ષણાના બલિદાનના વિષયે વર્ચસ્વ જમાવ્યું. તે બોલ્યા :

"મહાજ્યોતિષી, બત્રીસલક્ષણાના ભોગથી ધરતી સંતુષ્ટ થશે?"

"મહારાજ!" જ્યોતિષી કહેવા લાગ્યા. "ધરતી સંતુષ્ટ થશે કે બીજું કોઇ સંતુષ્ટ થશે એ કહેવું અત્યારે યોગ્ય નથી. પરંતુ એક વાત ચોક્કસ છે કે બત્રીસલક્ષણાના ભોગથી કોઇ જાતનું વિઘ્ન આવશે નહિ અને ચિત્રશાળા પૂર્ણ થશે."

"તો મંત્રીજી," મંત્રી તરફ દ્રષ્ટિ કરતાં મહારાજા તેમને ઉદ્દેશીને કહેવા લાગ્યા : "નગરમાં ઢંઢેરો પીટાવો કે, ચિત્રશાળાના કાર્યમાં જે કોઈ બત્રીસલક્ષણાનો ભોગ અપાશે તેના ભારોભાર સોનામહોરો જોખી આપવામાં આવશે"

–કહીને મહારાજા પોતાના આસન પરથી ઉઠયા.

## ✩ લક્ષ્મી ગુલામ માતા ✩

પ્રાતઃકાળનો સમય થઈ ચૂક્યો હતો. પક્ષીઓ ચારો ચરવા માટે જઈ રહ્યાં હતાં. માનવીઓ પ્રાતઃકર્મથી પરવારીને પોતાના કામે લાગી રહ્યાં હતાં એવા સમયે ઋષભદત્ત દુઃખી હૃદયે એક ધર્મ-શાળામાં બેઠો હતો.

પત્ની અને સાળા તરફથી થતાં અપમાનો સહન ન થવાથી તેણે ગૃહ ત્યાગ્યું હતું. આખી રાત ચિંતામાં અને વિચારોમાં એક ધર્મશાળામાં તેણે વીતાવી હતી.

રાજ્યની પ્રથા પ્રમાણે તેને ઓઢવાનું તથા પાથરવાનું મળ્યું હતું, છતાં તેણે તેનો ઉપયોગ કર્યો નહોતો. અમરકુમારના વિચારોએ તેને ઘેરી લીધો હતો. 'પિતાની સાધારણ હુંફથી શાંતિ અનુભવતા પુત્રનો સમય અત્યારે કેવી રીતે પસાર થઈ રહ્યો હશે!'-એ પ્રશ્ન તેને મુંઝવી રહ્યો હતો. 'પિતાની-હાજરીમાં પુત્ર પ્રત્યે નિષ્ઠુરતાથી વર્તનાર માતા અત્યારે પુત્ર પ્રત્યે કેવા પ્રકારનું વર્તન ચલાવી રહી હશે!'

કદાપિ પિતાનું હૃદય નીષ્ઠુર બની શકે પરંતુ માતાનું હૃદય આવું નીષ્ઠુર બની શકે ખરૂં!

માની શકાય પણ ખરૂં!

આખા જગતનાં દુઃખો બાળક માતાની હુંફમાં ભૂલી જાય છે પરંતુ અમરકુમાર તો આખા જગતનાં સુખો માતાની છાયા નીચે ભુલી જતો હતો.

તેના વિચારો–તેની ચિંતા અસ્થાને પણ નહોતી. અમરકુમારની સ્થિતિ એ સમયે દયાજનક—ચિંતાજનક હતી. પિતાની હુંફ ચાલી ગઇ હતી. માતાની નિષ્ઠુરતા હદ મૂકતી હતી.

અને ખરેખર, આખરે માતાનું હૃદય કંઇક જાગૃત થયું હતું– જ્યારે પુત્રને પત્થર માર્યો ત્યારે. પરંતુ ભાઇ પાસે નિર્બળતા ન જણાઇ આવે તે માટે તેણે પુત્ર પ્રત્યે –પેટના દીકરા પ્રત્યે–બેદરકારી દાખવી હતી.

સતીનો ભાઇ પોતાના ઘેર ચાલ્યો ગયો હતો. સતી ઘરનું કામ કરી રહી હતી. અમરકુમાર પોતાનાં બંધુ ભગિનીઓ પાસે બેઠો હતો. એવા સમયે રાજ્ય તરફથી દાંડી પીટાઇ રહી હતી. એક રાજસેવક બોલી રહ્યો હતો :

"મહારાજા તરફથી બંધાઇ રહેલ ચિત્રશાળાનો પાયો સ્થિર બનાવવા માટે હોમમાં બત્રીસલક્ષણાની જરૂર છે. બત્રીસલક્ષણાની બદલીમાં તેના ભારોભાર સુવર્ણ મુદ્રાઓ આપવામાં આવશે."

દાંડીનો અવાજ સાંભળીને સતી બહાર આવી પહોંચી હતી. તેણે રાજ સેવકના શબ્દો સાંભળ્યા.

તે કંઈક વિચારવા લાગી

રાજસેવક રાજમહેલથી નીકળીને ઉપરના શબ્દો પ્રજાને સંભળાવતો આવતો હતો. પરંતુ કોઇ પણ વ્યક્તિ અગ્નિમાં હોમાવા તૈયાર થઇ નહોતી. લક્ષ્મીની લાલચે પોતાના માનવીનું બલિદાન આપવા કોણ તૈયાર થાય!

માનવી તો માનવીનો વધારો ઇચ્છતું હોય છે, ઘટાડો નહિ.

—અને બત્રીસલક્ષણો જીવ થોડો જ રસ્તામાં પડ્યો છે કે, જોતજોતામાં તો મળી જાય!

પોતાના શબ્દોનો કંઇ ઉપયોગ ન થતાં રાજસેવક આગળ જવા લાગ્યો.

સતીએ થોડા સમયમાં વિચાર કરીને નક્કી કરી લીધું અને તે દોડતી દોડતી રાજસેવક પાસે જઇ પહોંચી.

"ભાઇ!" તે બોલી. "મારે ત્યાં એક બત્રીસલક્ષણો બાળક છે. જો મહારાજા તેના ભારોભાર સુવર્ણ મુદ્રાઓ આપતા હોય તો હું તેને આપવા તૈયાર છું."

"મહારાજા કદિ અસત્ય બોલે, બાઈ!" રાજસેવક બોલ્યો. તેની તો આગળ જવાની ઉપાધિ ટળી જતી હોવાથી સતી સાથે નમ્રતાથી બોલતાં કહેવા લાગ્યો: "તમારા પુત્રના ભારોભાર સુવર્ણ મુદ્રાઓ તરત જ તમને મળી જશે. તે બાબતમાં તમારે ચિંતા કરવાની હોય જ નહિ રાજ આજ્ઞા પ્રમાણે ખજાનચી તરત જ તમને તે આપી દેશે. મારી સાથે તમે તમારા પુત્રને લઇને ચાલો."

"તમે મારી સાથે મારે ત્યાં ચાલો." સતી બોલી. "આપણે મારા પુત્રને લઇને સાથે જ જઇએ."

સતી ત્યાંથી પાછી વળીને પોતાના ઘર તરફ ચાલવા લાગી. રાજ સેવકો તેની પાછળ પાછળ જવા લાગ્યા.

લોકોને આશ્ચર્ય થવા લાગ્યું.

"આ કર્કશા નારીનો પુત્ર બત્રીસલક્ષણો!

બત્રીસલક્ષણાની માતા આવી નિષ્ઠુર!

શો સમય આવ્યો છે!"

લોકોમાં ચર્ચા થવા લાગી. "માતા થઇ ને લક્ષ્મીની લાલચે પુત્રને વેચી રહી છે. આને માતા તે કેમ કહી શકાય!"

સતી પોતાના ઘેર જઇ પહોંચી. અમર રાજ સેવકોને માતા સાથે આવેલા જોઇ ને વિસ્મય પામ્યો. તેના તરફ આંગળી બતાવતાં સતી બોલી:

"આ મારો બત્રીસલક્ષણો પુત્ર અમરકુમાર. મહારાજાએ એક વખત તેને જોયેલો છે. તમે તેને લઇ લો. હું પણ સાથે આવું છું."

રાજ સેવકોએ અમરકુમારનો હાથ પકડ્યો.

"મને ક્યાં લઇ જાઓ છો ?" ગભરાયેલા ચહેરે પકડનાર તરફ જોતાં ભયભીત બનીને અમરે પૂછ્યું.

"તું તો પુણ્યશાળી જીવ છે, છોકરા." એક રાજ સેવક બોલ્યો. "મહારાજા યજ્ઞ કરાવી રહ્યા છે. તેમાં તારા જેવા બત્રીસલક્ષણાની જરૂર છે."

"પણ હું બત્રીસલક્ષણો કયાં છું ?"

"તારી માતા કહે."

"તે ભલે કહે."

"એમ ન ચાલે. તારે આવવું જ પડશે. જો તું નહી આવે તો તને ઉપાડીને લઇ જવો પડશે." એક રાજ સેવક કડક સ્વરે બોલ્યો.

અમરકુમાર તેના શબ્દો સાંભળીને રડી પડ્યો. તેને તેના પિતા યાદ આવ્યા. પિતા હોત તો આજે મને વેચાવા ન દેત, એમ તેને લાગ્યું. તેની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

"બા!" રોતાં રોતાં તે બોલ્યો.

"એમાં રડે છે શાનો!" સતી બોલી. "તું તો તારા નામ પ્રમાણે અમર થઇશ અને સ્વર્ગે જઇશ."

"મારે સ્વર્ગ નથી જોઇતું, બા ! મને જીવતો ને જીવતો અગ્નિમાં હોમવા શા માટે મોકલો છો ? મને જીવતો શા માટે બાળી મૂકાવો છો ?"

"હવે બોલ બોલ કર્યા વિના આગળ થાને ?" સતીએ પુત્રના વાંસામાં ગડદો મારતાં કહ્યું." વિના કારણ તમાશો કરીને લોકોને શા માટે ભેગા કરી રહ્યો છે ?"

"તમાશો કોણ કરે છે, બા !" ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડતાં અમર બોલ્યો. "હું તો મારી જીંદગીને રડું છું. મારા જીવનને રડું છું. મને જીવતો જીવત જલાવીને તમારા હાથમાં શું આવશે? તમને જો હું ભારે પડતો હોઉં તો મારા

પિતાશ્રીની પેઠે ક્યાંક ચાલ્યો જવા તૈયાર છું. ભૂખ્યો રહેવા તૈયાર છું. કહેશો તેવી મજુરી કરવા તૈયાર છું. પણ બા...! બા. ! મને અગ્નિમાં હોમાવા ન મોકલો. હું જતાં જતાં રસ્તામાં મરી જઈશ. તમારો જીવ કેમ ચાલે છે? પેટના દિકરાને જીવતો ને જીવતો બાળી નંખાવવા તમારો જીવ કેમ ચાલે છે! બા...! બા...! દયા કરો...! ઓ ભાઈ...! ઓ રાજ સેવકો...! શું તમારામાં એટલો પણ દયાનો વાસ નથી? શું તમે માનવ નથી? શું તમે માનવી નથી? શું તમારે સંતાનો નથી!

ઓહ પ્રભુ! શું જગતમાંથી દયા ચાલી ગઈ છે? જગત એટલું બધું નિષ્ઠુર બની ગયું છે!

ભગવાન...! વાંક પણ કોનો કાઢું! જ્યાં માતાએ જ માતૃહૃદય ગૂમાવ્યું છે ત્યાં બીજાનો વાંક શા માટે કાઢી શકાય!"

તેની આંખોમાંથી ચોધાર અશ્રુઓ વહી રહ્યાં હતાં. ઉંડા ઉષ્ણ નિશ્વાસો પર નિશ્વાસો નિકળી રહ્યા હતા. રાજ સેવકો તો બિચારા ચીઠ્ઠીના ચાકર હતા. પણ નિષ્ઠુર હૃદયી માતાને પુત્રના શબ્દોની કશી અસર થઈ નહોતી.

અનેક લોકો જમા થઈ ગયા હતા. સતીનો તિરસ્કાર કરી રહ્યા હતા. મનમાં ને મનમાં અશુભ વચનો ઉચ્ચારી રહ્યા હતા. ઘણાંનાં નયનો અશ્રુભીનાં બન્યાં હતાં.

માતાના હૃદયમાં વાત્સલ્યભાવ હોય છે જ. પરંતુ જગતમાં આજે એક જ સ્ત્રી એવી નીકળી કે જે લક્ષ્મી આગળ માતૃહૃદય વિહોણી બની. તેણે જગતની સ્ત્રીઓને શરમીંદી બનાવી. જગતની દરેક સ્ત્રી નિઃશકપણે એમ કહેતી હતી અને કહે છે કે, સ્ત્રી પોતાનું સર્વસ્વ ગુમાવશે પણ પોતાના હૃદયમાંનો વાત્સલ્ય ભાવ નહિ ગૂમાવે. પરંતુ આજે તેને પણ નીચું જોવા વખત આવ્યો. દરેક બાબતમાં અપવાદ હોય છે પરંતુ આ બાબતમાં અપવાદ નહોતો તે પણ હવે અપવાદ તરીકે નક્કી થયો.

ચારે બાજુએ શોર બકોર થઇ રહ્યો હતો. રાજ સેવકોના દિલમાં પણ દયા વસવા લાગી હતી. પરંતુ......માતાના હૃદયમાં ફરક પડયો નહોતો સતીનું હૃદય તેવું ને તેવું જ નિષ્ઠુર રહ્યું હતું.

તેણે રાજ સેવકોને આગ્રહ કરીને તેમની પાસે અમરકુમારને ઉપડાવ્યો. સૌ રાજમહેલ તરફ જવા લાગ્યાં. સતી પ્રત્યે સૌનો રોષ પ્રકટી નીકળ્યો. ચારે બાજુએથી અપશબ્દોનો વરસાદ વરસવા લાગ્યો. અમરકુમારનાં ભાઇ બહેનો આશ્ચર્યવશ બનીને ગભરાતાં ગભરાતાં ત્યાં જ ઉભાં રહ્યાં. માતાની બીકે ત્યાંથી ખસવાની કોઇની હિંમત ચાલી નહિ.

અમરકુમાર ચોધાર અશ્રુઓ વરસાવી રહ્યો હતો. રાજમાર્ગની બંને બાજુએ માનવ મેદની જામી હતી. દરેક સ્ત્રીનું હૃદય આ કલ્પાંત જોઈ—સાંભળી ને વલોવાઇ રહ્યું હતું. ઘણાંય પુરૂષોનાં નેત્રો સજળ બન્યાં હતાં.

અમરકુમાર કલ્પાંત કરી રહ્યો હતો : “કોઇ બચાવો, કોઇ બચાવો......! કોઈના હૃદયમાં દયા નથી? કોઇ માબાપને પોતાનાં સંતાનો વહાલાં નથી! કોઇને દયા આવતી નથી! આટલા બધા લોકોમાં કોઇ દયાવાળું નથી......! કોઇના દિલમાં પ્રભુનો વાસ નથી?”

તેના કલ્પાંતથી લોકો તેને બચાવવાનો વિચાર કરતા હતા પણ માતા જ જ્યાં પોતાના બાળકને રાજ સેવકોના હાથમાં સોંપે ત્યાં તેમનું શું ચાલે!

—અંતે એવી રીતે રાજ સેવકો અને સતી અમરકુમારને રાજગઢની હદમાં લઈ ગયા

થોડી વારે લોકોનું ટોળું દુઃખી હૃદયે વીખરાઇ ગયું.

સતી એક મોટી થેલી સાથે રાજગઢમાંથો બહાર નીકળી.

# ☆ નવકાર મંત્રનો પ્રભાવ ☆

**ધર્મશાળાની** બહાર કેટલાક લોકો મોટેથી વાતો કરી રહ્યા હતા તેમાં વારંવાર અમરકુમાર, સતી અને ઋષભદત્તનું નામ આવતું હતું. તે નામો પોતાના કાને પડતાં ઋષભદત્ત બહાર આવ્યો.

બહારનાં માનવીઓ વાતોમાં મશ્ગુલ હતાં. ઋષભદત્ત તેમાંના કોઈને ઓળખતો નહોતો કોને શું પૂછવું, તેનો તે વિચાર કરી રહ્યો હતો એટલામાં તેના કાને કેટલાક શબ્દો અફળાયા.

“આવી માતા તો ભાઈ, દુનિયામાં આજે જ જોઈ. સ્ત્રી જાતને તો આ બાઈએ લજવી. નામ જુઓ તો સતી. પણ સતીનો એક પણ ગુણ છે? હમણાં જ મેં સાંભળ્યું કે, તેનો પતિ પણ આખરે તેના કંટાળીને ઘર છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે. બિચારો કેટલો ભલો ને ભોળો! પુરૂષ પત્નીથી કંટાળે તો તેને મારે પરંતુ આ બિચારો તો પહેલાંથી સહન જ કરતો આવ્યો. પોતાનો વાંક ન હોય તો પણ સહન કરતો હતો. પત્ની ફાવે તેમ બોલે તો પણ સહન કરી લેતો. હમણાં હમણાં તો તેનો સાળો પણ તેને હેરાન કરતો હતો કેટલાક વખતથી ભાઈ બહેન એક થઈ ગયાં હતાં. તેથી તો બાઈને જોર ચઢ્યું હતું. સ્ત્રીના જીવનમાં પતિ તો દેવ મનાય. પણ આને તો પોતાના પતિને દેવ પણ ન માન્યો અને માનવી પણ ન માન્યો. અને તેમાં પણ બાકી રહ્યું હતું તે પોતાના પેટના સંતાનને પણ આખરે ખાઈ ગઈ.

છોકરા જેવા છોકરાને લક્ષ્મીની લાલચે યજ્ઞમાં હોમવા રાજાને આપી દીધો. કહે કે બત્રીસલક્ષણો છે. લક્ષ્મીની લાલચ પણ કેવી છે! એવી નિષ્ઠુર સ્ત્રીના પેટે બત્રીસલક્ષણો પુત્ર જન્મે પણ ખરો! એ તો સુવર્ણ મુદ્રાઓ લેવી એટલે રાજા પાસે અસત્ય બોલી ને બત્રીસલક્ષણો જણાવ્યો. બાકી બત્રીસલક્ષણાં બાળકો થોડાં જ આવાઓને ત્યાં જન્મે છે!

બાપને બિચારાને પુત્ર પ્રત્યે લાગણી હતી પણ તે તો બિચારો પત્નીથી કંટાળીને ક્યાંક ચાલ્યો ગયો. પછી પુત્રનો પક્ષ કોણ લે!

ભાઈ! એ છોકરાનો એકે એક શબ્દ સાંભળીએ અને છાતી ફાટી જાય. જોત જોતામાં આંખમાંથી પાણી નીકળી આવે. કેવો એનો કલ્પાંત! કેવું એનું રૂદન! ગમે તેવા નિર્દયનું પણ હૃદય પણ વલોવાઈ જાય. પણ તેની નિષ્ઠુર માતાના હૃદયને કંઈ જ લાગ્યું નહિ. પુત્રને વેચીને મેળવેલી સુવર્ણ મુદ્રાઓને શું તે ખાશે?"

"હમણાં તે છોકરો ક્યાં છે?" એકે પ્રશ્ન કર્યો.

"ચિત્રશાળાનો પાયો સ્થિર બનાવવા માટે યજ્ઞ થઈ રહ્યો છે. ત્યાં તેને અત્યારે લઈ ગયા છે." પહેલો માનવી કહેવા લાગ્યો. "યજ્ઞમાં બત્રીસ લક્ષણાનો ભોગ અપાય તો જ પાયો સ્થિર થાય એમ જ્યોતિષીઓએ કહ્યુ છે એટલે મહારાજાએ આ પગલું ભર્યું છે."

"પણ ભાઈ," બીજો માનવી બોલ્યો. "એમ કંઈ માનવીનો ભોગ આપે થોડો જ પાયો સ્થિર થાય છે! આ તો ભોગ નહિ પરંતુ માનવહત્યા કહેવાય. માનવહત્યા કરવાનો અધિકાર મહારાજાને ન હોઈ શકે. તે તો પ્રજાના પાલક કહેવાય—રક્ષક કહેવાય. તેમનાથી પ્રજાનું ભક્ષણ ન કરી શકાય, આતો રાજત્વનો દ્રોહ ગણાય. તેમણે પ્રજાને જીવાડવાની હોય, મારવાની નહિ."

"ભાઈ, એ તો બધી રાજકાજની વાતો કહેવાય. આપણે તેમાં શું સમજી શકીએ!" પહેલા માનવીએ કહ્યું.

ઋષભદત્ત આટલી વાત સાંભળી લીધા પછી ત્યાં વધુ વખત ઉભો રહી શક્યો નહિ. ત્યાંથી તે બારોબાર રાજગઢ તરફ જવા નીકળ્યો. દરવાજા આગળ પહોંચતાં રક્ષકે તેને ત્યાં રોક્યો.

"ભાઈ, મારો પુત્ર અંદર છે. મારે તેને મળવા જવું છે." ઋષભદત્તે વિનવણી કરતાં કહ્યું.

"અંદર કોઇનો પુત્ર યે નથી અને પિતાએ નથી." રક્ષક બોલ્યો. "અંદર જવાની સખ્ત મનાઇ છે"

"હમણાં જ બલિદાન માટે તેને અંદર લઇ જવામાં આવ્યો છે." ઋષભદત્તે જણાવ્યું. તેનાં નયનો અશ્રુઓનાં બન્યાં.

"પેલા છોકરાને વેચીને તેના ભારોભાર તેની માતા સુવર્ણ મુદ્રાઓ લઈ ગઈ તે!"

"હા, ભાઇ!" ગળગળા સ્વરે ઋષભદત્ત બોલ્યો.

તેના શબ્દો સાંભળીને રક્ષક ખડખડાટ હસી પડયો. તે હાસ્યમાં મજાક હતી. બાળકના માતાપિતા પ્રત્યે તિરસ્કાર હતો.

"વેચેલી વસ્તુ પાછી મળી શકતી હશે?" રક્ષક પોતાના હાસ્યને ધીમું પાડતાં બોલ્યો.

"પણ તેના બદલે હું મારૂં બલિદાન આપવા તૈયાર છું." પિતા પોતાના પુત્રને બદલે પોતાનો પ્રાણ આપવા તૈયાર થયો.

"ત્યાં તો બત્રીસ લક્ષણાની જરૂર છે, મહાપુરૂષ!" કટાક્ષમાં રક્ષક કહેવા લાગ્યો. "તમે તો તેત્રીસ લક્ષણા છો."

"હસો, ભાઇ! હસો." ઋષભદત્ત પોતાના સમયને ઓળખીને દુઃખી સ્વરે બોલ્યો. "સમય હસવાનો છે. દુઃખીને દિલાસો દેવાનો નથી."

"પુત્રને વેચનાર દુઃખી હોય?" રક્ષક બોલ્યો.

"વેચનાર કદાચ દુઃખી નહોય પણ વેચતો જોઈ રહેનાર તો જરૂર દુઃખી હોય" કહીને કપાળ પર હાથ મૂકતાં ઋષભદત્તે નિઃસાસો નાખ્યો.

થોડાક સમય પહેલાં તેની મજાક કરનાર રક્ષકને પણ તેના પ્રત્યે દયા આવી. પરંતુ અંદર જવા દેવા માટે તેની પાસે સત્તા નહોતી. તેને અંદરથી સખ્ત આજ્ઞા મળી હતી કે, કોઈને પણ અંદર આવવા દેવો નહિ

રક્ષક પોતાની સ્થિતિ સમજાવીને ઋષભદત્તને દિલાસો આપવા લાગ્યો.

અંદરની બાજુએ એક મંડપ રચવામાં આવ્યો હતો. તેમાં વચ્ચે એક યજ્ઞ થઈ રહ્યો હતો. યજ્ઞની આજુબાજુ કેટલાક બ્રાહ્મણો બેસીને મંત્રો ઉચ્ચારી રહ્યા હતા. મહારાજા બિમ્બિસાર એક ઉચ્ચ આસન પર બેઠા હતા. કેટલાક અધિકારીઓ અને જ્યોતિષીઓ પણ હાજર હતા.

નહોતા ફક્ત મહામંત્રી અભયકુમાર. તે અહિંસાના ઉપાસક હતા. તેમની હાજરી ત્યાં હોત તો કદાચ તેમણે નવોજ માર્ગ સૂચવ્યો હોત અને આ માનવ બલિદાનનો યજ્ઞ અટકાવ્યો હોત. પરંતુ લખ્યા લેખને કોઈ અટકાવી શકતું નથી. તેમને અહીંથી જવાનું કારણ મળ્યું અને અમરકુમાર માટે આ પ્રસંગ આવીને ઉભો રહ્યો.

કેટલાક બ્રાહ્મણોએ તેને-અમરકુમારને જાતેજ સ્નાન કરાવ્યું. રડી રડીને બાળકની આંખો સૂઝી ગઈ હતી. હવે તેનાથી રડી શકાતું નહોતું. નયનોમાંથી અશ્રુ નીકળી શકતાં નહોતાં. સ્નાન કરતાં કરતાં તેને કેવળ પિતા યાદ આવ્યા હતા. તેમનું થયેલું અપમાન યાદ આવ્યું હતું.

સ્નાન કરાવીને તેને યજ્ઞ પાસે લાવવામાં આવ્યો. કપાળમાં તીલક કરવામાં આવ્યું. પુષ્પની માળા પહેરાવવામાં આવી. તેનું પૂજન કરવામાં આવ્યું. તેની પાસે કેટલાક મંત્રોનું ઉચ્ચારણ કરાવવામાં આવ્યું.

છેલ્લી ઘડી આવીને ઉભી રહી. બ્રાહ્મણોએ યજ્ઞમાં ઘૃત નાંખ્યું. અગ્નિ જ્વાળાઓ મોટીને મોટી બની.

અચાનક અમરકુમારને કંઈક યાદ આવ્યું હોય તેમ લાગ્યું. તેના હોઠ હાલવા લાગ્યા. કપાળ તેજસ્વી બન્યું. નયનોમાંથી તેજનાં કિરણો પ્રકટવા લાગ્યાં. મુખ પર હાસ્ય છવાઈ ગયું. તે ધ્યાનસ્થ બની ગયો. કેવળ **નવકાર મંત્રનો** ઉચ્ચાર તેના મુખમાંથી નીકળવા લાગ્યો.

બે જણાએ તેને ઉંચક્યો. વિલંબ કર્યા વિના તેને યજ્ઞમાં-સળગતી-ભડભડતી જ્વાળાઓમાં હોમી દીધો.

પરંતુ આશ્ચર્ય !

જ્વાળાઓ શાંત બની ગઈ. સૌ આશ્ચર્ય પામી ગયા. મહારાજા બેશુદ્ધ બની ગયા.

અમરકુમારને તો તેનું ભાનજ નહોતું. તેનું ચિત્ત નવકાર મંત્રમાં પરોવાયેલું હતું. અગ્નિમાં હોમાયા પછી તેની કયા તેજસ્વી બની ગઈ હતી. તેને જેવી રીતે નાંખવામાં આવ્યો હતો તેવી જ રીતે તે બંને હાથ જોડેલી સ્થિતમાં યજ્ઞમાં ઉભેલો હતો. તેનાં નયનો બંધ હતાં.

અગ્નિ શાંત થઇ ગયો હતો. મહારાજા મૂર્છાવશ હતા. સૌ આશ્ચર્યમાં ડૂબી ગયેલી સ્થિતિમાં હતા.

થોડી વારે અમરકુમાર બહાર નીકળ્યો. સૌ તેને નમી પડયા. ભૂલની ક્ષમા માગી, મહારાજા પ્રત્યે અમીદ્રષ્ટિ દર્શાવવા વિનંતિ કરી.

કુમારના મનમાં કોઈ પણ પ્રકારનો રોષ હતો નહિ. કોઈના પ્રત્યે વેર ઝેર હતાં નહિ. તેનો દેહ જેમ પવિત્ર બની ગયો હતો તેમ તેનો આત્મા પણ પવિત્ર બની ગયો હતો.

તેણે નવકાર મંત્રનો ઉચ્ચાર કરીને પાણીની અંજલી મહારાજા પર છાંટી મહારાજાની મૂર્છા ઉતરી ગઈ. તે સફાળા ઉભા થયા. કુમારના પગ પકડી લીધા. તેની ક્ષમા માગી.

"રાજન્ !" કુમાર તેમને ઉઠાડીને બોલ્યો. "આમાં તમારો દોષ નથી. પ્રત્યેકનું ભાવિ નિર્માયેલું હોય છે. વિધિના લેખ કોઇથી

ટાળ્યા ટળાતા નથી. કર્યાં કર્મો કોઈને છોડતાં નથી. બનવાનું બન્યા કરે છે. માનવી માત્ર નિમિત્ત છે. પરંતુ એક વાત યાદ રાખવાની જરૂર છે કે, માનવીના બલિદાનથી કોઈ પણ યજ્ઞ સફળ થતો નથી. માનવી કે પશુ પક્ષીનો પ્રાણ હણવાનો અધિકાર કોઈને હોતો નથી. યજ્ઞ એવા કરો કે જેમાં પાપનો ક્ષય થાય. ક્રોધ, મોહ અને માયાનો ક્ષય થાય. માનવજીવન સફળ થાય. દુર્ગતિનો નાશ થઈને સદ્ગતિ પ્રાપ્ત થાય.

પ્રાણીહત્યાના યજ્ઞો બંધ કરવાની પ્રતિજ્ઞા લો, રાજન્! નાનાં નાનાં અનેક જીવોની હિંસા આવા યજ્ઞોમાં સમાયેલી છે હિંસાવાદી યજ્ઞોની જગતમાં જરૂર નથી."

મહારાજાએ તેજ ક્ષણે હિંસાવાદી યજ્ઞો ન કરવાની કે કરાવવાની પ્રતિજ્ઞા લીધી

અમરકુમાર પહેર્યાં કપડે ત્યાંથી બહાર જવા નીકળ્યો. સૌએ તેની જય બોલાવી. તેનો સંસાર પરથી મોહ ઉતરી ગયો. તેનું ધ્યાન નવકાર મંત્રમાં ચોંટયું હતું. યજ્ઞમાં હોમાવાની છેલ્લી ઘડીએ તેને પોતાના જીવનની કોઈ આશા રહી નહોતી. અચાનક તેને નવકાર મંત્રનું મહાત્મ્ય યાદ આવ્યું હતું. તેના મુખમાંથી તેનું ઉચ્ચારણ થવા લાગ્યું હતું. તેમાંથી તેનો ઉદ્ધાર થયો હતો.

રાજગઢની અંદર તેની બોલાતી જયની ઘોષણા સાંભળીને ઋષભદત્ત સચેત બની ગયો. હતો.

અમરકુમાર દરવાજામાંથી બહાર નીકળ્યો કે તરત જ તેના પિતાએ તેને ઉંચકી લીધો અને આનંદાશ્રુથી ભીજવી નાંખ્યો.

"પિતાજી!"

અમરકુમારનો એક જ શબ્દ બસ હતો. પિતાનું હૈયું આનંદથી ઉછળી રહ્યું હતું. પુત્ર જીવતો પાછો આવ્યો હતો. તેટલું જ નહિ પણ પોતાના કુળને તેણે દીપવ્યું હતું.

આનંદાવેશમાં આવેલા પિતાના મુખમાંથી એક પણ શબ્દ બહાર નીકળી શકયો નહિ. તે એટલું જ બોલી શકયા:

" બેટા ! "

એટલા સમયમાં તો મોટી માનવ મેદની જામી ગઇ હતી.

થોડી વાર પછી પિતા બોલ્યા : " ચાલો બેટા ! "

" ક્યાં ? " અમરકુમારે પ્રશ્ન કર્યો.

" આપણા ઘેર. "

" ઘર કોનું પિતાજી ? "

' એમ કેમ બોલે છે ? "

" હવે મારા માટે ઘર ન હોય. "

" ત્યારે ? " આશ્ચર્ય પામતાં પિતાએ પૂછ્યું.

" જે ધર્મે મને તાર્યો તે ધર્મને હું ન ત્યાગી શકું. સંસાર અને સગપણ ત્યાગીને હું યજ્ઞમાં હોમાયો છું તો તેમાંથી પવિત્ર બનીને બહાર નીકળ્યા પછી મારા માટે તે બંને વસ્તુઓ ત્યાગ હોવી જોઇએ. "

" ત્યારે હવે ? "

" ખોટી માયા ત્યાગી દો અને આનંદથી મને રજા આપો હું સાધુત્વ સ્વીકારીને ગુરૂને શરણે જઇ રહ્યો છું. "

ક્ષણભરમાં વિચાર કરીને ઋષભદત્ત અમરકુમારના પગે પડી ને બોલ્યો :

" કુમાર ! અંતઃકરણથી મૂક આશિષ આપ્યા પછી એક શ્રાવક તરીકે આપને પ્રથમ નમન હું કરૂં છું. "

અમરકુમારે કેવળ પોતાનો જમણો હાથ ઉંચો કરીને આશિષ દર્શાવી. ચારે બાજુએ તેના નામની જય ઘોષણા થઇ રહી.

કોઈની તરફ પણ નજર કર્યા સિવાય તેણે આગળ ચાલવા માડયું.

સૌ નગરના દરવાજા સુધી ગયા પછી પાછા ફર્યા. અમરકુમારે પાછું વળીને જોયા વિનાજ પોતાનું પ્રયાણ આગળ ચાલુ રાખ્યું.

# કર અને ભર

**અ**મરકુમારનું બલિદાન સફળ થયું નહિ અને તે ક્યાંક ચાલ્યો ગયો છે, એ વાત તરત જ સતીના કાન પર આવી પહોંચી. તેને અમરકુમાર જીવતો રહ્યો તેની ચિંતા નહોતી પણ નવી ચિંતા ઉભી થઇ હતી. તેને લાગ્યું કે, કદાચ મહારાજા અમરકુમારના ચાલ્યા જવાથી પોતાને મળેલી સુવર્ણ મુદ્રાઓ પાછી મંગાવી લેશે.

તેને પુત્ર પ્રત્યે અત્યંત ક્રોધ ચઢયો. તરત જ કોઇને ખબર ન પડે તેવી રીતે તેણે એક તીક્ષ્ણ છરી પોતાના કપડામાં સંતાડી લીધી અને નગર બહાર જવા માંડયું

નગરના દરવાજાથી પાછા ફરતા ઋષભદત્તને વિચાર આવ્યો :

'માતા પિતાના કલેશમાં સંતાનોને સંતાપ શા માટે થવો જોઇએ! બાળકોમાં માતાપિતાના જ સંસ્કાર ઉતરે છે. તેમની રહેણી કરણી જોઇને બાળકો પોતાનું ભાવિ ઘડતા હોય છે. આર્ય સંસ્કાર અને સંસ્કૃતિ બાળકોનાં ભાવિ જીવન ઉજ્જવળ બનાવવા પર ભાર મુકે છે. તે જ બાળકો ભવિષ્યના નાગરિકો, સમાજનાં ઉદ્ધારકો અને ધર્મના રક્ષકો બને છે. તેવા સંતાનો પ્રત્યે માતાએ બેદરકાર રહેવું પાલવે ખરૂં?

એકની ભૂલ બીજાએ સહન કરતાં શીખવું જોઇએ. **સહનશીલતા એ સર્વ શ્રેષ્ઠ** ગુણ છે. જેમ ક્ષમા વીરનું ભુષણ છે તેમ સહનશીલતા એ પણ વીરનું જ ભુષણ છે. એક દુર્જન તકરાર કરવા

તૈયાર થાય અને સામેનો સજ્જન તે સહન ન કરી લેતાં સામી તક-રાર કરે તો તે દુર્જનમાં અને સજ્જનમાં ફરક ક્યાં રહ્યો! સજ્જનતાની મહત્તા ક્યાં રહી? ઠેર ઠેર જો ભગવાન મહાવીરના ગુણોવાળી, તેમના જ જેટલી મહત્વની વ્યક્તિઓ પેદા થતી હોત તો આજે તેમને—ભગ-વાન મહાવીરને કોણ પૂજત! તેમની આટલી બધી કિંમત શી રીતે અકાત?

માનવી હંમેશાં દુર્ગુણમય જ હોય છે. સદ્દગુણનો વાસ તો થોડામાં જ હોય છે. સાચા સદ્દગુણી કદાચ આંગળીને ટેળવે ગણી શકાય તેટલા જ હશે! તે કારણે સદ્દગુણીની કિંમત ચારે બાજુએ અંકાતી હોય છે.

સતી પોતાનાં સંતાનો પ્રત્યે ભલે નિષ્ઠુર રહી, પોતાના પતિ પ્રત્યે પણ ભલે નિષ્ઠુર રહી. પરંતુ પતિનું—મારૂં કર્તવ્ય શું છે? તેનાથી મારે શા માટે પરામુખ બનવું જોઇએ! મારે માનવતા શા માટે ત્યાગવી જોઇએ! મારી આર્યસંસ્કૃતિને મારે શા માટે કલંકિત કરવી જોઇએ! જો હું મારા વિચારોથી ચલિત થાઉં તો તેનામાં અને મારામાં ફરક શો?

આજે મારાં બાળકોને કયા સંસ્કાર મળ્યા છે? અમોએ તેમને શું સુખ આપ્યું છે! તેમના ભાવિની ઉજ્જવળતા માટે અમે કયું સારૂં પગલું ભર્યું છે!

માતા ભલે પોતાની ફરજથી વંચિત રહી પણ પિતા થઇને હું મારી ફરજ શા માટે ભૂલ્યો!

બાળકને આજે માતાના પુત્ર તરીકે નહિ પરંતુ પિતાના પુત્ર તરીકે ઓળખવામાં આવે છે. પુત્ર કોનો?—એ પ્રશ્ન થતાં જ જવા-બમાં પિતાનું નામ બોલાય છે.

અને સતીને પણ પોતાનાં સંતાનો પ્રત્યે અભાવ શા માટે હોવો જોઇએ! તે સંસ્કારી માતા પિતાની પુત્રી છે. સંસ્કારી વાતાવરણમાં

ઉછરેલી છે. તેનામાં આવો દ્વેષીગુણ ઉપજાવ્યો ઉપજ્યો નથી. કોઈ પૂર્વભવનાં શુભાશુભ કર્મોના પ્રતાપે અમારા પ્રત્યે તેના દિલમાં હમેશાં અભાવ રહ્યા કરે છે. તે કારણે તેને દોષિત ગણવી તે અમારા માટે કલંક સમાન છે.

અમરકુમાર પૂર્વભવના કોઈ સારા પુણ્યબળે જીવન જીવી ગયો, સંસાર તરી ગયો. માતાના અસંસ્કારી પરિચયમાં રહીને બાકીનાં બાળકોનું જીવન બરબાદ થઈ જાય નહિ, તે જોવાનું મારૂં પ્રથમ કર્તવ્ય છે. મારી પવિત્ર ફરજ છે.

સતી પ્રત્યે જો હું કડક બનું, બે ચાર વખત તેને માર મારૂં તો તે આપોઆપ નરમ બની જાય. પરંતુ તેમ કરવું યોગ્ય ન ગણાય. કોઈને પણ મારવાનો અધિકાર આપણને ન હોઈ શકે. બીજાને-સામાને જીતવા માટે મારની નહિ પરંતુ પ્રેમની આવશ્યકતા છે.

માનવ પ્રેમથી જીવી શકે છે. સામાને પ્રેમથી વશ કરી શકે છે. સત્ય અને અહિંસાના સિદ્ધાંત પર ટકેલું જગત પ્રેમથી જ જીવી રહ્યું છે. જો તેનામાંથી પ્રેમ ખસી જાય તો ચારે બાજુએ અસત્ય અને હિંસાનું જોર વધી જાય.

માટે મારી ફરજ છે કે, સતીની નિષ્ઠુરતા પ્રત્યે દુર્લક્ષ કરીને પણ મારે મારાં બાળકોને સંસ્કારી બનાવવાં જોઈએ. ગૃહત્યાગ કરતાં ઘરમાં રહીને સંસ્કારી વાતાવરણ ઉપજાવવું જોઈએ-ફેલાવવું જોઈએ.'

-અને તેવા વિચારો કરતો કરતો તે પોતાના ઘેર ગયો. ઘરમાં તેનાં બાળકો મેલાં વસ્ત્રો પહેરીને જેમતેમ જમીન પર આળોટતાં પડયાં હતાં. પિતાને ઘરમાં આવેલા જોતાં જ તે બધાં ઉભાં થઈને તેને ચારે બાજુએથી વળગી પડયાં અને બોલી ઉઠયાં:

" પિતાજી ! "

પિતાનાં નયનો વાત્સલ્યભાવે અશ્રુ ભીનાં બન્યા. તેમણે પ્રેમથી બધાંના માથા પર વારાફરતી હાથ ફેરવીને પૂછયું.

"તમારી માતા ક્યાં છે?"

"એ થોડીવાર પહેલાં બહાર ગઇ છે." એક છોકરી બોલી.

"ક્યાં ગઇ છે?"

"તે ખબર નથી."

"ચાલો, આપણે ત્યાં બેસીએ." કહીને પિતાએ બધાંને સાથે લઇ જઈને એક બાજુએ પોતાની પાસે બેસાડ્યાં.

બીજી બાજુએ નગરના દરવાજાથી સૌ પાછા વળી ગયેલા હોવાથી ત્યાં બહુ મોટી અવરજવર નહોતી. છતાં પણ આછીઆછી તો ચાલુ જ હતી કોઇની પણ નજરે ન પડાય તેવી રીતે સતી છૂપાતી છૂપાતી આગળ જતી હતી. તેની નજર અમરકુમારને શોધી રહી હતી.

થોડી વારે અમરકુમાર દ્રષ્ટિએ પડ્યો. પોતે જે કાર્ય માટે આવી હતી તે કાર્ય બહુ જ છૂપી રીતે કરવાનું હતું.

સાંજ પડવા આવી હતી. રાત્રીએ પ્રયાણ ન કરવાનું વ્રત ધારીને અમરકુમાર એક શીલા પર ઉભો રહ્યો હતો. કોઈ પણ પ્રકારનો ડર તો તેના મનમાં હતો જ નહિ. જેમ કોઇના પ્રત્યે પોતાને વેરઝેર હતાં નહિ તેમ પોતાના પ્રત્યે પણ કોઇ ને હશે તેવી કલ્પના પણ તેને આવતી નહોતી.

તેનું ચિત્ત નવકાર મંત્રમાં પરોવાયું હતું. નયનો બંધ હતાં. બાજુમાં જ એક વિકરાળ સિંહણ ફરી રહી હતી. સિંહણે તેને જોયો હતો. બાજુમાં થઇને તે પસાર થઇ હતી પરંતુ નિર્દોષ બાળક પ્રત્યે તેને ક્રોધ ઉપજ્યો નહોતો.

સતી અમરકુમારની નજીક આવી પહોંચી હતી. તેણે સિંહણને જોઇ નહોતી. તેના અંગે અંગમાં ક્રોધની જ્વાળાઓ સળગી રહી હતી. પોતાના વસ્ત્રમાં છૂપાવી રાખેલી છરી તેણે બહાર કાઢી. અમરકુમારની પાસે જઇને ક્રોધની જ્વાળાઓમાં પોતાના વાત્સલ્ય-પ્રેમને જળાવી દઇને તેણે પોતાના જમણા હાથમાં પકડેલી તીક્ષ્ણ છરીનો ઘા કર્યો.

નવકાર મંત્રના સ્મરણમાં લીન બનેલો અમરકુમાર જમીન પર ઢળી પડ્યો. તેનાં નયનો બંધ હતાં. હૃદયમાં વેરઝેરનું નામ નહોતું મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ.

પરંતુ જાણે પોતાનાથી નિર્દોષનું થયેલું ખૂન સહન ન થયું હોય તેમ સિંહણ ખુની તરફ ફરી. ધીમે પગલે તે આગળ વધી. ઝાડપાનનો થોડો અવાજ થતાં ખૂનીની નજર તે તરફ ગઇ. તેણે વિકાળ સિંહણુને જોઇ તેની અંગારા ઝરતી આંખો જોઈ. તે દ્રશ્ય જોતાં જ તેનાથી-સતીથી ચીસ પડાઇ ગઈ. હાથમાંની લોહીયાળ છરી નીચે પડી ગઇ. ગભરાટથી તેનું આખું શરીર પ્રસ્વેદભીનું બની ગયું. તે થોડી પાછી હઠી અને ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય મુઠીઓ વાળીને દોડવા લાગી. કાંટા અને પત્થરની દરકાર કર્યા વિના આગળ ને આગળ જવા લાગી પાછું વળીને જોવા જેટલી પણ તેનામાં હિંમત રહી નહોતી.

એટલામાં વિકાળ સિંહણની ત્રાડ તેના કાને અથડાઇ. પાછળથી ઘા કરવાની નિર્માલ્યતા છોડીને જોતજોતામાં સિંહણ ખૂનીની સામે આવીને ઉભી રહી.

સતી સિંહણને પોતાની સામે આવેલી જોઇને ત્યાંજ થંભી ગઈ પોતાની આંખો પર તેણે હાથ મૂકી દીધા.

—અને સિંહણે જાણે ખૂનીને સજા કરતી હોય તેમ પોતાના વિકાળ પંજાનો ઉપયોગ કર્યો

નિર્દોષ પુત્રનું ખૂન કરનાર નિષ્ઠુર માતાનો પ્રાણ જોતજોતામાં તેના દેહને ત્યાગીને ચાલ્યો ગયો.

ચારે બાજુએ શાન્તિ પ્રસરી ગઇ.

થોડીવારે પવનનો એક ભયંકર સુસવાટો આવ્યો. તેમાંથી ઘેરો નાદ સંભળાયોઃ

—કર અને ભર.

**સમાપ્ત.**

અમારૂં આગામી ઐતિહાસીક પ્રકાશન

# મહાદેવી ચેલણા

: લેખક :

ચંદુલાલ એમ. શાહ

: પ્રકાશક :

નવરસ ગ્રંથાવલિ

( મૂલ્ય રૂા. ૪-૮-૦ + ટપાલ ખર્ચ )

જેમાંથી આજની કુમારિકાને, ભગિનીને, પત્નીને, માતાને અને પુત્રને પોતાની પવિત્ર ફરજનું જ્ઞાન મળે છે તે પચીસો વરસ પૂર્વેના ઇતિહાસનાં જૂનાં પાનાં ઉકેલતું સર્વોત્તમ પુસ્તક દરેકે વાંચી જવું અને પોતાના પુસ્તકાલયમાં વસાવવું આવશ્યક છે.

દરેક જાણીતા બુકસેલરને ત્યાંથી મળી મળશે

— અગર લખો —

નવરસ ગ્રંથાવલિ

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

અનેક પત્રોએ અને વિદ્વાનોએ જેની મુક્તકંઠે પ્રશંસા
કરી છે, તે—

# ત્યાગવીર શાલિભદ્ર

લેખકઃ—ચંદુલાલ એમ. શાહ

( મૂલ્ય રૂા. ૪-૦ ૦ + પોસ્ટેજ )

આપે વાંચ્યું છે ?—ન વાંચ્યું હોય તો આજે જ વાંચો અને આપની લાયબ્રેરીમાં વસાવો.

સંસ્કારી કુટુંબોમાં ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલી અને ભૂતકાળના વૈભવ, વિલાસ, ભોગ અને ત્યાગની પ્રતીતિ કરાવી જતી સાળા બનેવીની-ધન્ના શાલિભદ્રની-શ્રેષ્ઠ કથા.

જાણીતા બુકસેલરોને ત્યાં મળે છે.

— અગર લખો —

**નવરસ ગ્રંથાવલિ**

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

આગ, મોટર, ચોરી
વિ. દરેક જાતના પરચુરણ
વિમા માટે
મળો :-

આલ્કો ઈન્સ્યુરન્સ કું. લી.

હોમજી સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

અમારું આગામી પ્રકાશન
મહાદેવી ચેલણા
વાંચવાનું ભૂલશો નહિ.
લેખક: ચંદુલાલ એમ. શાહ
મૂલ્ય: રૂા. ૪-૦-૦
દરેક જાણીતા બુકસેલરોને
ત્યાંથી મળી શકશે.
અગર લખો:—
નવરસ ગ્રંથાવલિ
૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

## નવરસ ગ્રંથાવલિ

એટલે

સંસ્કાર. સંસ્કૃતિ, સત્ય અને અહિંસાના ધ્યેય પર રચાયેલાં શ્રેષ્ઠ પુસ્તકોનું સર્વોત્તમ પ્રકાશન કાર્યાલય.

— અમારું આગામી પ્રકાશન —

# મહાદેવી ચેલણા

લેખકઃ-ચંદુલાલ એમ. શાહ

( મૂલ્ય રૂા. ૪-૦-૦ )

જેમાંથી આજની કુમારીકાને, ભગિનીને, પત્નીને, માતાને, પિતાને અને પુત્રને પોતાની પવિત્ર ફરજનું જ્ઞાન મળે છે તે પચીસો વરસ પૂર્વેના ઇતિહાસનાં જૂનાં પાનાં ઉકેલતું સર્વોત્તમ પુસ્તક દરેકે વાંચી જવું અને પોતાના પુસ્તકાલયમાં વસાવવું આવશ્યક છે.

દરેક જાણીતા બુકસેલરને ત્યાં મળી શકશે અગર લખો —

નવરસ ગ્રંથાવલિ

૨૨૦, કીકા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

નવરસ ગ્રંથાવલિનાં પુસ્તકો દરેક જાણીતા

બુકસેલરને ત્યાં મળે

— અગર લખો

નવરસ ગ્રંથ

જાણીતા

૨૨૦, કીકા સ્ટ્રીટ, મું